વર્ષ : ૩૩
અંક : ૧૦
સળંગ અંક : ૪૦૦
જાન્યુઆરી-૨૦૧૭

વૈષ્ણવ પરિવાર

તંત્રી : વસંતબહેન ર. પરીખ

શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રમ્ : ભાગ-૧

ગો.વા. પ. ભ.

શ્રી મુરલીધર મોહનલાલ સાંગાણી

ગં.સ્વ. પ. ભ.

કાંતાબેન મુરલીધર સાંગાણી

રાયપુર

પ. ભ. શ્રી ભરતભાઈ મુરલીધર સાંગાણી

શ્રી જયેશભાઈ સાંગાણી **શ્રી જીતેશભાઈ સાંગાણી**
શ્રીમતી નીતા સાંગાણી **શ્રીમતી રૂપા સાંગાણી**

શ્રી જગદીશભાઈ સાંગાણી
શ્રીમતી રાધિકા સાંગાણી

નિધી, વિશાલ, અભિષેક, ફાલ્ગુની

સહ સમગ્ર સાંગાણી પરિવારના
શ્રીજી ચરણ કમળમાં કોટી કોટી દંડવત પ્રણામ

અને

વલ્લભના વ્હાલા વૈષ્ણવોને
સદૈન્ય ભગવદ્ સ્મરણ.

॥ શ્રીહરિઃ ॥
॥ શ્રી વાક્પતયે નમઃ ॥

વૈષ્ણવ પરિવાર

વર્ષ : ૩૩ ✦ અંક : ૧૦ ✦ સળંગ અંક : ૪૦૦
જાન્યુઆરી-૨૦૧૭ ✦ પોષ-મહા : ૨૦૭૩ ✦ શ્રીવલ્લભાબ્દ : ૫૩૯

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી વિરચિત

શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રમ્ : ભાગ-૧

ભેટપુસ્તક વિશેષાંક

વિવરણ
શ્રી ડૉ. પીયૂષભાઈ એન. પરીખ (ભરૂચ)

આદ્યતંત્રી
શ્રી રમેશભાઈ વિ. પરીખ

તંત્રી
વસંતબહેન ર. પરીખ

પરામર્શક
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
શ્રી મુકેશભાઈ બી. દલાલ

વ્યવસ્થાપક
અમિત રમેશભાઈ પરીખ

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

(ટ્રસ્ટ ર. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા. ૩૧-૧-૧૯૮૭)

[ઈન્કમટેક્ષ મુક્તિ નં. CIT/GNR/80G(5)/MHN-85/2007-2008]

visit us at www.vaishnavparivar.org

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- વૈષ્ણવ પરિવાર (માસિક)
- બાલપુષ્ટિ (બાલમાસિક)
- પુસ્તક - ઓડિયો કેસેટ પ્રકાશન અને વિતરણ.
- શ્રીબેઠકજી નવનિર્માણ સેવા v ગૌસેવા.
- અશક્ત - આર્થિક તકલીફવાળાઓને વૈદકીય સહાય.
- સામાન્ય સ્થિતિવાળા તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.
- પુષ્ટિમાર્ગ માટે વિશિષ્ટ સેવા આપનાર મહાનુભાવોનું શ્રીહરસાનીજી એવોર્ડથી સન્માન.
- રેનબસેરા
- સત્સંગ સત્રોનું આયોજન.
- બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન.
- કુદરતી આપત્તિના પ્રસંગે આપદ્ગ્રસ્તોને સહાય.

વૈષ્ણવ પરિવાર - ખાસ સૂચના

▨ વાર્ષિક લવાજમ દર વર્ષે ફકત ડીસેમ્બરથી ૨૮મી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. વર્ષની અધવચ્ચે સ્વીકારાતું નથી. ▨ લવાજમનો પાવતી નંબર જ જે તે વર્ષનો ગ્રાહક નંબર છે. તે અંક પરના સરનામા સાથે છપાય છે. ▨ અંક દર મહિનાની ૧લી તારીખે પોસ્ટ થાય છે. ▨ દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો, મહેસાણા કાર્યાલયને જ જાણ કરવાથી બીજી નકલ મોકલાશે. ▨ અંક ન મળવા અંગે પ્રતિનિધિને ફરિયાદ ન કરવી. ▨ સરનામું બદલાય તો ગ્રાહક નંબર સાથે જૂનું અને નવું સરનામું તાત્કાલિક મહેસાણા કાર્યાલયને જણાવવું. ▨ બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે જ કરવો. ▨ પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું.

રૂા.૨૫૦/-થી ઉપરની દ્રવ્ય સહાયની રકમ ઈન્કમટેક્ષ ધારાની કલમ ૮૦(જી) અન્વયે કરમુક્તિને પાત્ર છે.

▨ **ડ્રાફટ/ચેક 'શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામજોગ જ મોકલવો.**

મહેસાણા કાર્યાલય

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા.
ફોન: (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
મો. ૭૭૭૭૯ ૧૬૯૪૦
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૨ ફોન : (ઓ) ૨૨૦૬૦૮૫૮,૨૨૦૧૦૦૮૪
(રહે) ૨૩૬૯૩૮૨૧, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

અંધેરી (મુંબઈ) કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી સદન,
રાધિકા નિવાસ પાછળ, સર એમ. વી. રોડ, અંધેરી
(ઈસ્ટ), મુંબઈ, ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩

ઘાટકોપર (મુંબઈ) સંપર્ક કેન્દ્ર

શ્રી દિલીપભાઈ એ. પારેખ
બ્લોક નં.૨૧૩૪/૩૫, ક્લોવર રીજેન્સી, બી
વિન્ગ,૧૩મા માળે, રામજી આશર લેન, મહાત્મા
ગાંધી રોડ, ઘાટકોપર (ઈસ્ટ), ફોન:(રહે)
૨૫૦૧૧૩૦૬ (ઓ) ૩૦૨૯૭૬૦૩

અમેરિકા સંપર્ક કેન્દ્ર

Bharat K. Mehta
28, Semel Avenue, Iselin,
NJ-08830(U.S.A.)
PH :732-321-4041,
email : b1k1m1@hotmail.com

Shri Rajendra K. Patel
1707, Edington, Portage,
MI - 49024, USA
Ph. : 269-323-1880

Smt. Bhavana Vasudev Patel
33, Prairie Pointe Lane, Stream wood,
IL-60107, U.S.A.
Ph. : 608-215-7811

ગો.વા. ડૉ. નટુભાઈ છોટાભાઈ પટેલ
લીલાબેન નટુભાઈ પટેલ
અમિત નટુભાઈ પટેલ
બિનીતા પટેલ
ગૌરવ પારેખ
સહ સમગ્ર પરિવાર (અમેરિકા)ના
દંડવત પ્રણામ
તથા
સૌ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ



રાજેન્દ્ર કનુભાઈ પટેલ

જાગૃતિ (જોલી) રાજેન્દ્ર પટેલ

નેહલ રાજેન્દ્ર પટેલ

દેવકી નેહલ પટેલ

અનુરા રાજેન્દ્ર પટેલ

તિલક નેહલ પટેલ

સહ સમગ્ર પરિવાર (અમેરિકા)ના

શ્રીજીના ચરણમાં કોટી કોટી

દંડવત પ્રણામ

અને વલ્લભના વહાલા વૈષ્ણવોને

સદૈન્ય ભગવદ્ સ્મરણ.

ગો.વા. ભાઈલાલ જમનાદાસ શાહ (દેત્રોજ)
ના સ્મરણાર્થે
હસ્તે જગત ગિરીશભાઈ શાહ (USA)



ગો.વા. સરસ્વતીબેન ભાઈલાલ શાહ (દેત્રોજ)
ના સ્મરણાર્થે
હસ્તે જગત ગિરીશભાઈ શાહ (USA)



ગો.વા. શાંતિલાલ જમનાદાસ શાહ (દેત્રોજ)
ના સ્મરણાર્થે
હસ્તે જગત ગિરીશભાઈ શાહ (USA)



ગો.વા. સવિતાબેન શાંતિલાલ શાહ (દેત્રોજ)
ના સ્મરણાર્થે
હસ્તે જગત ગિરીશભાઈ શાહ (USA)

ગો.વા. કોકિલાબેન બકુલચંદ્ર શાહ

(જ.તા.૧૨-૧૧-૧૯૪૬, ગો.વા. ૨૩-૦૭-૨૦૧૬)

બકુલચંદ્ર ઈન્દુલાલ શાહ, ગોધરા
સૌ. શિલ્પાબેન, સૌ. જીજ્ઞાબેન, સૌ. પિનલબેન
શાહ પરિવારના જયશ્રીકૃષ્ણ.



શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના
ચરણકમલોમાં સદૈન્ય દંડવત્પ્રણામ
અને સર્વે વૈષ્ણવોને સસ્નેહ જયશ્રીકૃષ્ણ.
એક વૈષ્ણવ, મુંબઈ

રાજા તરમકદાસ કિશનદાસ

શ્રીમતી પદમાબેન તરમકદાસ
રાજેન્દ્રકુમાર અને વ્રજબાળા
અરવિંદકુમાર અને મોના
સુરેખા અને અનીતા (હૈદ્રાબાદ)ના જયશ્રીકૃષ્ણ.

ગો.વા. દીનબાળા એસ. શાહ

પ્રકાશ સુરોત્તમ શાહ
આરતી હરીવદન સોની
(અમદાવાદ)ના
સૌને સદૈન્ય જયશ્રીકૃષ્ણ.

જયાબેન કાન્તિલાલ
બોડીવાલા
(અમદાવાદ)ના
શ્રીમદ્ વલ્લભાચાર્યજી
મહાપ્રભુજીના
ચરણકમલોમાં
સદૈન્ય દંડવત્પ્રણામ
અને
સર્વે વૈષ્ણવોને
સસ્નેહ જયશ્રીકૃષ્ણ.

જયદેવભાઈ ઉનડકટ, પોરબંદર
ના જયશ્રીકૃષ્ણ.

પન્નાબેન રસિકભાઈ પટેલ, ઉત્તરસંડા
હસ્તે જીતેન્દ્રભાઈ શાં. પટેલ
ના જયશ્રીકૃષ્ણ.

ભરતભાઈ શાંતિલાલ શ્રોફ, મુંબઈ
ના જયશ્રીકૃષ્ણ.

મીનાબેન ભરતભાઈ શ્રોફ, મુંબઈ
ના જયશ્રીકૃષ્ણ.

દક્ષાબેન કે. શેઠ, અમેરિકા
ના જયશ્રીકૃષ્ણ.

સંજય એમ. નાગર, મુંબઈ
ના જયશ્રીકૃષ્ણ.

એક વૈષ્ણવ, કોડીનાર
ના જયશ્રીકૃષ્ણ.

ગો.વા. મંગળાબેન મોહનલાલ ગાંધી
(મેરઈવાળા) મુંબઈના જયશ્રીકૃષ્ણ.

‘વૈષ્ણવ પરિવાર’ અને ‘બાલપુષ્ટિ’ માસિકનું વર્ષ ૨૦૧૭-૧૮નું લવાજમ સ્વીકારવામાં આવે છે.

- ‘વૈષ્ણવ પરિવાર’ માસિકનું વાર્ષિક લવાજમ ભારતમાં રૂા.૧૨૦/- તથા વિદેશ માટે રૂા.૧૮૦૦/- અથવા US$ 35 અથવા £ 20 છે.
- ‘બાલપુષ્ટિ’ માસિકનું વાર્ષિક લવાજમ ભારતમાં રૂા.૧૦૦/- તથા વિદેશ માટે રૂા.૧૪૦૦/- અથવા US$ 30 અથવા £ 18 છે.
- એકથી વધુ વર્ષનું કે આજીવન લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- લવાજમની રકમના ચેક-ડ્રાફ્ટ ‘શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામજોગ મોકલવા.
- મુંબઈ કાર્યાલય, વડોદરા કાર્યાલય અને અંધેરી કાર્યાલય તથા માનદ્ પ્રતિનિધિઓ ફક્ત રૂબરૂમાં રોકડમાં લવાજમ સ્વીકારશે.
- ચેક-ડ્રાફ્ટ-મનીઓર્ડર ફક્ત મહેસાણા કાર્યાલયને મોકલી આપવા.
- વિદેશના ગ્રાહકોએ લવાજમની રકમના ચેક ‘શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામજોગ મોકલવા.
- લવાજમ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫-૨-૨૦૧૭ છે. ત્યારબાદ લવાજમ સ્વીકારવામાં આવશે નહિ.

‘વૈષ્ણવ પરિવાર’ અને ‘બાલપુષ્ટિ’ના અંકો કુરિયરથી મંગાવવા ઇચ્છતા વૈષ્ણવોએ મહેસાણા કાર્યાલયનો સંપર્ક કરવો.

‘વૈષ્ણવ પરિવાર’નું લવાજમ આપની નજીકની બેન્ક ઓફ બરોડા અથવા HDFC બેન્કની શાખામાં ભરી શકાશે.

ખાતાનું નામ : **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ**
બેન્ક ઓફ બરોડા - S/B ખાતા નંબર 01520100004889
HDFC બેન્ક - S/B ખાતા નંબર 02381450000535

રકમ ખાતામાં ભરી તેનું કાઉન્ટર તથા તમારું નામ-સરનામું અને ચાલુ વર્ષનો ગ્રાહક નંબર મહેસાણા કાર્યાલયને મોકલી આપવો.

પ્રસ્તાવના

શ્રીમહાપ્રભુજી વિરચિત 'શ્રીપુરુષોત્તમસહસ્રનામ સ્તોત્રમ્'નો કેટલાક વૈષ્ણવો નિત્ય પાઠ કરે છે. કેટલાક વૈષ્ણવો દર અગિયારસે નિયમિત પાઠ કરે છે. અધિક માસમાં તો લગભગ બધા વૈષ્ણવો આ સ્તોત્રનો પાઠ કરે જ છે. શા માટે?

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે આ સ્તોત્રનો પાઠ કરવાથી શ્રીમદ્ ભાદવતનો પાઠ કર્યાનું ફળ મળશે. કારણ શ્રીમદ્ ભાગવતમાં વર્ણવાયેલી પ્રભુની લીલાઓ અનુસાર તેમના એક હજાર પંચોતેર નામ આ સ્તોત્રમાં છે.

આ સ્તોત્રની રચના શ્રીમહાપ્રભુજીએ પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજી માટે કરેલી. શ્રીગોપીનાથજીને નિયમ હતો કે સમગ્ર શ્રીમદ્ ભાગવતનો પાઠ કર્યા પછી જ ભોજન કરવું. આ નિયમને કારણે આપશ્રી બે-ત્રણ દિવસે એકવાર ભોજન લેતા. પોતાના બાલવયના પુત્રનો શ્રીમદ્ ભાગવત પ્રત્યેનો આ પ્રેમ અને તેના નિત્ય પારાયણનો આગ્રહ જોઈને શ્રીવલ્લભને આનંદ થતો, પણ સાથે દુઃખ પણ થતું. એના નિવારણ માટે આપશ્રીએ આ સ્તોત્ર રચીને શ્રીગોપીનાથજીને આપ્યું અને આજ્ઞા કરી કે આ સ્તોત્રનો પાઠ કરજો, તેનાથી સમગ્ર શ્રીમદ્ ભાગવતનો પાઠ કરવાનું ફળ મળશે અને સમય પણ ઓછો જોઈશે. આમ શ્રીગોપીનાથજીના નિમિત્તે વૈષ્ણવોને આ સ્તોત્ર મળ્યું. નિત્ય પાઠ કરીએ તો આનંદ તો આવે જ, પરંતુ તેને સમજીને પાઠ કરીએ તો વધારે આનંદ આવે. તે હેતુથી 'વૈષ્ણવ પરિવાર'માં ભરૂચના વિદ્વાન શ્રી ડૉ. પીયૂષભાઈ પરીખ દ્વારા સ્તોત્રનો પરિચય આપી, દરેક નામની શ્રીમદ્ ભાગવતમાંની સંગતિ સમજાવતી લેખમાળા શરૂ થઈ.

વૈષ્ણવોની સતત માગણી રહી કે આ સ્તોત્ર અર્થ અને સમજૂતિ સાથે પુસ્તક સ્વરૂપે મળે તો રોજ પાઠ કરતાં અર્થનું અનુસંધાન રહે. અંકો સચવાતા નથી. પરિણામે મનોરથ થયો કે સમગ્ર સ્તોત્ર દરેક નામના અર્થ અને શ્રીમદ્ ભાગવતજીની લીલાના અનુસંધાન સાથે પ્રકાશિત કરવો અને વૈષ્ણવોને ભેટપુસ્તક તરીકે આપવો. વૈષ્ણવોએ આ મનોરથને વધાવી લીધો. શ્રી પીયૂષભાઈએ કામની વ્યસ્તતા વચ્ચે પણ ઝડપથી ગ્રંથ લખીને તૈયાર કર્યો. આ પુસ્તકના પ્રકાશન પ્રસંગે તેમને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

બધાં નામ એક જ પુસ્તકમાં સમાય તો ગ્રંથ ખૂબ જ દળદાર થાય અને રોજ પાઠ કરવામાં તકલીફ થાય. એ ભયે ગ્રંથને ત્રણ ભાગમાં પ્રકાશિત કરવાનું વિચાર્યું. આ પહેલા ભાગમાં ભૂમિકા સાથે એકથી પાંચ સ્કંધનાં નામો પ્રકાશિત થઈ રહ્યાં છે. 'વૈષ્ણવ પરિવાર' ના દરેક મેમ્બરને આ વર્ષે ભેટપુસ્તક-વિશેષાંક તરીકે પ્રથમ ભાગ અપાઈ રહ્યો છે. ખૂબ આનંદનો વિષય છે કે આ રીતે 'વૈષ્ણવ પરિવાર'ની દર વર્ષે ભેટપુસ્તક આપવાની પરંપરા તેના ૩ ૩મા વર્ષે પણ સચવાઈ છે.

કદાચ વૈષ્ણવોને આ સ્તોત્રનું વિવેચન સમજવામાં તકલીફ પડશે. થોડું અઘરું છે એમ લાગશે. પરંતુ શ્રીમદ્ ભાગવત પ્રભુનું નામાત્મક સ્વરૂપ છે. એ સ્વરૂપને શ્રીમહાપ્રભુજીએ પ્રભુની દરેક લીલાના અનુસંધાનમાં આ સ્તોત્રમાં દર્શાવ્યું છે. એનું સતત રસપાન કરતાં રહેવાથી એ ધીરે ધીરે સમજાશે, એવો મને વિશ્વાસ છે.

જે મનોરથી વૈષ્ણવોએ આ ગ્રન્થના પ્રકાશનમાં પોતાનું યોગદાન આપ્યું છે, તે સૌના પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું અને આભાર માનું છું. ભવિષ્યમાં પણ સૌનો આવો જ સહકાર મળી રહેશે તેવી આશા રાખું છું. આ સ્તોત્રના સમજણપૂર્વકના પાઠથી વૈષ્ણવો શ્રીપ્રભુની લીલાઓ જાણી-સમજી, શ્રીગોવર્ધનનાથજીના નામાત્મક સ્વરૂપ શ્રીમદ્ ભાગવતને પણ સમજે અને નિત્ય સ્તોત્રનો પાઠ કરવા સક્ષમ બને, તેવી પ્રભુના ચરણોમાં અભ્યર્થના સાથે વિરમું છું.

આ ગ્રંથનો બીજો ભાગ આવતા વર્ષે ભેટપુસ્તક તરીકે અપાશે.

– વસંતબેન પરીખ

શ્રીપુરુષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્રમ્

पुराण-पुरुषो विष्णुः पुरुषोत्तम उच्यते ।।
नाम्नां सहस्रं वक्ष्यामि तस्य भागवतोद्धृतम् ।।१।।
यस्य प्रसादाद् वागीशाः प्रजेशा विभवोन्नताः ।।
क्षुद्राअपि भवन्त्याशु श्रीकृष्णं तं नतोऽस्म्यहम् ।।२।।
अनन्ताएव कृष्णस्य लीला नामप्रवर्तिकाः ।।
उक्ता भागवते गूढाः प्रकटा अपि कुत्रचित् ।।३।।
अतस्तानि प्रवक्ष्यामि नामानि मुरवैरिणः ।।
सहस्रं यैस्तु पठितैः पठितं स्यात् शुकामृतम् ।।४।।
कृष्णनाम-सहस्रस्य ऋषिरग्निर्निरूपितः ।।
गायत्री च तथा छन्दो देवता पुरुषोत्तमः ।।५।।
विनियोगः समस्तेषु पुरुषार्थेषु वै मतः ।।
बीजं भक्तिप्रियः शक्तिः सत्यवाग् उच्यते हरिः ।।६।।
भक्तोद्धरण-यत्नस्तु मन्त्रोऽत्र परमो मतः ।।
अवतारित-भक्तांशः कीलकं परिकीर्तितम् ।।७।।
अस्त्रं सर्वसमर्थश्च गोविन्दः कवचं मतम् ।।
पुरुषो ध्यानमत्रोक्तः सिद्धिः शरण संस्मृतिः ।।८।।

प्रथमस्कन्धनामानि

अधिकारलीला

श्रीकृष्णः सच्चिदानन्दो नित्यलीला-विनोदकृत् ।।
सर्वागम-विनोदी च लक्ष्मीशः पुरुषोत्तमः ।।९।।
आदिकालः सर्वकालः कालात्मा माययावृतः ।।
भक्तोद्धार-प्रयत्नात्मा जगत्कर्ता जगन्मयः ।।१०।।

नाम-लीला-परो विष्णुः व्यासात्मा शुकमोक्षदः ।।
व्यापि-वैकुण्ठ-दाता च श्रीमद्भागवतागमः ।।११।।
शुकवागमृताब्धीन्दुः शौनकाद्यखिलेष्टदः ।।
भक्ति-प्रवर्तकस्त्राता व्यास-चिन्ता-विनाशकः ।।१२।।
सर्वसिद्धान्त-वागात्मा नारदाद्यखिलेष्टदः ।।
अन्तरात्मा ध्यानगम्यो भक्ति-रत्न-प्रदायकः ।।१३।।
मुक्तोपसृप्यः पूर्णात्मा मुक्तानां रतिवर्धनः ।।
भक्त-कार्यैक-निरतो द्रौण्यस्त्र-विनिवारकः ।।१४।।
भक्त-स्मय-प्रणेता च भक्तवाक्-परिपालकः ।।
ब्रह्मण्य-देवो धर्मात्मा भक्तानां च परीक्षकः ।।१५।।
आसन्न-हित-कर्ता च माया-हित-करः प्रभुः ।।
उत्तरा-प्राणदाता च ब्रह्मास्त्र-विनिवारकः ।।१६।।
सर्वतः पांडवपतिः परीक्षिच्छुद्धि-कारणम् ।।
गूढात्मा सर्ववेदेषु भक्तैक-हृदयंगमः ।।१७।।
कुन्ती-स्तुत्यः प्रसन्नात्मा परमाद्भुत-कार्य-कृत् ।।
भीष्म-मुक्ति-प्रदः स्वामी भक्तमोह-निवारकः ।।१८।।
सर्वावस्थासु संसेव्यः समः सुख-हित-प्रदः ।।
कृतकृत्यः सर्वसाक्षी भक्त-स्त्री-रति-वर्धनः ।।१९।।
सर्व-सौभाग्य-निलयः परमाश्चर्य-रूप-धृक् ।।
अनन्य-पुरुष-स्वामी द्वारका-भाग्य-भाजनम् ।।२०।।
बीज-संस्कार-कर्ता च परीक्षिज्ज्ञान-पोषकः ।।
सर्वत्र-पूर्ण-गुणकः सर्व-भूषण-भूषितः ।।२१।।
सर्व-लक्षण-दाता च धृतराष्ट्र-विमुक्तिदः ।।
सन्मार्ग-रक्षको नित्यं विदुर-प्रीति-पूरकः ।।२२।।
लीला-व्यामोह-कर्ता च काल-धर्म-प्रवर्तकः ।।

पाण्डवानां मोक्षदाता परीक्षिद्-भाग्य-वर्धन: ।।२३।।
कलि-निग्रह-कर्ता च धर्मादीनां च पोषक: ।।
सत्सङ्ग-ज्ञान-हेतुश्च श्रीभागवत-कारणम् ।।२४।।
प्राक् तादृष्टमार्गश्च ... ...

द्वितीयस्कन्धनामानि

ज्ञान(साधन)लीला

... ... श्रोतव्य: सकलागमै: ।।
कीर्तितव्य: शुद्धभावै: स्मर्तव्यश्चात्मवित्तमै: ।।२५।।
अनेक-मार्ग-कर्ता च नानाविध-गति-प्रद: ।।
पुरुष: सकलाधार: सत्त्वैक-निलयात्मभू: ।।२६।।
सर्वध्येयो योगगम्यो भक्त्या ग्राह्य: सुरप्रिय: ।।
जन्मादिसार्थककृति: लीलाकर्ता पति: सताम् ।।२७।।
आदि-कर्ता तत्त्व-कर्ता सर्व-कर्ता विशारद: ।।
नानावतार-कर्ता च ब्रह्माविर्भाव-कारणम् ।।२८।।
दश-लीला-विनोदी च नाना-सृष्टि-प्रर्वतक: ।।
अनेक-कल्प-कर्ता च सर्वदोष-विवर्जित: ।।२९।।

तृतीयस्कन्धनामानि

सर्गलीला

वैराग्यहेतु: तीर्थात्मा सर्व-तीर्थ-फल-प्रद:।।
तीर्थ-शुद्धैक-निलय: स्वमार्ग-परिपोषक: ।।३०।।
तीर्थ-कीर्ति: भक्त-गम्यो भक्तानुशय-कार्यकृत् ।।
भक्ततुल्य: सर्वतुल्य: स्वेच्छा-सर्व-प्रवर्तक: ।।३१।।
गुणातीतो-ऽनवद्यात्मा सर्गलीला-प्रवर्तक: ।।
साक्षात्-सर्वजगत्कर्ता महदादि-प्रर्वतक: ।।३२।।

माया-प्रवर्तक: साक्षी माया-रति-विवर्धन: ।।
आकाशात्मा चतुर्मूर्ति: चतुर्धा भूतभावन: ।।३३।।
रज:प्रवर्तको ब्रह्मा मरीच्यादि-पितामह: ।।
वेदकर्ता यज्ञकर्ता सर्वकर्ता-ऽमितात्मक: ।।३४।।
अनेक-सृष्टि-कर्ता च दशधा-सृष्टि-कारक: ।।
यज्ञांगो यज्ञ-वाराहो भू-धरो भूमि-पालक: ।।३५।।
सेतुर्विधरणो जैत्रो हिरण्याक्षान्तक: सुर: ।।
दिति-कश्यप-कामैक-हेतु-सृष्टि-प्रवर्तक: ।।३६।।
देवाभय-प्रदाता च वैकुंठाधिपतिर् महान् ।।
सर्व-गर्व-प्रहारी च सनकाद्यखिलार्थद: ।।३७।।
सर्वाश्वासन-कर्ता च भक्त-तुल्याहव-प्रद: ।।
काल-लक्षण-हेतुश्च सर्वार्थ-ज्ञापक: पर: ।।३८।।
भक्तोन्नति-कर: सर्व-प्रकार-सुख-दायक: ।।
नाना-युद्ध-प्रहरणो ब्रह्म-शाप-विमोचक: ।।३९।।
पुष्टि-सर्ग-प्रणेता च गुण-सृष्टि-प्रर्वतक: ।।
कर्दमेष्ट-प्रदाता च देवहूत्यखिलार्थद: ।।४०।।
शुक्ल-नारायण: सत्य-कालधर्म-प्रवर्तक: ।।
ज्ञानावतार: शान्तात्मा कपिल: काल-नाशक: ।।४१।।
त्रिगुणाधिपति: सांख्य-शास्त्र-कर्ता विशारद:।।
सर्ग-दूषण-हारी च पुष्टि-मोक्ष-प्रर्वतक: ।।४२।।
लौकिकानन्द-दाता च ब्रह्मानन्द-प्रवर्तक: ।।
भक्तिसिद्धान्तवक्ता च सगुण-ज्ञान-दीपक: ।।४३।।
आत्म-प्रद: पूर्ण-कामो योगात्मा योग-भावित: ।।
जीवन्मुक्तिप्रद: श्रीमान् अन्यभक्तिप्रवर्तक: ।।४४।।
काल-सामर्थ्य-दाता च काल-दोष-निवारक: ।।

गर्भोत्तम-ज्ञान-दाता कर्ममार्ग-नियामकः ।।४५।।
सर्वमार्ग-निराकर्ता भक्ति-मार्गैक-पोषकः ।।
सिद्धि-हेतुः सर्व-हेतुः सर्वाश्चर्यैक-कारणम् ।।४६।।
चेतनाचेतन-पतिः समुद्र-परि-पूजितः ।।
सांख्याचार्यस्तुतः सिद्ध-पूजितः सर्व-पूजितः ।।४७।।

चतुर्थस्कन्धनामानि

विसर्गलीला

विसर्ग-कर्ता सर्वेशः कोटि-सूर्य-सम-प्रभः ।।
अनन्त-गुण-गम्भीरो महापुरुष-पूजितः ।।४८।।
अनन्त-सुख-दाता च ब्रह्म-कोटि-प्रजापतिः ।।
सुधाकोटिस्वास्थ्यहेतुः कामधुक् कोटिकामदः ।।४९।।
समुद्र-कोटि-गम्भीरः तीर्थ-कोटि-समाह्वयः ।।
सुमेरु-कोटि-निष्कम्पः कोटि-ब्रह्मांड-विग्रहः ।।५०।।
कोट्यश्वमेध-पापघ्नो वायु-कोटि-महाबलः ।।
कोटीन्दु-जगदानन्दी शिव-कोटि-प्रसादकृत् ।।५१।।
सर्व-सद्गुण-माहात्म्यः सर्व-सद्गुण-भाजनम् ।।
मन्वादि-प्रेरको धर्मो यज्ञनारायणः परः ।।५२।।
आकूति-सूनुः देवेन्द्रो रुचि-जन्माऽभय-प्रदः ।।
दक्षिणा-पतिरोजस्वी क्रिया-शक्तिः परायणः ।।५३।।
दत्तात्रेयो योग-पतिः योग-मार्ग-प्रवर्तकः ।।
अनसूया-गर्भ-रत्नम् ऋषि-वंश-विवर्धनः ।।५४।।
गुणत्रय-विभाग-ज्ञः चतुर्वर्ग-विशारदः ।।
नारायणो धर्म-सूनुः मूर्ति-पुण्य-यशस्करः ।।५५।।
सहस्र-कवचच्छेदी तपः-सारो नर-प्रियः ।।
विश्वानन्द-प्रदः कर्म-साक्षी भारत-पूजितः ।।५६।।

अनन्ताद्भुत-माहात्म्यो बदरीस्थान-भूषणम् ।।
जितकामो जितक्रोधो जितसंगो जितेन्द्रियः ।।५७।।
उर्वशी-प्रभवः स्वर्ग-सुखदायी स्थितिप्रदः ।।
अमानी मानदो गोप्ता भगवच्छास्त्र-बोधकः ।।५८।।
ब्रह्मादि-वन्द्यो हंसः श्रीः माया-वैभव-कारणम् ।।
विविधानन्त-सर्गात्मा विश्व-पूरण-तत्परः ।।५९।।
यज्ञ-जीवन-हेतुश्च यज्ञ-स्वामीष्ट-बोधकः ।।
नानासिद्धान्तगम्यश्च सप्ततन्तुश्च षड्गुणः ।।६०।।
प्रति-सर्ग-जगत्कर्ता नाना-लीला-विशारदः ।।
ध्रुवप्रियो ध्रुवस्वामी चिन्तिताधिक-दायकः ।।६१।।
दुर्लभानन्त-फलदो दया-निधिरमित्रहा ।।
अङ्गस्वामी कृपासारो वैन्यो भूमि-नियामकः ।।६२।।
भूमि-दोग्धा प्रजा-प्राण-पालनैक-परायणः ।।
यशो-दाता ज्ञान-दाता सर्व-धर्म-प्रदर्शकः ।।६३।।
पुरञ्जनो जगन्मित्रं विसर्गान्त-प्रदर्शकः ।।
प्रचेतसां पतिश्चित्र-भक्ति-हेतुः जनार्दनः ।।६४।।
स्मृति-हेतु-ब्रह्मभाव-सायुज्यादि-प्रदः शुभः ।।
विजयी … … … … … … … … … …

पञ्चमस्कन्धनामानि

स्थानलीला

… स्थिति-लीलाब्धिः अच्युतो विजय-प्रदः ।।६५।।
स्व-सामर्थ्य-प्रदो भक्त-कीर्ति-हेतुः अधोक्षजः ।।
प्रियव्रत-प्रिय-स्वामी स्वेच्छावाद-विशारदः ।।६६।।
सङ्ख्यगम्यः स्व-प्रकाशः सर्व-सङ्ग-विवर्जितः ।।
इच्छायां च समर्यादः त्याग-मात्रोपलम्भनः ।।६७।।

अचिन्त्य-कार्य-कर्ता च तर्कागोचर-कार्य-कृत् ।।
शृंगार-रस-मर्यादा आग्नीध्र-रस-भाजनम् ।।६८।।
नाभीष्ट-पूरक: कर्म-मर्यादा-दर्शनोत्सुक: ।।
सर्व-रूपो-ऽद्भुत-तमो मर्यादा-पुरुषोत्तम: ।।६९।।
सर्वरूपेषु सत्यात्मा कालसाक्षी शशिप्रभ: ।।
मेरुदेवी-व्रत-फलम् ऋषभो भगलक्षण: ।।७०।।
जगत्-सन्तर्पको मेघ-रूपी देवेन्द्र-दर्पहा ।।
जयन्ती-पतिरत्यन्त-प्रमाणाशेष-लौकिक: ।।७१।।
शतधा-न्यस्त-भूतात्मा शतानन्दो गुणप्रसू: ।।
वैष्णवोत्पादनपर: सर्व-धर्मोपदेशक: ।।७२।।
पर-हंस-क्रिया-गोप्ता योग-चर्या-प्रदर्शक: ।।
चतुर्थाश्रम-निर्णेता सदानन्द-शरीरवान् ।।७३।।
प्रदर्शितान्य-धर्मश्च भरत-स्वाम्यपार-कृत् ।।
यथावत्-कर्म-कर्ता च सज्ञानिष्ट-प्रदर्शक: ।।७४।।
आवश्यक-पुनर्जन्म-कर्म-मार्ग-प्रदर्शक: ।।
यज्ञ-रूप-मृग: शान्त: सहिष्णु: सत्पराक्रम: ।।७५।।
रहूगण-गति-ज्ञश्च रहूगण-विमोचक: ।।
भवाटवी-तत्त्व-वक्ता बहिर्मुख-हिते रत: ।।७६।।
गयस्वामी स्थान-वंश-कर्ता स्थान-विभेदकृत् ।।
पुरुषावयवो भूमि-विशेष-विनिरूपक: ।।७७।।
जम्बू-द्वीप-पति: मेरु-नाभि-पद्मरुहाश्रय: ।।
नानाविभूतिलीलाढ्यो गङ्गोत्पत्ति-निदानकृत् ।।७८।।
गङ्गामाहात्म्य-हेतुश्च गङ्गा-रूपो-ऽति-गूढ-कृत् ।।
वैकुण्ठ-देह-हेत्वम्बु-जन्मकृत् सर्व-पावन: ।।७९।।
शिवस्वामी शिवोपास्यो गूढ संकर्षणात्मक: ।।

स्थानरक्षार्थ-मत्स्यादि-रूप: सर्वैक-पूजित: ।।८०।।
उपास्य-नाना-रूपात्मा ज्योतिरूपो गतिप्रद: ।।
सूर्यनारायणो वेद-कान्तिरुज्वल-वेष-धृक् ।।८१।।
हंसोऽन्तरिक्ष-गमन: सर्व-प्रसव-कारणम् ।।
आनन्द-कर्ता वसुदो बुधो वाक्पतिरुज्वल: ।।८२।।
कालात्मा काल-कालश्च कालच्छेदकृदुत्तम: ।।
शिशुमार: सर्वमूर्ति: आधिदैविक-रूप-धृक् ।।८३।।
अनन्त-सुख-भोगाढ्यो विवरैश्वर्य-भाजनम् ।।
संकर्षणो दैत्यपति: सर्वाधारो बृहद्-वपु: ।।८४।।
अनन्त-नरकच्छेदी स्मृति-मात्रार्ति-नाशन: ।।
सर्वानुग्रह-कर्ता च ... ...

षष्ठस्कन्धनामानि

पोषणलीला

... ... मर्यादा-भिन्न-शास्त्रकृत् ।।८५।।
कालान्तक-भयच्छेदी नाम-सामर्थ्य-रूप-धृक् ।।
उद्धारानर्ह-गोप्तात्मा नामादि-प्रेरकोत्तम: ।।८६।।
अजामिल-महादुष्ट-मोचको-ऽघ-विमोचक: ।।
धर्मवक्ता-ऽक्लिष्टवक्ता विष्णुधर्मस्वरूपधृक् ।।८७।।
सन्मार्ग-प्रेरको धर्ता त्यागहेतु: अधोक्षज: ।।
वैकुण्ठ-पुर-नेता च दास-संवृद्धि-कारक: ।।८८।।
दक्ष-प्रसाद-कृद्-हंस-गुह्य-स्तुति-विभावन: ।।
स्वाभिप्राय-प्रवक्ता च मुक्तजीव-प्रसूतिकृत् ।।८९।।
नारद-प्रेरणात्मा च हर्यश्व-ब्रह्म-भावन:।।
सुबलाश्व-हितो गूढ-वाक्यार्थ-ज्ञापन-क्षम: ।।९०।।
गूढार्थ-ज्ञापन: सर्व-मोक्षानन्द-प्रतिष्ठित: ।।

पुष्टि-प्ररोह-हेतुश्च दासैक-ज्ञात-हृद्गत: ।।९१।।
शान्तिकर्ता सुहितकृत् स्त्रीप्रसू: सर्वकामधृक् ।।
पुष्टि-वंश-प्रणेता च विश्वरूपेष्ट-देवता ।।९२।।
कवचात्मा पालनात्मा च (?) वर्मोपचिति-कारणम् ।।
विश्वरूप-शिरच्छेदी त्वाष्ट्र-यज्ञ-विनाशक: ।।९३।।
वृत्र-स्वामी वृत्र-गम्यो वृत्र-व्रत-परायण: ।।
वृत्र-कीर्ति: वृत्र-मोक्षो मघवत्-प्राण-रक्षक: ।।९४।।
अश्वमेध-हविर्-भोक्ता देवेन्द्रामीव-नाशक: ।।
संसार-मोचकश्चित्र-केतु-बोधन-तत्पर: ।।९५।।
मन्त्रसिद्धि: सिद्धिहेतु: सुसिद्धि-फल-दायक: ।।
महादेव-तिरस्कर्ता भक्त्यै पूर्वार्थ-नाशक: ।।९६।।
देव-ब्राह्मण-विद्वेष-वैमुख्य-ज्ञापक: शिव: ।।
आदित्यो दैत्य-राजश्च महत्पतिरचिन्त्यकृत् ।।९७।।
मरुतां भेदकस्त्राता व्रतात्मा पुम्प्रसूतिकृत् ।।

सप्तमस्कन्धनामानि

ऊतिलीला

कर्मात्मा वासनात्मा च ऊति-लीला-परायण: ।।९८।।
सम-दैत्यसुर: स्वात्मा वैषम्य-ज्ञान-संश्रय: ।।
देहाद्युपाधि-रहित: सर्वज्ञ: सर्व-हेतु-विद् ।।९९।।
ब्रह्मवाक्-स्थापनपर: स्व-जन्मावधि-कार्यकृत् ।।
सदसद्-वासनाहेतु: त्रिसत्यो भक्तमोचक: ।।१००।।
हिरण्यकशिपु-द्वेषी प्रविष्टात्माति-भीषण: ।।
शान्तिज्ञानादि-हेतुश्च प्रह्लादोत्पत्तिकारणम् ।।१०१।।
दैत्य-सिद्धान्त-सद्-वक्ता तप:-सार उदार-धी: ।।
दैत्य-हेतु-प्रकटनो भक्तिचिह्न-प्रकाशक: ।।१०२।।

सद्वेष-हेतु: सद्वेष-वासनात्मा निरन्तर: ।।
नैष्ठुर्य-सीमा प्रह्लाद-वत्सल: संग-दोष-हा ।।१०३।।
महानुभाव: साकार: सर्वाकार: प्रमाण-भू: ।।
स्तम्भप्रसूतिर्-नृहरि: नृसिंहो भीम-विक्रम: ।।१०४।।
विकटास्यो ललज्जिह्वो नख-शस्त्रो जवोत्कट: ।।
हिरण्यकशिपुच्छेदी क्रूर-दैत्य-निवारक: ।।१०५।।
सिंहासनस्थ: क्रोधात्मा लक्ष्मी-भय-विवर्धन: ।।
ब्रह्माद्यत्यन्त-भयभू: अपूर्वाचिन्त्य-रूपधृक् ।।१०६।।
भक्तैक-शान्त-हृदयो भक्त-स्तुत्य: स्तुति-प्रिय: ।।
भक्ताङ्गलेहनोद्भूत-क्रोधपुञ्ज: प्रशान्तधी: ।।१०७।।
स्मृति-मात्र-भय-त्राता ब्रह्म-बुद्धि-प्रदायक: ।।
गोरूप-धार्यमृत-पा: शिव-कीर्ति-विवर्धन: ।।१०८।।
धर्मात्मा सर्वकर्मात्मा विशेषात्मा-श्रम-प्रभु: ।।
संसारमग्नस्वोद्धर्ता सन्मार्गाखिल-तत्त्ववाक् ।।१०९।।
आचारात्मा सदाचार: ... ...

अष्टमस्कन्धनामानि

मन्वन्तरलीला

... ... मन्वन्तर-विभावन: ।।
स्मृत्याऽशेषाशुभहरो गजेन्द्र-स्मृति-कारणम् ।।११०।
जाति-स्मरण-हेत्वैक-पूजा-भक्ति-स्वरूप-द: ।।
यज्ञो भयान् मनुत्राता विभु: ब्रह्म-व्रताश्रय: ।।१११।।
सत्यसेनो दुष्ट-घाती हरिर्गज-विमोचक: ।।
वैकुण्ठो लोककर्ता च अजितोऽमृत-कारणम् ।।११२।।
उरुक्रमो भूमि-हर्ता सार्वभौमो बलि-प्रिय: ।।
विभु: सर्वहितैकात्मा विष्वक्सेन: शिवप्रिय: ।।११३।।

धर्म-सेतुः लोक-धृतिः सुधामान्तर-पालकः ।।
उपहर्ता-योगपतिः बृहद्भानुः क्रिया-पतिः ।।११४।।
चतुर्दश-प्रमाणात्मा धर्मो मन्वादि-बोधकः ।।
लक्ष्मी-भोगैक-निलयः देव-मन्त्रप्रदायकः ।।११५।।
दैत्य-व्यामोहकः साक्षाद्-गरुड-स्कन्ध-संश्रयः ।।
लीला-मन्दर-धारी च दैत्य-वासुकिपूजितः ।।११६।।
समुद्रोन्मन्थनायत्तः विघ्न-कर्ता स्ववाक्य-कृत् ।।
आदि-कूर्मः पवित्रात्मा मन्दरा-घर्षणोत्सुकः ।।११७।।
श्वासैजदब्धिर्वा-वीचिः कल्पान्तावधि-कार्यकृत् ।।
चतुर्दश-महा-रत्नो लक्ष्मी-सौभाग्यवर्धनः ।।११८।।
धन्वन्तरिः सुधा-हस्तो यज्ञ-भोक्तार्ति-नाशनः ।।
आयुर्वेद-प्रणेता च देव दैत्याखिलार्चितः ।।११९।।
बुद्धि-व्यामोहको देव-कार्य-साधन-तत्परः ।।
स्त्रीरूपो मायया वक्ता दैत्यान्तःकरणप्रियः ।।१२०।।
पायितामृत-देवांशो युद्ध-हेतु-स्मृति-प्रदः ।।
सुमालिमालिवधकृत् माल्यवत्-प्राणहारकः ।।१२१।।
कालनेमि-शिरच्छेदी दैत्य-यज्ञ-विनाशकः ।।
इन्द्र-सामर्थ्य-दाता च दैत्यशेषस्थितिप्रियः ।।१२२।।
शिव-व्यामोहको मायी भृगु-मन्त्र-स्वशक्तिदः ।।
बलि-जीवन-कर्ता च स्वर्गहेतुः व्रतार्चितः ।।१२३।।
आदित्यानन्द-कर्ता च कश्यपादिति-सम्भवः ।।
उपेन्द्र इन्द्रावरजो वामन-ब्रह्मरूप-धृक् ।।१२४।।
ब्रह्मादि-सेवित-वपुः यज्ञ-पावन-तत्परः ।।
याञ्चोपदेश-कर्ता च ज्ञापिताशेष-संस्थितिः ।।१२५।।
सत्यार्थ-प्रेरकः सर्व-हर्ता गर्व-विनाशकः ।।

त्रिविक्रमः त्रिलोकात्मा विश्वमूर्तिः पृथुश्रवाः ।।१२६।।
पाश-बद्ध-बलिः सर्व-दैत्य-पक्षोपमर्दकः ।।
सुतलस्थापित-बलिः स्वर्गाधिक-सुखप्रदः ।।१२७।।
कर्म-सम्पूर्ति-कर्ता च स्वर्ग-संस्थापितामरः ।।
ज्ञातत्रिविध-धर्मात्मा महामीनोऽब्धिसंश्रयः ।।१२८।।
सत्यव्रत-प्रियो गोप्ता मत्स्य-मूर्ति-धृत-श्रुतिः ।।
शृंगबद्ध-धृत-क्षोणिः सर्वार्थ-ज्ञापको गुरुः ।।१२९।।

नवमस्कन्धनामानि

ईशानुकथालीला

ईश-सेवक-लीलात्मा सूर्य-वंश-प्रवर्तकः ।।
सोम-वंशोद्भव-करः मनु-पुत्र-गति-प्रदः ।।१३०।।
अम्बरीष-प्रियः साधुः दुर्वासा-गर्व-नाशकः ।।
ब्रह्म-शापोपसंहर्ता भक्त-कीर्ति-विवर्धनः ।।१३१।।
इक्ष्वाकु-वंश-जनकः सगराद्यखिलार्थदः ।।
भगीरथ-महायत्नो गङ्गाधौताङ्घ्रि-पंकजः ।।१३२।।
ब्रह्म-स्वामी शिव-स्वामी सगरात्मज-मुक्ति-दः ।।
खट्वाङ्ग-मोक्ष-हेतुश्च रघुवंश-विवर्धनः ।।१३३।।
रघुनाथो रामचन्द्रो रामभद्रो रघुप्रियः ।।
अनन्तकीर्तिः पुण्यात्मा पुण्यश्लोकैकभास्करः ।।१३४।।
कोशलेन्द्रः प्रमाणात्मा सेव्यो दशरथात्मजः ।।
लक्ष्मणो भरतश्चैव शत्रुघ्नो व्यूहविग्रहः ।।१३५।।
विश्वामित्र-प्रियो दान्तः ताडका-वध-मोक्ष-दः ।।
वायव्यास्त्राब्धिनिक्षिप्त-मारीचश्च सुबाहुहा ।।१३६।।
वृषध्वज-धनुर्भङ्ग-प्राप्त-सीता-महोत्सवः ।।
सीतापतिः भृगुपति-गर्व-पर्वत-नाशकः ।।१३७।।

अयोध्यास्थ–महाभोग–युक्त–लक्ष्मी–विनोदवान् ॥
कैकेयीवाक्यकर्ता च पितृवाक्–परिपालकः ॥१३८॥
वैराग्य–बोधको–ऽनन्य–सात्त्विक–स्थान–बोधकः ॥
अहल्या–दुःख–हारी च गुहस्वामी सलक्ष्मणः ॥१३९॥
चित्रकुट–प्रिय–स्थानो दण्डकारण्य–पावनः ॥
शरभङ्गसुतीक्ष्णादिपूजितोऽगस्त्य–भाग्यभूः ॥१४०॥
ऋषि–सम्प्रार्थित–कृतिः विराध–वध–पंडितः ॥
छिन्न–शूर्पणखा–नासः खर–दूषण–घातकः ॥१४१॥
एक–बाण–हताऽनेक–सहस्र–बल–राक्षसः॥
मारीच–घाती नियतसीता–सम्बन्धशोभिलः ॥१४२॥
सीता–वियोग–नाट्यश्च जटायुर्वध–मोक्षदः ॥
शबरी–पूजितो भक्त–हनुमत्–प्रमुखावृतः ॥१४३॥
दुन्दुभ्यस्थि–प्रहरणः सप्त–ताल–विभेदनः ॥
सुग्रीवराज्यदो वाली–घाती सागर–शोषणः ॥१४४॥
सेतु–बन्धन–कर्ता च विभीषण–हित–प्रदः ॥
रावणादि–शिरच्छेदी राक्षसाघौघ–नाशकः ॥१४५॥
सीता–ऽभय–प्रदाता च पुष्पकागमनोत्सुकः ॥
अयोध्यापतिरत्यन्त–सर्वलोक–सुख–प्रदः ॥१४६॥
मथुरा–पुर–निर्माता सुकृतज्ञ–स्वरू पदः ॥
जनक–ज्ञानगम्यश्य ऐलान्त–प्रकट–श्रुतिः ॥१४७॥
हैहयान्त–करो रामः दुष्ट–क्षत्र–विनाशकः ॥
सोम–वंश–हितैकात्मा यदु–वंश–विवर्धनः ॥१४८॥

दशमस्कन्धपूर्वार्धनामानि

निरोधलीला

परब्रह्मावतरणः केशवः क्लेश–नाशनः ॥

भूमि–भारावतरणो भक्तार्थाऽखिल–मानसः ॥१४९॥
सर्व–भक्त–निरोधात्मा लीला–ऽनन्त–निरोधकृत् ॥
भूमिष्ठ–परमानन्दो देवकी–शुद्धि–कारणम् ॥१५०॥
वसुदेव–ज्ञान–निष्ठ–सम–जीव–निवारकः ॥
सर्व–वैराग्यकरण–स्व–लीलाधार–शोधकः ॥१५१॥
माया–ज्ञापन–कर्ता च शेष–सम्भार–सम्भृतिः ॥
भक्त–क्लेशपरिज्ञाता तन्निवारण–तत्परः ॥१५२॥
आविष्ट–वसुदेवांशः देवकी–गर्भ–भूषणम् ॥
पूर्ण–तेजो–मयः पूर्णः कंसाधृष्य–प्रतापवान् ॥१५३॥
विवेक–ज्ञान–दाता च ब्रह्माद्यखिल–संस्तुतः ॥
सत्यो जगत्कल्पतरुः नाना–रूप–विमोहनः ॥१५४॥
भक्ति–मार्ग–प्रतिष्ठाता विद्वन्–मोह–प्रवर्तकः ॥
मूल–काल–गुण–द्रष्टा नयनानन्द–भाजनम् ॥१५५॥
वसुदेव–सुखाब्धिश्च देवकी–नयनामृतम् ॥
पितृ–मातृ–स्तुतः पूर्व–सर्ववृत्तान्त–बोधकः ॥१५६॥
गोकुलागति–लीलाप्त–वसुदेव–कर–स्थितिः ॥
सर्वेशत्व–प्रकटनः माया–व्यत्यय–कारकः ॥१५७॥
ज्ञान–मोहित–दुष्टेशः प्रपञ्चास्मृति–कारणम् ॥
यशोदानन्दनो नन्द–भाग्यभू–गोकुलोत्सवः ॥१५८॥
नन्द–प्रियो नन्द–सूनुः यशोदायाः स्तनन्धयः ॥
पूतना–सुपयःपाता मुग्ध–भावाति–सुन्दरः ॥१५९॥
सुन्दरी–हृदयानन्दो गोपी–मन्त्राभिमन्त्रितः ॥
गोपालाश्चर्यरसकृत् शकटासुर–खंडनः ॥१६०॥
नन्द–व्रज–जनानन्दी नन्द–भाग्य–महोदयः ॥
तृणावर्त–वधोत्साहो यशोदा–ज्ञान–विग्रहः ॥१६१॥

बलभद्र-प्रिय: कृष्ण: संकर्षण-सहायवान् ॥
रामानुजो वासुदेव: गोष्ठाङ्गण-गति-प्रिय: ॥१६२॥
किंकिणी-रव-भाव-ज्ञो वत्स-पुच्छावलम्बन: ॥
नवनीत-प्रियो गोपी-मोह-संसार-नाशक: ॥१६३॥
गोप-बालक-भाव-ज्ञ: चौर्य-विद्या-विशारद: ॥
मृत्स्नाभक्षणलीलास्य-माहात्म्यज्ञानदायक: ॥१६४॥
धरा-द्रोण-प्रीति-कर्ता दधि-भाण्ड-विभेदन: ॥
दामोदरो भक्त-वश्यो यमलार्जुन-भञ्जन: ॥१६५॥
बृहद्वन-महाश्चर्य: वृन्दावन-गति-प्रिय: ॥
वत्स-घाती बाल-केलि: बकासुर-निषूदन: ॥१६६॥
अरण्य-भोक्ताप्यथवा बाल-लीला-परायण: ॥
प्रोत्साहन-जनकश्चैवम् अघासुर-निषूदन: ॥१६७॥
व्याल-मोक्ष-प्रद: पुष्टो ब्रह्म-मोह-प्रवर्धन: ॥
अनन्तमूर्ति: सर्वात्मा जङ्गम-स्थावराकृति: ॥१६८॥
ब्रह्म-मोहन-कर्ता च स्तुत्य आत्मा सदा-प्रिय: ॥
पौगण्ड-लीलाभिरति: गोचारण-परायण: ॥१६९॥
वृन्दावन-लता-गुल्म-वृक्ष-रूप-निरूपक: ॥
नाद-ब्रह्म-प्रकटनो वय:-प्रतिकृति-स्वन: ॥१७०॥
बर्हि-नृत्यानुकरणो गोपालानुकृति-स्वन: ॥
सदाचार-प्रतिष्ठाता बलश्रम-निराकृति: ॥१७१॥
तरु-मूल-कृता-ऽशेष-तल्प-शायी सखि-स्तुत: ॥
गोपाल-सेवित-पद: श्रीलालित-पदाम्बुज: ॥१७२॥
गोप-सम्प्रार्थित-फल-दान-नाशित-धेनुक: ॥
कालीयफणिमाणिक्यरञ्जित-श्रीपदाम्बुज: ॥१७३॥
दृष्टि-सञ्जीविताशेष-गोप-गो-गोपिकाप्रिय: ॥

लीलासम्पीतदावाग्नि: प्रलम्बवध-पण्डित: ॥१७४॥
दावाग्न्यावृत-गोपाल-दृष्ट्याच्छादन-वह्निप: ॥
वर्षा-शरद्-विभूतिश्री: गोपीकामप्रबोधक: ॥१७५॥
गोपी-रत्न-स्तुताऽशेष-वेणुवाद्य-विशारद: ॥
कात्यायनीव्रतव्याज-सर्व-भावाश्रिताङ्गन: ॥१७६॥
सत्सङ्गति-स्तुति-व्याज-स्तुत-वृन्दावनाङ्घ्रिप: ॥
गोपक्षुच्छान्तिसंव्याज-विप्रभार्याप्रसादकृत् ॥१७७॥
हेतु-प्राप्तेन्द्र-यागस्व-कार्य-गोसव-बोधक: ॥
शैल-रूप-कृताऽशेष-रस-भोग-सुखावह: ॥१७८॥
लीला-गोवर्धनोद्धार-पालित-स्व-व्रजप्रिय: ॥
गोपस्वच्छन्दलीलार्थ-गर्गवाक्यार्थ-बोधक: ॥१७९॥
इन्द्र-धेनु-स्तुति-प्राप्त-गोविन्देन्द्राभिधानवान् ॥
व्रतादिधर्मसंसक्त-नन्द-क्लेश-विनाशक: ॥१८०॥
नन्दादि-गोप-मात्रेष्ट-वैकुण्ठ-गति-दायक: ॥
वेणुवाद-स्मरक्षोभ-मत्त-गोपी-विमुक्तिद: ॥१८१॥
सर्व-भाव-प्राप्त-गोपी-सुख-संवर्धन-क्षम: ॥
गोपीगर्व-प्रणाशार्थ-तिरोधान-सुख-प्रद: ॥१८२॥
कृष्ण-भाव-व्याप्त-विश्व-गोपी-भावित-वेषधृक् ॥
राधाविशेष-सम्भोग-प्राप्त-दोष-निवारक: ॥१८३॥
परम-प्रीति-सङ्गीत-सर्वाद्भुत-महागुण: ॥
मानापनोदनाक्रन्द-गोपी-दृष्टि-महोत्सव: ॥१८४॥
गोपिका-व्याप्त-सर्वाङ्ग: स्त्री-सम्भाषा-विशारद: ॥
रासोत्सवमहासौख्य-गोपीसम्भोग-सागर: ॥१८५॥
जल-स्थल-रति-व्याप्त-गोपी-दृष्ट्यभिपूजित: ॥
शास्त्रानपेक्ष-कामैक-मुक्तिद्वार-विवर्धन: ॥१८६॥

सुदर्शन–महासर्प–ग्रस्त–नन्द–विमोचक: ।।
गीतमोहित–गोपीधृक् –शङ्खचूडविनाशक: ।।१८७।।
गुण–सङ्गीत–सन्तुष्टि गोपी–संसार–विस्मृति: ।।
अरिष्ट–मथनो दैत्य–बुद्धि–व्यामोह–कारक: ।।१८८।।
केशी–घाती नारदेष्ट: व्योमासुर–विनाशक: ।।
अक्रूरभक्ति–संराद्ध–पाद–रेणु–महानिधि: ।।१८९।।
रथावरोह–शुद्धात्मा गोपी–मानस–हारक: ।।
ह्रदसन्दर्शिता–ऽशेष–वैकुण्ठाक्रूर–संस्तुत: ।।१९०।।
मथुरा–गमनोत्साह: मथुरा–भाग्य–भाजनम् ।।
मथुरा–नगरी–शोभा–दर्शनोत्सुक–मानस: ।।१९१।।
दुष्ट–रञ्जक–घाती च वायकार्चित–विग्रह: ।।
वस्त्रमालासुशोभाङ्ग: कुब्जा–लेपन–भूषित: ।।१९२।।
कुब्जा–सुरूप–कर्ता च कुब्जा–रति–वर–प्रद: ।।
प्रसादरूप–सन्तुष्ट–हर–कोदण्ड–खण्डन: ।।१९३।।
शकलाहत–कंसाप्त–धनू–रक्षक–सैनिक: ।।
जाग्रत्स्वप्न–भयव्याप्त–मृत्युलक्षणबोधक: ।।१९४।।
मथुरा–मल्ल ओजस्वी मल्ल–युद्ध–विशारद: ।।
सद्य: कुवलयापीड–घाती चाणूर–मर्दन: ।।१९५।।
लीला–हत–महामल्ल: शल–तोशल–घातक: ।।
कंसान्तको जितामित्रो वसुदेव–विमोचक: ।।१९६।।
ज्ञात–तत्त्व–पितृज्ञान–मोहनामृत–वाङ्मय: ।।
उग्रसेन–प्रतिष्ठाता यादवाधि–विनाशक: ।।१९७।।
नन्दादि–सान्त्वन–कर: ब्रह्मचर्यव्रते स्थित: ।।
गुरु–शुश्रूषण–पर: विद्या–पारमितेश्वर: ।।१९८।।
सान्दीपनिमृतापत्य–दाता कालान्तकादिजित् ।।

गोकुलाश्वासन–पर: यशोदा–नन्द–पोषक: ।।१९९।।
गोपिका–विरह–व्याज–मनो–गति–रति–प्रद: ।।
समोद्धव–भ्रमरवाक् गोपिका–मोह–नाशक: ।।२००।।
कुब्जा–रति–प्रदो–ऽक्रूर–पवित्रीकृत–भू–गृह: ।।
पृथा–दु:ख–प्रणेता च पाण्डवानां सुखप्रद: ।।२०१।।

दशमस्कन्धोत्तरार्धनामानि

निरोधलीला

जरासन्ध–समानीत–सैन्य–घाती विचारक: ।।
यवनव्याप्त–मथुरा–जन–दत्त–कुशस्थलि: ।।२०२।।
द्वारकाद्भुत–निर्माण–विस्मापित–सुरासुर: ।।
मनुष्य–मात्र–भोगार्थ–भूम्यानीतेन्द्र–वैभव: ।।२०३।।
यवन–व्याप्त–मथुरा–निर्गमानन्द–विग्रह: ।।
मुचुकुन्द–महाबोध–यवन–प्राण–दर्प–हा ।।२०४।।
मुचुकुन्द–स्तुताशेष–गुण–कर्म–महोदय: ।।
फलप्रदान–सन्तुष्टि: जन्मान्तरित–मोक्ष–द: ।।२०५।।
शिव–ब्राह्मण–वाक्याप्त–जय–भीतिविभावन: ।।
प्रवर्षण–प्रार्थिताग्नि–दान–पुण्य–महोत्सव: ।।२०६।।
रुक्मिणी–रमण: काम–पिता प्रद्युम्न–भावन: ।।
स्यमन्तकमणिव्याज–प्राप्तजाम्बवतीपति: ।।२०७।।
सत्यभामा–प्राणपति: कालिन्दी–रति–वर्धन: ।।
मित्रविन्दा–पति: सत्या–पति: वृष–निषूदन: ।।२०८।।
भद्रा–वाञ्छित–भर्ता च लक्ष्मणा–वरण–क्षम: ।।
इन्द्रादि–प्रार्थित–वध–नरकासुर–सूदन: ।।२०९।।
मुरारि: पीठ–हन्ता च ताम्रादि–प्राण–हारक: ।।
षोडशस्त्री–सहस्रेश: छत्र–कुण्डल–दानकृत् ।।२१०।।

पारिजातापहरण: देवेन्द्र-मद-नाशक: ।।
रुक्मिणीसम-सर्वस्त्री-साध्यभोग-रतिप्रद: ।।२११।।
रुक्मिणी-परिहासोक्ति-वाक्तिरोधान-कारक: ।।
पुत्र-पौत्र-महाभाग्य-गृह-धर्म-प्रवर्तक: ।।२१२।।
शम्बरान्तक-सत्पुत्र-विवाह-हत-रुक्मिक: ।।
उषापहृत-पौत्र-श्री: बाण-बाहु-निवारक: ।।२१३।।
शीत-ज्वर-भय-व्याप्त-वर-संस्तुत-षड्गुण: ।।
शंकर-प्रति-योद्धा च द्वन्द्व-युद्ध-विशारद: ।।२१४।।
नृग-पाप-प्रभेत्ता च ब्रह्मस्व-गुण-दोष-दृक् ।।
विष्णुभक्तिविरोधैक-ब्रह्मस्व-विनिवारक: ।।२१५।।
बल-भद्राहित-गुण: गोकुल-प्रीति-दायक: ।।
गोपीस्नेहैकनिलय: गोपी-प्राण-स्थितिप्रद: ।।२१६।।
वाक्यातिगामि-यमुना-हलाकर्षण-वैभव: ।।
पौण्ड्रकत्याजितस्पर्ध: काशीराज-विभेदन: ।।२१७।।
काशी-निदाह-करण: शिव-भस्म-प्रदायक: ।।
द्विविद-प्राण-घाती च कौरवाखर्व-गर्व-नुत् ।।२१८।।
लाङ्गलाकृष्ट-नगरी-संविग्नाऽखिल-नागर: ।।
प्रपन्नाभयद: साम्ब-प्राप्तसन्मानभाजनम् ।।२१९।।
नारदाविष्ट-चरण: भक्त-विक्षेप-नाशक: ।।
सदाचारैक-निलय: सुधर्माध्यासितासन: ।।२२०।।
जरासन्धावरुद्धेन विज्ञापित-निजक्लम: ।।
मन्त्र्युद्धवादिवाक्योक्त-प्रकारैक-परायण: ।।२२१।।
राजसूयादि-मख-कृत् सम्प्रार्थित-सहायकृत् ।।
इन्द्रप्रस्थ-प्रयाणार्थ-महत्सम्भार-सम्भृति: ।।२२२।।
जरासन्ध-वध-व्याज-मोचिताऽशेष-भूमिप: ।।

सन्मार्गबोधको-यज्ञ-क्षिति-वारण-तत्पर: ।।२२३।।
शिशुपाल-हतिव्याज-जय-शाप-विमोचक: ।।
दुर्योधनाभिमानाब्धि-शोष-बाण-वृकोदर: ।।२२४।।
महादेव-वर-प्राप्त-पुर-शाल्व-विनाशक: ।।
दन्तवक्त्रवध-व्याज-विजयाघौघ-नाशक: ।।२२५।।
विदूरथ-प्राण-हर्ता न्यस्त-शस्त्रास्त्र-विग्रह: ।।
उपधर्म-विलिप्ताङ्ग-सूत-घाती वर-प्रद: ।।२२६।।
बल्वल-प्राण-हरण-पालितर्षि-श्रुति-क्रिय: ।।
सर्वतीर्थाघनाशार्थ-तीर्थ-यात्रा-विशारद: ।।२२७।।
ज्ञान-क्रिया-विभेदेष्ट-फल-साधन-तत्पर: ।।
सारथ्यादिक्रियाकर्ता भक्तवश्यत्व-बोधक: ।।२२८।।
सुदामा(म?)रंक-भार्यार्थ-भूम्यानीतेन्द्र-वैभव: ।।
रविग्रह-निमित्ताप्त-कुरुक्षेत्रैक-पावन: ।।२२९।।
नृप-गोपी-समस्त-स्त्री-पावनार्थाखिलक्रिय: ।।
ऋषिमार्ग-प्रतिष्ठाता वसुदेव-मखक्रिय: ।।२३०।।
वसुदेव-ज्ञान-दाता देवकी-पुत्र-दायक: ।।
अर्जुन-स्त्री-प्रदाता च बहुलाश्व-स्वरूपद: ।।२३१।।
श्रुतदेवेष्ट-दाता च सर्व-श्रुति-निरूपित: ।।
महादेवाद्यति-श्रेष्ठो भक्ति-लक्षण-निर्णय: ।।२३२।।
वृक-ग्रस्त-शिव-त्राता नाना-वाक्य-विशारद: ।।
नर-गर्व-विनाशार्थ-हृत-ब्राह्मण-बालक: ।।२३३।।
लोकालोक-परस्थान-स्थित-बालक-दायक: ।।
द्वारकास्थ-महाभोग-नानास्त्री-रतिवर्धन: ।।२३४।।
मनस्तिरोधान-कृत-व्यग्र-स्त्री-चित्त-भावित: ।।

एकादशस्कन्धनामानि

मुक्तिलीला

मुक्तिलीलाविहरण: मौशल–व्याज–संहृति: ॥२३५॥
श्रीभागवत–धर्मादि–बोधको भक्ति–नीतिकृत् ॥
उद्धव–ज्ञान–दाता च पञ्चविंशतिधा गुरु: ॥२३६॥
आचारभक्ति–मुक्त्यादि–वक्ता शब्दोद्भव–स्थिति: ॥
हंसो धर्म–प्रवक्ता च सनकाद्युपदेशकृत् ॥२३७॥
भक्ति–साधन–वक्ता च योग–सिद्धि–प्रदायक: ॥
नाना–विभूति–वक्ता च शुद्ध–धर्मावबोधक: ॥२३८॥
मार्गत्रय–विभेदात्मा नाना–शंका–निवारक: ॥
भिक्षुगीताप्रवक्ता च शुद्ध–सांख्य–प्रवर्तक: ॥२३९॥
मनो–गुण–विशेषात्मा ज्ञापकोक्त–पुरूरवा: ॥
पूजाविधि–प्रवक्ता च सर्वसिद्धान्त–बोधक: ॥२४०॥
लघु–स्वमार्ग–वक्ता च स्वस्थान–गति–बोधक: ॥
यादवाङ्गोपसंहर्ता सर्वाश्चर्य–गति–क्रिय: ॥२४१॥

द्वादशस्कन्धनामानि

आश्रयलीला

काल–धर्म–विभेदार्थ–वर्ण–नाशन–तत्पर: ॥
बुद्धो गुप्तार्थ–वक्ता च नानाशास्त्रविधायक: ॥२४२॥
नष्ट–धर्म–मनुष्यादि–लक्षण–ज्ञापनोत्सुक: ॥
आश्रयैकगतिज्ञाता कल्कि: कलि–मलापह: ॥२४३॥
शास्त्र–वैराग्य–सम्बोध: नाना–प्रलय–बोधक: ॥
विशेषत: शुकव्याज–परीक्षिज्ज्ञान–बोधक: ॥२४४॥
शुकेष्ट–गति–रूपात्मा परीक्षिद्–देह–मोक्ष–द: ॥
शब्दरूपो नादरूपो वेदरूपो विभेदन: ॥२४५॥

व्यास: शाखा–प्रवक्ता च पुराणार्थ–प्रवर्तक: ॥
मार्कण्डेय–प्रसन्नात्मा वट–पत्र–पुटे–शय: ॥२४६॥
माया–व्याप्त–महामोह–दु:ख–शान्तिप्रवर्तक: ॥
महादेव–स्वरूपश्च भक्तिदाता कृपानिधि: ॥२४७॥
आदित्यान्तर्गत: काल: द्वादशात्मा सुपूजित: ॥
श्रीभागवत–रूपश्च सर्वार्थ–फल–दायक: ॥२४८॥

इतीदं कीर्तनीयस्य हरेर्नाम–सहस्रकम् ॥
पञ्चसप्तति–विस्तीर्णं पुराणान्तर–भाषितम् ॥२४९॥
य एतत् प्रातरुत्थाय श्रद्धावान् सुसमाहित: ॥
जपेदर्थाहितमति: स गोविन्दपदं लभेत् ॥२५०॥
सर्वधर्म–विनिर्मुक्त: सर्वसाधन–वर्जित: ॥
एतद्धारण–मात्रेण कृष्णस्य पदवीं व्रजेत् ॥२५१॥
हर्यावेशित–चित्तेन श्रीभागवत–सागरात् ॥
समुद्धृतानि नामानि चिन्तामणिनिभानि हि ॥२५२॥
कण्ठस्थितान्यर्थदीप्त्या बाधन्ते–ऽज्ञानजं तम: ॥
भक्तिं श्रीकृष्ण–देवस्य साधयन्ति विनिश्चितम् ॥२५३॥
किम्बहूक्तेन भगवान् नामभि: स्तुत–षड्गुण: ॥
आत्मभावं नयत्याशु भक्तिं च कुरुते दृढाम् ॥२५४॥
य: कृष्णभक्तिमिह वाञ्छति साधनौघै: ।
नामानि भासुरयशांसि जपेत् स नित्यम् ॥
तं वै हरि: स्व – पुरुषं कुरुतेति – शीघ्रम् ।
आत्मार्पणं समधिगच्छति भावतुष्ट: ॥२५५॥

श्रीकृष्ण! कृष्णसख! वृष्णि–वृषावनिध्रुक्–
राजन्यवंश दहनानपवर्ग–वीर्य ।

गोविन्द! गोप–वनिता–व्रज–भृत्यगीत!
तीर्थश्रव: श्रवणमङ्गल पाहि भृत्यान् ।।२५६।।

।।इति श्रीभागवतसारसमुच्चये वैश्वानरोक्तं श्रीपुरुषोत्तमसहस्रनामस्तोत्रं सम्पूर्णम् ।।

॥ શ્રીહરિઃ ॥
॥ શ્રી વાક્પતયે નમઃ ॥

શ્રીપુરુષોત્તમ સહસ્ર નામ સ્તોત્રમ્

૧. ભૂમિકા

શ્રીમહાપ્રભુજીએ ૮૪ ગ્રંથો રચ્યા છે, એવું મનાય છે. હાલમાં તે પૈકી આશરે એકત્રીસ ગ્રંથો મળી આવે છે. આ ગ્રંથોને બે ભાગમાં ગોઠવી શકાય. (૧) ભાષ્ય ગ્રંથો (૨) સ્વતંત્ર ગ્રંથો. આ બંને પ્રકારના ગ્રંથોમાં અણુભાષ્ય, જૈમિનીસૂત્રભાષ્ય, તત્ત્વાર્થદીપનિબંધ, શ્રીસુબોધિનીજી, ષોડશગ્રંથ, પુરુષોત્તમસહસ્રનામ તથા ત્રિવિધ નામાવલિ આદિ મુખ્ય ગ્રંથો છે. આ પૈકી શ્રી પુરુષોત્તમસહસ્રનામ- ગ્રંથનું આપણે અવગાહન કરીશું.

૨. શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનો હેતુ :

શ્રીમહાપ્રભુજીનું ભૂતલે પ્રાકટ્ય થયું. આ માટેના અનેક હેતુઓ હોઈ શકે છે. શ્રીમહાપ્રભુજીનાં વાક્યો તથા શ્રીગુસાંઈજીએ 'સર્વોત્તમજી'માં આપેલી સમજ પ્રમાણે બે મુખ્ય હેતુઓ સ્પષ્ટ થાય છે.

૧. શ્રીભાગવતના ગૂઢ અર્થો પ્રકટ કરવા. શ્રી સુબોધિનીજીના મંગલાચરણમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

મૃદુલાબેન દિલીપભાઈ મજમુદાર, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

અર્થં તસ્ય વિવેચિતું ન હિ વિભુર્વૈશ્વાનરા-
દ્વાકપતેરન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવચ્છ્રીપતેઃ।
દત્વાજ્ઞાં માં ચ લોકે કૃપાવલોકનપટુર્યસ્માદતોઽહં મુદા
ગૂઢાર્થં પ્રકટી કરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ॥

શ્રીવ્યાસજી, ભગવાનનો જ્ઞાનાવતાર છે. જીવોના પરમ કલ્યાણ માટે આપે ભાગવતશાસ્ત્રની રચના કરી. શ્રીભાગવત અલૌકિક અર્થોથી સભર છે. પણ આ અર્થો શ્રીભાગવતમાં ગૂઢતાથી છૂપાયા છે. ઊંડાણમાં રહેલા આ અર્થો પ્રકટ ન થાય ત્યાં સુધી જીવો શ્રીભાગવતમાં દર્શાવેલા માર્ગે ચાલી ન શકે. પરિણામે કલિયુગમાં જીવોનું પરમ કલ્યાણ ન થાય.

'કલિયુગમાં દૈવી જીવો પ્રવાહમાં વહી રહ્યા છે. તેમના કલ્યાણ માટે ભ્રાન્તિથી જુદા-જુદા માર્ગે વળી ગયા છે. ભગવાને આવા જીવો માટે કૃપાપૂર્વક ઈચ્છા કરી અને મને ભૂતલે જઈ શ્રી ભાગવતના ગૂઢ અર્થોને પ્રકટ કરવા આજ્ઞા કરી. આ ભગવદ્ આજ્ઞાના કારણે હું મનુષ્યરૂપે ભૂતલ પર સુબોધિનીજીની ટીકા દ્વારા શ્રીભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કરીશ. આ અર્થો શ્રીઠાકોરજી તથા શ્રીવ્યાસજીને સંમત હશે.'

૨. શ્રીગુસાંઈજીએ 'સર્વોત્તમસ્તોત્ર' લખ્યું છે. આમાં શ્રીમહાપ્રભુજીના અલૌકિક એકસો આઠ નામો છે. આ પૈકીનું પાંચમું નામ છે. **'દૈવોદ્ધારપ્રયત્નાત્મા'** અર્થાત્ દૈવી જીવો લાંબા કાળથી શ્રીઠાકોરજીથી અલગ પડી ગયા હતા, તેઓના ઉદ્ધાર માટે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ અલૌકિક પ્રયત્નો કર્યા છે.

ઉપરના બે પ્રમાણોથી સિદ્ધ થાય છે કે શ્રીમહાપ્રભુજી ભૂતલ પર અન્યત્ર ભટકી પડેલા જીવોના ઉદ્ધાર માટે પ્રકટ્યા. તે જીવોના પરમ કલ્યાણ માટે આપશ્રીએ શ્રીભાગવતના ગૂઢાર્થો પ્રકટ કરીને શ્રીભાગવતમાર્ગ - પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો. શ્રીગુસાંઈજી સ્વરચિત શ્રીવલ્લભાષ્ટક ગ્રંથમાં આથી જ આજ્ઞા કરે છે 'દૈવીસૃષ્ટિર્વ્યર્થા ચ ભૂયાન્નિજફલ રહિતા' - હે વલ્લભ! આપનો આવિર્ભાવ ન થાત તો દૈવી

એક વૈષ્ણવ, કલકત્તાના જયશ્રીકૃષ્ણ.

જીવોનું જીવન શ્રીકૃષ્ણને જાણ્યા અને માણ્યા વગર વ્યર્થ થાત. કૃષ્ણ ભક્તિરૂપ ફલ વિનાના તેઓ બનત.

આમ પુષ્ટિ દૈવી જીવોનું જીવન શ્રીમહાપ્રભુજી તથા શ્રીભાગવત વગર શૂન્ય છે.

૩. 'શ્રીપુરુષોત્તમ સહસ્રનામ' સ્તોત્રની રચના

'શ્રીપુરુષોત્તમ સહસ્રનામ' સ્તોત્રની રચના શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતમાંથી જ કરી છે. આથી શ્રીપુરુષોત્તમસહસ્રનામનો પાઠ, શ્રીવલ્લભના આશ્રિતો માટે અતિ આવશ્યક છે. આ ગ્રંથની રચના માટેનો પ્રસંગ આ રીતે છે.

શ્રીમહાપ્રભુજીના પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજી હતા. પિતાના સંસ્કારોના કારણે તેઓ બાલ્યાવસ્થાથી શ્રીભાગવતના સ્વરૂપની ભાવના સમજતા હતા. શ્રીભાગવત એટલે જ કૃષ્ણ. શ્રીકૃષ્ણના બે સ્વરૂપો, રૂપ અને નામ. શ્રીમહાપ્રભુજીએ શાસ્ત્રાર્થ પ્રકરણમાં કૃષ્ણને નમન કરતાં આજ્ઞા કરી છે.

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભૂતકર્મણે ।
રૂપનામવિભેદેન જગત્ક્રીડતિ યો યતઃ ॥

શ્રીકૃષ્ણ અદ્ભુત કર્મકર્તા છે. જગત તેમનું ક્રીડાભાંડ છે. તેમાં તે ક્રીડા કરે છે. આ ક્રીડાઓ તેઓ રૂપ અને નામથી કરે છે. આવા ભગવાન શ્રીકૃષ્ણને નમન કરું છું. શ્રીગોપીજનવલ્લભ એ શ્રીકૃષ્ણનું રૂપ-સ્વરૂપ છે. અને શ્રીકૃષ્ણનું નામ સ્વરૂપ એ શ્રી ભાગવત છે. શ્રીગોપીજનવલ્લભ એ શ્રીકૃષ્ણનું સ્વેચ્છાધીન સ્વરૂપ અને શ્રીકૃષ્ણનું ભક્તેચ્છાધીન સ્વરૂપ તે શ્રીભાગવત.

શ્રી ગોપીનાથજી આ પ્રકારની સ્વરૂપ ભાવનાથી શ્રીભાગવતનું નિત્ય સેવન બાલ્યકાળથી કરતા. આપશ્રીનો નિયમ હતો કે જ્યાં સુધી શ્રીભાગવતનો સંપૂર્ણ પાઠ ન થાય ત્યાં સુધી ભોજન ન લેવું. સાથે સાથે

રક્ષા પટવારી, કલકત્તાના જયશ્રીકૃષ્ણ.

સેવા, સંધ્યા, જપપાઠ, અધ્યયન વગેરે કાર્યો તો હોય જ. આ રીતે ત્રણ-ચાર દિવસે તેઓ શ્રીભાગવતનો એક પાઠ પૂરો કરતા. આમ બે-ત્રણ દિવસના ઉપવાસ બાદ જાણે કે એકવાર પારણાં. કેટલું બધું કષ્ટ! અને તે પણ કેટલી બધી કુમળી વયે! શ્રીમહાપ્રભુજી તો દયાર્ણવ-દયાનો સાગર છે. આપશ્રીથી શ્રીગોપીનાથજીનું કષ્ટ સહન ન થયું. સાથે સાથે બાલગોપીનાથજીની આ દિનચર્યાથી આનંદ પણ થયો. આથી આપે શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલી કૃષ્ણલીલાઓમાંથી એક હજાર નામો પ્રકટ કર્યાં. અન્ય પુરાણોમાંથી કૃષ્ણલીલાના બીજાં પંચોતેર નામ પ્રકટ કર્યાં. અને આ રીતે શ્રીકૃષ્ણના એક હજાર પંચોતેર નામ રત્નોથી શોભતા શ્રીપુરુષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્રનું પ્રાકટ્ય થયું.

૪. સ્તોત્રનું સ્વરૂપ :

શ્રીપુરુષોત્તમ સહસ્રનામ એ શ્રીમહાપ્રભુજીના તપ્ત હૃદયમાં પરિપક્વ થયેલ શ્રીમદ્ભાગવતનું સત્ત્વ છે. તે શ્રીમહાપ્રભુજીના હૃદયકમલમાંથી પ્રકટેલ અલૌકિક સ્વરૂપવાળું છે. ગાયત્રી બીજ છે. વેદ કલ્પવૃક્ષ છે. શ્રી ભાગવત તેનું ફળ છે. શ્રી પુરુષોત્તમસહસ્ર તે ફલનો રસ છે. વેદને શેરડી કહિએ તો શ્રી ભાગવત તેનો રસ છે અને તે રસમાંથી પૃથક્ થયેલ ગોળ, સાકર તે જ શ્રી પુરુષોત્તમસહસ્ર નામ. દૂધમાંથી સત્ત્વરૂપ ઘી કાઢતાં કેટલું બધું મથવું પડે? શ્રીમહાપ્રભુજીએ દૂધ રૂપ શ્રી ભાગવતમાંથી ઘી રૂપ સત્ત્વવાળું શ્રીપુરુષોત્તમસહસ્રનામ પોતાના આશ્રિતો માટે, શ્રીગોપીનાથજીનું મિષ કરી પૃથક્ કરી આપ્યું.

આથી જ શ્રી પુરુષોત્તમ સહસ્ર નામ ભગવદ્ રસાત્મક છે. ભગવત્સ્વરૂપાત્મક છે. ફલતઃ ફલરૂપ પણ છે અને સાધનરૂપ પણ છે. ગો. વા. પ. ભ. શ્રી નાગરદાસ બાંભણિયા કહેતા કે રાજનગરવાળા નિ. લિ. શ્રી રણછોડલાલજી મહારાજ આ શ્રી પુરુષોત્તમસહસ્ર નામનો પાઠ નિત્ય કરતા. જેવો આપશ્રીનો આગ્રહ, ઉત્સાહ અને ભાવ પરમનિધિ શ્રી નટવરલાલની સેવા માટે હતો, તેવો જ આગ્રહ, ઉત્સાહ અને ભાવ શ્રી

શીલાબેન મિતિયા, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

પુરુષોત્તમ સહસ્ર નામ માટે હતો. એટલે આપશ્રી માટે શ્રી પુરુષોત્તમ સહસ્રનામ મહત્ ફલરૂપ હતું, પણ આપણા જેવા સામાન્ય વૈષ્ણવો કે જેમને આ સૌભાગ્ય હવે પ્રાપ્ત કરવાનું છે, તેમને માટે શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સાધનરૂપ પણ છે.

સ્તોત્રનું માહાત્મ્ય :

આ અદ્ભુત સ્તોત્રનું માહાત્મ્ય અદકેરૂં છે. આ સ્તોત્રની અંતભાગની ફલશ્રુતિઓ જોતાં તેનો ખ્યાલ આવે છે.

ય એતત્ પ્રાતરુત્થાય, શ્રદ્ધાવાન્ સુસમાહિતઃ ।
જપેદર્થાહિતમતિઃ સ ગોવિન્દપદં વ્રજેત્ ॥

સવારે વહેલા ઉઠીને, અત્યન્ત સ્થિર ચિત્તે આનો પાઠ કરીએ તો આ જન્મે અગિયાર ઈન્દ્રિયો પ્રભુમય બની જાય છે અને મૃત્યુ બાદ ગોવિન્દના પરમપદ (વૈકુંઠ કે વ્રજ)ની પ્રાપ્તિ થાય છે. આગળની ફલશ્રુતિ કહે છે :

સર્વધર્મવિનિર્મુક્તઃ સર્વસાધનવર્જિતઃ ।
એતદ્ધારણમાત્રેણ કૃષ્ણસ્ય પદવીં વ્રજેત્ ॥

આપણે ભલે કોઈ જ ધર્મ આચરી ન શકીએ. ભલે આપણી પાસે કર્મ, જ્ઞાન કે ભક્તિનું સાધન ન હોય (શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રયમાં અંતે એજ આજ્ઞા કરે છે કે ‘કલૌભકત્યાદિ માર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ) પણ જો આ ગ્રન્થના નામોના મુખપાઠ ચાલુ રાખીએ તો નિત્ય આનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થઈ જાય છે.

ત્રીજી ફલશ્રુતિ તો અતિ સુંદર છે.

યઃ કૃષ્ણભક્તિમિહ વાઞ્છતિ સાધનૌઘૈ ।
ર્નામાનિ ભાસુરયશાંસિ જપેત્સ નિત્યમ્ ॥
તં વૈ હરિઃ સ્વપુરુષં કુરુતેઽતિશીઘ્રમ્ ।
આત્માર્પણં સમધિગચ્છતિ ભાવતુષ્ટઃ ॥

પંચમ પુરુષાર્થ - ભક્તિની પ્રાપ્તિ માટે આ સર્વોત્તમ સાધન છે. આ

લક્ષ્મીબેન બબલા, દારેસલામના જયશ્રીકૃષ્ણ.

નામોનો સતત પાઠ કરવાથી કૃષ્ણભક્તિ મળે. ભગવાન જીવને તરત પોતાનો બનાવે એટલું જ નહીં પણ ભગવાન પોતે એ જીવના બની જશે. શ્રાવણ સુદ એકાદશીની મધ્યરાત્રિએ પ્રકટેલા શ્રીગોવર્ધનનાથજીએ શ્રીમહાપ્રભુજીને એ જ આજ્ઞા કરી હતી કે તમે જે જીવને મને સોંપશો તે જીવને હું કદી નહીં ભૂલું (ભલે પછી જીવ, ભગવાનને ભૂલે). આમ શ્રીઠાકોરજીએ આપણને તેમના ગણી જ લીધા છે. આ નામના સતત પાઠથી શ્રીઠાકોરજી આપણને તેમના ગણે તે શું નાનુંસૂનું ફલ છે?

શાસ્ત્રાર્થ પ્રકરણના મંગલાચરણમાં શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણને સર્વોદ્ધારપ્રયત્નાત્મા તરીકે ઓળખાવે છે-'સર્વોદ્ધારપ્રયત્નાત્મા કૃષ્ણઃ પ્રાદુર્બભૂવ હ'. શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીને 'શ્રીસર્વોત્તમજીમાં દૈવોદ્ધારપ્રયત્નાત્મા' થી ઓળખાવે છે. શ્રીમહાપ્રભુજીના રૂપ સ્વરૂપ તથા નામસ્વરૂપનું અતુલિત સામર્થ્ય એ છે કે સર્વોદ્ધારક કૃષ્ણ શ્રીવલ્લભના પુષ્ટિમાર્ગમાં ભક્તોધ્ધારક વ્રજાધિપ બની જાય છે. જગતના સર્વેજનો માટે નિજ (પોતાની) ઈચ્છાથી લીલા કરતા કૃષ્ણ પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભની આડીથી નિજ (પોતાના ભક્તોની) ઈચ્છા અનુસાર લીલા કરે છે. શ્રીપુરુષોત્તમ સહસ્ર નામના જપથી આવા પુષ્ટિપુરુષોત્તમ પ્રાપ્ત થાય છે.

સ્તોત્રનું શીર્ષક :

શ્રીપુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્ર શીર્ષક પણ વિચાર માંગી લે છે. 'શ્રી' શબ્દનો વિચાર કરીએ. પ.ભ. શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજીએ શ્રીભાગવત રસાસ્વાદમાં લખ્યું છે કે શ્રી શબ્દ ચાર ધાતુઓમાંથી બની શકે છે (૧) શ્રિઞ્ સેવાયામ્' - સેવા પ્રણાલી શ્રીભાગવતમાં છે. (૨) 'શ્રૃ વિસ્તારે' - વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રનો વિસ્તાર પણ શ્રીભાગવત છે. (૩) 'શ્રૃ હિંસાયામ્' - સઘળા દોષો અને ભયનો નાશ કરનારા ઉપાયો શ્રીભાગવતમાં છે. (૪) 'શ્રૃ શ્રવણે' - શ્રવણ કરવા યોગ્ય તો ભગવાનની લીલાઓ જ છે અને તે જ શ્રીભાગવત છે. શ્રી ભાગવતમાં બિરાજતી આ ચાર પ્રકારની ખૂબીઓ તેમાંથી જ પ્રકટેલા શ્રીપુરુષોત્તમ સહસ્રનામ માટે પણ તેટલી જ ઉચિત છે.

આશા એ. ભગત, બેંગ્લોરના જયશ્રીકૃષ્ણ.

'પુરુષોત્તમ' શબ્દનો વિચાર કરીએ. મનુષ્યો પુરુષો તરીકે પણ ઓળખાય છે. શાસ્ત્રોએ પુરુષો માટે પુરુષાર્થોનું વિધાન કર્યું છે. આ પુરુષાર્થો બે પ્રકારના છે. લૌકિક અને અલૌકિક. લૌકિક પુરુષાર્થના સ્વરૂપનો વિચાર કરીએ તો પુરુષો અર્થાત્ મનુષ્યો અન્તરથી જે ચાહતા હોય તેને પુરુષાર્થ કહેવાય. દા.ત. પૈસો. પ્રાયઃ સઘળા પૈસા પાછળ પાગલ છે. અલૌકિક પુરુષાર્થો ચાર છે (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (૪) મોક્ષ. વાસ્તવમાં આ બધા પુરુષાર્થો, પુરુષોને આપનારા તો પુરુષોત્તમ જ છે. શ્રીકૃષ્ણે પોતાની ઓળખ શ્રી ગીતાજીમાં આપી છે.

યસ્માત્ક્ષરમતીતોડહમક્ષરાદપિ ચોત્તમઃ ।
અતોડસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥
(૧૫-૧૮)

ક્ષર અને અક્ષરથી હું ઉત્તમ છું. આથી લોક તથા વેદમાં હું પુરુષોત્તમ નામથી પ્રસિદ્ધ છું. આ પુરુષોત્તમ તે જ શ્રીકૃષ્ણ. આ જ કૃષ્ણ પુષ્ટિમાર્ગમાં લોકવેદાતીત પુરુષોત્તમ છે. પુષ્ટિ જીવોના પુરુષાર્થો સિદ્ધ કરનાર આ લોકવેદાતીત પુરુષોત્તમ છે. શ્રીમહાપ્રભુજી આથી જ શ્રીપુરુષોત્તમ સહસ્રનામમાં શરૂઆતમાં આજ્ઞા કરે છે કે 'વિનિયોગઃ સમસ્તેષુ પુરુષાર્થેષુ વૈ મતઃ' અને 'સિદ્ધિઃ શરણ સંસ્મૃતિઃ' આમ આ ગ્રંથના પઠનથી શ્રીપુરુષોત્તમ, જીવોના સર્વે પુરુષાર્થો પ્રાપ્ત કરાવી આપશે.

'સહસ્ર નામ'નો વિચાર કરીએ. આમતો સહસ્ર એટલે એક હજાર. શ્રીઠાકોરજીના તો અનંત નામો છે. 'હરિ તારા નામતો હજાર કયા નામે લખવી કંકોત્રી'. અહીં પણ હજાર સંખ્યા બહુવાચકતા-અનંતતા માટે જ છે. એ અનંત નામોમાંથી શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતની લીલાના માધ્યમથી એકહજાર નામોનું ચયન કર્યું છે. ગદ્યમંત્રમાં પણ 'સહસ્ર પરિવત્સર' કહેતાં અસંખ્ય કાલ એ જ અર્થ ગ્રાહ્ય છે. અન્ય પુરાણોમાંથી આપશ્રીએ પંચોતેર નામ લીધા. ભગવાનના રૂપ અને નામ સમાન જ છે.

ચારુબેન અશોકભાઈ દેસાઈ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

રૂપ પહેલા પ્રકટે પછી નામ આવે. પણ ખૂબી એ થાય કે નામ જ્યાં સુધી ન કહીએ ત્યાં સુધી સ્વરૂપ ન આવે. દા.ત. મિસરી ખરીદવી છે. આખું બજાર ફરીએ પણ મિસરી નામ ન કહીએ તો કોણ મિસરી આપશે?

આ સ્તોત્રના ૧૦૭૫ નામો પણ સૂચક છે. આપણા શાસ્ત્રોમાં અંકશાસ્ત્રનું એક ચોક્કસ સ્થાન છે. આ નામોના અંકનો સરવાળો તેર થશે. શ્રી ભાગવતના પ્રથમ સ્કન્ધના ઉત્તમ અધિકાર પ્રકરણના તેર અધ્યાયો છે. શ્રીભાગવતનો બારમો સ્કન્ધ આશ્રય લીલા છે. તેમાં પણ તેર અધ્યાયો છે. ભગવાનનાં બાર અંગ છે અને તેરમા અંગી ભગવાનપોતે - આમ આ નામો જીવનો ઉત્તમ અધિકાર સિદ્ધ કરી આપે છે. ભગવાનના આશ્રયનું સંપાદન કરી આપે છે. અને બાર અંગવાળા અંગી ભગવાન જ આ નામોમાં બિરાજે છે.

આ ગ્રંથના કુલ ૨૫૬ શ્લોકો છે. અહીં પણ તેરનો જ અંક પ્રાપ્ત થતાં પુનઃ બાર અંગવાળા અંગી ભગવાનનું જ પ્રતિપાદન થાય છે. તેરનો અંક પુનઃ ચારનો અંક આપે છે (૧+૩) અર્થાત્ આ અંગી ભગવાન જ જીવોના ચાર પુરુષાર્થો સિદ્ધ કરનારા છે. ચારેય યુગોમાં આજ ભગવાનનું સામર્થ્ય પ્રવર્તે છે. પ્રમાણ ચતુષ્ટય (ચાર પ્રમાણો - વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો અને શ્રીભાગવતમાં આ જ ભગવાન ગવાયા છે.

૧૦૭૫ નામો શ્રીમહાપ્રભુજીએ ૨૪૮ શ્લોકોમાં સમાવિષ્ટ કર્યા છે. જેનો અંક ચૌદ પ્રાપ્ત થાય છે. શ્રી ભાગવતના ભગવાનમાં ચૌદ રસો છે. શ્રીભાગવતના દસમ સ્કન્ધમાં ગૌચારણ કરીને પાછા પધારતા પ્રભુનું વર્ણન છે. શ્રીમહાપ્રભુજીએ એ સ્વરૂપમાં ચૌદ રસોનું દર્શન કરાવ્યું છે.

તં ગોરજચ્છુરિત કુન્તલ બદ્ધબર્હવન્ય
પ્રસૂનરુચિરેક્ષણ ચારુહાસમ્ ।
વેણું કવણન્તમનુગૈરનુગીતકીર્તિં,
ગોપ્યોદિદક્ષિતદશોઽભ્ય ગમન્ સમેતાઃ ॥

પ્રતિમા અરુણકુમાર પટેલ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

ગોવાળો સાથે વ્રજમાં પધારતા ભગવાનના વાંકડિયા વાળ ગોરજથી છવાયેલા છે. વાળમાં મયૂરપિચ્છ અને વનપુષ્પો બાંધ્યા છે. તેઓ રુચિર દૃષ્ટિયુક્ત ચારુહાસવાળા છે. અનુચર ગોવાળો તેમની કીર્તિનું ગાન કરે છે. વેણુ બજાવતા તે ભગવાનને દર્શનોત્સુક નેત્રવાળાં ગોપીજન વીંટળાઈ વળ્યાં.

ચાર પુરુષાર્થ સહિત (શ્રી ભાગવતમાં આ પુરુષાર્થો પણ રસ છે) દશ રસયુક્ત લીલાનાં દર્શન કરાવતા ભગવાન ચૌદ ધર્મવાળા છે. આ ચૌદનો આંક પુનઃ (૧+૪) પાંચનો અંક આપે છે. ચૌદ રસ અને ધર્મવાળા આ પુરુષોત્તમ જ જીવની પંચ પર્વા અવિદ્યાને દૂર કરે છે. પાંચ પર્વ વાળી વિદ્યાની પ્રાપ્તિ કરાવે છે. જીવના પાંચ મહાભૂત, પાંચ તન્માત્રા, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ પ્રાણ આજ ભગવાનથી કૃતાર્થ છે. ટૂંકમાં પંચમ વર્ણના આપણે સૌ આ પુરુષોત્તમ સહસ્રનામથી જ કૃતાર્થ છીએ.

આવું આ પુરુષોત્તમ સહસ્ર નામ આપણા જેવા જીવો માટે અમોઘ સાધન છે. શ્રીમહાપ્રભુજીએ અતિશય કરુણા કરી આપણા માટે આ સ્તોત્ર પ્રકટ કર્યું છે. આપશ્રીનો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ ગ્રંથની આટલી પૂર્વભૂમિકા રજૂ કર્યા બાદ હવે આપણે આ સ્તોત્ર વિષે વિચારીશું.

શ્રીમહાપ્રભુજી આ સ્તોત્રના આરંભમાં આજ્ઞા કરે છે **'સહસ્રં યૈસ્તુ પઠિતૈઃ પઠિતં સ્યાત્ શુકામૃતમ્' અર્થાત્ ભગવાનનાં આ હજાર નામોનો પાઠ કરતાં સમગ્ર શ્રીભાગવતનો પાઠ થઈ જાય છે.** શ્રી ભાગવતજીના મંગલાચરણમાં બીજા શ્લોકમાં શ્રી વ્યાસ મહર્ષિજીની આજ્ઞા છે 'સદ્યો હૃદ્યવરુધ્યતેત્રકૃતિભિઃ શુશ્રૂષુભિસ્તત્ક્ષણાત્' અર્થાત્ શ્રી ભાગવતના પાઠથી શીઘ્ર ભગવાન હૃદયમાં બિરાજે છે. આનો અર્થ એ થયો કે શ્રીપુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રનો પાઠ કરતાં પણ ભગવાન હૃદયારૂઢ થઈ જાય. માટે આ ગ્રન્થને કંઠસ્થ કરીએ. તેમાંનું પ્રત્યેક નામ શ્રી ભાગવતની કઈ

કીકીબેન પ્રફુલભાઈ પટેલ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

લીલાનું છે તે જાણીએ અને પછી પાઠ કરીએ તો કૃષ્ણ રૂપ સ્વરૂપ અને કૃષ્ણ નામ સ્વરૂપ બંને હૃદયારૂઢ થાય.

પુરાણ પુરુષો વિષ્ણુ: પુરુષોત્તમ ઉચ્યતે ।
નામ્નાં સહસ્રં વક્ષ્યામિ તસ્ય ભાગવતોદ્ધૃતમ્ ॥૧॥

અર્થ : ભગવાન વિષ્ણુ શ્રીપુરાણ પુરુષ ભગવાન છે. તે પુરુષોત્તમ કહેવાય છે. એ પુરુષોત્તમના એક હજાર નામ શ્રીભાગવતમાંથી ઉદ્ધૃત કર્યાં છે. તે નામો કહું છું.

વિવેચન : આ શ્લોક દ્વારા શ્રીમહાપ્રભુજી આ સ્તોત્રના વિષય વસ્તુને જણાવે છે અને તે છે ભગવાનના એક હજાર નામ. આ નામ ક્યાંથી ઉદ્ધૃત કર્યાં છે? તે પણ કહે છે કે શ્રીભાગવતમાંથી. એક હજાર કહેતાં હજારો નામ ભગવાનના છે તેવું આપણે સમજવું જોઈએ. આવા હજારો નામ, આ એક હજાર નામોનો પાઠ કરતાં સમાવિષ્ટ થઈ જાય. આ નામો મહાવિષ્ણુના છે. મહાવિષ્ણુ એટલે વિરાટ પુરુષના સ્વભાવવાળા, પૂર્ણબ્રહ્મ. તે જ પૂર્ણ પુરુષોત્તમ, ભગવાન અને પરમાત્મા તરીકે ઓળખાય છે.

વદન્તિ તત્તત્ત્વવિદસ્તત્ત્વં યજ્જ્ઞાનમદ્વયમ્ ।
બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે ॥

(શ્રી ભાગવત ૧-૨-૧૧)

જેને વેદના એક પણ અક્ષરમાં સંદેહ ન હોય તેને શ્રીભાગવતકાર તત્ત્વજ્ઞાની તરીકે ઓળખાવે છે. આ તત્ત્વજ્ઞાનીઓ એક જ અદ્વિતીય જ્ઞાનને તત્ત્વ કહે છે. આ તત્ત્વ વેદ (શ્રુતિ)માં બ્રહ્મ તરીકે, શ્રી ગીતામાં પરમાત્મા તરીકે અને શ્રીભાગવતમાં ભગવાન્ તરીકે ઓળખાય છે.

પુરાણ પુરુષ એટલે પુરાણ અર્થાત્ શ્રીભાગવતમાં ગવાયેલા પુરુષ. શાસ્ત્રો કહે છે કે વિશ્વમાં પુરુષ તો એક માત્ર ભગવાન શ્રીકૃષ્ણ જ છે. પુરાણ એટલે પુરા+નવ. જે જૂનું હોવા છતાં નવું લાગે. તેથી જ તેમાં વર્ણવેલા પુરુષ અનાદિ, અનંત અને નિત્ય નવીન છે.

હીતેન લક્ષ્મીચંદ આશર, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

આપજ પુરુષોત્તમ છે તેવી શ્રીકૃષ્ણ આજ્ઞા શ્રીગીતાજીના ૧૫મા અધ્યાયના અઢારમા શ્લોકમાં છે.

યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમ: ।
અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિત: પુરુષોત્તમ: ॥

ક્ષર અને અક્ષરથી પણ હું ઉત્તમ છું. આથી લોક અને વેદમાં પુરુષોત્તમ નામથી પ્રસિદ્ધ છું. આમ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ કરેલ ગ્રન્થનો વસ્તુ નિર્દેશ અને મંગલાચરણ છે.

યસ્ય પ્રસાદાદ્વાગીશા: પ્રજેશા વિભવોન્નતા: ।
ક્ષુદ્રા અપિ ભવન્ત્યાશુ, શ્રીકૃષ્ણં તં નતોસ્મ્યહમ્ ॥૨॥

અર્થ : શ્રીકૃષ્ણ પ્રભુ જે પળે કૃપાનું દાન કરે છે તે જ પળથી ક્ષુદ્ર જીવો પણ ગુરુ બૃહસ્પતિ જેવા વિદ્વાન, પ્રજાના ઈશ બ્રહ્માજી સમાન તથા રાજા સમાન દિવ્ય વૈભવશાળી અને સંપત્તિવાળા બને છે. આવા શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું.

વિવેચન : મહાવિષ્ણુ કહો કે પુરુષોત્તમ કહો કે પરબ્રહ્મ કહો તે બધાં શ્રીકૃષ્ણનાં જ નામો છે. શ્રીમહાપ્રભુજી આવા કૃષ્ણને અહીં નમન કરે છે. શ્રીમહાપ્રભુજીએ તત્ત્વાર્થદીપ નિબંધ નામનો ગ્રંથ લખ્યો છે. તેના પ્રથમ શાસ્ત્રાર્થ પ્રકરણમાં પણ આપશ્રી અદ્ભુત કર્મ કરનાર કૃષ્ણને નમન કરે છે. આપશ્રી સમજાવે છે કે પ્રભુનું સામર્થ્ય અને ઐશ્વર્ય અચિંત્ય છે. શ્રીલક્ષ્મીજી આપનાં પત્ની છે. કૌસ્તુભમણિને શ્રીકંઠમાં ધારણ કરે છે અને ગરુડજી જેવું તેમનું આસન છે. આવા પ્રભુને જીવ નમન સિવાય બીજું કાંઈ આપી ન શકે. જીવ પાસે જે કંઈ સંપત્તિ, સત્તા કે સ્વાસ્થ્ય વગેરે છે તે પ્રભુએ જ આપેલાં છે. આવા પ્રભુ સદાય કૃપાના સ્વભાવવાળા છે. સમગ્ર બ્રહ્માંડના તમામ જડ કે ચેતન પદાર્થોનું અસ્તિત્વ પ્રભુની કૃપાથી તો છે અને પુષ્ટિમાર્ગીય જીવો માટે તો શ્રીમહાપ્રભુજીની એ જ આજ્ઞા છે

જે. સી. બજરીયા, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

'અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિ'. પુષ્ટિમાર્ગમાં તો પ્રભુનો અનુગ્રહ (કૃપા) જ જીવોનો નિયામક છે. સૌને કચડતા કાલ, કર્મ કે સ્વભાવ આ જીવો પર આથી પ્રભાવ નથી પાડી શકતા. બાલ કવિ ગોપાલદાસજી આજ વાત વલ્લભાખ્યાનમાં ગાય છેઃ

તેને કાલ કર્મ નવ બાંધે રે, જમ તે શિર ધનુષ ન સાંધે રે,
એવો મારગ શ્રીરાધા વરનો રે, જ્યાં નહિ પ્રવેશ વિધિ હરનો રે.

આવા રાધાવર પરમ કૃપાળુ છે. આથી શ્રીમહાપ્રભુજી અહીં શ્રી સ્વામિનીજી સહિત કૃષ્ણ - શ્રીકૃષ્ણને નમન કરે છે. આ પુષ્ટિ પુરુષોત્તમનું સામર્થ્ય અશક્યને પણ સુશક્ય બનાવી દે છે અને તે પણ ક્ષણમાત્રમાં. શ્રીમહાપ્રભુજી આપશ્રીના સેવકોને આથી આજ્ઞા કરે છે - 'અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ' શ્રીમહાપ્રભુજી પોતે આવા શ્રીકૃષ્ણને વંદન કરી પોતાના વૈષ્ણવોને આ શ્લોકમાં તેનો બોધ કરે છે.

અનંતા એવ કૃષ્ણસ્ય, લીલા નામ પ્રવર્તિકાઃ ।
ઉક્તા ભાગવતે ગૂઢાઃ પ્રકટા અપિ કુત્રચિત્ ॥૩॥

અર્થ : **અનંત નામો ધરાવતા કૃષ્ણની લીલાઓ પણ અસંખ્ય છે. સઘળી આ લીલાઓ શ્રીમદ્ ભાગવતમાં કહી છે. તેમાંની કેટલીક ગુપ્ત ભાવે છે તો કેટલીક કોઈક સ્થળે પ્રકટપણે કહેલી છે.**

વિવેચન : શ્રી કૃષ્ણનો સ્વભાવ જ લીલા કરવાનો છે. ભગવાનની હર્ષપૂર્વક થતી સહજ ચેષ્ટા તે લીલા છે. ભગવાન પૂર્ણાનંદ હોવાથી આપની લીલા પણ આનંદવાળી જ છે. આ એક એક લીલાથી ભગવાનનું એક એક નામ પ્રકટે છે. શ્રી મહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે 'રૂપ નામ વિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ' ભગવાન અનેક રૂપ અને અનેક નામ પ્રકટ કરી આ જગતમાં લીલા કરે છે. આમ શ્રીકૃષ્ણની ગણી ન શકાય એટલી લીલાઓ છે. આ બધી લીલાઓ શ્રી ભાગવતમાં છે જ. છતાં બધાને આ બધી લીલા દેખાતી નથી, કારણ કેટલીક લીલાઓ ગૂઢ રૂપે છે. બીજી રીતે કહીએ તો

પ્રવિણ શાહ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

આ લીલાઓનો ગૂઢાર્થ બધા જાણી શકતા નથી. શ્રી મહાપ્રભુજીનું તો પ્રાકટ્ય જ શ્રી ભાગવતના ગૂઢાર્થો પ્રકટ કરવા માટે છે. આથી આપશ્રીને ગૂઢ લીલાઓનું કે લીલાના ગૂઢ અર્થોનું સંપૂર્ણ જ્ઞાન છે. આપે પ્રત્યક્ષ અને ગૂઢ બંને પ્રકારની લીલાઓમાંથી ભગવાનના નામ પ્રકટ કર્યાં છે.

અતસ્તાનિ પ્રવક્ષ્યામિ, નામાનિ મુરવૈરિણઃ ।
સહસ્રં યૈસ્તુ પઠિતૈઃ પઠિતં સ્યાચ્છુકામૃતમ્ ॥૪॥

અર્થ : ભગવાન મુરારિના નામો એક હજાર છે. આ નામો સારી રીતે કહું છું. આ નામોનો પાઠ કર્યાથી શ્રી શુકદેવજીના મુખમાંથી ઝરેલ અમૃત-શ્રીમદ્ ભાગવતનો પાઠ કરેલો ગણાશે.

વિવેચન : ભગવાનના અસંખ્ય નામો માટે ભક્તો ગાય છે.

હરિ તારા હજાર નામ, કયા નામે લખવી કંકોત્રી
નિત્ય તારા બદલે મુકામ, કયા ગામે લખવી કંકોત્રી.

આ અસંખ્ય નામો પૈકી શ્રીમહાપ્રભુજી અહીં મુરારિ નામથી કૃષ્ણને ઓળખાવે છે. મુરારિ એટલે મુર(રાક્ષસ) ના શત્રુ અથવા મુર જેનો શત્રુ છે તે. આ રાક્ષસ પાંચ માથાવાળો હતો. શ્રીકૃષ્ણે તેનો નાશ કર્યો. શ્રીભાગવતના દશમ સ્કંધમાં ૫૯મા અધ્યાયમાં આ કથા વર્ણવાયેલી છે.

મુર રાક્ષસ ભૌમાસુરનો મિત્ર હતો. ભૌમાસુરની રાજધાની પ્રાગ્ જ્યોતિષપુરમાં હતી. તેમાં પ્રવેશવું અત્યંત અઘરું હતું કારણ કે આ રાજધાનીની ચારે બાજુ પહાડોની કિલ્લેબંદી હતી. તે પછી શસ્ત્રોના ઘેરાથી રક્ષાયેલ હતી. તે પછી અંદર જલ ભરેલ ખાઈ હતી. તે પછી આગ અને વીજળી રૂપી દીવાલોથી ઘેરાયેલી હતી અને તેની અંદર વાયુ (ગેસ) બંધ કરીને રાખ્યો હતો. આ બધાની પણ અંદર મુર દૈત્યે નગરની ચારે બાજુ પોતાની દસ હજાર સુદૃઢ જાળો બિછાવી દીધી હતી.

ભગવાન કૃષ્ણ, સત્યભામાજીની સાથે અહીં પધાર્યા. પોતાની ગદા અને ચક્ર દ્વારા આ બધા રક્ષા કવચો નષ્ટ કરી દીધા. શંખનાદ કરી ત્યાંના

નિર્મળાબેન એન. પરીખ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

વીરપુરુષોના હૃદયને વિદારી દીધા. પાંચજન્ય શંખનો પ્રલયકાલીન મહાભયંકર અવાજ સાંભળીને મુર દૈત્યની ઊંઘ તૂટી ગઈ. પાંચ માથાવાળો આ દૈત્ય પણ પ્રલયકાળના સૂર્ય અને અગ્નિ જેવો પ્રચંડ તેજસ્વી હતો. તેણે ગરુડજી પર ખૂબ જ વેગથી ત્રિશુલ ફેક્યું. પાંચ મોઢાથી ઘોર સિંહનાદ કરવા લાગ્યો. ભગવાને બે બાણ વડે ત્રિશુલના ત્રણ ટુકડા કરી દીધા અને ખૂબ બધા બાણો દૈત્યના મોંમાં મારી દીધા. હવે દૈત્યે ભગવાન પર ગદા ચલાવી. ભગવાને પોતાની કૌમુદી ગદાથી મુરની ગદા ચુર ચુર કરી દીધી. હવે મુર કૃષ્ણ તરફ પોતાની ભુજાઓ ફેલાવી દોડ્યો, પણ ભગવાને રમત માત્રમાં ચક્રથી એનાં પાંચ મસ્તકો ઉતારી દીધાં. (૧૦-૫૯-૧૦)

તામાપતન્તીં ગદયા ગદાં મૃધે, ગદાગ્રજો નિર્બિભિદે સહસ્ત્રધા ।
ઉદ્યમ્ય બાહૂનભિધાવતોઽજિતઃ, શિરાંસિ ચક્રેણ જહારલીલયા ॥

શુકામૃત એટલે શ્રી શુકદેવજીના મુખમાંથી સ્રવેલું અમૃતરૂપ ભાગવત.

નિગમ કલ્પતરોર્ગલિતં ફલં શુકમુખાદમૃતદ્રવસંયુતમ ।
પિબત ભાગવતં રસમાલયં મુહુરહો રસિકા ભુવિ ભાવુકાઃ ॥

વારંવાર આ પાન કરવાનું શ્રીવ્યાસજી કહે છે. શ્રીપુરુષોત્તમસહસ્ત્ર સ્તોત્રમાં વર્ણવેલા શ્રીકૃષ્ણના હજાર નામોનો પાઠ કરવાથી તે નામો સાથે સંલગ્ન લીલાઓનું સ્મરણ થાય છે. પરિણામે શ્રીભાગવતનો પાઠ કર્યાનું ફળ મળે છે.

કૃષ્ણનામ સહસ્રસ્ય ઋષિરગ્નિ નિરૂપિતઃ ।
ગાયત્રી ચ તથા છંદો દેવતા પુરુષોતમઃ ।।૫।।

અર્થ : શ્રીકૃષ્ણના એક હજાર નામવાળા આ સ્તોત્રના ઋષિ અગ્નિ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે. આ સ્તોત્રનો છંદ ગાયત્રી છે. આ સ્તોત્રના દેવતા શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર છે.

વિવેચન : શ્રીકૃષ્ણ જ પુરુષોત્તમ છે. આપશ્રીના નામ, ગુણ અને લીલાનું કથન આ સ્તોત્રમાં છે.

કામિની પટેલ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

સ્તોત્ર એક પ્રકારની કાવ્ય રચના છે. આ રચનામાં ભગવાનનાં અનેક નામો ગાવામાં આવે છે. આ સ્તોત્ર મંત્રાત્મક રૂપે માનવામાં આવે છે.

ઉપનિષદ કાળમાં ઋષિઓ મંત્રના દર્શન સમાધિમાં કરતા. વેદના મંત્રો ઋષિઓનું દર્શન છે. દા. ત. ગાયત્રી મંત્ર વિશ્વામિત્ર ઋષિનું દર્શન કહેવાય. આવા મંત્રોમાં આથી દૃષ્ટા ઋષિ હોય છે. મંત્રના છંદ તથા મંત્રોના દેવતા (આધિદૈવિક સ્વરૂપ) હોય છે.

આથી આ સ્તોત્ર પણ મંત્રાત્મક હોવાથી એના પણ ઋષિ, છંદ અને દેવતા વિષે જાણવું જરૂરી છે. અહીં મંત્રોના ઋષિ શ્રીમહાપ્રભુજી છે. મંત્રનો છંદ ગાયત્રી છે. મંત્રના દેવતા શ્રીપુરુષોત્તમ છે.

દેવતા એટલે પરમદૈવતવાળું તત્ત્વ. અને આ તત્ત્વ એટલે શ્રીકૃષ્ણ. શ્રીમહાપ્રભુજી અંતઃકરણ પ્રબોધ ગ્રંથમાં એટલે જ આજ્ઞા કરે છે: 'અંતઃકરણ મદ્વાકયં સાવધાનતયા શ્રુણુ, કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં, વસ્તુતો દોષવર્જિતમ્.' અર્થાત્ હે અંતઃકરણ મારું વાકય સાવધાનતાથી સાંભળ, શ્રીકૃષ્ણથી મોટું દૈવત બીજું કોઇ નથી. શ્રીકૃષ્ણ દોષ વગરના છે. આથી જ તેઓશ્રી પરમ દૈવત છે.

આ મંત્રના ઋષિ અગ્નિ છે. આ અગ્નિ આધિદૈવિક છે. આથી આપણને અનુભવાતા લૌકિક અગ્નિ કરતાં આ અગ્નિ અત્યંત વિલક્ષણ છે. આવો આ અલૌકિક અગ્નિ વાણી અર્થાત્ સરસ્વતીનો ઈશ છે. શ્રુતિ વેદ છે 'મુખાદગ્નિરજાયત.' આના પ્રમાણે અલૌકિક અગ્નિ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણના મુખારવિંદમાં રહેલ છે. આવું અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે.

શ્રીકૃષ્ણનાં નામો નિત્ય છે. આ નામોના આદ્ય દૃષ્ટા-પ્રથમ જોનારા ઋષિ શ્રીવલ્લભ છે. શ્રીમદ્ ભાગવતમાં આ નામો ગુપ્ત રીતે બિરાજતાં હતાં. અન્ય ટીકાકારોને શ્રીભાગવતમાં આ નામોનાં દર્શન ન થયાં. શ્રીવલ્લભ શ્રીભાગવતનો ગૂઢ અર્થ જાણે છે. શ્રીવલ્લભનું સામર્થ્ય આપશ્રીએ લખેલી કારિકામાં પ્રતીત થાય છે.

કાન્તા મહેન્દ્ર સૌરાષ્ટ્રી, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

અર્થં તસ્ય વિવેચતું નહિ વિભુર્વૈશ્વાનરા દ્વાકપતે
રન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવચ્છ્રીપતિઃ ॥
દત્વાજ્ઞાં ચ કૃપાવલોકન પટુર્યસ્માદતોઽહં મુદા
ગૂઢાર્થં પ્રકટીકરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ॥

અર્થ : વાણીના પતિ અગ્નિદેવ વિના અન્ય કોઇ શ્રીભાગવતના અર્થનું વિવેચન કરવાને સમર્થ નથી માટે મનુષ્ય નાટ્યનો અંગીકાર કરનાર, કૃપાદષ્ટિની વૃષ્ટિ કરવામાં ચતુર એવા પ્રભુ શ્રીકૃષ્ણે કૃપા કરી, તેથી હું ઘણા જ આનંદમાં નિમગ્ન બની ભગવાન વેદવ્યાસને પ્રિય એવા ગૂઢ અર્થને વિવિધ પ્રકારે પ્રગટ કરું છું.

આ સ્તોત્રમાં છંદ ગાયત્રી છે શ્રીગીતામાં શ્રીકૃષ્ણ દસમા વિભૂતિયોગમાં કહે છે : ગાયત્રી છન્દ સામહમ્ । છંદોમાં ગાયત્રી છંદ હું છું. શ્રીભાગવતમાં ગાયત્રીના પ્રારંભથી ધર્મ વિસ્તારનું વર્ણન છે. 'યત્રાધિકૃત્ય ગાયત્રીં વર્ણ્યતે ધર્મ વિસ્તરઃ.' વળી ગાયત્રી બીજ છે, વેદ વૃક્ષ છે અને શ્રીભાગવત ફલ છે. આમ ગાયત્રી અને શ્રીભાગવત ભગવદ્રૂપ છે, આથી અહીં છંદ ગાયત્રી છે.

વિનિયોગઃ સમસ્તેષુ પુરુષાર્થેષુ વૈ મતઃ ।
બીજં ભક્તિ પ્રિયઃ શક્તિઃ સત્યવાગુચ્યતે હરિઃ ॥૬॥

અર્થ : આ સ્તોત્રના વિનિયોગથી સર્વ પુરુષાર્થોની સિદ્ધિ થાય છે. ભગવાન ભક્તિપ્રિય છે. આવા ભગવાન આ સ્તોત્રનું બીજ છે અને આ સ્તોત્રની શક્તિ સત્યવચન વાળા હરિ છે.

વિવેચન : આગળના શ્લોકમાં આપણે જોયું કે સ્તોત્ર મંત્રાત્મક છે, તેથી તેના ઋષિ, છંદ અને દેવતા વિષે તે શ્લોકમાં નિરૂપણ છે. હવે આ શ્લોકમાં આ સ્તોત્રના વિનિયોગથી શું પ્રાપ્ત થાય તે પહેલાં કહે છે.

આપણા સંપ્રદાયમાં વિનિયોગ શબ્દ પણ સમજવા જેવો છે. એક દષ્ટાંતથી તે સમજીએ. દા.ત. કોઇ એક વ્યક્તિ પાસે સંપત્તિ છે. આ સંપત્તિથી કોઈને કનડી શકાય અર્થાત્ કોઈને દુઃખી પણ કરી શકાય. સંપત્તિનો આ દુરુપયોગ છે. આ જ સંપત્તિથી પોતાની જરૂરિયાતો કે પોતાના કુટુંબની આવશ્યકતાઓ પૂર્ણ કરાય. સંપત્તિનો આ ઉપયોગ છે. સમાજના ઉત્કર્ષ માટે કે અન્ય કોઇના ભલા માટે આ સંપત્તિનો ઉપયોગ કરીએ ત્યારે તે સદુપયોગ છે. પણ એ જ સંપત્તિથી પ્રભુ પ્રસન્ન થાય, પ્રભુની નિષ્કામ સેવા થાય તો હરિ, ગુરુ અને વૈષ્ણવ માટે આ રીતે થતો સંપત્તિનો ઉપયોગ વિનિયોગ છે.

ભાનુપ્રસાદ જમનાદાસ ચોકસી, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

આમ આ શ્લોકમાં વિનિયોગ શબ્દ મૂકી શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગીય પદ્ધતિ સમજાવે છે. આ મંત્રાત્મક સ્તોત્રથી કોઇનું અહિત નથી ઇચ્છવાનું. આપણા કોઇ લૌકિક-વૈદિક સ્વાર્થો પણ આ દ્વારા પ્રાપ્ત નથી કરવાના. પણ આ દ્વારા આપણા ચાર પુષ્ટિમાર્ગીય પુરુષાર્થો સિદ્ધ થાય તે જ કરવાનું છે. આ શ્લોકમાં 'વૈ' અક્ષર નિશ્ચયાત્મક છે. શ્રીમહાપ્રભુજી આપશ્રીના નિશ્ચય મતને 'વૈ થી કહે છે કે આ સ્તોત્રનો વિનિયોગ કરવાનો છે. પ્રભુની પ્રસન્નતા વિચારી પુષ્ટિ ભક્તિમાર્ગીય પુરુષાર્થો જ સિદ્ધ કરવાના છે.

શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રંથમાં 'ચતુઃશ્લોકી' નામનો ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથમાં પુષ્ટિમાર્ગીય ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ની સમજ આપી છે.

અલૌકિક પુષ્ટિમાર્ગના ચાર પુરુષાર્થો અન્ય જીવોના કરતાં અલગ છે. પુષ્ટિમાર્ગ એટલે જ અનુગ્રહ માર્ગ. આથી આ માર્ગમાં ધર્મ પુરુષાર્થ એટલે હરિની દાસ ભાવે સેવા કરવી. અનન્ય પ્રીતિથી નિષ્કામ સેવા એજ ધર્મ, અર્થ પુરુષાર્થ એટલે પ્રાપ્ત કરવા જેવો પદાર્થ. આ પદાર્થ પણ પ્રભુ જ છે. આથી આ માર્ગમાં ભગવત્ સેવા નિમિત્તે જ વસ્તુ સમુદાયનો સંચય છે, જે અર્થ છે. કામ પુરુષાર્થ એટલે હરિ દર્શનની તીવ્ર લાલસા. આવી તીવ્ર લાલસા વ્રજ ભક્તોના જીવનમાં હતી. અષ્ટછાપ આ ભાવનાને કીર્તનમાં આ રીતે રજૂ કરે છે. ***ગ્વાલિની કૃષ્ણ દરસ સોં અટકી, બારબાર પનઘટ પર આવત સિર જમુના જલ મટકી.*** આ માર્ગમાં પદાર્થ માત્રની કામના પણ પ્રભુ જ માટે

જશુબેન ઓ. શાહ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

છે. એનું નામ જ કામ અને મોક્ષ પુરુષાર્થ એટલે દૃઢતાપૂર્વક, નિષ્ઠાથી શ્રીકૃષ્ણના જ બની જવું. આથી આ માર્ગમાં સુખ-દુઃખ વગેરેથી પર થઈ જઈ ભગવદ્-લીલાનો રસ અનુભવ કરવો તે જ મોક્ષ.

હવે આ સ્તોત્રના બીજ વિષે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. બીજ તો મુખ્ય વસ્તુ છે. વૃક્ષના સ્વરૂપ અને ફલનો આધાર જ બીજ છે. આ સ્તોત્રનું બીજ પ્રભુ જ છે. આ પ્રભુની ઓળખ શ્રીમહાપ્રભુજી એ રીતે આપે છે કે આ પ્રભુને ભકિત પ્રિય છે. અર્થાત્ પુષ્ટિ પ્રભુ ભકિતથી જ પ્રસન્ન થાય છે.

ભકિત શબ્દ ભજ્ ધાતુમાંથી બન્યો. ભજ્ - સેવાયાં અને તેને કિતન પ્રત્યય લાગ્યો. આમ ભકિત શબ્દ બન્યો. સંસ્કૃતમાં કિતન પ્રત્યય ભાવવાચક છે અને શબ્દમાં પ્રત્યયની મુખ્યતા હોય છે. આમ ભકિત એટલે ભાવથી થતી સેવા. સેવામાં ભાવ ન ભળે તો તે શુષ્ક ક્રિયા બની જાય છે. પુષ્ટિ પ્રભુને નિષ્કામ અને ભાવસભર સેવા પસંદ છે. આમ પ્રભુ આ સ્તોત્રના બીજ રૂપ બન્યા છે.

આ સ્તોત્રની શકિત હરિ છે. હરિ એટલે જ ભકતોના સર્વ દુઃખો અને પાપોનું હરણ કરનાર. આથી જે ભકતો આ સ્તોત્રનો પાઠ કરે છે તેના ત્રિવિધ તાપો અને દુઃખો હરિ હરણ કરી દૂર કરી દે છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ હરિ સત્ય વચનવાળા છે. આપેલું વચન પાળે તે જ સત્યવચની. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીને શ્રીઠાકોરજીએ વચન આપ્યું છે કે આપ જે જીવોને મને સોંપશો તે ભલે મને છોડે અને ભૂલે પણ તે સ્વીકૃત જીવને હું નહીં છોડું, નહીં ભૂલું. ૮૪ વૈષ્ણવો પૈકી રામાનંદ પંડિત આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

શ્રીભાગવત પણ ભગવાનને સત્ય સ્વરૂપે ઓળખાવે છે. શ્રીભાગવતના મંગલાચરણમાં 'સત્યં પરં ધીમહિ. પરમ સત્ય રૂપ ભગવાનનું અમે ધ્યાન ધરીએ છીએ તેવું કહ્યું છે. દસમ સ્કંધમાં દેવતાઓ ભગવાનની સ્તુતિ કરતાં ભગવાનને સત્ય સ્વરૂપે જ ઓળખાવે છે. સત્યાત્મક પ્રભુની જ શરણાગતિ ગાય છે.

મધુબેન રાજેન્દ્રભાઈ શાહ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

શ્રીમહાપ્રભુજી અંતઃકરણ પ્રબોધ ગ્રંથમાં કહે છે, સત્ય સંકલ્પતો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ. આપણા પ્રભુ સત્ય સંકલ્પ છે. તે અન્યથા નહીં જ કરે.

આમ આ સ્તોત્રની શકિત રૂપે બનેલા શ્રીહરિ સત્યવચની હોવાથી ઉપર દર્શાવેલા ચાર પુરષાર્થો સિદ્ધ કરી આપશે જ.

ભકતોદ્ધરણયત્નસ્તુ, મંત્રોત્ર પરમો મતઃ ।
અવતારિત ભક્તાંશઃ કીલક પરિકીર્તિતમ્ ॥૭॥

અર્થ : નિજજનોના કલેશની નિવૃત્તિ માટે પ્રયત્ન એ જ શ્રીપુરુષોત્તમ સહસ્ર સ્તોત્રનો મુખ્ય મંત્ર છે. ભકતો ભગવાનના અંશ છે. તેમના જ માટે પ્રભુ અવતર્યા છે. આ પ્રભુ ચાવી સ્વરૂપે છે.

વિવેચન : આ શ્લોકમાં આ સ્તોત્રના મંત્ર અને કીલક (ચાવી) સમજાવ્યા છે.

અહીં મંત્રનો અર્થ વિચાર થશે. એટલે કે આ સ્તોત્રની રચનાનો વિચાર શ્રીમહાપ્રભુજીએ કેમ કર્યો? તો તેનો જવાબ છે ભકતોના ઉધ્ધારનો પ્રયાસ. ભગવાનનો પ્રયાસ તો એક જ હોય કે ભકતોનો ઉધ્ધાર કરવો. ભકતો ભગવાનના અંશ છે. આમ તો સકલ જડ-ચેતન સૃષ્ટિ ભગવાનના અંશથી બની છે, પણ ભકતો રૂપી અંશ, અંશી ભગવાનને પ્રિય છે. શ્રીભાગવતમાં ભગવાનને 'ભકતભક્તિમાન' તરીકે ઓળખાવ્યા છે.

અહીં આ સ્તોત્ર દ્વારા સર્વે પુરુષાર્થોની સિદ્ધિ પ્રાપ્ત કરવાની કીલક એટલે કે કૂંચી-ચાવી કઈ છે તે પણ કહેવામાં આવ્યું છે.

પોતાના ભકતોના ઉધ્ધાર માટે ભગવાન જરૂર પડે અવતારો ધારણ કરે છે. આ અવતારો ચાહે પ્રભુના અંશ રૂપ હોય કે કલા રૂપ હોય. દા.ત. શ્રીવ્યાસજી પ્રભુની જ્ઞાન કલાનો અવતાર છે. શ્રીરામચંદ્રજી ભગવાનનો હાસ્યાવતાર છે. દશાવતાર જોતાં એ સમજાય છે કે પ્રભુ પોતાના ભકત માટે જ અવતારનો ઉદ્યમ કરે છે. આવા અવતારો ધારણ કરનાર પ્રભુ આ સ્તોત્રના કીલક રૂપ છે.

ગો.વા. વિજયાબેન તથા ગો.વા. ભાઈચંદભાઈ છોટાલાલ શેઠ, ભીલાડના જયશ્રીકૃષ્ણ.

અસ્ત્રં સર્વસમર્થશ્ચ, ગોવિંદઃ કવચં મતમ્ ।
પુરુષો ધ્યાનમત્રોકતં, સિદ્ધિઃ શરણ સંસ્મૃતિઃ ॥૮॥

અર્થ : આ સ્તોત્રના અસ્ત્ર(આયુધ) રૂપે સર્વસમર્થ ભગવાન છે. શ્રીગોવિંદ કવચ (બખ્તર) રૂપે છે. અહીં વર્ણવેલા શ્રીપુરુષોત્તમ ધ્યાન કરવા યોગ્ય છે. હું પ્રભુના ચરણનો દાસ છું, આવી સ્મૃતિ નિરંતર રહે તેમાં જ આ સ્તોત્રની સિદ્ધિ છે.

વિવેચન : આપણા માટે સંસાર એક યુદ્ધનું મેદાન છે. આપણે જ આપણા બહારના અને અંદરના શત્રુઓ સામે લડવાનું છે અને વિજયી પણ થવાનું છે. આપણે સંસાર જીતવો છે. આપણા માટે આયુધ ભગવાન છે. આ ભગવાન સર્વ સમર્થ છે. એટલે જ એ આપણા યથાર્થ આયુધ રૂપ છે.

યુદ્ધમાં લડતી વખતે સામેથી ઘા થવાના. તે ઘા સામે રક્ષણ મેળવવા બખ્તર (કવચ) પહેરવું જરૂરી બને છે. આપણને મોટો ભય ઈંદ્રિયોના આક્રમણનો રહે છે. ઈંદ્રિયોના વિષયોના વિષ આપણી ઉર્ધ્વગામી પ્રગતિને અટકાવે છે. આવા વખતે ગો- એટલે ઇન્દ્રિયોના પતિ એવા ગોવિંદ આપણા માટે બખ્તર રૂપ બને છે અને ઇન્દ્રિયોના આક્રમણ સામે રક્ષે છે.

યુદ્ધમાં જીતવા એકધ્યાન બનવું પડે. ધ્યાન કોનું કરવાનું? ધ્યાન કરવા યોગ્ય ધ્યેય રૂપે પુરુષોત્તમ છે.

સંસાર યુદ્ધમાં હવે જીત મળે. જીત એટલે ફલ. આ વિજય ફલ કેવું હોય? હું ભગવાનના ચરણના શરણે છું. આ પ્રકારની ભાવના વાળી સતત સ્મૃતિ જ્યારે રહે ત્યારે માનવું કે ફલ મળ્યું. આ સ્તોત્રની આજ સિદ્ધિ છે.

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે :

યદુકતં તાત ચરણૈઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
અત એવાસ્તિ નૈશ્ચિત્યં ઐહિકેપારલૌકિકે ॥

પિતૃચરણે આજ્ઞા કરી છે કે શ્રીકૃષ્ણઃ શરણં મમ્ બોલવું અને એનું જીવનમાં પાલન કરવું. આમ કરવાથી આલોક અને પરલોકમાં અભય પ્રાપ્ત થઈ જાય છે.

શ્રીમહાપ્રભુજી પણ એ જ આજ્ઞા કરે છે :-

તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥

સર્વાત્મભાવથી નિત્ય શ્રીકૃષ્ણઃશરણંમમ સતત બોલ્યા કરવું જોઈએ.

અને આવા નિવેદનનું સ્મરણ ભગવદીયોની સાથે મળીને સદાય સ્મરવું. નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ।

પ્રથમ સ્કન્ધ નામાનિ

શ્રીમદ્ ભાગવતનો પ્રથમ સ્કન્ધ અધિકાર લીલા તરીકે ઓળખાય છે. શ્રી ગોવર્ધનનાથજીનો તે દક્ષિણ (જમણો) ચરણ છે.

આ સ્કન્ધમાં ત્રણ પ્રકરણો છે. ૧૯ અધ્યાયો છે. શ્રીમહાપ્રભુજીએ અધિકાર લીલાનાં ૮૧ નામો અહીં પ્રકટ કર્યાં છે :

શ્રીકૃષ્ણઃ સચ્ચિદાનંદો, નિત્યલીલા વિનોદકૃત્ ।
સર્વાગમ વિનોદી ચ, લક્ષ્મીશઃ પુરુષોત્તમઃ ॥૯॥

આ શ્લોકમાં છ નામો છે.

(૧) શ્રીકૃષ્ણ (૨) સચ્ચિદાનંદ (૩) નિત્યલીલા વિનોદકૃત્ (૪) સર્વાગમ વિનોદી (૫) લક્ષ્મીશ (૬) પુરુષોત્તમ

હવે આપણે આ પ્રત્યેક નામ સાથે સંકળાયેલ લીલાનો ક્રમશઃ વિચાર કરીશું.

(૧) શ્રીકૃષ્ણઃ

શ્રી વ્યાસ મહર્ષિજીએ શ્રીમદ્ ભાગવતના માહાત્મ્યમાં પ્રથમ શ્લોક આ પ્રમાણે લખ્યો છે :

સચ્ચિદાનંદ રૂપાય વિશ્વોત્પત્યાદિ હેતવે ।
તાપ ત્રય વિનાશાય શ્રી કૃષ્ણાય વયં નુમઃ ।।

આ શ્લોકમાં શ્રીકૃષ્ણને નમસ્કાર કર્યા છે. કૃષ્ણ ભગવાનનું સ્તવન કર્યું છે. શ્રીકૃષ્ણ એટલે શ્રી+કૃષ્ણ શ્રી સહિત કૃષ્ણ.

માત્ર ''કૃષ્ણ'' નો અર્થ વિચારીએ. કૃષ્ણ શબ્દ બે અક્ષરનો છે કૃષ્ + ણ. કૃષ્ શબ્દ સત્તાવાચક છે. આ સત્તા ત્રણેય કાળમાં અખંડ હોય. એક રસ હોય. ''ણ'' શબ્દ નિવૃત્તિ - આનંદ વાચક છે. આ વાત ઉપનિષદમાં આ રીતે કહી છે.

કૃષિર્ભૂવાચક : શબ્દો, ણશ્ચ નિવૃત્તિ વાચકઃ ।
તયોરૈકયં પરં બ્રહ્મ, કૃષ્ણ ઈત્યભિધીયતે ।।

આમ કૃષ્ણ ત્રણેય કાળમાં અખંડ રસ સ્વરૂપ અને આનંદરૂપ છે. આવા કૃષ્ણ જ પરબ્રહ્મ સ્વરૂપ છે. પૂર્ણ પુરુષોત્તમ છે. સદાય આનંદરૂપ એવા કૃષ્ણ આથી સદાનંદ છે. એકલા કૃષ્ણ હોય ત્યારે તે વિયોગાત્મક નામ બને. કૃષ્ણ રસાત્મક છે. શૃંગાર રસરૂપ છે. શૃંગારરસ બે દલ વાળો છે. એક દલ વિયોગ અને બીજું દલ સંયોગ. એકલા કૃષ્ણ આથી વિયોગ શૃંગાર રસાત્મક કહેવાય.

અહીં નામમાં 'શ્રી' શબ્દ છે. શ્રી એટલે સ્વામિનીજી. કૃષ્ણ જયારે સ્વામિનીજી સહિત હોય ત્યારે સંયોગ શૃંગાર રસાત્મક સ્વરૂપ કહેવાય.

શ્રી ભાગવતનું પ્રયોજન જ આનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણની આનંદયુકત લીલાઓનું ગાન કરવાનું છે. સાચો આનંદ શ્રીકૃષ્ણ જ આપે. તેથી આનંદની શોધમાં ફરનારા આપણને સૌને શ્રીમહાપ્રભુજી બતાવે છે કે આનંદ મેળવવા શ્રીકૃષ્ણને ઓળખો. શ્રીકૃષ્ણ પાસે જાવ. શ્રીકૃષ્ણનું સ્તવન કરો. શ્રીકૃષ્ણની સેવા કરો. શ્રીકૃષ્ણનું સ્મરણ કરો.

કિરીટકુમાર વાડીલાલ શાહ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ. હ. અર્પિતભાઈ

(૨) સચ્ચિદાનંદઃ

વિયોગાત્મક કૃષ્ણ 'સદાનંદ' તરીકે ઓળખાય તો સંયોગાત્મક કૃષ્ણ 'સચ્ચિદાનંદ' તરીકે ઓળખાય છે. સચ્ચિદાનંદ નામમાં સત્ +ચિત્+આનંદ છે. ભગવાન સચ્ચિદાનંદરૂપ છે. માહાત્મ્યનો પ્રથમ શ્લોક આગળ પ્રથમ નામમાં લખ્યો છે. જયાં ''સચ્ચિદાનંદ રૂપાય'' થી પણ ભગવાનની ઓળખ આપી છે.

આપણું શરીર પૃથ્વી, વાયુ, તેજ, આકાશ અને જલ એવા પાંચ મહાભૂતોથી બન્યું છે. ભગવાનમાં આવું નથી. ભગવાનના સ્વરૂપમાં સત્, ચિત્ અને આનંદ એ ત્રણેય એક રસ રૂપે છે.

સત્ એટલે જેનું અસ્તિત્વ સર્વત્ર છે. સર્વદા છે. શોધનારને તે મળી આવે છે. આ સત્ કોઈ જગ્યાએ ન હોય તેવું તો કયારેય બનતું નથી.

ચિત્ એટલે ચૈતન્ય - પૂર્ણજ્ઞાન અથવા પૂર્ણચૈતન્ય ને ચિત્ કહેવાય.

આનંદ એટલે જેનાથી આહ્લાદ મળે તે. શ્રુતિ ભગવાનના આનંદ સ્વરૂપ માટે કહે છે ''આનંદ માત્ર કરપાદ મુખોદરાદિ'' જેના કર(હાથ) પાદ(પગ) મુખ(મોં) ઉદર(પેટ) વગેરે આનંદથી જ બન્યા છે. તેવા દા.ત. સાકરની એક પૂતળીમાં હાથ પગ બધું જ હોય પણ છેવટે તો તે સાકર જ છે. આમ પ્રભુનું સ્વરૂપ આનંદવાળું છે.

જે સર્વત્ર સર્વદા અસ્તિત્વ ધરાવે છે, પૂર્ણ ચૈતન્ય યુકત છે અને જે સૌને આનંદનો આહ્લાદ કરાવે તે સચ્ચિદાનંદ કહેવાય. પ્રથમ નામ 'શ્રીકૃષ્ણ'ના સ્વરૂપને ઓળખાવનાર આ નામ છે.

(૩) નિત્ય લીલા વિનોદકૃત્ = નિરંતર લીલા વિનોદને પ્રકટ કરનાર.

હંમેશા લીલાઓના આનંદને પ્રકટ કરનારા. લીલા એટલે ભગવાન દ્વારા થતી સહજ હર્ષ પૂર્વકની ચેષ્ટા. ભગવાન આનંદરૂપ તેથી ભગવાનની લીલા પણ આનંદરૂપ જ હોય. ભગવાન નિત્ય લીલા કરી તે દ્વારા નિત્ય આનંદને પ્રકટ કરતા રહે છે.

સ્મિતાબેન કિરીટકુમાર શાહ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ. હ. હરખભાઈ

શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે.

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્‌ભુત કર્મણિ ।
રૂપ નામ વિભેદેન જગત ક્રીડતિ યો યતઃ ॥

અનેક રૂપ અને નામથી કૃષ્ણ જ આ વિશ્વમાં ક્રીડા કરી રહ્યા છે. લીલા કરી રહ્યા છે. અને તે દ્વારા આનંદને પ્રકટ કરી રહ્યા છે.

લીલાને રમણ તરીકે પણ ઓળખાય છે રમણ બે પ્રકારનું છે. આંતર રમણ અને બાહ્ય રમણ. પ્રભુ પોતાના સ્વરૂપમાંથી આ બધું જડ જગત, જીવ અને અંતર્યામીની રચના કરે છે. ભકતોનો ઉધ્ધાર પણ કરે છે. આ બાહ્ય રમણ છે. આ બાહ્ય રમણમાં સચ્ચિદાનંદ પ્રભુના સદ્ અંશમાંથી જડ જગત બને છે. ચિદ્ અંશમાંથી ચૈતન્ય યુકત જીવો બને છે અને આનંદ અંશમાંથી અંતર્યામી બને છે. આ આનંદ અંશ જોઈ શકાતો નથી.

ભગવાનનું બીજું રમણ આંતર રમણ છે. અહીં ભગવાન સર્વ જગતને અને જીવને પોતાનામાં સમાવી લે છે. દા.ત. કરોળિયો જાળું બહાર બનાવે છે અને પાછું એ જાળું પોતાનામાં સમાવી પણ લે છે.

આ આંતર રમણને આત્મરમણ પણ કહે છે. શ્રીગુસાંઈજીની આજ્ઞા છે કે આપણા સંપ્રદાયમાં નિત્યલીલા વાદ સ્વીકારાયો છે. ૨૫૨ વૈષ્ણવોની વાર્તા પ્રસંગમાં આનું પ્રમાણ મળે જ છે. દક્ષિણમાં પુરી પાસે શ્રીગુસાંઈજી વચનામૃત કરતા હતા. આપે આજ્ઞા કરી કે શ્રીકૃષ્ણ આજે પણ વનમાં સારસ્વત કલ્પીય લીલાઓ કરે જ છે. આજે પણ શ્રીકૃષ્ણ ગાયોને ચરાવીને પાછા આવતાં દર્શન આપે છે. એક નાનો છોકરો આ સાંભળી, ગુરુવાકયમાં ભરોસો કરી ગોકુળ આવ્યો. ત્રણ દિવસની તેની આર્તિ પછી શ્રીકૃષ્ણે તેને ગૌચારણમાંથી પાછા પધારતાં દર્શન કરાવ્યાં, એટલું જ નહીં એ છોકરાનો ખભો ઝાલી નિત્યલીલાના નંદાલયમાં પણ લઈ ગયા.

આથી જ ભગવાન ભકતોના ઉદ્ધાર માટે જે જે લીલાઓ કરે છે તે સર્વ નિત્ય જ છે. અત્યારે પણ તે પ્રભુની તે તે લીલાઓ ચાલુ જ છે. આમ તેમનો વિનોદ જ લીલારૂપ છે.

ગો.વા. ચંપાબેન ચીમનલાલ શાહ, સેવાલીયાના જયશ્રીકૃષ્ણ. હ. વર્ષાબેન ઉપેન્દ્ર શાહ

(૪) **સર્વાગમ વિનોદી :** = સર્વ વેદોથી વિનોદ કરનાર.

સર્વ વેદો એ જ ભગવાનનો વિનોદ છે. ભગવાન સર્વ વેદોથી કાલને પ્રેરે છે.

વેદ અપૌરુષેય છે. અર્થાત્ વેદોની રચના કોઈ વ્યકિતએ કરી નથી.'ઋષયઃ મંત્ર દૃષ્ટારાઃ ન તુ સ્રષ્ટારાઃ' ઋષિઓએ સમાધિમાં મંત્રનું દર્શન કર્યું છે. મંત્રનું સર્જન તેઓએ નથી કર્યું. વેદનું સર્જન તો પરબ્રહ્મ પરમાત્માએ કર્યું છે.

પ્રભુએ પોતાના જ બનાવેલા જીવોને દુઃખી જોયા. જીવોને અન્યત્ર આથડતા જોયા. જીવોને તેમના પ્રેય માટે જ ફાંફાં મારતા જોયા, ત્યારે એ પરબ્રહ્મથી નિઃસાસો નંખાઈ ગયો. તેમાંથી જીવોના કલ્યાણ માટે વેદોની ઉત્પત્તિ થઈ. આ વેદો પરમાત્માએ શ્રીબ્રહ્માજીને સોંપ્યા. વેદ તો એક જ હતો. શ્રીવ્યાસજીએ તેના ચાર વિભાગ કર્યા છે.

''વેદ''- શબ્દ ત્રણ ધાતુઓમાંથી વ્યુત્પન્ન થાય છે. (૧)''વિદ્ સત્તાયામ''(૨)''વિદ્ જ્ઞાન'' અને ''વિદ્લૃ લાભે''. આ ત્રણ ધાતુમાં ક્રમશઃ સત્ - ચિત્ અને (લાભ દ્વારા) આનંદને દર્શાવાયો છે. આથી વેદ વાસ્તવમાં ''સચ્ચિદાનંદ''- બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. બ્રહ્મ જ સત્ (જડ) જગત્ , ચિત્ (ચેતન) જીવ અને આનંદ-અંતર્યામી રૂપે વિલસે છે તેવું બ્રહ્મજ્ઞાન વેદ કરાવે છે.

શ્રી ગીતાજીના પંદરમા અધ્યાયના પંદરમા શ્લોકમાં શ્રીકૃષ્ણચંદ્ર આજ્ઞા કરે છેઃ **'વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ'। વેદાન્ત કૃદ્વેદવિદેવ ચાહમ્॥** અર્થાત્ બધા વેદો દ્વારા હું જ જાણવા યોગ્ય છું. એટલે કે સર્વવેદોનું તાત્પર્ય પરમેશ્વરને ઓળખાવવાનું છે. પ્રભુ જ વેદાંતના કર્તા અને વેદોને જાણવાવાળા છે.

આથી જ એ સિધ્ધ થાય છે કે સર્વે વેદો આ સચ્ચિદાનંદ, પરબ્રહ્મ પરમાત્માનું જ વર્ણન કરવામાં આનંદનો અનુભવ કરે છે.

કનૈયાલાલ શામળજીભાઈ વસાણી, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

(૫) લક્ષ્મીશઃ = લક્ષ્મીજીના ઈશ.

લક્ષ્મીજીના સ્વામી. અહીં લક્ષ્મીજી કોને કહેવાય? શ્રી ભાગવતના આઠમા સ્કન્ધમાં દેવો અને દાનવોએ કરેલા સમુદ્રમંથનની કથા છે. આ મંથનમાં નીકળેલાં ચૌદ રત્નો પૈકી એક લક્ષ્મીજી છે. જે કમલા તરીકે પણ ઓળખાય છે, પણ આ લક્ષ્મીજીના પતિ પૂર્ણબ્રહ્મ-પરમાત્મા નથી.

સમુદ્ર-મંથનમાંથી પ્રકટેલ આ લક્ષ્મીના સ્વામી તો વિષ્ણુ છે. આ વિષ્ણુ સત્ત્વ ગુણના અધિષ્ઠાતા દેવ છે. અને ભગવાન શ્રીકૃષ્ણની તેઓ એક વિભૂતિ છે.

તો પછી પુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણનાં લક્ષ્મીજી કોણ? આ લક્ષ્મી એટલે શ્રીકૃષ્ણ પ્રભુની દિવ્યશોભા-દિવ્ય વિભૂતિ, દિવ્ય શકિત, દિવ્ય લાવણ્ય અને દિવ્ય સૌંદર્ય.

આપણા પુષ્ટિપુરુષોત્તમ પ્રભુ તો મંગળાચરણના શ્લોકમાં કહ્યા મુજબ **લક્ષ્મી સહસ્રલીલાભિઃ સેવ્યમાનમ્ કલાનિધિમ્** છે. અર્થાત્ હજારો વ્રજભકતો (શ્રીગોપીજનો) ની લીલાથી સેવાતા કલાના નિધિ-ભંડાર શ્રીકૃષ્ણ છે.

શ્રીભાગવતના દશમ સ્કંધ નિરોધલીલાનું અવગાહન કરતાં સમજાય છે કે શ્રીગોપીજનો જ ભગવાનની શકિત રૂપે બિરાજે છે. આવી શકિતઓ સાથે કૃષ્ણનું અનુશયન (સ્થિતિ) એટલે નિરોધલીલા. શ્રીમહાપ્રભુજીમાં શ્રીકૃષ્ણલીલાનો ક્ષીર સાગર સમાયો છે. એ લીલા ક્ષીર સાગરમાં મધ્યે હૃદય રૂપી શેષ પર શ્રી કૃષ્ણ બિરાજે છે. આવા કૃષ્ણ, કલાનિધિ બનીને હજારો વ્રજભકતો (શ્રીગોપીજનો)ની લીલાથી સેવાઈ રહ્યા છે.

(૬) પુરુષોત્તમઃ = શ્રી પુરુષોત્તમ પુષ્ટિપ્રભુ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે સર્વ પુરુષોમાં ઉત્તમ છે.

પ્રભુ પોતાની જાતેજ આ પ્રમાણેની ઓળખ શ્રીગીતાજીના પંદરમા અધ્યાયમાં આ રીતે આપે છે:

શોભનાબેન કનૈયાલાલ વસાણી, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।
ક્ષરઃસર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે ॥(૧૫-૧૬)

અર્થ : આ જગતમાં બે પ્રકારના પુરુષ છે. એક નાશવાન છે અને બીજો અવિનાશી છે. આમાં સંપૂર્ણ ભૂતપ્રાણીઓના શરીર નાશવંત છે અને તેમાં રહેલો જીવાત્મા અવિનાશી કહેવાય છે.

ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃપરમાત્મેત્યુદાહ્રતઃ ।
યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥ (૧૫-૧૭)

અર્થ : ઉપરના શ્લોકમાં કહેલા આ બે કરતાં પણ ઉત્તમ પુરુષ તો બીજો જ છે. આ ઉત્તમ પુરુષ ત્રણે લોકમાં પ્રવેશ કરીને બધાને ધારણ કરે છે. બધાનું પોષણ કરે છે. વળી આવા ઉત્તમ પુરુષને અવિનાશી, પરમેશ્વર અને પરમાત્મા પણ કહેવામાં આવે છે.

યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમઃ ।
અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃપુરુષોત્તમઃ ॥

અર્થ : શ્રીકૃષ્ણચંદ્ર કહે છે કે હું નાશવંત જડવર્ગ - ક્ષેત્ર કરતાં તો સર્વથા અતીત છું અને અવિનાશી જીવાત્માથી પણ ઉત્તમ છું. આથી લોકમાં અને વેદમાં પુરુષોત્તમ નામથી પ્રસિદ્ધ છું. આ પુરુષોત્તમ પોતે જ પોતાની સત્તા વડે જ ત્રણ ગુણો - સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણ અને તેમના કાર્યરૂપ ત્રણ પ્રકારની સૃષ્ટિને પ્રકટ કરે છે.

આદિકાલઃ સર્વકાલઃ, કાલાત્મા માયયાવૃતઃ ।
ભક્તોદ્ધારપ્રયત્નાત્મા, જગત્ કર્તા જગન્મયઃ ॥૧૦॥

(૭) આદિકાલઃ = (૧) સર્વમાં આદિ (પ્રથમ) એવા જે કાળ પુરુષ (૨) પ્રથમ જ જેમણે કાલનું નિર્માણ સૃષ્ટિ રચનામાં કર્યું છે તેવા પ્રભુ.

ભગવાન જ કાલરૂપ છે. શ્રીગીતાજીમાં આજ્ઞા છે 'કાલોઽસ્મિ લોકક્ષયકૃત્'. શ્રીપુરુષોત્તમની ભ્રુકુટિમાંથી કાલનું પ્રાકટ્ય થયું છે. આથી કાલ

રેખાબેન રસિકભાઈ કરવા, ઓલ્ડ પનવેલના જયશ્રીકૃષ્ણ.

પણ ભગવદ્રુપ જ કહેવાય છે.

વેદ કહે છે: **સર્વે નિમેષા જજ્ઞિરે વિદ્યુતઃ પુરુષા દધિકલા મુહૂર્તાઃ કાષ્ઠાશ્ચાહો રાત્ર્યશ્ચ સર્વેશઃ ।**

સર્વ ક્ષણ, કલા, ઘડી, પળ, મુહૂર્ત, દિવસ વગેરે કાળના પરિમાણો. આ સર્વે પદાર્થો કાળપુરુષથી ઉત્પન્ન થયા છે.

યતઃ સર્વાણિ ભૂતાનિ ભવન્ત્યાદિયુગાગમે ।
યસ્મિંશ્ચ પ્રલયં યાન્તિ પુનરેવ યુગક્ષયે ॥

આદિયુગના આરંભે સર્વે જનો આમાંથી જ ઉત્પન્ન થાય છે. યુગનો ક્ષય થાય છે ત્યારે સકળ લોકમાં પ્રલય થઈ જાય છે. બધા આ કાળપુરુષમાં જ મળી જાય છે.

આ કાળપુરુષ રૂપી પરમાત્માના ભયથી જ વાયુ વાય છે અને સૂર્ય પણ તેમના ભયથી જ ઉદય પામે છે.

કાળપુરુષ રૂપી ભગવાનનું સ્વરૂપ ભયને ઉત્પન્ન કરે છે. ભયમાં ભગવાન શીઘ્ર અને તીવ્રતાથી યાદ આવી જાય છે. આથી ભક્તિની જેમ ભય પણ એક રીતે તો પ્રભુની પ્રાપ્તિ કરાવનારું સાધન બને છે. કંસને પણ ભયથી જ કૃષ્ણના ચરણકમલની પ્રાપ્તિ થઈ છે.

શ્રીમૃદભાગવતમાં 'ભયાત્ કંસઃ' થી આ સ્પષ્ટ કરેલું જ છે. આમ કાળરૂપે પ્રભુનું જ વર્ણન છે. અને આ સ્વરૂપનો આદિકાલ પરમેશ્વરનો છે, આથી તેનો લય પણ નથી.

શ્રીભાગવતના મંગલાચરણના શ્લોક 'જન્માદ્યસ્ય' ના છેલ્લા ચોથા ચરણ '**ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ**'માં આજ તાત્પર્ય છે. પરબ્રહ્મ પોતાના સ્વરૂપથી જ સદા કપટને દૂર કરે છે. અવિદ્યાનાશ કરનારું સ્વરૂપ ભગવાનનું છે. આ પ્રમેય બલ છે.

ભગવાને સૃષ્ટિ રચના કરી. તેમાં પ્રથમ જ કાલનું નિર્માણ કર્યું છે. સૃષ્ટિ રચનામાં પ્રથમ કાલપુરુષ રૂપે ભૂમા નારાયણનો આવિર્ભાવ થયો

મહેન્દ્રકુમાર ભીખાલાલ શાહ, વિરમગામના જયશ્રીકૃષ્ણ.

છે. શ્રી ભાગવતમાં આ વસ્તુ સ્પષ્ટ છે જ (૨-૬-૪૧) **આદ્યોડવતારઃ પુરુષઃ પરસ્ય કાલઃ સ્વભાવઃ સદસન્મનશ્ચ દ્રવ્યં વિકારો ગુણ ઈન્દ્રિયાણિ વિરાટ્ સ્વરાટ્ સ્થાસ્તુ ચરિષ્ણુ ભૂજનઃ ।**

પરમાત્માનો પહેલો અવતાર 'વિરાટ પુરુષ'છે. કાળ, સ્વભાવ, કાર્ય-કારણ, મન, પંચ મહાભૂત, અહંકાર, ત્રણગુણ, ઈન્દ્રિયો, બ્રહ્માંડ, શરીર, એનો અભિમાની સ્વરાટ્, સ્થાવર તેમજ જંગમ આ બધાં અનન્ત ભગવાનનાં જ રૂપ છે.

(૮) સર્વકાલઃ = સર્વ આદિ, મધ્ય અને અંતરૂપ કાળ અથવા ભૂત-વર્તમાન અને ભવિષ્યકાલ સ્વરૂપ પ્રભુ.

સર્વને પ્રેરણા કરનાર. સર્વં કં સુખં આસમંતાલ્લાતિ-સર્વદિશામાંથી સર્વ સુખને ગ્રહણ કરનાર

કાલ સ્વરૂપ ભગવાન નિત્ય છે. શ્રીકૃષ્ણ આજ્ઞા કરે છે. **અહમાદિશ્ચ મધ્યશ્ચ ભૂતાનામન્ત એવ ચ** (હું સર્વ લોકોનો આદિ, મધ્ય અને અંત કાળ છું) આમ કાલના ભૂત, વર્તમાન, ભવિષ્ય એવા વિભાગો પણ કાલના જ સ્વરૂપો છે. તેથી એ વિભાગો રૂપે કાલ નિત્ય એટલે સર્વકાલમાં કાયમ રહે છે.

કલાયતિ જગદેષ કાલોડનંતઃ આ અનંત-કાલ પરમાત્મા સર્વ જગત્‌ને પ્રેરણા કરનાર છે.

પ્રભુ સર્વના કાળરૂપ છે. એક કરોળિયો પોતાની જ લાળથી જાળું બનાવે છે અને પોતે જ તેને પોતાનામાં ખેંચીને સમાવી લે છે. આ જ રીતે ભગવાન પણ પોતાના શ્રી અંગમાંથી જ આખા જગતને ઉત્પન્ન કરે છે. પોતે જ જગતનું પાલન કરે છે અને અંતમાં પોતે જ સર્વનો સંહાર કરીને પોતાના અંગમાં સમાવી લે છે.

અંગ્રેજીમાં ભગવાન માટે GOD શબ્દ છે.

G = to generate = ઉત્પન્ન કરવું
O = to operate = પોષણ કરવું
D = to destroy = લય કરવો

ચંદ્રિકાબેન મહેન્દ્રકુમાર શાહ, વિરમગામના જયશ્રીકૃષ્ણ.

શ્રી મહાપ્રભુજીના વેદાંત પ્રમાણે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ દ્વારા પ્રદાન થયેલ સામર્થ્યથી જ બ્રહ્માજી જગત ઉત્પન્ન કરે છે. વિષ્ણુજી પાલન કરે છે અને શિવજી લય કરે છે.

આમ ત્રણે કાળમાં અબાધિત અર્થાત્ સત્ય સ્વરૂપ કાલ ભગવાન છે

શ્રી ભાગવતના મંલગાચરણ 'જન્માદ્યસ્ય.....' ના અંતિમ ચતુર્થ ચરણમાં 'સત્યં પરં ધીમહિ'એ ઉપર પ્રમાણેના ગુપ્તભાવને અનુસરે છે.

---

(૯) કાલાત્મા: = કાલના પણ જે આત્મા છે. કાળરૂપ જેનો આત્મા-સ્વરૂપ છે. કાલ-રૂદ્ર તે છે આત્મા-અહંકાર જેમને - કાલમાં-ધર્મનો નાશ થાય તે સમયમાં જેમનો આત્મા-અવતાર થાય છે.

શ્રી પ્રભુ તો કાલથી પણ પર છે. ભગવાનના પરમ પદમાં એટલે વૈષ્ણવ ધામમાં કાલની પણ ગતિ નથી. કાલનું અસ્તિત્વ નથી. શ્રી મહાપ્રભુજી પોતાના સંપ્રદાય માટે આજ્ઞા કરે છે - 'ન કાલઃ અત્ર નિયામકઃ' શ્રીગોપાલદાસજી પણ શ્રીવલ્લભાખ્યાનમાં ગાય છે, 'તેને કાલ કર્મ નવ બાંધે રે...., એવો મારગ શ્રી રાધાવરનો રે જયાં પ્રવેશ નહીં વિધિહરનો રે....' શ્રી ભાગવત પણ આવી આજ્ઞા કરે છે.

ન યત્ર કાલોડ નિમિષાં પરઃપ્રભુઃકુતો નુ દેવા જગતાં ય ઈશિરે (૨-૨-૧૭)

દેવોનો નિયામક કાળ પણ જેને કાંઈ જ કરી શકતો નથી, ત્યારે જગતને નિયમમાં રાખનારા દેવતાઓ તો સમર્થ થઈ શકે જ કયાંથી?

કાલથી પર પ્રભુ કાલરૂપે પણ દર્શન આપે છે. પ્રભુ ઉપર દ્વેષભાવ રાખનારાઓને કાલરૂપે દર્શન થાય છે. શ્રી ઠાકોરજી મથુરા પધાર્યા. ત્યાં કંસના રંગમંડપમાં પ્રવેશ્યા. આ વખતે ભોજપતિ કંસરાજાને તે કાળરૂપે દેખાયા હતા. 'મૃત્યુભોજપતેઃ' એવું શ્રી ભાગવતમાં છે.

કાલને ગણનારાઓમાં ભગવાન કાલરૂપ છે. લોકોનો ક્ષય કરનાર અત્યંત વૃદ્ધિ પામેલો કાળ પણ ભગવાન છે. કોઈપણ દિવસ ક્ષય નહીં પામનાર કાલ પણ ભગવાન છે

શ્રી ગીતાના જ્ઞાન કર્મ સંન્યાસ યોગ નામના ચોથા અધ્યાયમાં શ્રીકૃષ્ણ આજ્ઞા કરે છે

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥૭॥

ધર્મનો જ્યારે જયારે નાશ થાય છે ત્યારે ત્યારે ધર્મનું સ્થાપન કરવા મારા આત્માને ઉત્પન્ન કરું છું અર્થાત્ અવતાર ધારણ કરું છું

અધર્મની વૃદ્ધિ કરનારા દુષ્ટોને પ્રભુ કાળરૂપે જ છે. હિરણ્યાક્ષ માટે પ્રભુ વરાહ અવતાર ધરે છે. હિરણ્યકશિપુ માટે નૃસિંહ રૂપ ધરે છે. આમ દૈત્યોના કાળ માટે હરિ કાલાત્મા રૂપ બને છે. અંશાવતારો ગ્રહણ કરે છે. દુષ્ટોનો કાલ આણી સત્યધર્મનું સ્થાપન કરે છે. આમ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ કાલાત્મા છે

આ નામ ધર્મના સંસ્થાપનનો હેતુ પણ દર્શાવે છે. શ્રી ભાગવતના મંગલાચરણના 'ધર્મ પ્રોજ્જિઝત કૈતવોડત્ર પરમઃ' એ બીજા શ્લોકના પ્રથમ ચરણનો ગૂઢ ભાવ પણ અહીં છે.

---

(૧૦) માયયાવૃતઃ = માયાથી વીંટાયેલા. માયા-લક્ષ્મી-સૌંદર્ય શોભા વગેરે રૂપ (લક્ષ્મીથી સેવ્ય સમજી સ્વીકાર કરાયેલા-વરાયેલા). માયા વડે સ્પર્શ નહિ પામતા.

માયા ભગવાનની શક્તિ છે. માયા એટલે અવિદ્યા. ભગવાનનું સ્વરૂપ માયાથી-અવિદ્યાથી ઢંકાયેલું છે. અજ્ઞાની દર્શન કરી શકતા નથી-પ્રભુ અક્ષરથી પર છે. પ્રભુને પ્રાપ્ત કરવામાં માયા જ અંતરાય રૂપ થાય છે. શ્રીભાગવત પ્રથમ સ્કંધના ૧૯ મા શ્લોકમાં આજ્ઞા છે

માયા જવનિકાચ્છન્નમજ્ઞાડધોક્ષજમવ્યયમ્ ।
ન લક્ષ્યસે મૂઢ દૃશા નટો નાટયધરો યથા ॥૧-૮-૧૯॥

કુંતાજી ભગવાનની સ્તુતિમાં ગાય છે કે આપ માયાના પડદાથી

ઢંકાયેલા છો.ઈન્દ્રિયાતીત છો. અધોક્ષજ છો. અવિનાશી છો. હું અજ્ઞાની આપને નમસ્કાર કરું છું. વેષ ધારણ કરનારા નટની માફક મૂઢ દૃષ્ટિવાળાથી આપ ઓળખી શકાતા નથી.

આપણી હવેલીમાં પ્રભુ બિરાજે છે તે સ્થાન અક્ષરબ્રહ્માત્મક રૂપ છે. ત્યાં ટેરો હોય છે. ટેરો ખસે તો જ પરબ્રહ્મ પ્રભુનાં દર્શન થાય. આ ટેરો તે જ માયાનું સ્વરૂપ. ટેરો એટલે પડદો(માયા જવનિકા)

માયાવાદીઓ એવું માને છે કે આ માયા બ્રહ્મને વશ કરનારી છે. શ્રીમહાપ્રભુજીના મતે આવું નથી. માયાતો ભગવાનની આજ્ઞાકારિણી છે. લીલામાં પ્રભુની આજ્ઞા પ્રમાણે સેવા કરી મદદરૂપ થાય છે. પ્રભુ એક રૂપમાંથી અસંખ્ય સ્વરૂપ થઈ શકે છે. પ્રભુની આ મહાબલવતી શક્તિ છે. આજ માયા છે. માયા આસુરી જીવોને મહા મોહ ઉપજાવે છે. જે જીવ પ્રભુના ચરણકમલનું શરણ કરે છે તેને માયા કશું કરી શકતી નથી.

શ્રીગીતાજીના જ્ઞાનવિજ્ઞાન યોગ નામના સાતમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ આજ્ઞા કરે છે કે

દૈવીહ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥

માયા દૈવી છે. ત્રણગુણ (સત્ય, રજ, તમ) વાળી છે. તેને તરવી દુસ્તર છે. પણ જે વ્યક્તિ કેવળ પ્રભુનો શરણાગત બને છે તે આ જ માયાને તરી જાય છે.

ગોસ્વામી શ્રી રઘુનાથજી(પંચમલાલજી) આજ્ઞા કરે છે કે પૂર્ણ પુરુષોત્તમના દિવ્ય સ્વરૂપમાં માયા વનમાલા તરીકે બિરાજે છે. અને આસુરીજીવોને મહામોહ ઉત્પન્ન કરે છે. આવા જનોને પૂર્ણ અને નિર્ગુણ બ્રહ્મ શ્રીનાથજીના સ્વરૂપમાં અન્યથા કલ્પના થાય છે.

(વ્રજાધિપ શ્રીકૃષ્ણના શ્રીઅંગમાં કંઠથી ચરણ સુધી લંબાયમાન સર્પાકારે બિરાજતી માલા એટલે વનમાલા)

ચૈતન્ય યોગેન્દ્રભાઈ દેસાઈ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

ગુલાબના વૃક્ષને કાંટા પણ છે અને સુગંધ પણ છે. પાપી મર્કટો કાંટા ને જોઈ દૂર નાસે છે પણ મધુકર(ભ્રમર) ની વાત તો નોખી જ છે. તે તો મધુર મકરંદ રસના ભોગી હોય છે. આથી તેમને બીક લાગતી નથી.

અલૌકિક રસના ભોકતા મધુકર એટલે મત્સર રહિત સત્યપુરુષો. આવા પુરુષો જ અધિકારી છે. શ્રીભાગવતના બીજા મંગલાચરણ 'ધર્મ પ્રોજ્ઝિન....' શ્લોકમાં 'નિર્મત્સરાણાં સતામ્' આ દ્વિતીય પદનો અહીં ગુપ્ત આશય છે એમ સમજવું.

(૧૧) ભક્તોદ્ધાર પ્રયત્નાત્મા = (૧) ભક્તોનો ઉદ્ધાર કરવામાં જે પ્રયત્નશીલ છે. (૨) ભક્તોના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એવા ત્રિવિધ તાપને દૂર કરવાના પ્રયત્નમાં જેમનો આત્મા (અંતઃકરણ) છે (૩) ભક્તોનો ઉદ્ધાર એટલે કે ભક્તોને ભગવાનની અલૌકિક લીલામાં પ્રવેશ કરવાના સાધનરૂપ એવા પુરુષોત્તમ.

ભગવાનમાં કૃપા, અનુગ્રહ અને વાત્સલ્ય વગેરે દૈવી ગુણો છે.

કૃપા 'કૃપૂસામર્થ્યે' ભગવાનનું સામર્થ્ય જે વ્યક્તિને સમર્થ બનાવે છે. બાપડો, બિચારો, કે લાચાર ન બનવા દે.

'કૃપૂ દૌર્બલ્યે' ભગવાન સ્વેચ્છાથી સ્નેહવશ દુર્બલતા સ્વીકારી લે છે. ભક્તને અનુકૂલ થઈ જાય છે.

ભગવાનનો આ નિર્દોષ પક્ષપાત પણ છે.

અનુગ્રહ - 'અનુગ્રહસ્તુ પરદોષાણાં સ્વીકારઃ।' શ્રીસુબોધિનીજી (૧૦-૧૦-૨૧) અનુગ્રહ તો પારકાના દોષોનો સ્વીકાર છે. સામી વ્યક્તિને છે તેવા તેના દોષો સાથે અપનાવી લેવા તે ભગવાન ઈચ્છે, તેને અનુરૂપ વરણ (પસંદગી) કરે છે. તેને અનુરૂપ અનુગ્રહ કરે છે. પ્રથમ ઈચ્છા, પછી વરણ અને ત્યારબાદ સ્વીકાર તે અનુગ્રહ છે.

કાલ, કર્મ અને સ્વભાવના પ્રભાવનું નિવારણ શક્ય નથી. માત્ર ભગવત્સામર્થ્ય જ આ ત્રણનું નિવારક છે. ભગવાનનો આ વિશેષ ધર્મ જ અનુગ્રહ છે. આશ્રય પણ અનુગ્રહ રૂપ છે.

શારદા સાગર હ. કમલેશ સાગર, કટકના જયશ્રીકૃષ્ણ.

વાત્સલ્ય-માતાપિતાનો પોતાના પુત્ર પ્રતિ સ્નેહ.

ભગવાનને પોતાના ભક્તો માટે વાત્સલ્ય છે. આથી ભગવાન માફી આપે. ભગવાન દયા, કરુણા અને અનુકંપા કરે છે.

ભગવાનના આ દૈવી ગુણોને લીધે ભગવાનનો આવો સ્વભાવ જ રહે છે અને આ સ્વભાવથી ભગવાન ભક્તોનો ઉદ્ધાર કરવા પ્રયત્નશીલ રહે છે.

ભગવાનના ભક્તો સાધનોથી દીનહીન છે. નિઃસાધન છે. ભગવાનના જનોને ભગવદ્ ચરણો સિવાય બીજું કોઈ પણ શરણ છે જ નહિ. આથી પ્રભુ સિવાય તેમનો ઉદ્ધાર કોણ કરી શકે? માટે જ દયાનિધિ ભગવાન આવા ભક્તો ઉપર અનુગ્રહ કરવા પ્રકટ થાય છે. પ્રકટ થઈ તેમને શરણે લે છે. ભક્તોના સહસ્ત્ર પરિવત્સર વિયોગજનિત તાપોને દૂર કરે છે.

ગોકુલ નિઃસાધન હતું. તેના ઉદ્ધાર માટે કૃષ્ણ ગોકુલમાં પ્રગટયા. આમ નિઃસાધન ભગવદીયોના ઉદ્ધાર માટે જ પ્રભુ વારંવાર ભૂતળ પર પ્રકટ થાય છે. બિરાજે છે. પ્રભુ પ્રાકટ્યનો આ જ મુખ્ય હેતુ છે. આ સિવાય બીજો કોઈ ઉદ્દેશ્ય નથી. આથી ભક્તોએ પણ આ જ ભગવાન જાણવા યોગ્ય છે. આ જ પ્રભુ આરાધન કરવા યોગ્ય છે. શ્રીભાગવતના બીજા મંગલાચરણ 'ધર્મઃ પ્રોજ્ઝિત્...' શ્લોકમાં 'વેદ્યં વાસ્તવમત્ર વસ્તુ' આ ચરણનો ગુપ્ત હેતુ આ નામ દર્શાવે છે.

(૧૨) જગત્કર્તા = જગતના કર્તા (રચનાર)

જગત સ્થાવર અને જંગમ રૂપ છે. તેના રચનારા ભગવાન છે. ભગવાન તો અનંત કરોડો બ્રહ્માંડોનો પોતાનામાંથી પોતાની શક્તિ દ્વારા આવિર્ભાવ કરે છે. અહીં કર્તાની સાથે ભર્તા (ભરણ-પોષણ કરનાર) અને સંહર્તા (સંહાર કરનાર) પણ સમજી લેવાના છે.

જગતની રચના કેવળ પ્રભુએ જ કરી છે. તેમાં આપને અન્ય કોઈની જરૂર પડતી નથી. લૌકિક દૃષ્ટાંત લઈએ. એક કુંભાર ઘડો બનાવે છે. અહીં કુંભાર પ્રત્યક્ષ કર્તા છે. વેદાંતની ભાષમાં કુંભાર નિમિત્ત કારણ છે. કુંભારને

શ્રી ગોવિંદદાસ પુરુષોત્તમદાસ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ.

માટી, ચક્ર, નિભાડો વગેરે પદાર્થોનો આશ્રય લેવો પડે છે. આ બધા કુંભારથી ભિન્ન છે. વેદાંતની ભાષામાં આ બધા ઉપાદાન કારણો છે. આમ ઘડાની રચનામાં નિમિત્ત અને ઉપાદાન કારણ ભિન્ન છે.

જગતની રચના પ્રભુ સ્વાશ્રયથી કરે છે. ઈશ્વર સિવાય બીજા કોઈ પદાર્થનું અસ્તિત્વ જ નથી. આથી ભગવાન પોતે જ જગત રૂપે બને છે. પ્રભુ જ અભિન્ન નિમિત્ત અને ઉપાદાન કારણ છે. નરસિંહ મહેતા કહે છે 'ઘાટ ઘડિયા ઘણાં, અંતે તો હેમનું હેમ હોયે' સોનું એ એક જ ધાતુ પણ તેના સેંકડો આભૂષણો બને. આ વિવિધ આભૂષણોમાં સોનું જ નજરે દેખાય. આજ રીતે માટીના વિવિધ ઘાટો ઘડાય પણ તે બધામાં મૂળરૂપે તો માટી જ હોય. આમ સમગ્ર જગત ભગવાનનું સ્વરૂપ જ છે આથી અધિકારી જનોને જગતમાંના અનેક પદાર્થોમાં ભગવાન જ દૃષ્ટિગોચર થાય છે. સર્વમાં ભગવાનનાં જ દર્શન થાય છે.

વેદ વદે છે 'સર્વે સર્વમિદં જગત્' આ સર્વ દૃશ્ય જગત પરમાત્મા જ છે. 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' આ સર્વ સ્થાવર જંગમાત્મક કેવળ બ્રહ્મ જ છે.

શ્રીગીતાના સાતમા અધ્યાય જ્ઞાન વિજ્ઞાન યોગમાં પ્રભુ કહે છે 'અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા' હું જગતનો પ્રભવ તથા પ્રલય છું અર્થાત્ સંપૂર્ણ જગતનું મૂલ કારણ છું.

બ્રહ્મસૂત્રમાં શ્રીવ્યાસજી કહે છે 'જન્માદ્યસ્ય યતઃ શાસ્ત્રયોનિત્વાત્'- વેદમાં કહેલા કારણથી આ વિશ્વનાં જન્માદિ (અથવા આલશનો જન્મ) જેનાથી છે.

શાસ્ત્રો એમ પણ કહે છે 'ઋષયઃ પિતરો દેવા મહાભૂતાની થાતવઃ। જગન્નારાયણોદભવમ્॥' અર્થાત્ ઋષિઓ, પિતૃઓ, દેવો, મહાભૂતો, ધાતુઓ, અને સ્થાવર જંગમ આ જગત નારાયણથી પ્રકટ થયું છે.

શ્રી ગીતામા અહં સર્વસ્વ પ્રભવો મત સર્વં પ્રધર્તતે અર્થાત્ હું સર્વ ઉત્પન્ન કરનાર છું. મારાથી સર્વ નભી રહ્યું છે. (૧૦-૮).

સૌ. કુંજલતા ગોવિંદદાસ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ.

આમ ભગવાનનું જગતકર્તા નામ સિદ્ધ થાય છે. અને આવા ભગવાન જ નિજજનોની સર્વ ઈચ્છાઓને પૂર્ણ કરી તેમનું કલ્યાણ કરનારા છે.

‘જન્માદ્યસ્ય....’ મંગલા ચરણના આ શ્લોકમાં આવતું ‘શિવશિવદં’ પદનો ગૂઢ ભાવ અહીં છે.

(૧૩) જગન્મયઃ = જગત અથવા વિશ્વ સ્વરૂપ પ્રભુ.

જગત અથવા વિશ્વ એ પરમાત્માથી અલગ વસ્તુ નથી. આ વિશ્વ પરમાત્મામય છે. ઘડો બનાવવા કુંભારને જેમ માટીની જરૂર પડે છે તેમ ભગવાનને જગત રચવા માયાની જરા પણ જરૂર નથી. ભગવાને જગત રચ્યું. ભગવાન જ જગત રૂપ બન્યા.

નરસિંહ મહેતા ગાય છે ‘અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જુજવે રૂપે અનંત ભાસે.’ આ માટે બીજા કેટલાંક પ્રમાણો આ પ્રમાણે છે.

‘પુરુષ એવેદં સર્વં યદ્ભૂતં યચ્ચ ભાવ્યમ્’ અર્થાત્ ભૂત અને ભાવિ આ સર્વ વિશ્વ તે પરમાત્મા જ છે.

‘મત્તઃ પરતરં નાન્યત્કિંચિદસ્તિ’ અર્થાત્ મારા સિવાય બીજી કાંઈ પણ પર વસ્તુ નથી.

જયોતીષિં વિષ્ણુઃ ભુવનાનિ વિષ્ણુઃ અર્થાત્ તારાઓ, ભુવનો એ સર્વમાં વિષ્ણુ જ વ્યાપીને રહ્યા છે.

શ્રીભાગવતમાં ભગવાનના સ્થૂલ રૂપે વિશ્વને જણાવ્યું છે.

વિશેષસ્તસ્ય દેહોઽયં સ્થવિષ્ઠશ્ચ સ્થવીયસામ્ ।
યત્રેદં દશ્યને વિશ્વં ભૂતં ભવ્યં ભવચ્ચ સત્ ॥૨-૧-૨૪॥

આ કાર્યરૂપ વિશ્વ જે કંઈક કયારેક હતું, છે અને થશે બધાનું બધું જ જેમાં દેખાઈ રહે છે તે ભગવાનનું સ્થૂળથી પણ સ્થૂળ અને વિરાટ શરીર છે.

હરિરેવ જગજ્જગદેવ હરિઃ. હરિ એ જ જગત છે. જગત એ જ હરિ સ્વરૂપ છે. આ સિદ્ધાંત ન સ્વીકારનાર આસુરી છે. શ્રીગીતાના ૧૬ મા અધ્યાય દૈવાસુર સંપદ વિભાગ યોગના ૮ મા શ્લોકમાં પ્રભુ કહે છે અસત્યમપ્રતિષ્ઠં તે જગદાહુરનીસ્વરમ્। અર્થાત્ આસુરી પ્રકૃતિવાળા મનુષ્ય કહે છે કે જગત આશ્રય રહિત, સર્વથા અસત્ય અને ઈશ્વર વગર માત્ર સ્ત્રી પુરુષના સંયોગથી ઉત્પન્ન થયું છે. જયારે બ્રહ્મવાદને સ્વીકારનારા જગતને બ્રહ્મરૂપ ગણી સત્ય જ માને છે. આજ શાસ્ત્ર સંમત સિદ્ધાંત છે.

ચિ. ગિરીધારી ગોવિંદદાસ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ.

પ્રભુ જ જગતમય હોવાથી સ્વ ભક્તોને જેવા જેવા ભગવત્સ્વરૂપોને પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય છે તેવા તેવા સ્વરૂપે સર્વ ઠેકાણે સુલભ રીતે પ્રાપ્ત કરી શકે છે. પરિણામે તેમના ત્રિવિધ તાપો દૂર થઈ જાય છે. આમ અહીં જન્માદ્યસ્ય.... મંગલા ચરણના તાપત્રયોન્મુલનમ્ પદનો આશય આ નામમાં ગર્ભિત છે.

નામલીલાપરો વિષ્ણુ-વ્યાસાત્મા શુક મોક્ષદઃ ।
વ્યાપિવૈકુંઠદાતા ચ શ્રીમદ્ ભાગવતાગમઃ ॥૧૧॥

(૧૪) નામલીલાપરઃ = (૧) નામ અને લીલાઓના પ્રવર્તક (૨) નામને પ્રવર્તાવનારી લીલાઓમાં પરાયણ (૩) નામ અને લીલાઓ જેમની ઘણી જ શ્રેષ્ઠ છે (૪) નામ અને લીલાઓ વડે જે પૂર્ણ છે.

પ્રભુની લીલાઓ સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઉતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રયનું વર્ણન શ્રી ભાગવતમાં છે. પ્રભુની લીલાઓ નિત્ય છે. નૌતન (નવીન) છે. આનંદવાળી છે.

નિત્યલીલા નિત્ય નૌતન શ્રુતિ ન પામે પાર

(શ્રીવલ્લભાખ્યાન - ૪.૪)

શ્રી ભાગવતાર્થ પ્રકરણની ત્રીજી અને ચોથી કારિકામાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે:

‘આનન્દસ્ય હરેર્લીલા શાસ્ત્રાર્થો.’ અર્થાત્ આનંદરુપ હરિ ભગવાનની લીલા એ જ સકલ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો અર્થ છે.

સૌ. સીમા ગિરીધારી, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ.

અત્ર સર્ગો... દ્વાદશાર્થાસ્તતોઙત્ર હિ ॥૪॥ મુખ્ય લીલાઓ દસ પ્રકારે સર્ગથી આશ્રય સુધી અધિકાર અને સાધન મળી બાર અર્થો છે.

ભગવાનની જુદી જુદી લીલાઓથી જુદાં જુદાં નામો થયાં. ભગવાનની લીલાઓ તથા તે સૂચક નામો સર્વશ્રેષ્ઠ છે. આથી મહાનુભાવો તેનું શ્રવણ, કીર્તન, સ્મરણ, નિદિધ્યાસન વગેરે કર્યા જ કરે છે. શ્રી રસખાનજી કહે છે.

શેષ મહેશ ગણેશ દિનેશ જાકો નિરંતર ગાવે,
નારદ સે શુક વ્યાસ રટે પચીહારે તોઉ પાર ન પામે.

શ્રી નંદદાસજી પણ ગાય છે.

વેદ રટત બ્રહ્મા રટત, શંભુ રટત, શેષ રટત, નારદ શુક વ્યાસ રટત પાવત નહીં પારરી..

બૃહદ્નારદીય પુરાણ આજ્ઞા કરે છે કે – હરિ પરમાત્માના નામથી જ મારું જીવન છે. આ નામ સિવાય આ કલિયુગમાં બીજી કોઈ ગતિ નથી જ.

પદ્મપુરાણ કહે છે :

સર્વધર્મોજ્ઝિતા વિષ્ણો ર્નામમાત્રૈકજલ્પકાઃ ।
સુખેન યા ગતિં, યાંતિ ન તાં સર્વેઙપિ ધાર્મિકાઃ ।

અર્થાત્ સર્વધર્મથી વર્જીત થયેલા પણ માત્ર વિષ્ણુના નામોનું સ્મરણ કરનાર ભક્તો, ધાર્મિક પુરુષો જે ગતિ પ્રાપ્ત નથી કરી શકતા તેવી ઉત્તમ ગતિને પામે છે. પ્રભુના નામનું માહાત્મ્ય નીચેના શ્લોકમાં તો અતિશય ગવાયું છે.

નામ્નો ઙસ્તિ યાવતી શક્તિઃ પાપનિર્દહને હરેઃ ।
તાવત્કર્તું ન શકતોઙતિપાતકં પાતકી નરઃ ॥

પાપને નાશ કરવાની શક્તિ જેટલી પ્રભુના નામમાં રહેલી છે, તેટલું પાપ કરવાને પાપી પુરુષ શક્તિમાન બની શકતો નથી.

ચિ. તીર્થરાજ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ.

નામ સ્મરણ પાપમાં જતી વૃત્તિને અટકાવે છે. શ્રી ગીતાના મોક્ષ, જ્ઞાન, કર્મ, સંન્યાસ યોગમાં શ્રીકૃષ્ણ કહે છે:

જન્મ કર્મ ચમે દિવ્યમેવં યો વેત્તિ તસ્યતઃ ।
ત્યકત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઙર્જુનઃ ॥૯॥

અર્થાત્ – હે અર્જુન, મારા દિવ્ય જન્મ અને કર્મ (લીલા)ને જે પુરુષ તત્ત્વથી જાણે છે તે આ દેહનો ત્યાગ કરી પુનઃજન્મ ન લેતાં મને જ પ્રાપ્ત કરે છે.

પ્રભુની આવી નામ લીલાનું મનન, શ્રવણ અને ચિંતન કરવાથી શ્રદ્ધાવાન બનાય છે. ત્યારબાદ ભગવદ્જ્ઞાનમાં નિપુણતા પ્રાપ્ત થાય છે. આમ થતાં પ્રભુ પર ભાવ પ્રગટે છે જે આગળ જતાં ભક્તિયુક્ત બની પરમ પદને પ્રાપ્ત કરે છે અર્થાત્ ભગવાનની લીલામાં પ્રવેશે છે. આથી જ વ્યાપક પ્રભુ એવા વિષ્ણુના કર્મો-લીલા-ચરિત્રો જોવા અને જાણવાની વાત વેદો વદે છે.

શ્રી ભાગવત સંહિતા એ ભક્તિની સંહિતા છે. તે પણ ભગવાનની નામ લીલાઓને પ્રતિપાદિત કરે છે. આથી મંગલાચરણના **‘શ્રીમદ્ ભાગવતે મહામુનિ કૃતે કિંવા પરેઃ’** એ પદનું ગૂઢ તાત્પર્ય આ નામમાં છે.’

(૧૫) વિષ્ણુ : = વિશ્વમાં સર્વત્ર વ્યાપક પરબ્રહ્મ

સામાન્યતઃ વિષ્ણુ એટલે સત્ત્વગુણના અધિષ્ઠાતા દેવ, શેષશાયી છે તે. પણ અહીં આ અર્થ નથી. સમગ્ર વિશ્વમાં જે વ્યાપીને રહ્યા છે તે પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ અહીં વિષ્ણુથી ઓળખાવે છે. તે જગતથી ભિન્ન નથી. કાપડમાં તાંતણાઓ વણાય છે. તાંતણા વગર કાપડ સંભવી ન શકે. આ જ રીતે ભગવાન (વિષ્ણુ) વગર જગત પણ અસંભવ છે. પ્રભુ જ વિશ્વરૂપે બન્યા છે. વિશ્વમાં વ્યાપીને રહ્યા છે. સાપ પોતાની ઈચ્છાથી જેમ કુંડાળા રૂપ બની જાય છે તેમ પરમાત્મા પોતે પોતાની ઈચ્છાથી જગતરૂપ બની જાય છે.

ચિ. અદીતિ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ.

શ્રુતિ કહે છે 'અન્તર્બહિશ્ચ યત્સર્વં વ્યાપ્ય સ્થિતઃ' અર્થાત્ અંદર અને બહાર જે સર્વ પ્રકાશમાન જોવામાં આવે છે તે સર્વમાં વિષ્ણુ જ વ્યાપીને રહેલા છે.

'વિશૂપ્રવેશને' (મણકાઓમાં દોરાની જેમ) પ્રવેશ કરવો. આ ધાતુને નુ પ્રત્યય લાગતાં વિષ્ણુ શબ્દ બને છે. અર્થાત્ જે પોતાની શક્તિ વડે સર્વ વિશ્વમાં પ્રવેશ કરે છે તે સનાતન-સદાવર્તમાન ભગવાન વિષ્ણુ છે.'

જે વસ્તુ વ્યાપક હોય તેનો લાભ સર્વત્ર થાય. આથી આ નામ મંગલાચરણના 'ઈશ્વરઃ સદ્યો હૃદય વરુધ્યતે કૃતિભિઃ શુશ્રૂષુભિસ્તત્ક્ષણાત્' એ પદના ભાવને સમજાવે છે.

(૧૬) વ્યાસાત્મા = (૧) પરાશરપુત્ર કૃષ્ણદ્વૈપાયન વ્યાસ જેમના આત્મા છે - અવતાર છે, એવા પુરુષોત્તમ. (૨) વ્યાસ એટલે વેદરૂપ વૃક્ષનો વિસ્તાર. તેનો આત્મા એટલે સારરૂપ ફળ.

ભારતમાં ૨૮ વ્યાસો થઈ ગયા છે. અહીં પરાશરજી અને સત્યવતીના પુત્રને વ્યાસજી માનવાના છે. તે કૃષ્ણ દ્વૈપાયનના નામથી ઓળખાય છે. બધા વ્યાસોમાં તેમની મુખ્યતા મનાય છે.

શ્રી ભાગવતના પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયના એકવીસમા શ્લોક પ્રમાણે :

તતઃ સપ્તદશે જાતઃ સત્યવત્યાં પરાશરાત્ ।
ચક્રે વેદતરોઃ શાખા, દૃષ્ટ્વા પુંસોલ્પમેધ સઃ ॥

અર્થાત્ સત્તરમા અવતારમાં (કૃષ્ણ) સત્યવતીના ગર્ભથી પરાશરજી દ્વારા વ્યાસના રૂપમાં અવતીર્ણ થયા તે સમયે લોકોની સમજ અને ધારણા શક્તિ ઓછી જોઈને આપે વેદરૂપ વૃક્ષની ઘણી શાખાઓ બનાવી.

વેદના વિભાગો કરવા તથા મહાભારત આખ્યાન પ્રકટ કરવા પ્રભુએ જ આ અવતાર ગ્રહણ કર્યો છે. ભગવાનની સંપૂર્ણ જ્ઞાન કલાનો આ અવતાર છે. કાર્ય સમયે તે સાક્ષાત્ ઈશ્વર જ છે. આથી તે વ્યાસાત્મા - વ્યાસ સ્વરૂપ પુરુષોત્તમ છે. પુરાણોમાં વ્યાસજીની મહત્તા સમજાવી છે.

ગો.વા. તારાગૌરી કાળુભાઈ વોરા, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

કૃષ્ણ દ્વૈપાયનં વ્યાસં વિદ્ધિ નારાયણં પ્રભુમ્ ।
કો હ્યન્યઃ પુંડરીકાક્ષાન્માહાભારતકુદ્ભવેત્ ॥

અર્થાત્ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસને નારાયણ પ્રભુ છે એમ જાણો કેમ કે કમલનયન શ્રીકૃષ્ણ સિવાય કોણ મહાભારતનો કર્તા બની શકે? વેદોના વિભાગ કરવા, મહાભારત અને શ્રીભાગવત વગેરે ગ્રંથોના નિર્માણ કરવા પ્રભુ જ શ્રી વ્યાસ રૂપે ભૂતળ પર અવતીર્ણ થયા છે. શ્રી ભાગવત ફલ છે. તેને પ્રકટ કરનારા શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ છે, આથી આ નામ 'નિગમ કલ્પતરોર્ગલિતં ફલમ...' તે મંગલાચરણના ત્રીજા શ્લોકના પ્રથમ ચરણના ગૂઢ ભાવાર્થને સમજાવે છે.

(૧૭) શુકમોક્ષદઃ = શુકદેવજીને મોક્ષ આપનાર પ્રભુ.

મોક્ષ એટલે માયાના બંધનમાંથી મુક્ત થવું તે. ભગવાને શુકદેવજીને માયાના બંધનમાંથી છોડાવ્યા છે.

શુકદેવજી જ્ઞાની હતા. વૈરાગી હતા. શંકરના અવતાર રૂપ હતા. તેમના પિતા વ્યાસજી ભગવાનના જ્ઞાનાવતાર છે. પિતાના આશ્રમમાં સાત્વિક વાતાવરણ છે, છતાં શુકદેવજીને સંગનો ડર લાગે છે. ભગવાનની પ્રબલ માયા પીડશે તો? આવો ડર શુકદેવજીને થયો.

આથી ૧૬ વર્ષ સુધી માતા અરણીજીના ઉદરમાં બિરાજી રહ્યા. ભગવાનની માયાનો પાર પામી શકાય તેમ નથી. માયા અતિ પ્રબલ છે. ભગવાનનો જે શરણાગત બને તે જ માયાને તરી શકે. શ્રીગીતાના સાતમા જ્ઞાન વિજ્ઞાન યોગના ૧૪મા શ્લોકમાં શ્રીકૃષ્ણ માયા માટે કહે છે:

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥

અર્થાત્ મારી માયા અતિ અદ્ભુત છે. ત્રિગુણમયી છે. તે દુસ્તર છે, પણ જે પુરુષ માત્ર મારા શરણે આવે છે. તે આ માયાનું ઉલ્લંઘન કરી જાય છે. સંસારને તરી જાય છે.

હ. વોરા મનવંત, ગિરીશ, કીર્તિ, બિપીન તથા રેણુકાબેનના જયશ્રીકૃષ્ણ.

૧૬ વર્ષ સુધી માતાના ગર્ભમાં રહેનાર શુકજીને પિતા વ્યાસજી વચન આપે છે કે માયાથી બંધન નહિ થવા દઈએ. ત્યારે પ્રભુને પ્રાર્થના કરી શુકદેવજી પ્રકટ થયા. પ્રભુ કૃપાથી બાલ્યાવસ્થાથી જ તે ભગવદીય બન્યા. તેમને સર્વમાં ભગવદ્‌ભાવ છે. બ્રહ્મજ્ઞાનના પ્રભાવે તેમનામાં સર્વભાવ પણ છે. આનાથી તે વૃક્ષોમાં પણ બિરાજી શકે છે અને તે દ્વારા પોતાના પિતાને પ્રત્યુત્તર આપે છે. 'તરવેડભિનેદુ' 'તં સર્વભૂતહૃદયં મુનિમાનતોડસ્મિ'. તેમના હૃદયમાં સ્ત્રી અને પુરુષ એવો ભેદ ઉત્પન્ન થયો નથી. શુદ્ધ અદ્વૈતભાવ તેમનામાં છે, આથી તે ભગવદ્રુપ જ છે. ભગવાનની લીલાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી રહ્યા છે. મંગલાચરણના ત્રીજા શ્લોકના 'શુકમુખાદમૃતદ્રવસંયુતમ્' એ પદનો ભાવ આ નામ જણાવે છે.

(૧૮) વ્યાપિવેકુંઠદાતા ચ = વ્યાપિવૈકુંઠને આપનાર

ત્રણ પ્રકારના વૈકુંઠનો ઉલ્લેખ શાસ્ત્રમાં જોવા મળે છે. (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક

(૧) આધિભૌતિક વૈકુંઠ એ ધ્રુવજીને આપેલું વૈકુંઠ છે. તે બ્રહ્માજીના ૧૦૦ વર્ષના આયુષ્ય સુધી હોય છે. પછી તે નાશ પામે છે.

(૨) આધ્યાત્મિક વૈકુંઠ લક્ષ્મીજીની પ્રાર્થનાથી પ્રભુએ રચ્યું છે. તે રમા વૈકુંઠ તરીકે પણ ઓળખાય છે. ત્યાં મર્યાદામાર્ગીય ભક્તજનો વસે છે.

(૩) આધિદૈવિક વૈકુંઠ વ્યાપિવૈકુંઠ તરીકે ઓળખાય છે. શ્રીકૃષ્ણનું બિરાજવાનું તે સ્થાન છે. રમા વૈકુંઠ અને વ્યાપિ વૈકુંઠ નિત્ય છે.

પ્રભુ પોતાના પરમ ભક્તોને વ્યાપિ વૈકુંઠ આપે છે. તે વ્યાપક જ્ઞાનઘન બ્રહ્મમય છે. ત્યાં ગયા પછી પુનઃ જન્મ મરણ થતા નથી. અહીં પ્રભુનું સતત સન્નિધાનપણું છે. આથી સંસારની માયા બાધા કરતી નથી. વ્યાપિ વૈકુંઠ માટે અથર્વોપનિષદ કહે છે:

'વૈકુંઠ ભવન યોગં ગમિષ્યતિ તદિદં પરં પુંડરીકવિજ્ઞાન ઘનમિતિ' અર્થાત્ જે કાંઈ વૈકુંઠભવનના યોગને પ્રાપ્ત કરશે તે જ કમલકોશરૂપ આ

પટેલ જીવરાજ નથુભાઈ એન્ડ કંપની, કેશોદના જયશ્રીકૃષ્ણ.

વિશ્વમાં અધિકમાં અધિક ઉત્તમ જ્ઞાન છે. અર્થાત્ આ ધામને મેળવતાં બીજું કંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી.

શ્રી ગીતાના ૧૫મા પુરુષોત્તમ યોગના છઠ્ઠા શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે:

ન તદ્ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ ।
યદ્ ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥

જેને સૂર્ય, ચંદ્ર કે અગ્નિ પ્રકાશિત નથી કરી શકતા, વળી જ્યાં જઈ પાછું આવવું પડતું નથી, તે મારું ધામ છે.

પ્રભુ આ ધામ ભક્તો સિવાય અન્યને નથી આપતા. આ નામમાં આવતો 'ચ' વ્યાપિ વૈકુંઠ આપનાર પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે, તેવું સમજાવે છે.

દરેક નામો શ્રીકૃષ્ણ એ મુખ્ય નામના વિશેષણ છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની લીલાઓનો વિસ્તાર પુરુષોત્તમ સહસ્રમાં છે. આ નામ વ્યાપિવૈકુંઠ રૂપ આનંદ રસના સ્વાદનો પ્રકાશ કરે છે. આ રીતે મંગલાચરણના ત્રીજા શ્લોકના 'પિબત ભાગવત રસમ્' આ પદનો ગૂઢ અર્થ તેમાં છે.

(૧૯) શ્રીમદ્ ભાગવતાગમઃ = (૧) શ્રીમદ્ ભાગવત સંહિતાની ઉત્પત્તિ કરનાર (૨) શોભાયુક્ત જેમનું ભાગવત શાસ્ત્ર છે એવા (૩) શ્રીમદ્ ભાગવતનો સર્વ રીતે બોધ આપનાર (૪) મદન (કામદેવ)ના મદની શ્રીને સંપાદન કરનાર અને ભાગ્ય રહિતથી ન જાણી શકાય તેવા.

ભગવાને બ્રહ્માજીને ચતુઃશ્લોકી ભાગવતનો સૌ પ્રથમ ઉપદેશ કર્યો છે. બીજા સ્કન્ધના નવમા અધ્યાયમાં શ્લોક ૩૧ થી ૩૪ સુધી આ વર્ણન જણાય છે.

શ્રી વ્યાસ મહર્ષિ દ્વારા ભગવાને જ શ્રી ભાગવત રૂપી મહાપુરાણની રચના કરાવી છે. પ્રથમ સ્કન્ધના સાતમા અધ્યાયમાં શ્રી વ્યાસજીએ સમાધિમાં કરેલ શ્રીભાગવત દર્શનની કથા છે.

પ્રીતિબેન ધવલચંદ્ર દોશી, સતારાના જયશ્રીકૃષ્ણ.

શ્રીભાગવત એટલે 'ભગવતા ઉદિતં ભાગવતમ્' ભગવાને કહેલું એ ભાગવત. શ્રીમદ્ એટલે શોભાવાળું.

શ્રીમદ્ ભાગવતમાં સાકાર - સર્વસમર્થ - સર્વસુંદર આનંદમય શ્રીકૃષ્ણની લીલાઓ જ છે.

રંગ અને રંગોળીની ડિઝાઈન પ્રભુની,
પૂરવણી વ્યાસજીની.
ફૂલ, દોરો, સોય સઘળું ભગવાનનું,
માલાની ગૂંથવણી વ્યાસજીની.
કલા સાહિત્ય પ્રભુનું. કલાકાર વ્યાસજી.

લીલા અને સ્વરૂપ પ્રભુનાં, રજૂઆત ક્રમ વ્યાસજીનો. રંગ પૂરેલી તૈયાર રંગોળી જ પ્રભુએ દીધી. વ્યાસે જગતમાં રજૂ કરી.

વ્યાસજી ભગવદીય દષ્ટા છે. સંયોજક કે નિર્દેશક છે.

લીલા વિષ્ણુ (પુરુષોત્તમ)ની, વ્યક્ત કરી વિષ્ણુની જ્ઞાનકલા (વેદવ્યાસ)એ, વિસ્તાર કર્યો વૈષ્ણવે (શિવજીના અવતાર શ્રી શુકે).

લીલા ભગવાનની, જોઈ ભગવદ્ અવતાર, ગાઈ ભગવદ્‌ભક્તે
વિહાર કૃષ્ણનો વિચાર કૃષ્ણ દ્વૈપાયનનો પ્રચાર કૃષ્ણ ભક્તનો

લૌકિક કામના કેફથી ઉન્મત્ત બનેલા સંસારીઓનું એ જ દુર્ભાગ્ય કે ભગવાન તેમને પ્રાપ્ત થતા નથી.

શ્રી ભાગવત ભગવદ્ રૂપ છે. તેથી તે રસના 'આલય' સ્થાનરૂપ છે. રસિક અને ભાવુક ભક્તો આ રસના સેવન કરનાર અધિકારી છે. આમ આ નામ 'આલય મુહુરકો રસિકા' ભુવિ ભાવુકા :' ત્રીજા મંગલાચરણના આ પદનો ગૂઢ અર્થ બતાવે છે.

(આ નામના વિવરણમાં શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ લેખક પ. ભ. શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી (નડિયાદ)નો સહારો પણ લીધો છે. તે માટે ગ્રંથ અને લેખક બંનેનો આભારી છું.)

ઉમાબેન ધવલચંદ્ર દોશી, સતારાના જયશ્રીકૃષ્ણ.

પ્રથમ સ્કન્ધના પ્રથમ અધ્યાયના મંગલાચરણના ત્રણ શ્લોકોમાં આ ઓગણીસ નામોનો સમાવેશ થઈ જાય છે.

શુકવાગમૃતાબ્ધીન્દુઃ - શૌનકાદ્યખિલેષ્ટદઃ ।
ભક્તિપ્રવર્તકસ્રાતા, વ્યાસ ચિન્તાવિનાશકઃ ॥૧૨॥

(૨૦) શુકવાગમૃતાબ્ધીન્દુઃ = શુકદેવજીની વાણીરૂપ અમૃતના સાગરને મથતાં તેમાંથી નીકળેલા શ્રીકૃષ્ણચંદ્ર.

શ્રીશુકજીની વાણી સુધા-અમૃત તુલ્ય છે. આવી વાણી એટલે જ શ્રીમદ્‌ભાગવત. આથી જ આગળ મંગલાચરણમાં કહ્યું: 'શુકમુખાદમૃત-દ્રવસંયુતમ્' શ્રીભાગવત કેવળ સુધા-અમૃત નથી પણ અમૃતનો સમુદ્ર છે. ભૌતિક સાગર ગંભીર છે. ગહન છે. ઉદારતા વગેરે ગુણોવાળો છે. આ જ રીતે શ્રીભાગવત સાગરમાં આવા અસંખ્ય અલૌકિક ગુણો છે. તેનો અભ્યાસ કે પાઠ કરનારા ભક્તોમાં આવા ગુણો પ્રાપ્ત થયા હોય તેવું દેખાય છે.

જેમ સાગરનું મંથન થતાં તેમાંથી નીકળેલા ચૌદ રત્નો પૈકી એક રત્ન તે ચંદ્ર.

તેમ વિવેક, ધૈર્ય, આશ્રય જેવા અલૌકિક રત્નોથી ખચિત શ્રીભાગવત સાગરના મંથનથી આનંદ રસરૂપ શ્રીકૃષ્ણચંદ્ર પ્રકટ થયા છે.

શ્રીભાગવત સુધા સાગરનું શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલ સાત અર્થો દ્વારા મંથન કરતાં હૃદય આકાશમાં શ્રીકૃષ્ણચંદ્ર પ્રગટ થાય છે.

શ્રીશુકદેવજી તથા પરીક્ષિતજી દ્વારા જ ધરા પર શ્રીભાગવતધારાનો પ્રચાર છે. આમ શ્રીશુકજીનાં વચનામૃત એટલે શ્રીભાગવત સાગર. તેના વડે શ્રીકૃષ્ણચંદ્રનો પૃથ્વી પર પ્રકાશ થયો છે.

(૨૧) શૌનકાદ્યખિલેષ્ટદઃ = શૌનકાદિ મુનિઓને સંપૂર્ણ, સર્વોત્તમ ઈષ્ટવસ્તુ(ભક્તિ) નું દાન આપનારા.

શ્રીવ્યાસમહર્ષિજીએ પ્રથમ ત્રણ શ્લોકમાં મંગલાચરણ કર્યું. ત્યાર બાદ ચોથા શ્લોકથી કથાત્મક શ્રીમદ્‌ભાગવતનો પ્રારંભ થાય છે.

શ્રી સત્સંગ મંડળ, સતારાના જયશ્રીકૃષ્ણ.

નૈમિષારણ્ય નામનું ક્ષેત્ર છે. આ ક્ષેત્રના દેવતા અનિમિષ અર્થાત્ વિષ્ણુ ભગવાન છે. આંખના પલકારા જેટલા ઓછા સમયમાં જયાં ખરાબ વિચારો શાંત થઈ જાય તેવું પુણ્યમય તપસ્થાન નૈમિષારણ્ય છે.

આ પાવન ધરતી પર ૮૮ હજાર મહર્ષિઓ બિરાજે છે. તેમના એક કુલપતિ છે. તેમનું નામ શૌનકમુનિ છે. આ બધાએ સ્વર્ગલોક મેળવવા હજાર વર્ષનું સત્ર કર્યું. તેનું નામ 'સહસ્રસમં' છે. આ હજાર વર્ષના સત્રમાં મૃત્યુદેવને પણ નિમંત્રેલા જેથી વચ્ચે કોઈનું મૃત્યુ ન થાય.

શ્રીબલદેવજીની તીર્થયાત્રા વખતે, પરીક્ષિતના રાજ્ય સમયે અને જન્મેજયના સમયમાં પણ આ સત્ર ચાલુ હતું. આ સત્રમાં પ્રભુની કથા કરવાનો દિવસ આવ્યો ત્યારે સૂતજી આવ્યા. મુખ્યપણે પુરાણકથા કરનારા રોમહર્ષણ સૂત છે. બલદેવજીએ તેમનો વધ કરેલો. અહીં નૈમિષારણ્યમાં રોમહર્ષણજીના પુત્ર ઉગ્રશ્રવા આવ્યા છે. તેમણે કથા કરી છે.

શૌનકાદિએ સૂતજીને ભાગવત સંબંધી પ્રશ્નો પૂછયા. તે પ્રશ્નોમાં શ્રદ્ધા હતી. ભગવદ્ગુણાનુવાદ માટેની જીજ્ઞાસા હતી. શ્રીભાગવત માહાત્મ્યમાં આવા સાત પ્રશ્નો ઋષિઓએ પૂછયા છે. (૧) કથાસાર સંભળાવો (૨) ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યથી પ્રાપ્ત થતો વિવેક વધે કઈ રીતે? (૩) માયાથી થતા મોહને વૈષ્ણવો કઈ રીતે દૂર કરે છે? (૪) ઈન્દ્રિયોના ભોગભોગવીને દુઃખી થતા લોકોના કલેશને દૂર કરવાનું સાધન કયું? (૫) પરમ કલ્યાણકારી સાધન શું? (૬) પરમ પાવન શું? (૭) ભગવાન કૃષ્ણને મેળવી આપનારું નિત્ય સાધન કયું?

ભગવાનના છ ધર્મ અને સાતમા ધર્મી પોતે છે. આમ તે સૂચક આ સાત પ્રશ્નો છે.

પ્રથમ સ્કંધમાં ઋષિઓએ છ પ્રશ્નો પૂછ્યા. પ્રથમ પ્રશ્નમાં **પુંસામેકાન્તતઃ શ્રેયસ્તન્નઃ શંસિતુમર્હસિ** અર્થાત્ મનુષ્ય માત્રના પૂર્ણશ્રેય વિષે કહો. (૨) જે સૌને સુગમ હોય તેવો સાર કહો (૩) સ્વતંત્ર ભગવાન પરતંત્ર દેવકીજીમાં કેમ પ્રકટયા? (૪) ભગવાનના ઉદાર કર્મ તથા શુભ અવતાર કથાઓ કહો (૫) ભગવાન કૃષ્ણ માનવ જેવું સ્વરૂપ બનાવે છે. તેમની લીલાઓ કહો (૬) ભગવાન પધાર્યા પછી ધર્મ કોને શરણે ગયો?

શીલા રામનાથ શેઠ, પુનાના જયશ્રીકૃષ્ણ. હ. સુનિલભાઈ શેઠ

ભગવાન છ ગુણવાળા છે તેથી તે સંબંધે આ છ પ્રશ્નો છે. પ્રત્યેક ગુણ બે-બે સ્કન્ધથી વર્ણવ્યો છે.

વેદ બે કાંડનો છે. પૂર્વકાંડ-કર્મ અને ઉત્તરકાંડ-જ્ઞાન. છ પ્રશ્નો પૈકી પ્રથમ બે આ ધર્મ અને જ્ઞાન સાથે સંબંધિત છે. ચતુર્મૂતિ શ્રીકૃષ્ણના સંબંધે પછીના ચાર પ્રશ્નો છે. આમ પ્રથમ સ્કંધનો પ્રથમ અધ્યાય પ્રશ્નાધ્યાય છે. શ્રીમદ્ ભાગવતમાં આ છ પ્રશ્નો બીજરૂપ છે. આ છ પ્રશ્નોના ઉત્તર રૂપે સમગ્ર શ્રીભાગવત છે.

કર્મપરાયણ શૌનકાદિ ઋષિઓની કર્મમાં ગૌણતા કરાવી પ્રભુ પર ભક્તિ ઉત્પન્ન કરાવી તે પ્રભુ પ્રેરણાનો પરિપાક છે. ભગવદ્ અનુગ્રહ વગર ભક્તિયોગ પ્રાપ્ત કરવો અસંભવ છે. આથી જ સર્વથી ઉત્તમ એવા ભક્તિયોગ (શૌનકાદિનું ઈષ્ટ) આપનાર પુરૂષોત્તમ છે.

(૨૨) ભક્તિ પ્રવર્તકઃ = ભક્તિ અને ભક્તિમાર્ગનો પ્રચાર કરનાર

શ્રીઠાકોરજીએ ઉદ્ધવ અને અર્જુનને સ્વમુખે ભક્તિ અને ભક્તિ-માર્ગનો પ્રચાર કર્યો છે. નારદ, શુકદેવજી તથા સૂતજી દ્વારા શ્રીભાગવત કથા માધ્યમથી ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો છે.

શ્રીભાગવત વ્યાસ મહર્ષિજીની સમાધિભાષા છે. વ્યાસમહર્ષિજી કૃષ્ણની સંપૂર્ણજ્ઞાન કલાનો અવતાર છે. જ્ઞાનાવતાર દ્વારા જ ભક્તિસંહિતા (શ્રીભાગવત) નો પ્રચાર એ જ ભક્તિ પ્રવર્તક શ્રીઠાકોરજીની ઓળખ સ્પષ્ટ કરે છે.

નૈમિષારણ્યમાં વેદજ્ઞાતા શૌનકાદિ ઋષિઓ દ્વારા સહસ્રસમ સત્ર થવો, તેમાં સૂતપુરાણીજીનું પધારવું, તેમને શૌનકજીએ ભાગવત સંબંધી પ્રશ્નો પૂછવા, તેના જવાબમાં સૂતજીએ ભાગવતકથા કરવી, આ બધું જ ભગવાનની પ્રેરણાથી થયું છે. ભગવાને કથાના માધ્યમથી કૃપા કરી કર્મની મુખ્યતાવાળા ઋષિઓના હૃદયમાં ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું છે.

એક વૈષ્ણવ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

(૨૩) **ત્રાતા** = રક્ષણ કરનારા

શ્રીઠાકરોજી નિર્દોષ છે. સમ છે, પણ પોતાના આશ્રિત જનોનું રક્ષણ કરનારા છે. એક કાવ્યમાં આ સિદ્ધાંત દૃષ્ટાંતોથી ગાયો છે.

હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે
જેની સૂરતા શામળિયાની સાથ વદે વેદવાણીરે
વહાલે ઉગાર્યો પ્રહ્લાદ હિરણ્યકશ્યપ માર્યો રે,
વિભિષણને આપ્યું રાજ પોતાનો કરી સ્થાપ્યો રે

શ્રી ભાગવતના પ્રથમ સ્કંધના ૭મા અને ૮મા અધ્યાયમાં પાંડવોની રક્ષા કર્યાની કથા છે.

'ભગવાન ભક્ત ભક્તિમાન' - ભગવાન ભક્તની ભક્તિ કરે છે એ શ્રી ભાગવત વાક્ય છે. આપશ્રી ભક્તિમાર્ગના સ્થાપક છે, તેથી જ ભક્તો માટે પક્ષપાત કરે છે. કૃપા કરે છે. આથી ભક્તોના દુઃખો અને દુર્ગુણો દૂર ભાગે છે. અમંગલ મટી જાય છે. પાપ પુંજનો પ્રલય થઈ જાય છે.

ન ક્રોધો ન ચ માત્સર્ય ન લોભો નાશુભા મતિઃ ।
ભવતિ કૃતપુણ્યાનાં ભકતાનાં પુરુષોત્તમે ॥૧॥
ન વસુદેવ ભકતાનામશુભં વિદ્યતે કવચિત્
જન્મમૃત્યુજરાવ્યાધિભયં નાપ્યુપજાયતે ॥૨॥

પુરુષોત્તમની ભક્તિ કરનારા ભક્તો પુણ્યવાન છે. તેમને ક્રોધ, માત્સર્ય, લોભ, અશુભ બુદ્ધિ વગેરે પ્રાપ્ત થતાં નથી.

આ જ રીતે વાસુદેવ શ્રીકૃષ્ણના ભક્તોનું કોઈ દિવસ અશુભ અમંગલ થતું નથી. જન્મ, મરણ, જરા, રોગ વગેરેનો ભય થતો નથી.

પ્રભુ તેમના રક્ષક હોવાથી તેમને સુખ શાંતિ છે.

બૃહદ્નારદીય પુરાણમાં કહ્યું છે.

યસ્યદેવે પરાભક્તિઃ વિભૌ નારાયણેઽવ્યયે ।
તસ્ય સ્યાત્સફલં જન્મ મુક્તિશ્ચૈવ કરે સ્થિતા ॥૧॥

ગો.વા. દૂધીબેન લક્ષ્મીચંદ સાંગાણી, મુંબઈના જયશ્રીકૃષ્ણ. હ. મનુભાઈ સાંગાણી

અવ્યય (નિર્વિકાર) નારાયણ વિભુમાં જેમને પૂર્ણ ભક્તિ છે. તેમનો જ જન્મ સફળ છે. તેમના હાથમાં જ મુક્તિ છે.

ધર્માર્થકામમોક્ષાખ્યાઃપુરુષાર્થા દ્વિજોત્તમાઃ ।
હરિભકિતપરાણાં વૈ સંપદ્યન્તે ન સંશયઃ ॥૨॥

શ્રીહરિભક્તિ પરાયણ જનોના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થો સિદ્ધ થાય છે. આમાં કાંઈ પણ સંશય નથી.

યથા જલૌ કસાં નિત્યં જીવનં સલિલં મતમ્ ।
તથા સમસ્તસિદ્ધાનાં જીવનં ભકિતરિષ્યતે ॥૩॥

જળમાં જીવનારા જીવોનું જીવન જળ છે. તે રીતે સમસ્ત સિદ્ધપુરુષોનું જીવન પ્રભુભક્તિ છે.

યથા ભૂમિં સમાશ્રિત્ય સર્વે જીવન્તિ જન્તવઃ ।
તથા ભકિતં સમાશ્રિત્ય સર્વકર્માણિ સાધયેત્ ॥૪॥

ભૂમિનો આશ્રય કરી જે રીતે સર્વ જંતુઓ જીવે છે તે રીતે પ્રભુભક્તિના આશ્રયે સર્વ કર્મો સિદ્ધ થાય છે.

આમ ભક્તિ જ ભગવદ્પ્રાપ્તિનું મુખ્ય સાધન છે. આવી ભક્તિનો પ્રચાર કરવો અને તેવી ભક્તિવાળા ભક્તોનું રક્ષણ કરવું તેવો પ્રભુનો સ્વભાવ છે.

(૨૪) **વ્યાસ ચિન્તા વિનાશક** : વ્યાસજીની ચિંતાનો નાશ કરનારા.

શ્રીવ્યાસજીએ એકવાર સમાધિ કરી. તેમાં કાલ પ્રભાવથી ધર્મ અને પદાર્થનો નાશ જોયો. કલિયુગમાં લોકો શક્તિ અને સ્વાધ્યાય વગરના થયેલા જોયા. પોતાની દિવ્યદૃષ્ટિથી બધાને ખેતી અને વરસાદ વગર પીડાતા જોયા. શ્રદ્ધા, બલ અને વિવેક રહિત જોયા. બુદ્ધિ વગરના પણ અભિમાન યુક્ત જોયા. અલ્પ આયુષ્ય તથા દુર્ભાગી જોયા. શ્રીવ્યાસજીએ આથી સૌના હિતનો વિચાર કર્યો.

વ્યાસ મહર્ષિએ આ માટે એક વેદના ચાર ભાગ કર્યા. ઈતિહાસ પુરાણ

ક્રિશ્રા ઠક્કર, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

રૂપ પાંચમો વેદ પ્રકટ કર્યો. સ્વતંત્રપણે સ્ત્રી, શૂદ્ર, પતિત, સંસ્કાર રહિત બ્રાહ્મણ વગેરેનો (શ્રુતિ)-વેદમાં શ્રવણ અધિકાર નથી. તે સૌના કલ્યાણ માટે 'ભારત'ની રચના કરી.

આમ વ્યાસજીએ પરોપકાર ધર્મ કર્યો છતાં અંતઃકરણને સંપૂર્ણ સંતોષ ન થયો. વ્યાસજી વિચારવા લાગ્યા. કે મહાભારતમાં વેદના અર્થ પ્રકટ કર્યા. સૌનું કલ્યાણ થાય એવો પ્રયત્ન કર્યો. વ્રત કર્યાં. અગ્નિ, ગુરુ વગેરેને માન આપ્યું. તેમની આજ્ઞાનું પાલન કર્યું. પાસે બ્રહ્મતેજ છે. આ બધું હોવા છતાં શાંતિ કેમ નથી?

વ્યાસજીની આ ચિંતા હતી. આ ચિંતા દૂર કરવા પ્રભુ પ્રેરણાથી ભક્ત નારદજી વ્યાસજીની પાસે આવ્યા. વ્યાસજીએ પોતાની ચિંતાનું કારણ અને તે દૂર કરવાનો ઉપાય પૂછ્યો. પ્રથમ સ્કંધના પાંચમા અધ્યાયમાં આ કથા છે. 'તથાપિનાત્મા પરિતુષ્યતે...' મારો આત્મા પ્રસન્ન થતો નથી. વ્યાસજીની આ ચિંતા સાંભળી પ્રભુપ્રેરેલા નારદજી સમજાવે છે.

ભવતાનુદિતપ્રાયં યશો ભગવતોઽમલમ્ ।
યેનૈવાસૌ ન તુષ્યેત મન્યે તદ્દર્શનં ખિલમ્ ॥
(૧-૫-૮)

આપે ભગવાનના નિર્મલ યશનું ગાન પ્રાયઃ નથી કર્યું. જેનાથી ભગવાન સંતુષ્ટ નથી થતા, તે શાસ્ત્ર અને જ્ઞાન અધૂરા છે.

યથા ધર્માદયશ્ચાર્થા મુનિવર્યાનુકીર્તિતાઃ ।
ન તથા વાસુદેવસ્ય મહિમા હ્યનુવર્ણિતઃ ॥
(૧-૫-૯)

આપે ધર્મ વગેરે પુરુષાર્થોનું જેવું નિરૂપણ કર્યું છે, ભગવાન શ્રીકૃષ્ણના મહિમાનું તેવું નિરૂપણ નથી કર્યું.

ન યદ્વચશ્ચિત્રપદં હરેર્યશો જગત્પવિત્રં પ્રગૃણીત કર્હિચિત્ ।
તદ્વાયસં તીર્થમુશન્તિ માનસા ન યત્ર હંસા નિરમન્ત્યુશિકક્ષયાઃ ॥
(૧-૫-૧૦)

હસુમતીબેન મંગળદાસ મોદી, મુંબઈના જય જય શ્રીગોકુલેશ.

રસ - ભાવ - અલંકાર યુક્ત વાણી ભલે હોય પણ જગતને પવિત્ર કરનાર ભગવાન શ્રીકૃષ્ણના યશનું ગાન ન થયું હોય તો તે કાગડાઓના તીર્થ જેવી અપવિત્ર વાણી છે. માનસરોવરના કમનીય કમલવનમાં જેમ હંસો વિહરે છે તેમ ભગવાનના ચરણકમલોના આશ્રિત પરમહંસો બ્રહ્મધામમાં વિહાર કરે છે. તેમને પેલા કાગડાઓના તીર્થમાં રમણ કરવું નથી હોતું.

એતત્સંસૂચિતં બ્રહ્મસ્તાપત્રયચિકિત્સિતમ્ ।
યદીશ્વરે ભગવતિ કર્મ બ્રહ્મણિ ભાવિતમ્ ॥
(૧-૫-૩૨)

સમસ્તકર્મો પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત કરવા. સંસારના ત્રિવિધ તાપની એક માત્ર ઔષધિ આ જ છે.

ત્વમપ્યદભ્રશ્રુત વિશ્રુતં વિભોઃ સમાપ્યતે યેન વિદાં બુભુત્સિતમ્ ।
આખ્યાહિ દુઃખૈર્મુહુરર્દિતાત્મનાં સંક્લેશ નિર્વાણમુશન્તિનાન્યથા ॥
(૧-૫-૪૦)

હે વ્યાસજી! આપનું જ્ઞાન પૂર્ણ છે. આપ ભગવાનની પ્રેમમયી લીલાનું વર્ણન કરો. આનાથી જ મોટા મોટા દુઃખીઓની જિજ્ઞાસા સંતોષાય છે. વારંવાર દુઃખમાં રીબાતા લોકોના દુઃખની શાંતિ આનાથી થઈ શકે છે. બીજો કોઈ ઉપાય નથી.

અથો મહાભાગ ભવાનમોઘદૃક્ શુચિશ્રવાઃ સત્યરતો ધૃતવ્રતઃ ।
ઉરુક્રમસ્યાખિલબંધમુક્તયે સમાધિનાનુસ્મર તદ્વિચેષ્ટિતમ્ ॥
(૧-૫-૧૩)

હે મહાભાગ વ્યાસજી! આપની દૃષ્ટિ અમોઘ છે. આપની કીર્તિ પવિત્ર છે. આપ સત્યપરાયણ અને દૃઢ વ્રત છો. બધા જીવોને બંધન મુક્ત કરવા આપ સમાધિ દ્વારા અચિન્ત્યશક્તિ ભગવાનની લીલાઓનું સ્મરણ કરો.

અને નારદજી કાર્યાવેશી ભગવાન છે. વ્યાસજીની ચિંતાને દૂર કરવા ભગવાન જ નારદરૂપે પધાર્યા છે. શ્રી વ્યાસજીએ આ આજ્ઞા પ્રમાણે શ્રીમદ્ ભાગવત રચ્યું અને તેમની ચિંતા દૂર થઈ.

મંજુલાબેન આશર, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

સર્વસિદ્ધાન્તવાગાત્મા, નારદાદ્યખિલેષ્ટદઃ ।
અન્તરાત્મા ધ્યાનગમ્યો, ભક્તિરત્ન પ્રદાયકઃ ॥૧૩॥

(૨૫) સર્વસિદ્ધાન્તવાગાત્મા = (૧) સર્વ સિદ્ધાન્તનું નિરૂપણ કરનારી વાણીના સ્વરૂપવાળા (૨) બધા સિદ્ધાંતોની વાણીમાં જેમનું સ્વરૂપ છે એવા (૩) સઘળા કપિલાદિ સિદ્ધ પુરુષોના અંતરમાં વાણી રૂપે બિરાજેલા (૪) સર્વ પ્રકારની વાણીમાં સિદ્ધાંત સ્વરૂપ સમાધિ ભાષા છે તે વાણી રૂપ આપનું સ્વરૂપ છે.

સિદ્ધાંત વાણી એટલે શું? અહીં સિદ્ધાંત અને વાણી એમ બે શબ્દો છે. સિદ્ધાંત એટલે વાદી અને પ્રતિવાદીઓના શાસ્ત્રાર્થ કરવાથી જે અર્થનો નિર્ણય થયો તેનું નામ સિદ્ધાંત. આ સિદ્ધાંતનું કથન કરે તે વાણી. આમ આ સિદ્ધાંત વાણી કહેવાય. આવી વાણી ફળરૂપ હોય છે.

સર્વ પ્રકારની વાણીમાં સિદ્ધાન્ત સ્વરૂપ - ફળ સ્વરૂપ વાણી શ્રીભાગવત છે. તે સમાધિભાષા છે. ભગવાન વ્યાસજીને તે સમાધિમાં પ્રાપ્ત થઈ છે. શ્રીભાગવત ભગવાનનું જ સ્વરૂપ છે. વેદ, ગીતા વગેરે શાસ્ત્રોની વાણીમાં (સિદ્ધાંતમાં) પ્રભુનું જ સ્વરૂપ છે. સિદ્ધાંત ભગવદ્સ્વરૂપ સંબંધી છે તેથી તે પ્રમેય રૂપ છે. માત્ર ભગવાનમાં જ પ્રમેય બળ હોય છે. આથી સિદ્ધાંત રૂપ વાણી ભગવન્મયી જ હોય. તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

શ્રી ભાગવતમાં અનેક વાદોના સિદ્ધાંતો સમાવિષ્ટ છે. શ્રી ભાગવત માહાત્મ્યના છઠ્ઠા અધ્યાયનો ૮૨મો શ્લોક જોઈએ.

શ્રીમદ્ભાગવતં પુરાણ તિલકં યદ્વૈષ્ણવાનાં ધનં
યસ્મિન્ પારમહંસ્ય મેવમમલં જ્ઞાનં પરં ગીયતે ।
યત્ર જ્ઞાનવિરાગ ભક્તિસહિતં નૈષ્કર્મ્યમાવિષ્કૃતં
તત્શ્છૃણ્વન્ પ્રપઠન્ વિચારણપરો ભક્ત્યા વિમુચ્યેન્નરઃ ॥

અર્થાત્ : શ્રી ભાગવત પુરાણોમાં તિલક (શ્રેષ્ઠ) છે. વૈષ્ણવોનું ધન છે.

ગો.વા. લીલાવતીબેન દ્વારકાદાસ જોષી, કોડીનારના જયશ્રીકૃષ્ણ.

તેમાં પરમહંસોને પ્રાપ્ત થયેલ વિશુદ્ધ જ્ઞાનનું જ વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સહિત નિવૃત્તિ માર્ગને પ્રકાશિત કરવામાં આવ્યા છે. જે પુરુષ ભક્તિપૂર્વક તેના શ્રવણ, પઠન અને મનનમાં તત્પર રહે છે તે મુક્ત થઈ જાય છે.

આ જ રીતે શ્રી ભાગવતમાહાત્મ્યના ત્રીજા અધ્યાયમાં ૬૨મો શ્લોક જોઈએ.

તેનેયં વાઙ્મયી મૂર્તિઃ પ્રત્યક્ષા વર્તતે હરેઃ ।
સેવનાચ્છ્રવણાત્પાઠાત્ દર્શનાત્પાપનાશિની ॥

અર્થાત્ : આ ભગવાનની સાક્ષાત્ શબ્દમયી મૂર્તિ (સ્વરૂપ) છે. તેના સેવન, શ્રવણ, પાઠ અથવા દર્શન માત્રથી જ મનુષ્યના બધા પાપ નષ્ટ થઈ જાય છે.

કપિલ, સનકાદિ વગેરે સિદ્ધ પુરુષો છે. કારણ કે તેમના અંતઃકરણમાં સદાય બ્રહ્મજ્ઞાન જ સિદ્ધ થઈને બિરાજે છે. આમ તેમના અંતઃકરણમાં પ્રભુ જ વાણી રૂપે બિરાજે છે. આથી આવા સિદ્ધજનોની વાણી જ્યાં હશે ત્યાં પ્રભુનું જ પ્રતિપાદન કરતી હશે. પ્રભુભક્તિ જ દર્શાવતી હશે. ભગવદ્ જ્ઞાનને જ પ્રકાશિત કરતી હશે. આમ જેમની વાણીમાં શ્રી ભગવાન જ બિરાજતા હોય તે વાણી લૌકિક વસ્તુનું વર્ણન જ ક્યાંથી કરે? આમ સિદ્ધ પુરુષોની વાણી રૂપે પણ ભગવાન જ છે.

(૨૬) નારદાદ્યખિલેષ્ટદ : = નારદ વગેરેને સર્વથી શ્રેષ્ઠ ઈષ્ટિ પ્રાપ્તિ કરાવનાર - સર્વથી શ્રેષ્ઠ લાભ આપનાર.

નારદજીને ભગવત્ પ્રાપ્તિ થઈ. સર્વોત્તમ ધર્મ ભક્તિ છે. આ દાન કરનારા પ્રભુ છે. નારદજીને જ્ઞાન, ઐશ્વર્ય અને ભગવદ્ભાવની પ્રાપ્તિ થઈ છે. આ કથા શ્રીભાગવતમાં પ્રથમ સ્કન્ધના પાંચમા અધ્યાયમાં ૨૩ થી ૨૮ સુધીના શ્લોકોમાં આ પ્રમાણે છે. શ્રી નારદજી શ્રી વ્યાસમુનિને કહે છે:

પાછલા કલ્પમાં મારા પૂર્વજીવનમાં હું વેદવાદી બ્રાહ્મણોની એક

હ. નિલમબેન વિનુભાઈ જોષીના જયશ્રીકૃષ્ણ.

દાસીનો પુત્ર હતો. તે યોગીઓ વર્ષાઋતુમાં એક સ્થાન પર ચાતુર્માસ્ય કરતા હતા. નાનપણમાં જ હું તેમની સેવામાં નિયુક્ત થયો.

આમ તો હું બાલક હતો, તો પણ કોઈ પ્રકારની ચંચલતા કરતો ન હતો. જીતેન્દ્રિય હતો. રમવાથી દૂર રહેતો હતો અને આજ્ઞા પ્રમાણે તેમની સેવા કરતો હતો. હું ખૂબ ઓછું બોલતો. મારા આ સ્વભાવને જોઈ સમદર્શી મુનિઓએ મારા પર અત્યંત અનુગ્રહ કર્યો.

તેમની અનુમતિથી તેમના ઉચ્છિષ્ટ ભોજનને હું એકવાર ખાઈ લેતો. આનાથી મારા પાપ ધોવાઈ ગયા. આ પ્રકારે એમની સેવા કરતાં મારું હૃદય શુદ્ધ બની ગયું. તેઓ જેવું ભજન-પૂજન કરતા હતા, તેમાં મારી પણ રૂચિ થઈ ગઈ.

આ મહાત્માઓ લીલાગાનમાં પરાયણ હતા. તેઓના સત્સંગમાં, તેમના અનુગ્રહથી હું નિત્ય શ્રીકૃષ્ણની મનોહર કથાઓ સાંભળતો. શ્રદ્ધાપૂર્વકના મારા શ્રવણના લીધે પ્રિયકીર્તિ ભગવાનમાં મારી રુચિ થઈ ગઈ.

ભગવાનમાં રુચિ થવાથી મનોહરકીર્તિ પ્રભુમાં મારી બુદ્ધિ પણ નિશ્ચલ બની ગઈ. આવી બુદ્ધિ થતાં આ સંપૂર્ણ જગતને માયાથી કલ્પિત જોવા લાગ્યો.

શરદ અને વર્ષાઋતુમાં આ મહાત્માઓ ત્રણે સમય શ્રીહરિના નિર્મળ યશનું સંકીર્તન કરતા. તે પ્રત્યેક વાત હું પ્રેમથી સાંભળતો. આનાથી રજો તથા તમોગુણનો નાશ કરનારી ભક્તિનો મારા હૃદયમાં પ્રાદુર્ભાવ થયો. પ્રથમ સ્કન્ધના છઠ્ઠા અધ્યાયમાં શ્લોક પાંચથી ૩૭ સુધી જોતાં નારદજી પર થયેલી કૃપા સમજાય છે.

જ્ઞાનનો ઉપદેશ કરનારા મહાત્માઓ જ્યારે ચાલ્યા ગયા ત્યારે મારી ઉંમર નાની હતી પણ તે પ્રકારનું જીવન મેં વ્યતીત કર્યું.

હું મારી માનો એક માત્ર છોકરો હતો. તે એક તો સ્ત્રી હતી, મૂઢ હતી અને દાસી હતી. મને પણ તેના સિવાય બીજો કોઈ સહારો ન હતો. મારી માએ તેના સ્નેહપાશથી મને જકડી રાખ્યો હતો.

ગો.વા. વિરેન્દ્રકુમાર ત્રિકમલાલ મણીયાર, વિસનગરના જયશ્રીકૃષ્ણ. હ. સુલોચનાબેન

તે મારા યોગક્ષેમની ખૂબ ચિંતા કરતી હતી. પણ તે પરાધીન હોવાથી કશું કરી શકતી નહતી. જેમ કઠપુતલી તેને નચાવનારની ઈચ્છા અનુસાર જ નાચે છે, તે જ રીતે આ સમગ્ર લોક ઈશ્વરને આધીન છે.

હું પણ માના સ્નેહબંધનથી તે બ્રાહ્મણ વસ્તીમાં જ રહ્યો. મારી ઉંમર માત્ર પાંચ વર્ષની હતી. મને દિશા, દેશ અને કાલના સંબંધમાં જરા પણ જ્ઞાન હતું નહીં.

એક દિવસ ગાય દોહવા મારી મા રાત્રિ સમયે ઘરની બહાર નીકળી. રસ્તામાં એનો પગ સાપને અડ્યો. સાપે માને ડસી દીધી. આમાં સાપનો દોષ શું? કાલની આવી જ પ્રેરણા હતી.

ભક્તોનું મંગલ ચાહનારા ભગવાનનો આ પણ એક અનુગ્રહ જ છે, તેવું હું સમજ્યો. ત્યારબાદ હું ઉત્તર દિશામાં ચાલી નીકળ્યો.

માર્ગમાં મને અનેક ધન-ધાન્યથી સમ્પન્ન દેશ, નગર, ગામ, અહીરોની હરતીફરતી વસ્તીઓ, નદી, પર્વત, તટવર્તી પડાવ, વાટિકાઓ વન-ઉપવન અને રંગબેરંગી ધાતુઓથી યુક્ત પર્વતો જોવા મળ્યા. ક્યાંક જંગલી વૃક્ષો હતા, જેને મોટી મોટી શાખાઓ હાથીઓએ તોડી નાંખી હતી. જળાશયો હતા, તેમાં દેવતાઓને કામ આવે તેવા કમલ હતા. તેના ઉપર કલરવ કરતાં પક્ષીઓ મંડરાઈ રહ્યાં હતાં. આ બધું જોતો હું આગળ વધ્યો. હું એકલો જ હતો. આટલો લાંબો રસ્તો પાર કરતાં મેં એક ઘોર જંગલ જોયું. તેમાં સાપ, ઉલ્લૂ, શિયાળ વગેરે ભયંકર જીવો રહેતા હતા.

ચાલતા ચાલતાં હું થાકી ગયો. મને ભૂખ અને તરસ લાગી હતી. ત્યાં એક નદી મળી. ત્યાં મેં સ્નાન, જલપાન અને આચમન કર્યું. આનાથી મારો થાક દૂર થયો.

વનમાં એક પીપળાના ઝાડ નીચે બેસી ગયો. પરમાત્માનું ધ્યાન મનમાં કરવા લાગ્યો. મારું ચિત્ત ભક્તિભાવથી વશ થયેલું હતું. ભગવદ્ પ્રાપ્તિની

કિશોર નંદલાલ પરીખ (ભરૂચ-પાટણ) પરિવારના જયશ્રીકૃષ્ણ.

ઉત્કટ લાલસા હતી. પ્રભુના ચરણકમલના ધ્યાનથી મારી આંખમાં આંસુ આવી ગયા. હૃદયમાં ધીરે ધીરે ભગવાન પ્રકટ થવા લાગ્યા.

તે વખતે પ્રેમભાવના ઉદ્રેકથી મારું રોમ રોમ પુલકિત થઈ ગયું. હૃદય શાંત અને શીતલ થઈ ગયું. તે આનંદના પૂરમાં હું ડૂબી ગયો. મને પોતાનું કે બીજું જરાય ભાન ન રહ્યું.

ભગવાનનું તે સ્વરૂપ અનિવર્ચનીય હતું. બધા જ શોકોનો નાશ કરનારું હતું. મનને અત્યંત લોભાવતું હતું. એકાએક તે સ્વરૂપ દેખાતું બંધ થયું. હું વિકલ થઈ ગયો. ગમગીન બની હું તે આસનથી ઊભો થઈ ગયો.

ફરી તે સ્વરૂપનાં દર્શનનો પ્રયત્ન કર્યો, પણ હું તે જોઈ શક્યો નહીં. હું અતૃપ્તની જેમ આતુર થઈ ગયો.

ભગવાન વાણીનો વિષય નથી છતાં આ રીતે મને પ્રયત્ન કરતો જોઈ ગંભીર અને મધુર વાણીથી મારા શોકને શાન્ત કરતાં તેમણે કહ્યું:

'ખેદ છે કે આ જન્મે તું મારું દર્શન નહીં કરી શકે. જેની વાસનાઓ પૂર્ણ રીતે શાંત થાય નહીં તેવા અધૂરા યોગીઓને મારા દર્શન અત્યંત દુર્લભ છે.

તારા હૃદયમાં મને પ્રાપ્ત કરવાની લાલસા જાગે તે માટે મેં એક વાર મારા રૂપની ઝલક બતાવી. જે સાધકને મને પ્રાપ્ત કરવાની આકાંક્ષા છે તે ધીરે ધીરે હૃદયની સંપૂર્ણ વાસનાઓનો ત્યાગ કરી દે છે.

થોડો સમય તેં સંતની સેવા કરી. આથી તારી ચિત્તવૃત્તિ મારામાં સ્થિર થઈ. હવે તું આ પ્રાકૃત મલિન શરીર છોડી મારો પાર્ષદ બનીશ.

મને પ્રાપ્ત કરવાનો તારો દઢ નિશ્ચય ક્યારેય પણ, કોઈપણ રીતે નહીં તૂટે. સમસ્ત સૃષ્ટિનો પ્રલય થશે તો પણ મારી કૃપાથી તને મારી સ્મૃતિ રહેશે.

મહાન પરમાત્મા આટલું કહી શાંત થયા. એમની કૃપાનો મેં અનુભવ કર્યો. ભગવાનને હું ઝૂકી પડ્યો.

દીપેન્દ્ર વૃંદાવન કક્કડ, જૂનાગઢના જયશ્રીકૃષ્ણ.

ત્યારથી લજ્જા છોડી ભગવાનના રહસ્યમય, મંગલ, મધુર નામ અને લીલાઓનું કીર્તન સ્મરણ કરવા લાગ્યો. કાલની પ્રતીક્ષા કરી. પૃથ્વી પર ફરતો રહ્યો.

આ પ્રકારે ભગવદ્કૃપાથી મારું હૃદય શુદ્ધ બન્યું. આસક્તિ દૂર થઈ. હું કૃષ્ણ પરાયણ બન્યો. કેટલાક સમય પછી મારું મૃત્યુ આવ્યું.

મારા પ્રારબ્ધ કર્મ સમાપ્ત થયા. પંચભૂતનું શરીર નષ્ટ થયું. શુદ્ધભગવત્પાર્ષદ શરીર પ્રાપ્ત થયું.

કલ્પના અંતે જે સમયે ભગવાન નારાયણ પ્રલયકાલીન સમુદ્રના જલમાં શયન કરે છે. તે સમયે તેમના હૃદયમાં શયન કરવાની ઈચ્છાથી આ સમગ્ર સૃષ્ટિને સમેટી બ્રહ્માજી જ્યારે પ્રવેશ કરવા લાગ્યા ત્યારે તેમના શ્વાસ સાથે હું પણ તેમના હૃદયમાં પ્રવેશ્યો.

એક ચતુઃ યુગ બાદ બ્રહ્માજી જાગ્યા. તેમણે સૃષ્ટિ રચવાની ઈચ્છા કરી. આ વખતે તેમની ઈન્દ્રિયોથી મરીચિ વગેરે ઋષિઓની સાથે હું પણ પ્રકટ થયો.

ત્યારથી ભગવાનની કૃપાને લીધે હું વૈકુંઠ અને ત્રણે લોકમાં અંદર બહાર રોક ટોક વગર વિચરણ કરું છું. ભગવદ્ભજન મારા જીવનનું અખંડ વ્રત છે. તે ચાલુ રહ્યું છે.

ભગવાને આપેલી આ વીણા વગાડતો હું ભગવાનની લીલાઓનું ગાન કરતો વિચર્યા કરું છું.

પ્રભુગાન કરતાં જ પ્રભુ મારા હૃદયમાં પધારી દર્શન દે છે. નિરંતર વિષય ભોગોની કામનાથી આતુર લોકો માટે પ્રભુની લીલાઓનું કીર્તન સંસાર સાગર પાર કરવા જહાજ રૂપ છે. આ મારો અનુભવ છે.

કામ અને લોભથી ઘાયલ હૃદય કૃષ્ણસેવાથી શાંતિનો અનુભવ કરે છે. યમ-નિયમ વગેરેથી પણ આવી શાંતિ મળતી નથી.

હેમલતા આઈ. શાહ,વાપીના જયશ્રીકૃષ્ણ. હ. કુંજલતા આર. કાપડીયા

આ રીતે નારદજીએ વ્યાસજીને આત્મતુષ્ટિનો ઉપાય બતાવ્યો. આમે નારદજીની જેમ અનેક સિદ્ધોને પરમ સિદ્ધિ અપાવનાર પ્રભુ જ છે.

(૨૭) અન્તરાત્મા = (૧) દરેક સ્થાવર અને જંગમ પદાર્થના આત્મા રૂપે રહેલા પ્રભુ (૨) અંતઃકરણ - મન તે રૂપે પ્રભુ.

જડ અને ચેતન સર્વના અંતરાત્મા ભગવાન છે. બીજા સ્કન્ધના ચોથા અધ્યાયમાં બારમા શ્લોકમાં શુકદેવજી કહે છે કે સમસ્ત ચર-અચર પ્રાણીઓના હૃદયમાં અંતર્યામી રૂપે પ્રભુ બિરાજે છે. શ્રૃતિ પણ કહે છે કે એ જ તારો આત્મા અંતર્યામી અને અમૃત સ્વરૂપનો છે. શ્રી ગીતાના દસમા વિભૂતિ યોગમાં પ્રભુ કહે છે કે ઈન્દ્રિયોમાં મન હું છું. મન સમર્થ છે. તેથી સમાધિમાં મુખ્ય હોવાથી પ્રભુ રૂપ છે.

(૨૮) ધ્યાનગમ્યઃ = ધ્યાનથી પ્રાપ્ત થઈ શકે એવા પ્રભુ.

ભગવાનના દર્શન કરવાનું સાધન ધ્યાન છે. ધ્યાન પૂર્વક સમાધિમાં એક ચિત્ત થવાય ત્યારે પ્રભુ જાણી શકાય. શ્રી ભાગવતમાં વ્યાસજી તેનું મુખ્ય પ્રમાણ છે. શ્રી વ્યાસજીએ સમાધિમાં જ પ્રભુના દર્શન કરેલાં. પ્રથમ સ્કન્ધના સાતમા અધ્યાયના ચોથા શ્લોકમાં છે કે શ્રી વ્યાસજીએ સમાધિમાં આદિપુરુષ પરમાત્મા તથા એમના આશ્રયે રહેતી માયાને જોઈ. એક ચિત્ત બની ધ્યાન ધરતાં જ અનેક ભક્તો પ્રભુને પ્રાપ્ત થયા છે.

(૨૯) ભક્તિ રત્ન પ્રદાયકઃ = ભક્તિરૂપી રત્નને ઉત્કર્ષ પૂર્વક દાન કરનારા.

કર્મ યોગ કે જ્ઞાન યોગ ભક્તિ વગર શોભતા નથી. પ્રહ્લાદજી કહે છે કે ભક્તિ નવ પ્રકારની છે. તે ભગવાન પ્રતિ સમર્પણના ભાવથી આચરીએ તો તે ઉત્તમ અધ્યયન છે. ભક્તિ માટે શ્રી ભાગવત સાધનરૂપ છે. માયાથી થતા અનર્થો ભક્તિયોગથી શમે છે. આવી ભક્તિ અંતિમ જન્મે કેવલ કૃષ્ણ કૃપાથી મળે.

બ્રહ્માજીને વિષ્ણુ દ્વારા, નારદજીને બ્રહ્માજીથી, વ્યાસજીને નારદ દ્વારા, શુકદેવને વ્યાસ દ્વારા અને પરીક્ષિતને શુકદેવ દ્વારા શ્રી ભાગવતનું દાન થયું. વ્રજભક્તોને પણ પ્રભુએ જ ભક્તિ આપી છે. શ્રી ભાગવત રત્ન છે. તે આપનાર પ્રભુ જ છે.

મીનાક્ષી પી. શાહ, વાપીના જયશ્રીકૃષ્ણ. હ. રમેશચંદ્ર એલ. કાપડીયા

મુક્તોપસૃપ્યઃ પૂર્ણાત્મા, મુક્તાનાં રતિવર્ધનઃ ।
ભક્ત કાર્યૈકનિરતો દ્રૌણ્યસ્ત્રવિનિવારકઃ ॥૧૪॥

(૩૦) મુક્તોપસૃપ્યઃ = (૧) જેની સમીપમાં મુક્ત પુરુષો જવા યોગ્ય છે. (૨) ભક્તજનની સમીપમાં જઈ શકે તેવા.

સદ્‌ગતિ એટલે ભગવાનના ચરણારવિંદની પ્રાપ્તિ. આ પરમગતિ છે. મુક્ત ભક્તજનો જ આ ગતિથી ભગવાન સમીપે જઈ શકે છે. તેમનામાં ભગવદ્‌ભાવ છે. તેમની રતિ, ગતિ અને મતિ ભગવાન છે. આ ભાવથી તે ભક્ત અને મુક્ત બને છે. પ્રભુના પાદપદ્મને પ્રાપ્ત કરે છે.

નિર્ગુણ સ્વરૂપમાં નિષ્ઠાવાળા શુકદેવજી ભગવાનની લીલાઓથી આકર્ષાઈ, ભાગવત ભણીને પ્રભુ સમીપ જાય છે. પ્રભુ પણ પોતાના ઉપર પૂર્ણ નિષ્ઠાવાળી પ્રેમભક્તિ જોઈ ભક્તની નજીક પધારે છે.

(૩૧) પૂર્ણાત્મા = (૧) સર્વગુણ પરિપૂર્ણ આત્મસ્વરૂપ - પરિપૂર્ણ આત્માવાળા (૨) ભક્તિ રસમાં પૂર્ણ બનેલાઓના આત્મારૂપ (૩) જેમનું સ્વરૂપ પૂર્ણ વ્યાપક છે. (૪) શુકદેવજી જેમનો આત્મા છે.

ભગવાન શ્રીકૃષ્ણ સ્વતઃપૂર્ણ છે. આનંદમય છે. ઈશાવાસ્ય ઉપનિષદ કહે છે કે તે પૂર્ણ છે. આ પૂર્ણ છે. પૂર્ણથી પૂર્ણ ઉત્કૃષ્ટ થાય છે. પૂર્ણના પૂર્ણને લઈને પૂર્ણ જ અવશેષ રહે છે. જન્મ-મરણ વગેરે ધર્મો પ્રભુમાં નથી તેથી પૂર્ણાત્મા છે.

ભગવાનના ભક્તો ભક્તિરસમાં પૂર્ણ છે. આવા ભક્તોના હૃદયમાં પ્રભુ આત્મા રૂપે ઉદય પામે છે.

સર્વગુણોથી પરમાત્માનો આત્મા પૂર્ણ છે. સૂર્ય, ચંદ્ર વગેરેમાં કંઈક તો

રાકેશ આર. શાહ, વાપીના જયશ્રીકૃષ્ણ. હ. રૂપાલી એ. કાપડીયા

દોષ છે. નિર્દોષ એકલા હરિ જ છે. સર્વગુણ રૂપ માણસોના આભૂષણોથી પ્રભુ શોભાવાળા છે.

પ્રભુ પૂર્ણ રીતે વ્યાપક છે. શ્રુતિ કહે છે કે વૃક્ષની પેઠે જે આકાશમાં રહેલા એવા તે એક પુરુષથી જગત પૂર્ણ વ્યાપી છે.

શ્રી ગીતામાં પણ નવમ અધ્યાયમાં પ્રભુ કહે છે આ જગત મારાથી પરિપૂર્ણ છે.

શુકદેવજી પૂર્ણાત્માનો આત્મા છે. શુકદેવજી ભગવદાનંદમાં અત્યંત લીન છે. આથી તે ભગવદ્રુપ છે. પૂર્ણ છે. પૂર્ણાત્માનો આત્મા છે.

(૩૨) મુક્તાનાં રતિવર્ધનઃ = મુક્ત ભક્તોની પ્રેમ-ભક્તિની વૃદ્ધિ કરનારા.

મુક્ત એટલે સંસાર બંધનમાંથી મુક્ત અને પ્રભુમાં અનુરક્ત આ બધા નિજ ભક્તો છે. પ્રભુ તેમની અલૌકિક રતિ વધારે છે. શ્રી ભાગવત (૧-૭-૧૦)માં કહ્યું છે કે પ્રભુના ગુણો સર્વને આનંદ આપે છે. આથી સર્વ પ્રભુની ભક્તિ કરે છે. શ્રી ગીતાના અઢારમા અધ્યાયમાં પ્રભુ કહે છે. ઉત્તમ ભક્ત પ્રભુજન પરાભક્તિ મેળવે છે. આ ભક્તિ સતત વધતી જ રહે છે.

(૩૩) ભક્ત કાર્યૈક નિરતઃ = (૧) ભક્તનું કાર્ય કરવામાં તત્પર (૨) ભક્તોના ભજન રૂપ કાર્યમાં રમણ કરનાર.

ભગવાન કૃષ્ણ નિજ ભક્તોના કાર્ય માટે પ્રયત્નશીલ રહે છે. તે કાર્યો સફળ કરે છે. વ્રજ ભક્તો તથા પાંડવોના બધા કાર્યો સફળ કરવા પ્રભુ તત્પર રહ્યા છે. શ્રી ગીતાના બારમા ભક્તિયોગમાં પ્રભુ કહે છે કે મારો ભક્ત મને પ્રિય છે.

શ્રી મહાપ્રભુજી ચતુઃશ્લોકી ગ્રંથમાં આજ્ઞા કરે છે કે સર્વાત્મભાવથી પ્રભુ સેવા-સ્મરણ કરનારના કાર્ય પ્રભુ સ્વયં સિદ્ધ કરે છે.

(૩૪) દ્રૌણ્યસ્ત્રવિનિવારકઃ = અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રનું વિશેષ રીતે (સારી રીતે) નિવારણ કરનારા.

કુમુદ ઈન્દ્રદમન શાહ (અમરેલીવાળા)ના જયશ્રીકૃષ્ણ.

પ્રથમ સ્કન્ધના સાતમા અધ્યાયમાં પ્રભુએ અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પાંડવોની રક્ષા કરી, તે કથા છે.

અશ્વત્થામાએ દુર્યોધનને રાજી કરવા દ્રૌપદીના સૂતેલા પાંચ બાળકો માર્યા અને નાસી ગયો. અર્જુન પાછળ પડ્યા ત્યારે તેણે બ્રહ્માસ્ત્ર ફેંક્યું. ભગવાને તે વખતે અર્જુનને બ્રહ્માસ્ત્રથી બ્રહ્માસ્ત્ર શાંત કરવા સમજાવ્યું. પ્રથમ સ્કન્ધના આઠમા અધ્યાયમાં ભગવાને સુદર્શન ચક્રથી પાંડવોને બાણોથી રક્ષ્યા છે તે બતાવ્યું છે. ઉતરાના ગર્ભનું રક્ષણ અંગુષ્ઠ રૂપે પ્રવેશીને કર્યું છે.

ભક્તસ્મયપ્રણેતા ચ, ભક્તવાક્પરિપાલકઃ ।
બ્રહ્મણ્ય દેવો ધર્માત્મા, ભક્તાનાં ચ પરીક્ષકઃ ॥૧૫॥

(૩૫) ભક્તસ્મયપ્રણેતા = (૧) ભક્તોને આશ્ચર્ય (વિસ્મય) પમાડનાર (૨) ભક્તોનો ગર્વ દૂર કરનાર.

અશ્વત્થામાએ દ્રૌપદીના પાંચ બાળકોનાં મસ્તક કાપી નાખ્યાં હતાં. અર્જુન અશ્વત્થામાને બાંધીને શિબિર પાસે લાવે છે, ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે આ અધમ બ્રાહ્મણ છે. તેને છોડતો નહીં. તેને મારી નાખ. કારણ તેણે સૂતેલા નિરપરાધ બાળકોને મારી નાખ્યા છે. બીજાને મારનાર દુષ્ટ અને ક્રૂર પુરુષનો તો વધ જ કલ્યાણકારી છે. અર્જુને પુત્રનો વધ કરનારનું માથું ઉતારી લેવાની પ્રતિજ્ઞા કરી છે, આથી કૃષ્ણ અશ્વત્થામાને મારવાનું કહે છે.

શાસ્ત્ર વચન કહે છે કે બ્રાહ્મણે અપરાધ કર્યો હોય તો પણ તેને ન મરાય. આમ શ્રીકૃષ્ણના વાક્ય વિસ્મય કરાવે છે. તે વાક્યો પરીક્ષા માટે છે.

અશ્વત્થામાએ પાંડવો તરફ પાંચ બાણ ફેંક્યાં. ભીમ વગેરેને એમ હતું કે અશ્વત્થામા શું કરી લેશે? બાણથી પોતાની રક્ષા ન કરી શક્યા. પ્રભુનું શરણ લીધું. સુદર્શનથી પ્રભુએ રક્ષ્યા. ગર્વ દીનતા વિરોધી છે. ભક્તો ગર્વ

મણીલાલ કાશીરામ પટેલ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

કરે તે પ્રભુને ન ગમે. ગોપીજનોના ગર્વને દૂર કર્યાની કથા દસમ સ્કંધમાં છે. ગીતાજી પણ કહે છે કે કેટલાક પ્રભુને આશ્ચર્યની જેમ જુએ છે. કહે છે. સાંભળે છે અને સાંભળ્યા છતાં જાણતા નથી.

(૩૬) ભક્તવાક્ પરિપાલકઃ = ભક્તની વાણીનું પાલન કરનાર.

શ્રીકૃષ્ણ અશ્વત્થામાને મારવા આજ્ઞા કરે છે. પણ દ્રૌપદી ઈચ્છે છે કે ગુરુપુત્રનો વધ ન કરવો. પ્રથમ સ્કંધના સાતમા અધ્યાયમાં-૪૦ થી ૫૮ સુધી શ્લોકોમાં દ્રૌપદીની આ ઈચ્છા દેખાય છે. અશ્વત્થામા બ્રાહ્મણ છે. પૂજનીય છે. તેના પિતા પાસે બધા વિદ્યા શીખ્યા છે. અશ્વત્થામાની મા હજી જીવે છે. પુત્ર પ્રેમને લીધે જ તે તેના પતિના મૃત્યુ પછી સતી નથી થઈ. અશ્વત્થામાના મરવાથી મારી જેમ તે પણ રોશે. આમ દ્રૌપદીની ઈચ્છાને માની કૃષ્ણ અશ્વત્થામાનો વધ અટકાવે છે. ભીષ્મપિતામહે પ્રતિજ્ઞા કરી હતી કે કૃષ્ણને હું હાથમાં શાસ્ત્ર ધારણ કરાવીશ. ભલે કૃષ્ણે નિઃશસ્ત્રની પ્રતિજ્ઞા કરી હોય. ભગવાન પોતાના ભક્તની પ્રતિજ્ઞા પાળવા પોતાની પ્રતિજ્ઞા ત્યાગે છે. ભીષ્મ સ્તુતિમાં આ જોવા મળે છે.

ભક્ત પ્રહલાદ્‌ની વાણી સત્ય કરવા સ્તંભમાંથી પ્રગટ થયા હતા.

(૩૭) બ્રહ્મણ્ય દેવઃ = (૧) બ્રહ્મમાં યોગ્ય એવા દેવ (૨) બ્રહ્મણ્ય પુરુષોમાં દેવ-ક્રીડા કરનાર, (૩) બ્રહ્મણ્ય મહાત્માઓને પ્રાપ્ત થાય તેવા (૪) બ્રહ્મનિષ્ઠો માટે પ્રકાશ પામતા (૫) બ્રહ્મ પરાયણ મહાત્માઓ વડે સ્તુતિ કરાતા.

પ્રભુ જ અક્ષર બ્રહ્મ છે અને અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ પણ છે. ગીતા આજ્ઞા મુજબ અક્ષરાદપિ ચોત્તમઃ । આમ અક્ષર બ્રહ્મ સાથે સંબંધ ધરાવે છે છતાં તેને પણ પ્રકાશિત કરે છે. બ્રહ્મમાં તલ્લીન થયેલ પુરુષો અર્થાત્ વ્રજભક્તોમાં સ્વચ્છન્દ ક્રીડા-રમણ કરનારા પણ આપ જ છે. બ્રહ્મનિષ્ઠ મુનિઓ નિરંતર ભગવાનની ઉપાસના કરે છે. આવા મુનિઓ માટે પ્રભુ અવતાર ગ્રહણ કરે છે. તેમને કૃતાર્થ કરે છે. આથી મુનીશ્વરો, યોગીશ્વરો અને ભક્તજનો તેમનું સર્વ સમર્પણ કરી સ્તુતિ કરે છે. તેમાં કહે છે કે ગાયો તથા બ્રાહ્મણોનું હિત કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

દિલીપ એ. પારેખ, ઘાટકોપર-મુંબઈના જયશ્રીકૃષ્ણ.

---

(૩૮) ધર્માત્માઃ = (૧) ધર્મ સ્વરૂપ (૨) ધર્મ-યુધિષ્ઠિરના આત્મારુપ (૩) ધર્મને માટે અવતાર લેનારા (૪) ધર્મમાં જેમનું ચિત્ત છે એવા.

ભગવાન જ ધર્મ સ્વરૂપે છે. આ ધર્મ ચાર પદ (પગ) વાળો છે. (૧) સત્ય (૨) દયા (૩) તપ અને (૪) શૌચ. આ ચારેય સહિત ધર્મનું આચરણ કરવામાં આવે તો પ્રભુ રાજી થાય છે. પ્રાપ્ત થાય છે. આ પ્રકારના ધર્મનું પ્રભુ વારંવાર રક્ષણ કરે છે. ગીતામાં પણ આજ્ઞા છે કે ધર્મના સંસ્થાપન માટે યુગે યુગે પ્રકટ થઉં છું.

યુધિષ્ઠિરજી (પણ) ધર્મનું સ્વરૂપ છે. તેના પ્રાણ રૂપ - આત્મારૂપ પણ પ્રભુ જ છે.

(૩૯) ભક્તાનાં ચ પરીક્ષકઃ = ભક્તોની પરીક્ષા કરનાર.

ભગવાન ભક્તોની પરીક્ષા પણ કરે છે. અર્જુનજી જ્યારે અશ્વત્થામાને બાંધીને લાવ્યા ત્યારે ભીમ, દ્રૌપદી વગેરએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ભગવાને તે વખતે બધાના વિચારોને અનુમોદન આપ્યું હતું. તે આ બધાની પરીક્ષા માટે જ હતું. છેવટે પ્રભુ જ અશ્વત્થામાના શિર ઉપરનો મણિ ગ્રહણ કરી તથા મુંડન કરાવી, તંબૂ બહાર કાઢી મૂકવા અર્જુનને કહે છે. આ જ તેમનો અભિપ્રાય હતો.

આસન્નહિતકર્તા ચ માયાહિતકરઃ પ્રભુઃ ।
ઉત્તરાપ્રાણદાતા ચ બ્રહ્માસ્ત્રવિનિવારકઃ ॥૧૬॥

(૪૦) આસન્નહિતકર્તા = (૧) સર્વેનું સત્વર હિત કરનાર (૨) ભક્તોનાં અંતરંગ કાર્યોમાં હિત કરનાર.

સમીપમાં રહેનાર સર્વનું ભગવાન શીઘ્ર હિત કરે છે. હિત માટેનાં કાર્યો બે પ્રકારનાં છે. (૧) અંતરંગ (૨) બહિરંગ. અંતરંગ અલૌકિક કાર્યો છે. બહિરંગ વ્યવહારમાં જોવા મળતાં કાર્યો છે.

પ્રતિભાબેન રસિકલાલ બોરીદરા, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

અશ્વત્થામાનો ભીમ નાશ કરવાનો હતો. તેનું મન ફેરવી અશ્વત્થામાને રક્ષ્યો. આમાં જ સર્વનું હિત હતું. અશ્વત્થામાના અસ્ત્રનું નિવારણ કરાવ્યું. ભક્તોની વાણી સિદ્ધ કરાવી. આ બધા બહિરંગ કાર્યો છે.

અંતરંગ કાર્યો પણ પ્રભુ કરે છે. ઉપદેશ આપવો, આત્મસ્વરૂપ દર્શાવવું, ભક્તિ પ્રગટાવવી અને ભક્તોનાં હૃદયમંદિર નિર્મળ કરી તેમાં બિરાજવું અને ભક્તનાં કાર્યો કરવા વગેરે આ પ્રકારમાં છે. ગીતાજીમાં અર્જુનનું હિત આ પ્રકારે છે.

સેવાફલમાં શ્રી મહાપ્રભુજી આથી જ આજ્ઞા કરે છે. 'પુષ્ટૌ નૈવ વિલંબયેત્'-પુષ્ટિમાર્ગમાં તો વિલંબ ન જ થાય.'

(૪૧) માયાહિતકરઃ = (૧) માયા (લોક રૂઢિ) વડે હિત કરનાર (૨) માયાથી અહિત કરનાર (૩) માયાશક્તિ વડે સર્વને હિત (અભય કરવા રૂપ) કરનાર (૪) માયા એટલે લક્ષ્મી (સંપત્તિ) આપી સર્વનું હિત કરનાર (૫) માયા (લક્ષ્મી)નું હિત કરનાર.

ધૃતરાષ્ટ્રને પુત્રોના મરણથી શોક થયેલો. લોક રૂઢિથી પ્રભુએ તે દૂર કર્યો. સાંત્વનાના વચનોથી હિત કર્યું. ધૃતરાષ્ટ્રને પુત્રો પર જૂઠી માયા હતી. પ્રભુમાં ભાવ ન હતો. આથી અહિત થયું. પ્રભુ જ પોતાની માયા વડે સર્વને અભય આપી હિત કરે છે. મનુષ્યની સંપત્તિની વૃદ્ધિ રૂપ હિત પણ પ્રભુ જ કરે છે. સમુદ્ર મંથન વખતે પ્રભુ લક્ષ્મીને વર્યા. હૃદયનું રમણીય સ્થાન બિરાજવા આપી લક્ષ્મી હિત કર્યું.

(૪૨) પ્રભુઃ = સર્વ સમર્થ

બ્રહ્મા વગેરે સર્વદેવો કરતાં પણ પરમાત્મા વધુ સામર્થ્યવાળા છે. આથી જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આપ સિવાય અન્ય દેવ કરી શકતા નથી. યુધિષ્ઠિરના બધા શત્રુઓને હરાવવા, રાજ્ય અપાવવું, ત્રણ અશ્વમેધ યજ્ઞો કરાવી ઈંદ્રના જેવી કીર્તિ ફેલાવવી વગેરે પ્રભુનું સામર્થ્યબળ છે. શ્રી

પલક તથા પ્રણય રજનીકાન્ત, મોડાસાના જયશ્રીકૃષ્ણ.

કુંતાજી સ્તુતિમાં વિભો એવું સંબોધન કરે છે. શ્રીમહાપ્રભુજી પણ કહે છે કે પ્રભુ સર્વ કરવા સમર્થ છે તેથી ભક્તોએ નિશ્ચિંત રહેવું.

(૪૩) ઉત્તરાપ્રાણદાતા = (૧) ઉત્તરાના ગર્ભનું રક્ષણ કરી તેને પ્રાણનું દાન આપનાર (૨) બ્રહ્માસ્ત્રથી દાઝેલા ઉતરાના ગર્ભને ફરીથી જીવ આપનાર.

અશ્વત્થામાએ પાંડવોનો વંશ છેદવા, ઉત્તરાના ગર્ભને બાળવા, બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. ગર્ભ અર્ધદગ્ધ થયો. આ સમયે ઉત્તરા પ્રભુની શરણાગત બની પ્રભુને પોતાના ગર્ભની રક્ષા કરવા પ્રાર્થે છે. 'હે મહાયોગિન્. હે દેવ,' 'હે જગત્પતે હું આપના સિવાય બધાને મૃત્યુવાળા જોઉં છું. આપ અભય છો. તેથી મારી રક્ષા કરો.' ભગવાને માયાથી ઉતરાના ગર્ભને વીંટી લીધો. ગર્ભનું રક્ષણ કર્યું. ઉત્તરાના પ્રાણ રક્ષ્યા.

(૪૪) બ્રહ્માસ્ત્રવિનિવારકઃ = બ્રહ્માસ્ત્રનું વિશેષ રીતે નિવારણ કરનારા.

'યદ્યપ્યસ્ત્રં બ્રહ્મશિરઃ' આ શ્લોકમાં બ્રહ્માસ્ત્રને અમોઘ કહ્યું છે. અમોઘ એટલે કોઈપણ દિવસ નિષ્ફળ ન જાય તેવું. વળી તેનો સામનો પણ થઈ શકે નહીં, તો પણ પાંડવ રક્ષાર્થે પ્રભુએ પોતાના અદ્ભુત તેજ વડે નિષ્ફળ ન જતાં બ્રહ્માસ્ત્રને પણ શાંત કરી દીધું.

સર્વતઃ પાણ્ડવપતિઃ, પરીક્ષિચ્છુદ્ધિકારણમ્ ।
ગૂઢાત્માઃ સર્વવેદેષુ, ભક્તૈકહૃદયંગમઃ ॥૧૭॥

(૪૫) સર્વતઃ પાણ્ડવપતિઃ = પાંડવોનું સર્વ રીતે પાલન કરનારા, રક્ષણ કરનારા.

પાંડવોને અનેક દુઃખો આવ્યા, અનેક અનિષ્ટો આવ્યા. આ બધામાં વિશેષ રીતે પ્રભુએ પાંડવોનું રક્ષણ કર્યું છે. મહાભારત અને શ્રીભાગવતમાં પાંડવોને આવેલી વિપત્તિઓ અને તેમાંથી પ્રભુએ તેમને રક્ષ્યા તે કથાઓ છે. એટલે કુંતાજી પણ પોતાની સ્તુતિમાં ઠાકોરજીને કહે છે કે આપે મારી

ગો.વા. રૂપકભાઈ હીરાલાલ પરીખ પરિવાર (કડી)ના જયશ્રીકૃષ્ણ.

અને મારા પુત્રોની વારંવાર વિપત્તિઓથી રક્ષા કરી છે. આપ જ અમારા સ્વામી છો.

(૪૬) પરીક્ષિચ્છુદ્ધિકારણમ્ = પરીક્ષિત રાજાને ગર્ભથી માંડીને પૂર્ણ સત્વશુદ્ધિ આપવાના કારણરૂપ પ્રભુ.

માતા ઉત્તરાના ગર્ભમાં પરીક્ષિતજી બળતા હતા ત્યારે પ્રભુએ ઉતરાના ગર્ભમાં પ્રવેશ કરી પોતાના પ્રમેયબળથી પરીક્ષિતજીને સજીવન કર્યા, ત્યારથી તે સંપૂર્ણ શુદ્ધ જ છે. આ શુદ્ધિનું કારણ ભગવાન છે. આથી પરીક્ષિત મહાભાગવત થયા છે.

પ્રથમ સ્કંધના ૧૯મા અધ્યાયની કથા પ્રમાણે પરીક્ષિતજીને બ્રાહ્મણનો શ્રાપ લાગે છે. આ શ્રાપ વૈરાગ્ય કરાવનારો છે. આ પણ પ્રભુએ પરીક્ષિત પર કરેલો અનુગ્રહ છે. કારણ શ્રાપ હોય તો વૈરાગ્ય થાય તેથી ઘરમાં આસક્તિ ન રહે. હૃદયમાં ભય થાય તો પ્રભુ શરણે જવાય. આ વખતે ગંગા કિનારે ભગવાન જ શુકદેવજી સ્વરૂપે પધાર્યા છે. પરીક્ષિતજીને કથા સંભળાવી અને ભગવદ્ધામમાં મોકલ્યા. પરીક્ષિતજી આથી વિષ્ણુરાત તરીકે પણ ઓળખાય છે.

(૪૭) ગૂઢાત્મા: સર્વવેદેષુ = (૧) સર્વ વેદોમાં જેમનું સ્વરૂપ ગૂઢ છે એવા. (૨) સર્વ વેદોમાં ગૂઢ ગુપ્ત છે આત્મા - અભિપ્રાય જેમનો એવા પ્રભુ.

શ્રી ગીતાજીમાં ઠાકોરજી આજ્ઞા કરે છે કે સર્વ વેદોથી જાણવા યોગ્ય હું જ છું. વેદનો ભાવાર્થ જાણનાર, વેદાંતની રચના કરનાર હું જ છું. સર્વ વેદોમાં ભગવાન ગૂઢરૂપે વર્ણવાયેલા છે. બધા વેદોનો પ્રતિપાદ્ય વિષય કૃષ્ણ છે.

વેદોમાં, પવિત્ર રામાયણમાં, પુરાણમાં અને મહાભારતમાં આદિ, મધ્ય તથા અંતમાં સર્વત્ર પરમાત્માનું ગાન કરવામાં આવ્યું છે. આવું વર્ણન હોવા છતાં પ્રભુનું વર્ણન ભગવતી વાક્દેવી કરી શકતાં નથી. વાણી પણ વિરામ પામે છે. વેદમાં અગ્નિ, સોમ, સૂર્ય વગેરે જે વર્ણન છે તે અંગી પ્રભુના અંગરૂપે છે. શ્રીગીતામાં કૃષ્ણ કહે છે કે મને કોઈ પણ જાણી શકતું નથી. આમ સર્વ વેદોમાં પુરુષોત્તમ ગૂઢરૂપે રહેલા છે.

હ. નિરંજનાબેન રૂપકભાઈ પરીખના જયશ્રીકૃષ્ણ.

(૪૮) ભક્તૈક હૃદયંગમ: = (૧) ભક્તોના હૃદયમાં સ્થિતિ કરનારા (૨) ભક્તો જ જેમના હૃદયમાં નિવાસ કરે છે એવા (૩) ભક્તોની સાથે એક હૃદય જેમ થવાય તેવા પ્રકારનું જેમને જ્ઞાન છે તેવા.

શ્રીમદ્ભાગવતના ૯મા સ્કંધમાં અંબરીષ રાજાનું આખ્યાન છે. શ્રીઠાકોરજી દુર્વાસાજીને કહે છે કે ભક્ત પુરુષો મારા હૃદયને સ્વાધીન કરી બેઠા છે. તેમણે મારામાં પોતાના હૃદયને બાંધી દીધું હોય છે. ભક્તો મારું હૃદય છે. ભક્તોનું હૃદય હું છું. આમ ભગવાને ભક્તોને કૃષ્ણહૃદયના એટલે કે કૃષ્ણને હૃદયમાં રાખનારા અથવા કૃષ્ણના હૃદયમાં જે રહેલા છે તેવા કહ્યા છે. તે માટે ભગવાન ભક્તજનોનાં ચંચલ મનને સ્થિર કરે છે. ભક્તો હૃદયમંદિરમાં ભગવાનને સ્થાપે છે. પ્રસન્ન થયેલા પ્રભુ હૃદયમાં નિવાસ કરે છે.

ગીતામાં કહ્યા પ્રમાણે પ્રાણીમાત્રના હૃદયમાં પ્રભુ બિરાજે છે. પણ આ જીવરૂપે પધારે છે, જ્યારે ભક્તોના હૃદયમાં સાક્ષાત સ્વરૂપે બિરાજે છે. ભગવાનનું આ કૃપાનિધિપણું છે. ભક્તોની સાથે હૃદયની ઐક્યતા માટે, શુદ્ધ અદ્વૈત ભાવનો અનુભવ કરાવવા માટે આપ ભક્તો સાથે હૃદયની ઐક્યતા કરવાનું જ્ઞાન ધરાવે છે.

કુંતીસ્તુત્ય: પ્રસન્નાત્મા પરમાદ્ભુતકાર્યકૃત્ ।
ભીષ્મમુક્તિપ્રદ: સ્વામી ભક્તમોહનિવારક: ॥૧૮॥

(૪૯) કુન્તીસ્તુત્ય: = (૧) કુંતી વડે સ્તુતિ કરવા યોગ્ય (૨) કુન્તીજીથી સ્તુતિ કરાયેલા.

શ્રીભાગવતમાં ઘણી સ્તુતિઓ છે. કુંતાજીએ કરેલી સ્તુતિ ઉત્તમ સ્તુતિઓ પૈકીની એક છે. કુંતાજી, શ્રીકૃષ્ણને ભાઈના પુત્ર તરીકે માનતાં. શ્રીકૃષ્ણે પાંડવ રક્ષા અનેકવાર કરી હતી. આપે ઉત્તરાના ગર્ભની રક્ષા પ્રત્યક્ષમાં જોઈ. હવે કુંતાજીને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થયું. સામર્થ્યનું અભિમાન ગયું. દીનતા આવી. ભગવાનમાં ભક્તિ થઈ. સ્તુતિ બનીને

અ.સૌ. સુલોચના તથા ચીનુભાઈ એન. સોની (અમદાવાદ) હાલ ન્યૂ જર્સી, અમેરિકાના જયશ્રીકૃષ્ણ.

સરી રહી. સ્કંધ ૧ના ૮મા અધ્યાયમાં ૧૯ થી ૪૩ શ્લોકો સુધી વિસ્તરી રહી. પચીસમા શ્લોકમાં કુંતાજી કહે છે.

વિપદઃ સન્તુ નઃ શશ્વત્ - તત્ર તત્ર જગદ્ ગુરો ।
ભવતો દર્શનં યત્સ્યાદપુનર્ભવદર્શનમ્ ॥

કુંતાજી ભગવાન પાસે હંમેશ વિપત્તિઓ માંગે છે. કારણ વિપત્તિમાં કૃષ્ણનું દર્શન થાય. આ દર્શન પુનર્જન્મને ટાળનારું છે. આમ દુઃખ એ ભગવદ્ અનુગ્રહરૂપ છે.

કુંતાજી હવે પ્રભુ ભક્ત થયાં છે. ભગવાન તેમના હૃદયમાં સ્થિતિ કરે છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. આથી જ કુંતાજી સ્તુતિ કરે છે.

(૫૦) પ્રસન્નાત્મા = (૧) નિત્ય પ્રસન્નમાં જ પરમાનંદ સ્વરૂપ જેમનો આત્મા છે એવા (૨) શુદ્ધ - સૌમ્યભાવવાળું જ જેમનું અંતઃકરણ છે એવા.

ભગવાન આનંદ સ્વરૂપ છે. ભગવાન આનંદનો મહાસાગર છે. આ આનંદ નિત્ય છે. આથી આપની પ્રસન્નતા નિત્ય હોય તે સ્વાભાવિક છે.

ભગવાન પૂર્ણકામ છે. આથી કોઈપણ વસ્તુની અભિલાષા આપને નથી. આથી જ આપ નિષ્કામ છે. સર્વ રૂપે આપ જ હોવાથી અન્ય વસ્તુ મેળવવાની ચિંતા નથી. આમ આપ પ્રસન્ન મનવાળા છે અને ભક્તો પર કૃપા કટાક્ષ કરવા તત્પર રહે છે.

શ્રી ગીતાના અઢારમા અધ્યાયમાં કહ્યું છે કે બ્રહ્મભાવ પ્રાપ્ત થયેલ ભગવદ્ ભક્તો પ્રસન્નાત્મા છે. તો પૂર્ણાનંદ પ્રભુ પ્રસન્ન અંતઃકરણવાળા હોય તેમાં શું આશ્ચર્ય?

(૫૧) પરમાદ્ભુત કાર્યકૃત્ = અત્યંત વિસ્મય પમાડે એવાં કાર્ય કરવાવાળા.

શ્રી ભાગવતમાં ઘણાં જ વિસ્મયજનક અને સુંદર કાર્યોનું નિરૂપણ છે. પ્રભુ સિવાય અન્યથી શું આ થઈ શકે? દાવાનલ પાન, ગિરિરાજ ધારણ લીલા જેવાં કાર્યો આનંદપ્રદ અને આશ્ચર્યકારક નથી? અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રનું નિવારણ એ વિસ્મયજનક કાર્ય છે. શ્રી ભાગવતમાં ૧-૮-૧૬માં આથી કહ્યું- સર્વાશ્ચર્યમયેચ્યુતે. અચ્યુત ભગવાનના કાર્યમાં કંઈ આશ્ચર્ય કરવા જેવું નથી. આ તો આપનું સ્વતઃ સિદ્ધ સામર્થ્ય છે.

નિતિક્ષા પ્રજ્ઞેશ પરીખ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

(૫૨) ભીષ્મમુક્તિપ્રદઃ = ભીષ્મ પિતામહને મુક્તિ આપનારા.

બાણ શય્યા પર પોઢેલ ભીષ્મપિતામહને મુક્તિ આપવા શ્રીકૃષ્ણ પધારે છે. યુધિષ્ઠિર રાજાને ભીષ્મદાદા દ્વારા ઉપદેશ અપાવવાનું મિષ કરી શ્રીકૃષ્ણ પધાર્યા છે. પોતાના દર્શન કરાવી ભીષ્મદાદાને મુકિત આપે છે. મુકિત એટલે જન્મ મરણના ભય રહિત બનવું અને જ્ઞાનપૂર્વક પરમાત્માની પ્રાપ્તિ થવી તે. ભીષ્મદાદાના અંતિમ સમયે પ્રભુ તેમને દર્શન આપી મુકિત આપે છે. પ્રથમ સ્કન્ધના નવમા અધ્યાયમાં આ કથા છે. આ જ અધ્યાયના શ્લોક ૩૨ થી ૪૨ સુધી ભીષ્મસ્તુતિ પણ છે.

(૫૩) સ્વામી = (૧) અખિલ અનન્ત બ્રહ્માંડોના માલિક (૨) પોતે એ જ ભક્તો અને ભક્તો એ જ પોતે.

શ્રીકૃષ્ણ સર્વેશ્વર છે, સદાનંદ છે, આથી જ ભક્તોના તથા અનંત બ્રહ્માંડોના સ્વામી છે. પોતે એ જ ભક્તો. એટલે જે પોતાનું સ્વરૂપ છે તે ભકતોનું જ સ્વરૂપ છે અને ભકતોનું જે સ્વરૂપ છે, તે પોતાનું જ સ્વરૂપ છે. આવો અભેદ છે. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે જે ભક્તિ વડે મારું સેવન કરે છે તે મારામાં રહેલા છે અને હું તેમનામાં નિવાસ કરીને રહેલો છું. આ રીતે ભગવાન અને ભક્ત એકમેકમાં તન્મય બની ગયા છે. પ્રભુ તેવી રીતે જ તેમનામાં પ્રેમનો વિસ્તાર કરે છે, તેથી તે સ્વામી છે.

(૫૪) ભક્તમોહનિવારકઃ = ભકતોના મોહનું નિવારણ કરનાર.

પોતાના ભકતજનમાં રહેલા મોહ અને અજ્ઞાનને ભગવાન દૂર કરનારા છે. યુધિષ્ઠિરને મોહ થયેલો. યુદ્ધ પછી પોતાના બંધુઓનો નાશ કર્યાનો શોક તેમને બાળતો હતો. ભગવાન યુધિષ્ઠિરને ભીષ્મદાદા પાસે લાવ્યા. ભીષ્મના ઉપદેશથી યુધિષ્ઠિરના શોક, મોહ અને અજ્ઞાનનું નિવારણ થયું.

ખેલન અને અંશિત, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

અર્જુનને પણ યુદ્ધ પ્રસંગમાં મોહ થયેલો. ગીતા વચનોથી તે દૂર કર્યો. ભક્તોના મોહ દૂર કરવાના આવા ઘણા પ્રસંગો શ્રી ભાગવતમાં વર્ણવેલા છે.

સર્વાવસ્થાસુ સંસેવ્યઃ સમઃ સુખહિતપ્રદઃ ।
કૃતકૃત્યઃ સર્વસાક્ષી ભક્તસ્રીરતિવર્ધનઃ ॥૧૯॥

(૫૫) સર્વાવસ્થાસુ સંસેવ્યઃ = સર્વ અવસ્થાઓમાં સેવન કરવા યોગ્ય.

મનુષ્ય જીવન દરમ્યાન દેહ જુદી જુદી અવસ્થાઓ પ્રાપ્ત કરે છે. બાલ્યાવસ્થા, કૌમારાવસ્થા, પૌગંડાવસ્થા, યુવાવસ્થા વગેરે. આ બધી અવસ્થાઓમાં ભગવાનનું સેવન સારી રીતે થઈ શકે છે. ઉંમર કે અવસ્થાઓનો ભેદ પ્રભુ સેવનમાં નથી. ધ્રુવ અને પ્રહ્‌લાદ જેવા ભક્તોએ બાલ્યાવસ્થાથી જ પ્રભુનું આરાધન કર્યું છે.

સાતમા સ્કંધમાં તો પ્રહ્‌લાદજી કહે છે કે કૌમાર અવસ્થાથી જ પ્રભુને ભજવા જોઈએ. મનુષ્ય દેહ ઉત્તમ છે. ખૂબ પુણ્યથી પ્રાપ્ત થાય છે. દુર્લભ પણ છે. મનુષ્ય દેહમાં જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેવું બીજી યોનિમાં થતું નથી. આવો ઉત્તમદેહ ક્ષણભંગુર પણ છે. આથી દેહનો દુરુપયોગ ન કરતાં, કષ્ટરહિત બની ભગવદ્‌ધર્મોનું પાલન કરવું.

(૫૬) સમઃ = (૧) વિકારરહિત (૨) મા લક્ષ્મી સહિત.

સર્વ કાળ અને દેશમાં પ્રભુ જ વિકારો રહિત છે. શ્રી ભાગવતમાં આ પ્રકારનું વર્ણન ઘણા સ્થળે છે. પ્રભુને કોઈથી દ્વેષ નથી. કોઈ પ્રિય નથી. પ્રભુ પ્રાણીમાત્રમાં સમભાવથી વ્યાપેલા છે. ગીતાજીના નવમા અધ્યાયના ઓગણત્રીસમા શ્લોકમાં પ્રભુ આવી આજ્ઞા કરે છે. આમ છતાં જે અનન્ય ભક્તો છે અને પ્રેમથી પ્રભુને ભજે છે, તેઓ પ્રભુના છે અને પ્રભુ તે ભક્તોને પ્રત્યક્ષમાં પ્રગટ થઈ દર્શન આપે છે - આવી પણ આજ્ઞા શ્રીકૃષ્ણની ગીતામાં છે. (૯-૨૯) અનન્યભાવ સમભાવથી વિલક્ષણ છે.

ઉત્તરા ચંપકલાલ શાહના જયશ્રીકૃષ્ણ.

સામાન્યતઃ જીવ સદોષ છે. પ્રભુ સમ-નિર્દોષ છે. આથી જ બંનેનો સંબંધ કેમ કરાવવો, તેવી ચિંતા શ્રી મહાપ્રભુજીને સતત રહેતી. આપશ્રીએ અનન્ય ભાવનું દાન કરીને પોતાના સેવકોને પ્રભુના બનાવી દીધા.

ભીષ્મદાદાએ પણ સ્તુતિમાં પ્રભુને 'સમદશઃ' (૧-૯-૨૧) સમદષ્ટિવાળા અને કુંતાજીએ પોતાની સ્તુતિમાં પ્રભુને 'સમ' (૧-૮-૨૮) એટલે સર્વમાં સમાનતાથી રહેનારા કહ્યા છે.

લક્ષ્મી એટલે સર્વ સૌંદર્ય. તેનાથી પ્રભુ જ યુક્ત છે.

(૫૭) સુખહિતપ્રદઃ = સુખ તથા હિત આપનારા, સુખરૂપ હિત આપનારા.

પ્રભુ સર્વ ભક્તોને સુખ આપે છે. કલ્યાણ કરે છે. પ્રાણીમાત્રનું કલ્યાણ કરનારા પ્રભુ ભક્તપર અનુગ્રહ કરી સુખ અને આનંદનું દાન કરે છે. નિઃસાધન જનો પ્રભુપરાયણ બનતાં અનુગ્રહને લીધે આનંદરૂપ બની જાય છે.

(૫૮) કૃતકૃત્યઃ = (૧) જેમનાં સર્વકાર્યો નિરંતર સિદ્ધ છે એવા પુરુષોત્તમ. (૨) ભૂમિના ભારને હરણ કરવા રૂપ કાર્યને સંપાદન કરનારા.

બીજાઓને પોતાનાં કાર્યો સિદ્ધ કરતાં દેશ-કાળ વગેરે અડચણો કે કંઈક વિઘ્નો આવે છે. પ્રભુ તો સર્વ કાર્યોમાં સિદ્ધિવાળા છે. અન્ય લોકો અપૂર્ણ છે. પરમાત્મા પૂર્ણ છે.

જે ભક્તોને ભગવાનના પુરુષોત્તમ સ્વરૂપનું જ્ઞાન છે, તેઓ કૃતકૃત્ય છે. (શ્રીગીતા-૧૫મો અધ્યાય) જેના જ્ઞાનથી ભક્તો કૃતકૃત્ય થાય તે પ્રભુ કૃતકૃત્ય હોય જ. શ્રી શુકદેવજીને પણ 'અપેતકૃત્ય' (શ્રી ભાગવત ૧-૨-૨) કહ્યા છે.

(૫૯) સર્વસાક્ષી = સર્વના સાક્ષી, પ્રત્યક્ષ જોનાર

ભગવાન વ્યાપક છે. સર્વ જગતરૂપે આપ જ બનેલા છે. આથી પ્રભુ સર્વ જાણે છે માટે સાક્ષીરૂપ છે.

પુષ્પાબેન મુકુંદરાય મોદી, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

(૬૦) ભક્તસ્ત્રીરતિવર્ધનઃ = (૧) ભક્તોમાં અને સ્ત્રીઓમાં ભક્તિરસ વધારનારા. (૨) ભક્તિયુક્ત સ્ત્રીઓમાં પોતાની રતિ વધારનારા. (૩) ભક્તોની સ્ત્રીઓને પોતાનામાં પ્રેમ વધારનારા.

યુધિષ્ઠિર વગેરે અને કુંતી તેમજ દ્રૌપદી વગેરેમાં ભક્તિનું વર્ધન કરનાર પ્રભુ પોતે જ છે. વ્રજવનિતાઓને તો પ્રભુ માટે પ્રેમ છે, છતાં તેમનામાં પ્રેમ વધે તેવી બાલલીલા પ્રભુ કરે છે. ભક્તોની સ્ત્રીઓ ભક્તોને પ્રતિકૂળ ન બને તેથી તેમનામાં પ્રભુ પ્રેમવર્ધન કરે છે.

મધુર ભાવવાળાં ભક્તોમાં પ્રભુ સ્ત્રીભાવ - ગોપીભાવને વધારે છે. ભગવાને દ્વારકાની સ્ત્રીઓનું અભિવાદન સ્મિત સાથે કર્યું છે. (શ્રી ભાગવત - ૧-૧૦-૨૦ થી ૩૦)

સર્વ સૌભાગ્ય નિલયઃ પરમાશ્ચર્યરૂપધૃક્ ।
અનન્ય પુરુષસ્વામી, દ્વારકાભાગ્ય ભાજનમ્ ॥૨૦॥

(૬૧) સર્વ સૌભાગ્ય નિલયઃ = ૧. સંપૂર્ણ સુંદરતાના સ્થાનરૂપ ૨. સર્વથી ઉત્તમ એવા સૌભાગ્યના ભંડાર.

ભગવાન સંપૂર્ણ સુંદરતાના નિધાન છે. સર્વાંગ સુંદર છે. સઘળી સુંદરતા આપના ચરણમાં બિરાજે છે. ભગવાનમાં અપૂર્વ લાવણ્યરૂપ કાન્તિ છે. ઓજસ છે.

ત્રીજા સ્કંધના બીજા અધ્યાયના બારમા શ્લોકમાં કહે છે કે ભગવાને પોતાની યોગમાયાનો પ્રભાવ બતાવવા દિવ્ય શ્રી વિગ્રહ પ્રકટ કર્યો. આનાથી તેઓ માનવલીલા કરે છે. આ શ્રીવિગ્રહથી જગત મોહિત થાય છે. આપ સ્વયં વિસ્મિત થાય છે. તે રૂપમાં સૌભાગ્ય અને સુંદરતાની પરાકાષ્ટા હતી. તેનાથી આભૂષણો પણ વિભૂષિત થતાં.

ઉત્તમ સૌભાગ્ય પ્રભુમાં જ હોય છે. અન્યમાં દેખાતું સૌભાગ્ય પ્રભુ કૃપાથી પ્રાપ્ત થયું હોય છે. આમ આપ સૌભાગ્યના ભંડાર છે. હસ્તિનાપુરથી આપ દ્વારકા પધારતા હતા, ત્યારે જુદા જુદા દેશ નિવાસીઓએ તેમનો સત્કાર કર્યો હતો. તેનું કારણ એ જ કે પ્રભુ સૌભાગ્યના નિધાન છે. ભંડાર છે.

ગં.સ્વ. કોકીલાબેન બાબુલાલ પરીખ, મુંબઈના જય જય શ્રી ગોકુલેશ.

(૬૨) પરમાશ્ચર્યરૂપધૃક્ = અત્યંત વિસ્મય પમાડે તેવા રૂપને ધારણ કરનારા.

ભગવાનનું રૂપ લાવણ્ય સર્વને પરમ આશ્ચર્યમાં નિમગ્ન કરી દે છે. સર્વ આશ્ચર્યો ઈશ્વરમાં જ છે. ''અપાણિપાદૌ-'' શ્રુતિ કહે છે કે પ્રભુ હાથ પગ વિનાના છે, તો પણ ગ્રહણ કરે છે. ચાલે છે. કાન વગર સાંભળે છે. નેત્ર વિના જુએ છે. આ જ તો આશ્ચર્ય છે.

શ્રી ગીતામાં ભગવાનના તેજને હજારો સૂર્યના તેજ કરતાં પણ અધિક ગણ્યું છે. સર્વ તેજ ભગવાનના તેજમાંથી આવિર્ભાવ પામ્યું છે. ૧-૧૧-૨૭ શ્લોકમાં કહ્યું છે કે પ્રભુની શોભા કેવી છે? જાણે શ્યામમેઘ એક સાથે જ સૂર્ય, ચન્દ્ર, ઈન્દ્રધનુષ અને વીજળીથી શોભતા હોય. દ્વારકાવાસી ભક્તોનું આ સુખ છે.

(૬૩) અનન્યપુરુષસ્વામી = જેમને અન્ય કોઈ પુરુષ રક્ષક નથી તેવા દ્વારકાનિવાસીઓના સ્વામી.

ભગવાન હસ્તિનાપુરથી દ્વારકા પધાર્યા તે કથા પ્રથમ સ્કંધના ૧૧મા અધ્યાયમાં છે. અહીં પ્રજા પ્રભુને પોતાના નાથ કહે છે. દ્વારકાના યાદવોના સ્વામી, રક્ષક શ્રીકૃષ્ણ પોતે જ હતા. બધા નગરવાસીઓનું દૈવત શ્રી કૃષ્ણ હતા. બધાને અનેક કષ્ટોથી મુક્ત કરી આનંદ આપનાર શ્રી કૃષ્ણ જ છે.

(૬૪) દ્વારકાભાગ્યભાજનમ્ = (૧) દ્વારકાના ભાગ્યના કારણરૂપ (૨)દ્વારકાની સંપત્તિ ભોગવનાર (૩) દ્વારકાના સ્થાનરૂપ.

દ્વારકાનો વૈભવ અને ભાગ્યમત્તા શ્રી કૃષ્ણને લીધે જ હતાં. સર્વ સંપત્તિ શ્રી કૃષ્ણના ચરણકમળમાં નિવાસ કરે છે. આથી આપ જ્યાં બિરાજે ત્યાં સકલ સંપત્તિ હોય. ભગવાન પોતાના ધામમાંથી ત્યાંનો વૈભવ લઈ દ્વારકા પધાર્યા હતા. જ્યારે આપ સ્વધામ પધાર્યા ત્યારે દ્વારકાનો વૈભવ તિરોહિત થઈ ગયો. દ્વારકા ડૂબી ગઈ.

એક વૈષ્ણવ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

સર્વ સંપત્તિ ભોગવનાર પણ શ્રી કૃષ્ણ છે. સંપત્તિ લક્ષ્મીરૂપ છે. ભગવાન લક્ષ્મીના અધીશ્વર છે. લક્ષ્મીજી ભગવાનના ચરણનું સેવન કરે છે.

દ્વારકાની સ્થિતિ પણ શ્રી કૃષ્ણના બિરાજવાથી છે. આપે પોતાના ઉપયોગ માટે જ દ્વારકાનું નિર્માણ કર્યું, આમ દ્વારકાના સ્થાનરૂપ છે.

બીજ સંસ્કાર કર્તા ચ પરીક્ષિજ્જ્ઞાન પોષકઃ ।
સર્વત્ર પૂર્ણ ગુણકઃ સર્વભૂષણ ભૂષિતઃ ॥૨૧॥

(૬૫) બીજ સંસ્કાર કર્તા = બીજ એટલે પરીક્ષિતના દેહને સંસ્કાર એટલે દિવ્ય યોગ્યતા આપનાર.

પરીક્ષિત ભાગવત શાસ્ત્રને શ્રવણ કરવાના બીજરૂપ છે. આથી રાજાના દેહનો સંસ્કાર કર્યો. ભગવદ્ ભજન માટે યોગ્ય દેહ સંપત્તિ પ્રાપ્ત કરાવી. પ્રભુના અનુગ્રહ વગર આવા સંસ્કારો તથા યોગ્યતા પ્રાપ્ત થતા નથી. પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે. આવી પ્રાપ્તિ સાધારણ વાત ન કહેવાય.

દશમ સ્કન્ધમાં કહ્યું છે. "સન્તાન બીજ કુરુપાંડવાનામ્" - કૌરવ પાંડવોના વંશના બીજ રૂપ મારું રક્ષણ ગર્ભમાં કર્યું હતું. દેહના સ્થૂલ અને સૂક્ષ્મ તત્વોને સંસ્કાર આપી તેમને ભાગવત-શ્રવણના ઉત્તમ અધિકારી બનાવનાર શ્રી પ્રભુ જ હતા.

(૬૬) પરીક્ષિજ્જ્ઞાન પોષક = પરીક્ષિત રાજાના જ્ઞાનને પોષણ આપનાર.

પરીક્ષિતનું માતાના ગર્ભમાં બ્રહ્માસ્ત્રથી રક્ષણ કર્યું. માતાની કુક્ષિમાં અંગુષ્ટ માત્ર સ્વરૂપનું દર્શન પરીક્ષિતને કરાવ્યું. બારમા અધ્યાયમાં ૭ થી ૧૨ શ્લોકોમાં આ વર્ણન છે.

માતાના ઉદરમાંથી જ્યારે બહાર જન્મ થાય છે ત્યારે સંસારના માયાયુક્ત વાયુથી, પૂર્વ સંસ્કારના અભાવે જ્ઞાન નષ્ટ થાય છે. પરીક્ષિતે તો માના ઉદરમાં જ્ઞાન મેળવ્યું. પ્રભુની કૃપાથી શુદ્ધ સંસ્કાર થયા હતા. આથી આ જ્ઞાન નાશ પામ્યું નહીં. પરીક્ષિતના અંતિમ સમયે પણ પોતાના

મધુબેન કાન્તિભાઈ સોની પરિવાર, કેનેડાના જયશ્રીકૃષ્ણ.

અવતાર રૂપ શ્રીશુકદેવજીને મોકલ્યા. તે દ્વારા ભાગવતનો ઉપદેશ કર્યો. આમ પરીક્ષિતના જ્ઞાનને પોષનારા પ્રભુ છે.

(૬૭) સર્વત્ર પૂર્ણ ગુણકઃ = સર્વત્ર સર્વ પૂર્ણ ગુણોવાળા.

પ્રભુમાં અસંખ્ય ગુણો બિરાજે છે. સમગ્ર ભૂમિ કાગળ બની જાય, પર્વતો કાજલના બની જાય. સઘળા સમુદ્રોનાં જળ વડે સ્યાહી સિદ્ધ થઈ જાય, કલ્પવૃક્ષની દાંડીની કલમ બની જાય અને બ્રહ્માજી લખવા બિરાજે તો પણ પ્રભુના ગુણો વર્ણવી શકાતા નથી. આ અસંખ્ય ગુણોમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય મુખ્ય છે.

અંદર કે બહાર સઘળા સ્થળે ભગવાન ઐશ્વર્યાદિગુણોથી પ્રકાશે છે. પરીક્ષિતે માતાના ઉદરમાં જોયેલ ભગવાન આ ગુણોવાળા જ હતા. સચરાચર વિશ્વમાં વિલસતા પ્રભુમાં પણ આ જ ગુણો છે. આમ કોઈ પણ સ્થળે પ્રભુના ગુણોમાં ક્ષોભ થતો નથી, તેથી જ તો તે ઈશ્વર છે.

(૬૮) સર્વ ભૂષણ ભૂષિતઃ = સર્વ પ્રકારના આભૂષણોથી શોભાયમાન પ્રભુ. શ્રીકૃષ્ણ પ્રભુ મુકુટ, કુંડલ વિગેરે અનેક આભૂષણોથી સુશોભિત છે.

૧-૧૨-૦૮ અને ૦૯ પ્રમાણે સ્ફુરત્પુરટ મૌલિનં- શુદ્ધ શોભતા સુવર્ણ મુકુટવાળા, તપ્તકાંચન કુંડલમ્ - તપેલા સોના જેવા કુંડલવાળા - આ પ્રમાણે ભગવાન સર્વ આભૂષણોથી શોભિત છે. આ પ્રકારનું વર્ણન શ્રી ભાગવતમાં ઘણા સ્થળે જોવા મળે છે. આમ રમણીય ભૂષણોથી ભૂષિત ભગવાનનું સ્વરૂપ છે.

સર્વલક્ષણદાતા ચ ધૃતરાષ્ટ્ર વિમુક્તિદઃ ।
સન્માર્ગ રક્ષકો નિત્યં, વિદુરપ્રીતિપૂરકઃ ॥૨૨॥

(૬૯) સર્વલક્ષણદાતા = સર્વ શુભ લક્ષણોનું દાન કરનારા.

પરીક્ષિત, ઈક્ષ્વાકુ, ધ્રુવ, માંધાતા વગેરે રાજાઓ થઈ ગયા. આ બધા પ્રસિદ્ધ રાજાઓ છે. તેઓ પાસે જ્ઞાન અને ભક્તિ હતા. રાજા તરીકે

માલતીબેન જયંતીભાઈ શાહ પરિવાર, કેનેડાના જયશ્રીકૃષ્ણ.

પ્રજાપાલન પણ સુંદર કરતા. તેમનામાં રહેલા આ લક્ષણો એટલે કે ગુણોને લીધે જ તેઓ પ્રસિદ્ધ થયા છે. આ લક્ષણોનું દાન તે બધાને પ્રભુએ જ કરેલું છે. પ્રભુકૃપાથી જ તેઓ જ્ઞાનનિષ્ઠ, ભક્તિનિષ્ઠ અને સારા પ્રજાપાલક બની શક્યા. આમ પ્રભુ ભક્તોમાં બિરાજતા ગુણો પ્રભુ જ દાનમાં આપે છે. (ચ = અને)

---

(૭૦) ધૃતરાષ્ટ્ર વિમુક્તિદઃ = ધૃતરાષ્ટ્રને મુક્તિ આપનારા.

ભગવદ્ ઈચ્છાને વશ થઈને વિદુરજી ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા અને સમજાવ્યું. ભગવદ્ ઈચ્છા હતી તેથી ધૃતરાષ્ટ્રને આ ઉપદેશની અસર થઈ. વિદુરજી કહે છે કે આવેલા ભયને જુઓ. બધાનો નાશ કરનાર આ કાલ કૃષ્ણરૂપ જ છે. તમારા પુત્રોનો સંહાર કર્યો. તમને મારશે. પાંડવો તેમના શરણાગત છે, તેથી બાકી રહ્યા. તમારો દેહ હવે કંઈ કરી શકતો નથી. સઘળા બંધનમાંથી મુક્ત થાવ. વિરક્ત થાવ. પ્રભુ હૃદયમાં પધરાવો. વૈરાગ્યથી ઘર છોડો. ઉત્તર દિશામાં ચાલ્યા જાવ. કોઈ ન જાણે તેમ જજો.

વિદુરજીના ઉપદેશે ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ઘર છોડીને હિમાલયમાં આવ્યા. રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણના રાગાદિ મલને ભગવદ્ ભાવનાથી દૂર કર્યા. વિજ્ઞાનાત્મામાં જીવાત્મામાં મેળવ્યા. તે બંનેનો ક્ષેત્રજ્ઞ આત્મામાં લય કર્યો. (૧-૧૩-૫૩) આમ પ્રભુકૃપા બળે ધૃતરાષ્ટ્રની મુક્તિ થઈ.

---

(૭૧) સન્માર્ગ રક્ષકો નિત્યં = નિરંતર સન્માર્ગનું રક્ષણ કરનારા.

ભગવાન નિત્ય સદ્ધર્મના રક્ષક છે. ધર્મના સંસ્થાપન માટે અવતાર ધારણ કરે છે. સત્પુરુષોના માર્ગનું હંમેશ રક્ષણ કરે છે. કારણ સત્પુરુષોનો નિયમ છે કે ગૃહસ્થાશ્રમની વૃત્તિના ત્યાગપૂર્વક ભગવાનની પ્રાપ્તિ થાય તેવા સાધનો કરવાં. આમ સત્પુરુષોમાં વૈરાગ્યપૂર્વકનો ભક્તિભાવ છે. આથી જ કૃષ્ણ સજ્જનોના ભક્તિ માર્ગને રક્ષે છે. ભગવદીયોનું મન પણ સંસારમાં આસક્ત થાય તો મોહ દૂર કરીને જ્ઞાન આપે છે. રક્ષણ કરે છે. દા. ત. વિદુરજી દ્વારા ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપ્યો.

ગો.વા. મીઠીબેન દેવશીભાઈ દલસાણીયા, વડોદરાના જયશ્રીકૃષ્ણ. હ.

(૭૨) વિદુર પ્રીતિ પૂરકઃ = (૧) વિદુરજીની પ્રીતિ ભક્તિને પૂર્ણ કરનાર (૨) વિદુરની પ્રીતિને - ભાવને પૂર્ણ કરવાથી જ જેમને ક - સુખ છે એવા પુરુષોત્તમ.

વિદુરજી કૃષ્ણના પરમ ભક્ત છે. વિદુરને ભગવાનમાં સ્થિર પ્રીતિ અને દૃઢ ભક્તિ છે. આવી પ્રીતિ અને ભક્તિને પ્રભુ વધારે છે. પૂર્ણ કરે છે.

આ પ્રકારની પૂર્ણતાનું સંપાદન ભક્તને કરાવી દેવું તેને ભગવાન પોતાનું મુખ્ય કર્તવ્ય ગણે છે. ભક્તોના ભાવને પૂર્ણ કરવામાં પ્રભુ આનંદ માને છે. આથી તો દુર્યોધનના મેવા ત્યાગી વિદુરજીની ભાજી આરોગી છે.

કેવળ સાધન ભક્તિથી અનન્ય ભક્તિ ન થાય. તે માટે પ્રભુકૃપા જોઈએ. વિદુર પર આવી પ્રભુકૃપા છે.

લીલાવ્યામોહકર્તા ચ કાલ ધર્મ પ્રવર્તકઃ ।
પાંડવાનાં મોક્ષદાતા, પરીક્ષિદ્ ભાગ્યવર્ધનઃ ॥૨૩॥

---

(૭૩) લીલાવ્યામોહકર્તા = (૧) લીલાઓ વડે વિશેષ મોહ ઉત્પન્ન કરનાર (૨) લીલા ચેષ્ટા તે રૂપ (વ્યા=વિ+આ) વિ-કાળરૂપે સર્વને આ-સઘળે મોહ ઉપજાવનાર.

અનાયાસે થતી પ્રભુની હર્ષપૂર્વકની ચેષ્ટા એટલે લીલા. આ લીલા અટપટી હોય છે. તેનું રહસ્ય સમજાતું નથી. મનુષ્યોને મોહ થાય છે. જ્ઞાનીઓ પણ મોહ પામે છે. તેમની બુદ્ધિ થાકી જાય છે. બ્રહ્મા અને શંકર જેવા ગુણાવતારો પણ ભગવાનની લીલાથી મોહિત થયા છે. આ પ્રસંગો શ્રીભાગવતમાં છે જ.

આસુરી જીવોને વ્યામોહ ઉત્પન્ન કરવા મનુષ્ય ભાવે પ્રકટ થઈ તેમના જ જેવી કૃતિ કરી સર્વસ્થાનમાં અત્યંત મોહ પમાડનાર ભગવાન છે. કંસ, જરાસંઘ, શિશુપાલ વગેરેને પ્રભુના સ્વરૂપમાં મોહ થયો છે. પારધીના બાણથી ચરણારવિંદને ક્ષત થયાનું નિમિત્ત દર્શાવી આપે આસુર વ્યામોહ લીલા કરી છે.

ઉદ્ધવજીએ પ્રભુને કહ્યું છે ‘ (૧) આપ નિઃસ્પૃહ છો છતાં કર્મ કરો છો (૨) અજન્મા હોવા છતાં જન્મ લો છો. (૩) કાલ રૂપ છો છતાં શત્રુના ડરથી

દેવશીભાઈ અંબાવીયા દલસાણીયા

ભાગો છો (૪) દ્વારકાના કિલ્લામાં છુપાઈ જાવ છો. (૫) સ્વાત્મારામ હોવા છતાં સોળ હજાર સ્ત્રીઓ સાથે રમણ કરો છો. આવા વિચિત્ર ચરિત્રોથી વિદ્વાનોની બુદ્ધિ પણ મુંઝાઈ જાય છે.'(૩-૪-૧૬)

(૭૪) કાલધર્મપ્રવર્તકઃ = કાળના ધર્મને વિસ્તારનાર.

ભગવાન કાલાત્મા છે. કાલનો આત્મા છે. સર્વગ્રાસી કાળને પ્રવૃત્ત કરે છે. તમોગુણના અધિષ્ઠાતા રૂદ્ર રૂપે પ્રભુ દૈવી, ભુવિ અને અંતરિક્ષ આવા ત્રણ પ્રકારના ઉત્પત્તિરૂપ કાળના ધર્મનો વિસ્તાર કરે છે. પ્રવૃત્ત કરે છે.

અર્જુન દ્વારકા ગયા હતા. સાત માસ થયા. પાછા હસ્તિનાપુર આવ્યા ન હતા. આ વખતે યુધિષ્ઠિરજીને ચારે તરફ અમંગળ ચિહ્ન દેખાતાં હતાં. કાલગતિ ભયંકર દેખાતી હતી. ઋતુઓના ધર્મો પણ ઉલટા દેખાતા હતા. લોકોની આજીવિકા પાપ ભરેલી હતી. અંતરમાં ક્રોધ અને લોભ ઉભરાતા હતા. વ્યવહાર કપટ ભરેલા હતા. સ્નેહમાં શઠતા હતી. પિતા, માતા, મિત્રો, ભાઈઓ અને દંપતીમાં પરસ્પર કલેશ હતો. ૧૪મા અધ્યાયમાં આ બધાં લક્ષણો છે. ભયંકરતા અને વિચિત્રતાવાળા સર્વકાળધર્મનું પ્રવર્તન કરનાર પ્રભુ પોતે જ છે.

(૭૫) પાંડવાનાં મોક્ષદાતા = પાંડવોને મોક્ષનું દાન કરનાર.

યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ અને સહદેવ આ પાંચ પાંડવો છે. ભગવાન તેમને મોક્ષ-મુક્તિ આપનારા છે. દ્વારકાથી પાછા ફરેલ નિસ્તેજ અર્જુને પોતાના ભાઈઓને યાદવોના નાશ તથા કૃષ્ણના સ્વધામ પધાર્યાની વાત કરી. ભગવાનના વિરહને લીધે પાંડવોએ રાજ્ય અને સંપત્તિ ત્યજી દીધાં. પરીક્ષિતનો રાજ્યાભિષેક કરી પાંડવો ઉત્તરમાં ચાલ્યા. જ્ઞાનનિષ્ઠ બન્યા. ભક્તિમાં તલ્લીન થયા.

અગ્નિહોત્રને પોતાના સ્વરૂપમાં પધરાવ્યો. વાણીનો ત્યાગ મનમાં કર્યો, મનનો હોમ પ્રાણમાં, પ્રાણનો હોમ અપાનમાં, અપાનનો ઉત્સર્ગ તંત્ર સાથે મૃત્યુમાં, મૃત્યુનો પંચમહાભૂતમાં, પંચ મહાભૂતનો ત્રણ ગુણોમાં, ગુણોનો પ્રકૃત્તિમાં, પ્રકૃત્તિનો આત્મા અથવા પુરુષમાં, પુરુષનો બ્રહ્મમાં અને બ્રહ્મનો હોમ

ઉર્મિલાબેન વી. મહેતા, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

ભગવાનમાં કર્યો.

હિમાલયમાં પાંડવો મુક્તિ પામ્યા. ભગવાને જ પોતાના સ્વરૂપનો પાંડવોમાં પ્રકાશ કર્યો. ભગવદાસક્તિ આપી. પંદરમા અધ્યાયમાં આ કથા છે.

(૭૬) પરીક્ષિદ્ ભાગ્ય વર્ધનઃ = પરીક્ષિત રાજાનું ભાગ્ય વધારનાર.

પરીક્ષિતનો જન્મ થયો ત્યારે બ્રાહ્મણોએ લક્ષણો જણાવ્યા હતા. તેમને રાજ્ય પ્રાપ્ત થતાં જ આ લક્ષણો વિશેષ રીતે પ્રકાશ્યા. તેમને તો ગર્ભસ્થ અવસ્થાથી મોક્ષ સુધી પ્રભુના અનુગ્રહનો દિવ્ય લાભ મળ્યો છે. આ અનુગ્રહથી જ રાજાના ભાગ્યની વૃદ્ધિ થઈ છે. તેથી જ શુકદેવજી સામા પધાર્યા. રાજા ઉત્તમ અધિકારી બન્યા.

કલિનિગ્રહકર્તા ચ ધર્માદિનાં ચ પોષક : ।
સત્સંગજ્ઞાનહેતુશ્ચ શ્રીભાગવતકારણમ્ ॥૨૪॥

(૭૭) કલિનિગ્રહકર્તા = કલિનો નિગ્રહ - સ્વાધીન કરનારા.

રાજા પરીક્ષિત દિગ્વિજય કરવા નીકળ્યા છે. ૧-૧૬-૪માં નિજગ્રાહૌજસા વીરઃ એ શ્લોકમાં કહે છે દિગ્વિજય કરતી વખતે પરીક્ષિતે જોયું કે એક શૂદ્ર રાજાનો વેશ ધરીને એક ગાય અને એક બળદના જોડાને પગથી ઠોકરો મારી રહ્યો છે. આ શૂદ્ર રાજા તે કલિયુગ છે. ગાય અને બળદ તે પૃથ્વી અને ધર્મનું સ્વરૂપ છે. આથી રાજાએ છદ્મ વેષધારી કલિને બળપૂર્વક પકડી દંડ કર્યો. કલિનો નિગ્રહ કરવાનું પરીક્ષિતનું સામર્થ્ય ભગવાને જ આપેલું છે. પ્રભુ ભક્તના હૃદયમાં બિરાજે છે. રાજા પરીક્ષિત પ્રભુના પૂર્ણ પ્રેમીભક્ત છે. પ્રભુ જ પરીક્ષિત દ્વારા કલિને સ્વાધીન કરે છે.

(૭૮) ધર્માદિનાંચ પોષકઃ = ધર્મ વગેરેનું પોષણ કરનાર.

શાસ્ત્ર વૃષ (બળદ)ને ધર્મનું સ્વરૂપ કહે છે. ધર્મમાં આચાર અને વિચાર બંને જરૂરી છે. વૃષની ફાંટવાળી ખરી આચાર અને વિચાર એમ બે રૂપે છે. ધર્મના ચાર ચરણો છે. સત્ય, તપ, દયા અને શૌચ (પવિત્રતા). બળદના આ ચરણો ધર્મના ચાર ચરણો રૂપ છે. કલિરૂપ શુદ્રે ધર્મરૂપ બળદના ત્રણ ચરણ કાપી

એક વૈષ્ણવ, અમેરિકાના જયશ્રીકૃષ્ણ.

નાંખ્યા છે. એક ચરણ પર ધર્મ ઊભો રહ્યો છે. તે પણ કાપવાની કલિની ચેષ્ટા હતી. રાજાએ તે અટકાવ્યું – કાપેલા ચરણો પુનઃ સ્થાપન કર્યા. આમ ધર્મને પુષ્ટિ આપી.

આદિ એટલે પૃથ્વીએ ગાયનું રૂપ ધર્યુ છે. તેની પણ પરીક્ષિતે રક્ષા કરી. આમ પ્રભુ સર્વે દીનજનોનું – અનાથોનું પાલન કરનારા છે.

---

(૭૯) સત્સંગજ્ઞાનહેતુઃ = (૧) સત્સંગ દ્વારા થતા જ્ઞાનનું મૂળ કારણ (૨) સત્સંગ જ જેમનું જ્ઞાન થવાનું કારણ છે એવા પુરુષોત્તમ.

સત્સંગ એટલે ભગવદીયજનનો સમાગમ. દયારામભાઈના શબ્દોમાં જે ભગવાનની યાદ કરાવે તે સત્સંગ. પ્રભુકૃપાથી આવો સત્સંગ મળે. વારંવાર સત્સંગ સમાગમથી અંતરમાં ભગવાન સંબંધી જ્ઞાન પ્રકાશે છે. નારદજીનો જ્ઞાન વૈભવ સત્સંગથી જ છે. ૧૯મા અધ્યાયમાં નારદજી કહે છે કે પાંડુ સુતો જેને પ્રિય છે તેવા શ્રીકૃષ્ણ આજ મારા ઉપર પ્રસન્ન થયા છે, નહિ તો શુકદેવજી અને પરીક્ષિતનું દર્શન ક્યાંથી થાય? પરીક્ષિતજીને શુકદેવજીનો સત્સંગ કરાવી જ્ઞાન આપનારા પ્રભુ જ છે.

ભગવદીયનાં દર્શન, તેમની સાથે ઐક્યતાથી ભગવાન સંબંધી વાર્તાલાપ કરવાથી જ જ્ઞાન મળે છે. પ્રભુની પ્રાપ્તિ થાય છે. આથી જ સત્સંગ મહિમા ગાયોઃ

'તુલયામ... કિમુતાશિષઃ' મનુષ્યોને ભગવાનના ભક્તોનો સમાગમ થાય. તેની એક લેશ માત્ર પણ બરાબરી કરવાને સ્વર્ગ તેમજ પુનર્ભવ શક્તિમાન નથી. તો પછી તેવા ભગવદીયોના આશીર્વાદોને હું શું વર્ણવું? આમ ભગવાન જ સત્સંગથી થતા જ્ઞાનના કારણરૂપ છે.

---

(૮૦) શ્રીભાગવતકારણમ્ = શ્રીયુક્ત શ્રીમદ્ ભાગવતના પ્રકટ કરવામાં કારણરૂપ.

પરીક્ષિત રાજા મૃગયા માટે નીકળ્યા છે. તરસ્યા થયા. જંગલમાં શમીક મુનિના આશ્રમે પહોંચે છે. મુનિ સમાધિમાં છે. રાજાનો સત્કાર કરતા નથી. રાજા મરેલા સર્પને મુનિના ગળામાં પહેરાવી ઘરે આવે છે. શમીકના પુત્ર શ્રૃંગીને આ ખબર પડી. શ્રાપ આપ્યો 'મારા પિતાના ગળામાં સર્પ પહેરાવનારને મારો પ્રેરેલ તક્ષક સાતમે દિવસે બાળશે. પરીક્ષિતને ભૂલ સમજાઈ. પાપની સજા ભોગવવા તૈયાર થયા. પ્રાયો – પ્રવેશ કરી ગંગા તટે આવ્યા. પ્રભુના પ્રેરેલ શુકદેવજી ત્યાં પધાર્યા. ભાગવતની કથા રાજાને સંભળાવી. મુક્તિનું દાન કર્યું. આમ શ્રીભાગવતની ઉત્પત્તિના કારણરૂપ ભગવાન્ છે.

એક વૈષ્ણવ, અમેરિકાના જયશ્રીકૃષ્ણ.

પ્રાકૃતાદૃષ્ટમાર્ગશ્ચ .... ॥૨૪$^{૧}/_{૨}$ ॥

---

(૮૧) પ્રાકૃતાદૃષ્ટમાર્ગશ્ચ = (૧) પ્રકૃતિસ્થ અદૃષ્ટ માર્ગને ચલાવનાર (૨) પ્રકૃતિસ્થ અને અદૃષ્ટને દૂર કરનાર.

પ્રકૃતિસ્થ એટલે પ્રકૃતિ (માયા)માં રહેલો. પ્રકૃતિસ્થ–માર્ગ અદૃષ્ટ પ્રારબ્ધ અને કર્મને આધીન છે. આ માર્ગમાં વારંવાર જન્મ અને મરણ છે. શ્રી શંકરાચાર્યજી આજ્ઞા કરે છે 'પુનરપિ જનમં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનમ્'. આથી આ પ્રાકૃત કહેવાય છે. આવા પ્રાકૃત અદૃષ્ટ માર્ગને ચલાવનારા પ્રભુ છે.

પ્રકૃતિ (માયા)ના કાર્યો એટલે હું અને મારું. શ્રીમહાપ્રભુજીના મતે આ સંસાર છે. અદૃષ્ટ એટલે પ્રારબ્ધ કર્મ. આ બંનેને પરહરનારા શ્રીપુરુષોત્તમ છે.

શ્રીગોપાલદાસજી શ્રીવલ્લભાખ્યાનમાં આ જ કહે છે. 'તેને કાલ કર્મ નવ બાંધે રે, જમ તે શિર ધનુષ ન સાધે રે.' શ્રીમહાપ્રભુજીના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ પ્રમાણે સર્વ કાંઈ ભગવદ્ ઈચ્છાથી જ થાય છે. આ ન્યાયે પ્રાકૃત ધર્મ હોય કે વૈદિક માર્ગ હોય. તેનું પ્રવર્તન કરનાર પ્રભુ જ છે.

શ્રીકૃષ્ણનું સેવન શુદ્ધ ભાવથી કરીએ તો માયાના વિકારો, પ્રારબ્ધ કર્મો કે અહંતા મમતાત્મક સંસારના ભાવો આપણને દૂષિત કરી શકતા નથી. આવો ભક્ત નિર્લેપ રહે છે. આથી જ સર્વ સમર્થ પ્રભુ તેને સર્વથા અને સર્વત્ર રક્ષે છે.

અહીં પ્રથમ સ્કન્ધના ૧ થી ૮૧ નામ પ્રભુકૃપાથી સંપન્ન થયા.

●

સૌ. મંજુલાબેન તથા લક્ષ્મણદાસ કિશનદાસ શાહ, સતારાના જયશ્રીકૃષ્ણ.

દ્વિતીય સ્કન્ધનામાનિ

.... શ્રોતવ્યઃ સકલાગમૈઃ ।
કીર્તિતવ્યઃ શુદ્ધભાવૈઃ સ્મર્તવ્યશ્ચાત્મવિત્તમૈઃ ।।૨૫।।

---

(૮૨) શ્રોતવ્યઃ સકલાગમૈઃ = (૧) તમામ શાસ્ત્રો દ્વારા શ્રવણ કરવા યોગ્ય (૨) સકલ શાસ્ત્રને અનુસરનારા વિદ્વાનોએ શ્રવણ કરવાને માન્ય કરેલા.

સર્વ સિદ્ધાંતો અને અનેક વિદ્વાનો શ્રીકૃષ્ણને જ માનનીય અને પૂર્ણ પુરુષોત્તમ ગણે છે. શ્રીકૃષ્ણ પણ ગીતાજીમાં આજ્ઞા કરે છે : 'વેદૈશ્ચસર્વૈરહમેવવેદ્ય' (સર્વ વેદોથી હું જ જાણવા યોગ્ય છું). શ્રૃતિ ગાય છે 'બધા વેદોએ પરમાત્માના પદને જ નમન કર્યા છે.' શ્રી ભાગવતના પ્રથમ સ્કન્ધના અંતે શ્રીશુકદેવજી આજ્ઞા કરે છે કે અભય ઈચ્છનાર મનુષ્યે ભગવાનની કથાનું શ્રવણ કરવું, કીર્તન કરવું અને સ્મરણ કરવું.

---

(૮૩) કીર્તિતવ્યઃ શુદ્ધભાવૈઃ = શુદ્ધભાવ યુક્ત ભક્તોએ કીર્તન કરવા યોગ્ય શ્રીકૃષ્ણ.

શુદ્ધભાવ એટલે સરલ સ્વભાવ. કામ વગેરે ષડ્રિપુ રહિત અંતઃકરણ. તેનાથી શ્રીકૃષ્ણ જ કીર્તન કરવા યોગ્ય છે. શ્રીગીતા આજ્ઞા છે 'સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દૃઢવતાઃ' મહાત્માઓ દૃઢવત થઈ મારાં કીર્તન કરે છે. શ્રીહરિરાય-ચરણો આજ્ઞા કરે છે 'શુદ્ધભાવો પ્રભો સ્થાપ્યો...' પ્રભુમાં શુદ્ધ ભાવનું સ્થાપન કરવું.

---

(૮૪) સ્મર્તવ્યશ્ચાત્મવિત્તમૈઃ = આત્મજ્ઞ ભગવદીયોથી સ્મરણ કરવા યોગ્ય.

જન્મલાભઃ પરઃ પુંસામન્તે નારાયણ સ્મૃતિઃ (૨-૧-૬) જીવન અંતે નારાયણનું સ્મરણ રહે એ જ શ્રેષ્ઠ જન્મ લાભ છે. તસ્માત્ સર્વાત્મના રાજન્... ભગવાન સર્વદા સર્વત્ર છે. સર્વાત્મા વડે તેમનું જ શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવા. આત્મજ્ઞજનો પોતાના અને ભગવાનના સ્વરૂપને પ્રભુકૃપાથી જાણે છે. તેઓ શ્રીકૃષ્ણને જ સ્મરે છે.

મીનાક્ષીબેન કનૈયાલાલ લાભા, સુરતના જયશ્રીકૃષ્ણ.

અનેક માર્ગકર્તા ચ, નાનાવિધ ગતિપ્રદઃ ।
પુરુષઃ સકલાધારઃ સત્ત્વૈકનિલયાત્મભૂઃ ।।૨૬।।

---

(૮૫) અનેક માર્ગકર્તા = (૧) અનેક માર્ગોને રચનાર (૨) અનેક એટલે કે એક સંખ્યા રહિત એવા પોતે જ પોતાના માર્ગને કરનાર

કર્મ, જ્ઞાન, ભક્તિ, સાંખ્ય અને યોગ વગેરે અનેક માર્ગો છે. આ બધા પ્રભુએ જ બનાવ્યા છે. આ માર્ગોના જે જે આચાર્યો થયા તે તે આચાર્યો ભગવાનના અંશથી પ્રકટ્યા. તે તે આચાર્યોને માર્ગ સ્થાપવાનું સામર્થ્ય પણ આપ્યું.

ભગવાન એક પણ છે. અનેક રૂપે પણ છે. પ્રભુ અગમ્ય છે. કોઈનાથી જણાતા નથી. આથી એમના માર્ગને રચનાર એ પોતે જ છે. વિષ્ણુ સહસ્ર નામમાં પણ કહ્યું છે કે પરમાત્મા એક રૂપે, અનેક રૂપે તેમ જ સર્વ રૂપે છે.

---

(૮૬) નાના વિધ ગતિપ્રદઃ = (૧) જુદા જુદા પ્રકારની ગતિ આપનારા (૨) નાના પ્રકારે નવધા ભક્તિરૂપ ગતિ ને આપનાર.

જીવ જ્યારે વ્યુચ્ચરિત થયો ત્યારથી જ પ્રભુએ તેને અધિકાર આપી દીધો છે. આ મૂલેચ્છાથી જ જીવ જે તે માર્ગે વળે છે. પ્રભુએ તે જ રીતે તેનું વરણ કરેલ છે. જીવોના કર્મ પણ આથી જુદા જુદા હોય છે. તે કર્મ અનુસાર ગતિ આપનાર પ્રભુ છે. કોક ને સ્વર્ગ તો કોકને અપવર્ગ (મોક્ષ) ને કોકને વળી સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત કરાવે છે.

નિજ ભક્તોને નવધા ભક્તિમાંથી જે ભક્તિનો અધિકારી કર્યો હોય તે ભક્તિ રૂપ ગતિ આપે છે.

---

(૮૭) પુરુષઃ = (૧) પુર-બ્રહ્માંડમાં શયન કરનાર (૨) નવદ્વારવાળું પુર (શરીર) તેમાં શયન કરનાર (૩) ઉન્નતિમાન્ પ્રાણીઓમાં વિરાજમાન્ (૪) પુરૂ-ચૌદ ભુવનનો નાશ કરનાર (૫) પૂર્ણ (૬) સર્વથી પુરાણ (૭) સર્વના સ્થાન રૂપ (૮) વિરાટ પુરુષ.

---

(૧) અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જુજવે રૂપે અનંત ભાસે - નરસિંહ મહેતાની આ ઉક્તિ પ્રમાણે સમગ્ર બ્રહ્માંડમાં સ્થિતિ (શયન) કરનાર.

મનહરલાલ બી. નિર્મળ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

(૨) શ્રી વ્યાસજી પ્રમાણે મુખ, નાક આદિ નવ દ્વારવાળો દેહ છે. આ દેહરૂપ નગરમાં પ્રભુએ સ્થિતિ કરી છે.

(૩) ઉન્નતિ પામેલ જીવમાત્રના અંતઃકરણમાં પ્રભુ બિરાજ્યા છે. (૪) સૃષ્ટિનો સંહાર કરી ચૌદે ભુવન પોતામાં સમાવનાર પણ પ્રભુ જ છે. (૫) પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે પ્રમાણે પ્રભુ પૂર્ણ છે. સનાતન છે. સર્વમાં સ્થિતિ પણ કરે છે.

(૬) આથી જ આપ સર્વથી પુરાણ છે. જૂના હોવા છતાં જે નવા જ છે.

(૭) સર્વના સ્થાનરૂપ પણ આપ જ છે. (૮) આપ જ વિરાટ પુરૂષ છે. જગૃહે પૌરુષંરૂપમ્ – લોક સર્જનની ઈચ્છાથી પ્રથમ રૂપ પુરુષ નું ધારણ કર્યું. આદ્યો અવતારઃ પુરુષ ભગવાનનો પ્રથમ અવતાર છે. જગતનાં બધાં પ્રાણીઓ આ વિરાટ પુરૂષનો ચોથો ભાગ છે.

(૮૮) સકલાધારઃ = સકલ વિશ્વના આધારરૂપ

બૃહદારણ્યક ઉપનિષદમાં બ્રહ્મનું સર્વ આધારત્વ કહ્યું છે (એષઃ સેતુઃ વિધરણઃ) શ્રીગીતામાં કહ્યું કે દોરામાં મણકાની પેઠે આબધું મારામાં પરોવાયું છે (૭-૭)

શ્રી ગીતાજી પ્રમાણે 'હું આખા જગતને એક અંશથી ધરી રહ્યો છું (૧૦-૪૨).'

ભગવાનના આનંદથી જ બધું આનંદમય લાગે છે. શરીરમાં ચૈતન્ય પણ પ્રભુ જ છે તેથી આનંદ અનુભવાય છે.

(૮૯) સત્વૈક નિલયાત્મભૂઃ = (૧) કેવળ સત્વગુણ યુક્ત ચિત્તવાળા ભક્તોના હૃદયમાં પ્રકટનાર (૨) સત્વગુણ આશ્રયી ભક્તજનોમાં સ્વસ્વરૂપનો ઉદય કરનાર (૩) સત્વસ્વરૂપથી પ્રકાશમાન રજોગુણ અને તમોગુણ દૂર થતાં, સત્ત્વગુણ પ્રકટે છે. તેનાથી જ્ઞાન વધે. તેનાથી પ્રભુનું માહાત્મ્ય સમજાય. તેનાથી પ્રભુભક્તિ થાય. તેનાથી હૃદય શુદ્ધ થાય. પ્રભુ તેમાં બિરાજે.

વિષયમાં આસક્તિ વાળા દેહમાં હરિનો આવેશ થતો નથી. (સંન્યાસ નિર્ણય-૬) શુદ્ધ અંતઃકરણને વસુદેવ કહેવાય. તેમાં જે વસે છે તે વાસુદેવ ભગવાન કહેવાય.

ગો.વા. રશ્મિબેન ચંદુલાલ કક્કડ, રાજકોટના જયશ્રીકૃષ્ણ. હ. ઈલેશભાઈ હરિશભાઈ કક્કડ

સર્વધ્યેયો યોગગમ્યો ભક્ત્યાગ્રાહ્યઃ સુરપ્રિયઃ ।
જન્માદિ સાર્થકકૃતિઃ લીલાકર્તાપતિઃ સતામ્ ॥૨૭॥

(૯૦) સર્વધ્યેયોઃ = (૧) બધા મનુષ્યો વડે ધ્યાન કરવા યોગ્ય. (૨) બધા સ્થાનમાં ધ્યાન કરવા યોગ્ય (૩) સમગ્ર રૂપે ધ્યાન કરવા યોગ્ય.

શ્રીકૃષ્ણ જ બધા જનોને ધ્યાન કરવા યોગ્ય છે. ધ્યેયઃ સદા સવિતુમંડલ મધ્યવર્તીનારાયણઃ । શ્રીકૃષ્ણ જ પરમાત્મા છે. વ્યાપક છે. આમ સર્વ સ્થાનમાં આપ બિરાજે છે. આથી સર્વ સ્થાનમાં પણ ધ્યાનલાયક શ્રીકૃષ્ણ છે. યો માં પશ્યન્તિ સર્વત્રઃ (જે મને સઘળા સ્થાનમાં જુવે છે અને મારામાં જ સર્વ વસ્તુઓ અવલોકે છે તે જ જ્ઞાન સંપન્ન છે). ભગવાનમાં જ સર્વ વસ્તુ પ્રકાશી રહી છે. આમ સમગ્ર રૂપે ધ્યાન કરવા યોગ્ય પણ શ્રીકૃષ્ણ છે.

(૯૧) યોગગમ્યઃ = યોગથી જાણવા યોગ્ય-પ્રાપ્ત થાય તેવા.

યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ. યોગ જ્યારે ભક્તિયોગ બને ત્યારે પ્રભુ મળે. યોગ સિદ્ધ થાય તો બુદ્ધિ પ્રાપ્ત થાય. શ્રી ગીતા તેને વ્યવસાયાત્મિકા બુદ્ધિ કહે છે. હે કુરુ નંદન! આ યોગમાં પણ પ્રભુ માટે જ કર્મ કરવા એવા નિશ્ચયવાળી બુદ્ધિ છે તે જ વ્યવસાયાત્મિકા બુદ્ધિ છે. જે ચિત્તની વૃત્તિ ભગવાનમાં નથી, તે નિશ્ચયાત્મક બુદ્ધિ નથી.

(૯૨) ભક્ત્યાગ્રાહ્યઃ = (૧) ભકિતથી પ્રાપ્ત કરી શકાય તેવા (૨) ભકિત વડે જ સર્વત્ર સર્વ રીતે ગ્રહણ કરવા યોગ્ય સ્વરૂપવાળા.

શ્રીકૃષ્ણચંદ્ર શ્રીગીતામાં ઘણા સ્થળે કહે છે. તત્વથી જેટલો અને જેવો હું છું તેવો મને મારી ભક્તિથી જાણે છે. (૧૮-૫૫). હે અર્જુન! મારી અનન્ય ભક્તિથી મારું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે છે તેઓને મારું તત્ત્વથી દર્શન થાય છે અને તેઓનો મારામાં પ્રવેશ થાય છે. (૧૧-૫૪). જે ભકત ભકિતથી મને પત્ર, ફૂલ, ફળ અને જળ સમર્પણ કરે છે તે હું નિર્મળ મનવાળા ભકતનું ભક્તિપૂર્વક સમર્પેલું આરોગું છું. (૯-૨૬) આમ ભગવાન કેવળ અનન્ય ભાવમયી ભક્તિથી જ પ્રાપ્ત થાય છે.

નિવેદીતાબેન ભરતભાઈ શાહ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

(૯૩) સુરપ્રિયઃ = (૧) દેવો-દૈવીજીવોને પ્રિય (૨) દૈવીજીવો જેમને પ્રિય છે એવા (૩) દૈવી જીવોને પોષણ કરનારા.

દૈવીજીવોને કેવળ પરમાત્મા જ પ્રિય છે. પરમાત્માને પણ ભક્તો પ્રિય છે. બંને પરસ્પર એક બીજા વગર રહી શકતા નથી. ભગવાન જ ભક્તનું પોષણ કરનાર છે.

(૯૪) જન્માદિસાર્થક કૃતિઃ = (૧) આયુષ્યને સફળ કરનારી કૃતિ જેમની છે. (૨) જન્મ આદિને સાર્થક કરવામાં જ જેમની લીલા છે એવા.

મનુષ્ય જીવનનો આદિ જન્મ છે. તેને સાર્થક કરવા પ્રભુ અવતાર લે છે. ચરિત્રો કરે છે. કુંતાજી સ્તુતિમાં આ જ કહે છે. ભગવાનની દશવિધલીલાનો આશ્રય જીવન સાર્થક કરે છે.

(૯૫) લીલાકર્તા = જગદ્વ્યાપારની લીલા કરવાવાળા

માયા ભગવાનની આત્મશક્તિ છે. પ્રભુ તેને પ્રેરે છે. જગત રચે છે. લીલાઓ કરે છે. લોકની માફક આ કેવળ લીલા છે. આ લીલા મોક્ષદાયક છે. (બ્રહ્મસૂત્ર - ૨-૧-૩૩)

(૯૬) પતિઃસતામ્ = સત્પુરુષોનું પાલન કરનાર. રક્ષક.

સજ્જન ભક્તોના પતિ ભગવાન જ છે. શ્રી શુકદેવજી કહે છે 'ભગવાન્ સતાં પતિઃ' ભગવાન જ લક્ષ્મી, યજ્ઞ, પ્રજા, બુદ્ધિ, લોક, પૃથ્વી, વૃષ્ણિ, અન્ધક તથા સાસ્વત કુલના પતિ રૂપ છે. ગતિ રૂપ છે.

આદિકર્તા તત્વકર્તા, સર્વકર્તા વિશારદઃ ।
નાનાવતાર કર્તા ચ, બ્રહ્માવિર્ભાવ કારણમ્ ॥૨૮॥

(૯૭) આદિકર્તાઃ = (૧) સૌથી પ્રથમના કર્તા (૨) આદિ એવા કર્તા (૩) આદિ-આકાશ અથવા કાલના કર્તા (૪) આદિ એટલે બ્રહ્માના કર્તા.

બ્રહ્માજીએ સૃષ્ટિનું સર્જન કર્યું. વિરાટ પુરુષમાંથી પણ અવતારો વગેરે સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, પણ બ્રહ્માજી અને વિરાટ પુરુષના કર્તા તો પ્રભુ જ છે.

ઈલાબેન હર્ષદભાઈ પટેલ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

છાંદોગ્ય ઉપનિષદ કહે છે કે તે પરમાત્માથી પ્રથમ આકાશ ઉત્પન્ન થયું. આકાશમાંથી અન્ય સર્જન થયું. અહીં પણ આકાશ ઉત્પન્ન કરનારા પ્રભુ જ છે. બ્રહ્માજી (૨-૫-૨૦, ૨૧) કહે છે કે મારા (બ્રહ્માજીના) અને સર્વના ઈશ ઈશ્વર જ છે. તે પોતાની માયા દ્વારા કાળ, કર્મ અને સ્વભાવને રૂપ બન્યા. પોતે જગત રચ્યું. જગદ્ રૂપ થયા.

(૯૮) તત્ત્વકર્તાઃ = તત્ત્વોને રચનારા.

પ્રભુએ પોતાનામાંથી તત્ત્વો ઉત્પન્ન કર્યાં છે. કપિલદેવજી પોતાની માતા દેવહુતીજીને પ્રકૃતિના ૨૪ તત્ત્વોની સંખ્યા કહે છે. શ્રીભાગવત - ૧૧-૧૯-૧૪માં ૨૮ તત્ત્વોનો નિર્દેશ છે. કેટલાક વળી ૭ કે ૮ કે ૧૧ કે ૧૫ કે ૧૭ તત્ત્વ સંખ્યા સ્વીકારે છે. જુદી જુદી તત્ત્વ સંખ્યાઓના વિરોધનું શમન ૧૧મા સ્કંધના ૨૨મા અધ્યાયમાં છે. ટૂંકમાં તત્ત્વો રચનારા ભગવાન જ છે.

(૯૯) સર્વકર્તાઃ = (૧) સર્વ વસ્તુમાત્રના કર્તા (૨) સર્વ વિશ્વને બનાવનારા (૩) કુંભાર વગેરે સર્વકર્તાઓ જેમના વડે જ સર્વ કાર્ય કરવા શક્તિમાન છે એવા પ્રભુ.

શ્રી ભાગવત ૨-૬-૧૫ પ્રમાણે જે થયું હશે, થાય છે અને થશે તે બધું પુરુષ રૂપ છે. આ બ્રહ્માંડ એમાં આવૃત્ત થયેલું છે. એનાથી એક વેંત પોતે વધે છે.

બૃહદારણ્યક ઉપનિષદ પ્રમાણે જે આ આત્મા છે તે જ આ સર્વ છે. શ્રીગીતા પ્રમાણે સર્વ જગતનો પ્રભવ - ઉત્ત્પત્તિ કારણ હું છું. મારાથી સર્વ સૃષ્ટિચક્ર પ્રવર્તે છે. જે કંઈ થાય છે તે પ્રભુ પોતાની ઈચ્છાથી આનંદ માટે કરી રહ્યા છે.

કુંભાર ઘડો બનાવે છે તે ભગવદ્ ઈચ્છાથી જ છે. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર પણ ભગવાનની આજ્ઞાને વશ થઈ ભગવાનની શક્તિથી જ કાર્ય કરે છે.

(૧૦૦) વિશારદઃ = (૧) અતિનિપુણ - ચતુર (૨) જેમની વાણી ઉત્તમ છે (૩) શરદના પૂર્ણ ચંદ્રને લજ્જિત કરે તેવા.

પ્રાણી માત્રમાં ચતુરાઈ છે. આ પ્રભુ કૃપાથી થયેલું દાન છે. પ્રભુ તો ચતુર શિરોમણી હોય જ ને? જગત રચી તેમાં લેપાતા નથી. આ જ અતિ નિપુણપણું

ગીરાબેન પ્રવિણભાઈ પટેલ, અમેરિકાના જયશ્રીકૃષ્ણ.

છે. મધુર બોલવામાં ચતુર છે. સૂર્ય, ચંદ્ર પણ પ્રભુ પાસે લજ્જા પામે છે.

(૧૦૧) નાનાવતાર કર્તા = જુદા જુદા અવતારો કરનારા અવતારી.

શ્રીગીતામાં કૃષ્ણજી કહે છે મારા ઘણા અવતાર થઈ ગયા છે. મત્સ્ય, વરાહ, કૂર્મ વગેરે અવતારો પ્રભુએ ધર્યા છે. બીજા સ્કન્ધના સાતમા અધ્યાયમાં અવતાર કથા છે એ તે ચાંશકલાઃપુંસઃ કૃષ્ણ સ્તુ ભગવાન સ્વયમ્ - અવતારો ભગવાનની કલા કે અંશરૂપ છે. સ્વયં ભગવાન અવતારી છે. તે કૃષ્ણ છે.

(૧૦૨) બ્રહ્માવિર્ભાવકારણમ્ = (૧) બ્રહ્માના આવિર્ભાવનું કારણ (૨) બ્રહ્માને દર્શન આપવા જેનું પ્રાકટ્ય છે એવા.

બ્રહ્માજી હિરણ્ય ગર્ભ છે. તેમની ઉત્પત્તિ પ્રથમ છે. તે ભગવાનના નાભિકમલમાંથી ઉત્પન્ન થયા છે. ભગવાનમાંથી એક અવતાર છે. તે વિરાટ પુરુષનો અવતાર છે. તેમાંથી બીજા અવતારો થાય છે. શ્રી ભાગવત ૨-૯-૪ પ્રમાણે ભગવાને સત્ય સ્વરૂપ, બ્રહ્માજીને એમના ખરા વ્રતથી પ્રસન્ન થઈને બતાવ્યું છે.

દશ લીલા વિનોદી ચ નાના સૃષ્ટિ પ્રવર્તકઃ ।
અનેક કલ્પકર્તા ચ સર્વદોષ વિવર્જિતઃ ॥૨૯॥

(૧૦૩) દશ લીલા વિનોદી = (૧) દશ લીલાઓ રૂપ વિનોદ કરનારા (૨) દશ લીલાથી કાલને પ્રેરનાર.

શ્રી ભાગવતના બીજા સ્કન્ધના દસમા અધ્યાયમાં અત્ર સર્ગો વિસર્ગશ્રી... થી સ આશ્રયઃ પરં બ્રહ્મ... એમ ૧ થી ૭ શ્લોકોમાં દશ લીલાઓનું વર્ણન છે.

આ વર્ણન ૩ થી ૧૨ સ્કંધ સુધીમાં ક્રમશઃ છે.

(૧) **સર્ગઃ** ભૂત, માત્રા, ઈન્દ્રિય, બુદ્ધિ અને તેનાં કારણરૂપ ત્રણ ગુણોનો જન્મ એટલે સર્ગ. બ્રહ્મમાંથી આ બધાનો જન્મ છે. ત્રીજા સ્કન્ધમાં ૩૩ અધ્યાયમાં આ કથા છે. ભગવાનનો તે દક્ષિણ બાહુ છે. (૨) **વિસર્ગ :** તે પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થો છે. તે સિદ્ધ કરનારા પુરુષોની કથા ચોથા સ્કન્ધના ૩૧ અધ્યાયમાં છે. પ્રભુનો તે વામબાહુ છે.

કુમુદબેન સુરેન્દ્રભાઈ તથા કૃપા, પ્રિયેશ, પરમ, મિલન અને અનન્યા ઠકરાર (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

(૩) **સ્થાનઃ** સૌને મર્યાદામાં સ્થાપવા વૈકુંઠ ભગવાનનો વિજય. ૨૬ અધ્યાય છે. પ્રભુનો દક્ષિણ સાથળ છે. પાંચમો સ્કન્ધ છે. (૪) **પોષણ :** તે પ્રભુના સામર્થ્યરૂપ અનુગ્રહ છે. છઠ્ઠો સ્કન્ધ છે. ૧૯ અધ્યાય છે. પ્રભુનો વામ સાથળ છે. (૫) ઉતિ : કર્મવાસના છે. સાતમો સ્કન્ધ છે. પ્રભુનો દક્ષિણ શ્રીહસ્ત છે. ૧૫ અધ્યાય છે. (૬) **મનવંતર :** સદ્ધર્મ છે. આઠમો સ્કન્ધ છે. ૨૪ અધ્યાય છે. પ્રભુનો દક્ષિણ સ્તન છે. (૭) **ઈશાનુકથા :** ભગવાન અને તેમને અનુસરનારા ભક્તોના ચરિત. નવમો સ્કન્ધ છે. ૨૪ અધ્યાય છે. ભગવાનનો વામ સ્તન છે. (૮) **નિરોધઃ** ભગવાનનું પોતાની શક્તિઓ સાથે અનુશયન (ક્રીડા). દશમો સ્કન્ધ. ૯૦ અધ્યાય. ભગવાનનું હૃદય છે. (૯) **મુક્તિ :** અન્યરૂપનો પરિત્યાગ અને સ્વરૂપમાં સ્થિતિ. ૧૧મો સ્કન્ધ અધ્યાય ૩૧. ભગવાનનું શ્રીમસ્તક (૧૦) **આશ્રય :** બ્રહ્મમાં સ્થિર થવું. સ્કન્ધ ૧૨મો. અધ્યાય ૧૩. પ્રભુનો વામહસ્ત.

દશ પ્રકારની લીલાથી ભગવાન કાલને પ્રેરે છે. શ્રીભાગવતમાં બાર સ્કન્ધ છે. ૩૩૫ કુલ અધ્યાયો છે. ૧૮૦૦૦ કુલ શ્લોકો છે. ૫૭૬૦૦૦ કુલ અક્ષરોની સંખ્યા છે.

(૧૦૪) નાનાસૃષ્ટિપ્રવર્તકઃ = જુદી જુદી સૃષ્ટિને પ્રવર્તનારા.

બીજા સ્કન્ધના ૧૭મા અધ્યાયમાં ૩૭ થી ૩૯ શ્લોકો પ્રજાપતીન્મનૂન... ગિરીન્નૃપ સરીસૃપાન્ સુધીમાં જુદા જુદા પ્રકારની સૃષ્ટિ દર્શાવી છે. પ્રજાપતિ, મનુ, દેવતા, ઋષિ, પિતર, સિદ્ધ, ચારણ, ગંધર્વ, વિદ્યાધર, અસુર, યક્ષ, કિન્નર, અપ્સરા, નાગ, સર્પ, કિંપુરુષ, ઉરગ, માતૃકા, રાક્ષસ, પિશાચ, પ્રેત, ભૂત, વિનાયક, કૂષ્માંડ, ઉન્માદ, વેતાલ, યાતુધાન, ગ્રહ, પક્ષી, મૃગ, પશુ, વૃક્ષ, પર્વત, સરીસૃપ. આ બધી સૃષ્ટિઓ પ્રભુ જ રચે છે. વિવિધ સૃષ્ટિ રચના તે પ્રભુની અસાધારણ શક્તિ છે.

(૧૦૫) અનેક કલ્પકર્તા = અનેક કલ્પોને કરનારા

કલ્પ એટલે શ્રીબ્રહ્માજીનો એક દિવસ. દ્વિતીય સ્કન્ધના દશમા અધ્યાયના ૪૭મા શ્લોક 'પરિણામં.... કલ્પમથો શ્રૃણુ' પ્રમાણે કલ્પ એ કાળનું પરિમાણ

ગો.વા. કાન્તાબેન છોટાલાલ પલાણ, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

(માપ) છે. કાલથી કલ્પોની રચના થાય છે. આ કાલ સ્વરૂપ ભગવાન જ છે. પવીકલ્પ, બ્રહ્મકલ્પ, વરાહકલ્પ વગેરે જુદા જુદા કલ્પો રચનાર ભગવાન છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રીભાગવતકથા સારસ્વત કલ્પની છે.

(૧૦૬) **સર્વદોષ વિવર્જિતઃ** = સઘળા દોષોથી રહિતઃ

પ્રભુ જ એક માત્ર દોષ રહિત છે. સર્વમાં કાંઈક ને કાંઈક દોષ છે. પ્રભુને સંસાર નથી. આથી દોષ કે દુઃખ નથી. ‘નાસ્ય કર્મણિ...’ (૨-૧૦-૪૫) પ્રમાણે પ્રભુ સૃષ્ટિની રચના કરે છે છતાં તેમાં કર્મ કે કર્તાપણાનો સંબંધ જોડાતો નથી. પ્રભુ જગતરૂપ થયા છતાં દોષ વગરના છે. નિર્દોષં હિ સમં બ્રહ્મ (શ્રીગીતા ૫-૧૯) ભગવાન નિર્દોષ છે. સમાન છે. શ્રીમહાપ્રભુજી પણ અંતઃકરણપ્રબોધ ગ્રંથમાં આજ્ઞા કરે છે ‘કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્’

(અહીં દ્વિતીય સ્કન્ધનાં ૮૨ થી ૧૦૬ નામો પ્રભુકૃપાથી સંપન્ન થયાં.)

●

શિલા મિત્રા, થાણાના જયશ્રીકૃષ્ણ.

તૃતીય સ્કન્ધ નામાનિ

વૈરાગ્ય હેતુઃ તીર્થાત્મા સર્વતીર્થફલપ્રદઃ ।
તીર્થશુદ્ધૈક નિલયઃ સ્વમાર્ગ પરિપોષકઃ ॥૩૦॥

(૧૦૭) **વૈરાગ્ય હેતુઃ** = વૈરાગ્યના કારણરૂપ

વૈરાગ્ય એટલે સંસારમાંથી રાગને દૂર કરવો તે. સુખ અને દુઃખની ઈચ્છા ન રહે તે. વૈરાગ્ય થાય તો ભગવાનમાં અનુરાગ થાય. ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેઃ સ્નેહાદ્ રાગવિનાશઃસ્યાત્ ભગવાનમાં સ્નેહ થતાં સંસારમાં વૈરાગ્ય થાય. આ કાર્ય સહજ નથી. પ્રભુનું કૃપા બળ જ મનુષ્યને વૈરાગ્ય કરાવી સૌભાગ્યવાન કરે છે. ૩-૧-૧૫ અને ૧૬ શ્લોકો પ્રમાણે દુર્યોધન વિદુરજીનું ઘોર અપમાન કરે છે. આ દ્વારા ભગવાન તેમનામાં વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે. પ્રભુ કૃપાથી વિદૂરજી મનમાંથી દુઃખ દૂર કરી એકાંતમાં રહેવા લાગ્યા. તીર્થોમાં ફરવા લાગ્યા.

(૧૦૮) **તીર્થાત્મા** = તીર્થ સ્વરૂપ, તીર્થ જેમનો આત્મા છે સેવા.

પ્રભુ જ તીર્થરૂપ છે. જ્યાં જળનું માહાત્મ્ય છે તે તીર્થ છે. ભક્તો પર અનુગ્રહ કરવા પ્રભુ તીર્થરૂપ બને છે. આ તીર્થોમાં પ્રભુએ જુદી જુદી લીલાઓ કરી હોય છે. ભક્ત જ્યારે તીર્થાટન કરે છે ત્યારે તે તીર્થોની ભગવદ્ લીલાઓનું સ્મરણ થાય છે. તીર્થોમાં વસતાં ભગવાનનાં અંતરંગ ભક્તોનો સત્સંગ પ્રાપ્ત થાય છે આથી તે તીર્થો ભગવદ્રૂપે જ દર્શન આપે છે. તીર્થનું જલ તે આધિભૌતિક છે. તેની માહાત્મ્ય શક્તિ તે આધ્યાત્મિક સ્વરૂપ છે. તીર્થની દેવતા આધિદૈવિક છે. તે પ્રભુની વિભૂતિ છે. તે રૂપે ભગવાન જ છે.

(૧૦૯) **સર્વતીર્થફલપ્રદઃ** = સર્વતીર્થોનાં ફળ આપનારા

તીર્થાટન કરવાથી ફળ મળે છે. આ ફળ જે તે તીર્થોના દેવતા આપતા હોય છે. પણ તે દેવતાને ફળ દેવાનું સામર્થ્ય ભગવાન જ આપતા હોય છે. આમ સઘળા તીર્થોનાં સઘળાં ફળો આપનાર ભગવાન જ છે. વિદુરજી તીર્થોમાં ફર્યા

ઉર્મિલાબેન નવનીતલાલ શાહ, અંધેરી-મુંબઈના જયશ્રીકૃષ્ણ.

તો ઉદ્ધવજી સ્વરૂપે ભગવાન જ મળ્યા અને મૈત્રેયજીનો સત્સંગ પણ મળ્યો. આ તેમના માટે તીર્થના ફળ રૂપ છે. ભગવાને જ આ ફળ આપ્યાં છે.

(૧૧૦) તીર્થ શુદ્ધૈક નિલયઃ = તીર્થોથી શુદ્ધ થયેલા ભક્તોના સ્થાન રૂપ.

ભક્તો તીર્થાટન કરે છે, ત્યારે તેમના હૃદય શુદ્ધ બને છે. શુદ્ધ હૃદયમાં ભગવાન બિરાજે છે. 'તીર્થીકુર્વન્તિ તીર્થાનિ સ્વાન્તઃ સ્થેનગદાભૃતા' ભક્તના હૃદયમાં બિરાજેલ પ્રભુથી તીર્થો શુદ્ધ બને છે. તીર્થોમાં તીર્થે આવનારાઓનાં પાપો એકત્ર થાય છે. આ પાપોને દૂર કરી તીર્થોને પુનઃ શુદ્ધ કરવા માટે ભગવાન પોતાના ભક્તોને તીર્થમાં જવા પ્રેરે છે. ભક્તોના હૃદયમાં બિરાજી પ્રભુ તીર્થોને ફરીથી પાવન કરે છે.

(૧૧૧) સ્વમાર્ગ પરિપોષકઃ = પોતાના માર્ગને પોષનાર. ભક્તોના સંગતિ રૂપ માર્ગનું સંપાદન કરનાર.

સ્વમાર્ગ એટલે પોતાનો માર્ગ. પોતાનો માર્ગ એટલે ભક્તિમાર્ગ. આ માર્ગનું પોષણ અને વર્ધત કરનાર પરમાત્મા જ છે. આપ જેને શરણે લેવા ઈચ્છે છે તે જ પ્રભુનો આશ્રય કરી શકે છે અને ભક્તિમાર્ગને સેવી શકે છે. બીજાઓ આ માર્ગમાં આવવા પ્રયત્ન કરે પણ પ્રભુ ઈચ્છા ન હોય તો તે ભક્તિમાર્ગમાં આવી શકતા નથી. ભગવદ્ અનુગ્રહ વગર તે બધા બહિર્મુખ રહે છે.

તીર્થકીર્તિર્ભક્તગમ્યો ભક્તાનુશયકાર્યકૃત્ ।
ભક્તતુલ્યઃ સર્વતુલ્યઃ સ્વેચ્છા સર્વપ્રવર્તકઃ ॥૩૧॥

(૧૧૨) તીર્થકીર્તિઃ = (૧) તીર્થોની કીર્તિ જેમને લીધે છે (૨) જેમની કીર્તિ તીર્થોમાં પ્રસરેલી છે. (૩) તીર્થો જેમના કીર્તિરૂપ છે એવા.

શ્રીભાગવતમાં ૩-૪-૪ ના શ્લોક 'અહં ચોક્તો... બદરીંત્વં' પ્રમાણે ભગવાને ઉદ્ધવજીને આજ્ઞા કરી કે તું બદરીકાશ્રમ જા. આ રીતે ભગવાને બદરીકાશ્રમ વગેરે તીર્થોની કીર્તિને પ્રસરાવી છે. તીર્થોમાં પરસ્પર ભગવદીય જનો એકત્ર થઈ ભગવાનનું ગુણગાન કરે છે. આમ આપની કીર્તિ તીર્થોમાં પ્રસરેલી છે. દરેક તીર્થોમાં પ્રભુનું જ યશોગાન જોવામાં આવે છે. આમ પ્રભુની કીર્તિરૂપ તીર્થો છે.

નવનીતલાલ કચરાલાલ શાહ, અંધેરી-મુંબઈના જયશ્રીકૃષ્ણ.

(૧૧૩) ભક્તગમ્યઃ = ભક્તોથી પ્રાપ્ત કરવા યોગ્ય.

ભક્ત માટે જવા યોગ્ય કે પ્રાપ્ત કરવા યોગ્ય એક જ તત્વ છે. તે છે શ્રીકૃષ્ણ. સર્વભાવથી ઉદ્ધવજી વગેરે ભક્તો ભગવાનને જ સેવે છે. કારણકે શ્રીકૃષ્ણ સિવાય તેમને કોઈના પર પ્રેમ હોતો નથી. ભક્ત્યા લભ્યં સ્ત્વનન્યયા (શ્રી ગીતા ૮-૨૨) પ્રમાણે ભગવાનની પ્રાપ્તિ અનન્ય ભક્તિથી જ થાય છે. આથી જ આનંદ સ્વરૂપ રસાત્મા ભગવાન તથા તેવા તીર્થો ભક્તોને પ્રાપ્ત કરવા યોગ્ય છે.

(૧૧૪) ભક્તાનુશયકાર્યકૃત્ = ભક્તોના નિરોધ માટે કાર્ય કરનારા

ઈન્દ્રિયો ચપલ હોય છે. તે મનને પ્રભુમાં સ્થિર થવા દેતી નથી. પ્રભુ કૃપાસાગર હોવાથી ભક્તોની ઈન્દ્રિયોની ચપલતા પોતાની વિવિધ લીલાઓ દ્વારા દૂર કરે છે. આ રીતે ભક્તના મનને પ્રભુ પોતાનામાં જ પરોવાઈ દે છે. અષ્ટછાપ ગાય છે '*યહ મન લાગ્યો મેરો સુંદર શ્યામ અહિરસોં*'

(૧૧૫) ભક્તતુલ્યઃ = (૧) ભક્તોને પોતાના સમાન ગણનાર (૨) જેમના ભક્તો સર્વત્ર સમબુદ્ધિ રાખનાર છે તેવા પ્રભુ.

ભગવાન પોતાના ભક્તને પોતાના સમાન જ ગણે છે. 'નોદ્ધવોઽણ્વપિ...' શ્રીભાગવત ૩-૪-૩૧ શ્લોક પ્રમાણે પ્રભુ કહે છે કે ઉદ્ધવ મારાથી અણુમાત્ર પણ ઓછો નથી. આથી જ પ્રભુ સ્વધામ પધાર્યા ત્યારે ઉદ્ધવજીને ભૂતળ પર રાખ્યા છે. ભગવાનના ભક્તો પ્રભુ સમાન હોવાથી સર્વત્ર સમબુદ્ધિ રાખે છે. તથા સુખ-દુઃખ, હર્ષ-શોકથી રહિત છે.

(૧૧૬) સર્વતુલ્યઃ = સર્વને પોત પોતાના કર્મો અનુસાર સમાન ભાવે ફળ આપનાર.

ભગવાનના ભક્તોમાં સમત્વ ભાવ વાળી દૃષ્ટિ છે. પ્રભુમાં પણ તે હોય જ તે સ્વાભાવિક છે. 'સમોહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ' શ્રીગીતા ૯/૨૯ હું પ્રાણીમાત્ર પર સમાન ભાવ રાખું છું. મને કોઈ વ્હાલો નથી તેમ

મનિષભાઈ જશવંતલાલ મકવાણા, મહેસાણાના જયશ્રીકૃષ્ણ.

અળખામણો નથી. આથી જ જેવું કર્મ હોય તેવું ફલ ભગવાન સમભાવથી જ આપે છે. કર્મ અનુસાર ફળ આપવાના ભગવાનના તુલા–તાજવા સમાન જ છે.

(૧૧૭) સ્વેચ્છાસર્વપ્રવર્તકઃ = (૧) પોતાની ઈચ્છાથી સર્વ પ્રવર્તાવનાર (૨) સ્વભક્તોની ઈચ્છાથી સર્વ પ્રવર્તાવનાર (૩) સ્વાર્થની ઈચ્છાથી સર્વને પ્રવૃત્તિ કરાવનાર –

પ્રભુની ઈચ્છાથી જ વિશ્વ બન્યું છે. શ્રુતિ કહે છે 'એકોહં બહુસ્યામ્' પ્રવાહ રૂપ સંસારની રચના પોતાની ઈચ્છાથી કરી છે. પ્રભુ સત્યસંકલ્પ છે. આ સામર્થ્યથી સર્વ વસ્તુઓ બનાવી છે. સ એકાકી ન રમતે દ્વિતીયમૈચ્છત્. પ્રભુ એકલા ક્રીડા કરી શકતા નથી માટે બીજાની ઈચ્છા કરી અને અનેક રૂપે થયા. આથી જ સમગ્ર સંસાર ચક્ર, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે કરનારા પ્રભુ જ છે. પોતાની નિજેચ્છાથી આ બધું કરે છે. શ્રી આચાર્યચરણો પણ આજ્ઞા કરે છે. 'નિજેચ્છાત્ કરિષ્યતિ' (નવરત્ન)

પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથ પ્રમાણે – ભગવાને ઈચ્છાથી પ્રવાહ સૃષ્ટિ કરી. વાણી વડે મર્યાદા સૃષ્ટિ અને શ્રીઅંગથી પુષ્ટિ સૃષ્ટિ કરી.

ગુણાતીતોઽનવદ્યાત્મા, સર્ગલીલા પ્રવર્તકઃ ।
સાક્ષાત્સર્વજગત્કર્તા, મહદાદિપ્રવર્તકઃ ॥૩૨॥

(૧૧૮) ગુણાતીતઃ = (૧) ગુણોથી રહિત (૨) ગુણોને દૂર કરવાથી જ જેમની પ્રાપ્તિ થાય છે એવા.

પ્રકૃતિથી બનતા ત્રણ ગુણો છે (૧) સત્વ (૨) રજ (૩) તમ. પ્રભુ આ ત્રણેય ગુણોથી લીંપાતા નથી, આથી આ ગુણોથી થતા વિકારો પ્રભુમાં નથી. ગુણનો એક અર્થ રજ્જુ એટલે દોરડું. તે બાંધવાનું કાર્ય કરે. પ્રભુ બંધાતા નથી. પ્રભુ સર્વતંત્ર સ્વતંત્ર છે. આવા પ્રભુને પામવા ભક્તે પણ ત્રણેય ગુણોના વિકારો દૂર કરવા પડે છે.

શાસ્ત્રોમાં વર્ણવેલ પ્રભુના ગુણો અલૌકિક છે. કારણ પ્રભુ આનંદમય છે. પ્રભુનું આજ મહા સામર્થ્ય છે જેનાથી આપ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની લીલા કરે છે.

એક વૈષ્ણવ, મહેસાણાના જયશ્રીકૃષ્ણ.

(૧૧૯) અનવદ્યાત્મા = (૧) જેમનો આત્મા–અવતાર જાણી શકાય તેવો નથી (૨) ભક્તોના આત્મારૂપ (૩) કોઈની પણ નિંદા નહિ કરનાર.

ભક્તમાં જેમનું ચિત્ત છે એવા પુરુષોત્તમ ભગવાન નિર્દોષ છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે 'કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં, વસ્તુતઃ દોષ વર્જિતમ્.' આથી જ પ્રભુનું સ્વરૂપ કે અવતાર કોઈ જાણી શકતું નથી.

પ્રભુનું કૃપાબળ પ્રાપ્ત થયું છે તેવા ભગવદીયો જ પ્રભુના સ્વરૂપને કંઈક સમજી શકે છે. આવા ભક્તોને સર્વત્ર સમભાવ હોય છે. શુદ્ધ અદ્વૈતમય ભગવદ્ ભાવ હોય છે. તે કોઈની નિંદા કરતા નથી. સ્તુતિ પણ કરતા નથી. પ્રભુ આવા ભક્તોનો ઉદ્ધાર કરવા પોતાનું ચિત્ત પરોવે છે.

(૧૨૦) સર્ગલીલાપ્રવર્તકઃ = સૃષ્ટિ રચનાની લીલા કરનારા.

શ્રી ભાગવતનો ત્રીજો સ્કન્ધ સર્ગલીલા છે. સૃષ્ટિની રચના તે સર્ગ. પંચ મહાભૂતો (પૃથ્વી–જળ–તેજ–વાયુ–આકાશ), ૫ માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ), ૫ જ્ઞાનેન્દ્રિયો (જીભ–નાક–કાન–આંખ–ત્વચા), પાંચ કર્મેન્દ્રિયો (મુખ, હાથ, પગ, ગુદા અને ગુહ્ય) અને બુદ્ધિનો જન્મ તેનું નામ સર્ગ લીલા. બ્રહ્મ ગુણ ક્ષોત્ર થી વિષયતા પામે તે સર્ગલીલા. ૩-૫-૨૩ ભાગવત...પ્રમાણે.. ભગવાન પ્રથમ એક હતા. બધા જીવોના આત્મારૂપ હતા. સમર્થ હતા. ભગવાને બહુરૂપ થવાની ઈચ્છા કરી, 'એકોઽહં બહુ સ્યામ્'. આમ પ્રભુ સર્ગલીલા ચલાવે છે.

(૧૨૧) સાક્ષાત્ સર્વજગત્કર્તા = પોતે જ જગતને રચનારા.

શાસ્ત્રો કહે છે કે 'પુરુષ એવદ સર્વદ્ભૂત યચ્ચભાવ્યમ્' (આ સર્વ ભૂત, ભવિષ્ય અને વર્તમાન જગત તે પુરુષ–પરમાત્મા જ છે). સર્વખલ્વિદં બ્રહ્મ (સર્વ બ્રહ્મરૂપ છે) પાદોસ્યેહાઽભવત્પુનઃ (આ જગમાં પરમાત્માનો અંશ જ આવિર્ભાવ રૂપે પ્રગટ થયો છે.) અહંગ્રતુરહંયજ્ઞઃ (હું જ યજ્ઞ, સ્વધા... જગતરૂપે છું.) શ્રી ભાગવતની શરૂઆત જ જન્માદ્યસ્ય... તે મંગલા ચરણથી છે.

પ્રભુને જગત રચવામાં અન્ય કોઈની અપેક્ષા નથી. પોતાના સ્વરૂપથી જ ભગવાન જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ બની જાય છે.

ઉર્મિલાબેન શાહ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

(૧૨૨) મહદાદિપ્રવર્તકઃ = મહત્ વગેરે તત્વોને પ્રકટ કરનારા એવા પરમાત્મા.

૩-૫-૨૭ શ્રી ભાગવત પ્રમાણે 'તતોડભવન્મહત્તત્વમ્' અર્થાત્ ત્યાર પછી પરમાત્માથી મહત્તત્વ પ્રકટ થયું. આ મહત્તત્વ મુખ્ય છે. તેના જ જેવા અહંકાર અને પંચમહાભૂત વગેરેને રચનાર અને તે તત્વોને પ્રેરનાર પણ પ્રભુ છે.

માયા પ્રવર્તકઃ સાક્ષી, માયા રતિ વિવર્ધનઃ ।
આકાશાત્મા ચતુર્મૂર્તિ-શ્ચતુર્ધા ભૂત ભાવન : ॥૩૩॥

(૧૨૩) માયાપ્રવર્તકઃ = માયાનો આવિર્ભાવ કરનારા, માયાને પ્રેરનાર.

શ્રી ગીતામાં ઠાકોરજી આજ્ઞા કરે છે કે માયા દૈવી છે. ગુણમયી છે. તેને તરવી દુષ્કર છે. પણ આ મારી (શ્રીઠાકોરજીની) માયા છે. અક્રૂરજીએ માયાને પ્રભુની સેવા કરતી જોઈ છે. આમ માયા પ્રભુની શક્તિ છે. તે ત્રણ ગુણવાળી છે. સત્વ, રજ અને તમ. માયા રૂપ શક્તિ ભગવાનથી અલગ નથી. પ્રભુ જ તેને પ્રેરણા કરે છે. શ્રીગીતામાં પ્રભુ કહે છે કે મારા અધ્યક્ષપણા નીચે પ્રકૃતિ-માયા આ સમગ્ર વિશ્વને સર્જે છે. (શ્રીગીતા ૯-૧૦). મૈત્રેયજી વિદૂરજીને કહે છે કે દ્દષ્ટા અને દ્દશ્ય નું અનુસંધાન કરવાવાળી શક્તિ જ કાર્ય કારણરૂપ માયા છે. (શ્રી ભાગવત (૩-૫-૨૫))

(૧૨૪) સાક્ષીઃ = પ્રત્યક્ષ જોનાર - સાક્ષી રૂપ.

વિશ્વ સ્થાવર અને જંગમ યુક્ત છે. આ સચરાચરને પ્રભુ પ્રત્યક્ષ રીતે જુએ છે. તેમાં કોઈ વસ્તુ અંતરાય બનતી નથી. શ્રીભાગવત ૩-૫-૨૫ શ્લોકમાં સંદ્રષ્ટુઃ શબ્દ છે. આ શબ્દથી જગત રચનામાં પ્રભુ સાક્ષી છે તે વાત સમજાય છે. શ્રીગીતા (૧૩-૨૨)માં પણ પ્રભુને ઉપદ્રષ્ટા અર્થાત્ સાક્ષી કહ્યા છે.

(૧૨૫) માયા રતિવિવર્ધનઃ = (૧) માયામાં પ્રીતિને વધારનાર (૨) માયા વડે અરતિ (ભગવદ્ આસક્તિનો અભાવ)ને વિશેષ વધારનાર (૩) માયામાં અરતિને વધારનાર.

ભગવાન પ્રવાહી જીવોની રતિને માયામાં વધારે છે. શ્રી ગીતા (૧૮-૬૧) પ્રમાણે 'હું સર્વ પ્રાણીઓને યંત્ર ઉપર ચઢાવેલા હોય તેમ મારી માયાથી ભ્રમણ કરાવુ છું. આ દ્વારા પ્રભુ તેવા જીવોને દેહ-ગેહ, પુત્રાદિ વગેરેમાં આસક્તિ કરાવે છે. પ્રાકૃત મનુષ્યો આ બધાને પોતાનું માની માયાના પાશમાં બંધાય છે. આથી ભગવાનની ભક્તિમાં અભાવ થાય છે. પ્રભુ કૃપા કરે ત્યારે માયામાં અરૂચિ થાય છે.

(૧૨૬) આકાશાત્માઃ = (૧) આકાશ જેમનો આત્મા-દેહ છે એવા (૨) આ - ચારે તરફ, કાશ - તેજ વડે પ્રકાશમાન સ્વરૂપવાળા.

શ્રીભાગવત ૩-૫-૫૧ પ્રમાણે તામસ અહંકારથી આકાશ ઉત્પન્ન થયું. આકાશ સર્વ સ્થળે વ્યાપ્ત છે, છતાં નિર્લેપ છે. પ્રભુ પણ આવા જ છે. કારણ આકાશ પ્રભુથી ભિન્ન નથી. પ્રભુ પોતાના તેજથી પ્રકાશમાન છે. શ્રીભાગવત પાંચમા સ્કન્ધના છઠ્ઠા અધ્યાય પ્રમાણે પ્રભુએ પોતાના તેજથી વિરાટ બ્રહ્માંડને તપાવ્યું. આનાથી બ્રહ્માંડનો વિસ્તાર થયો.

(૧૨૭) ચતુર્મૂર્તિઃ = ચાર મૂર્તિ (વ્યૂહ) સ્વરૂપ

શ્રીકૃષ્ણના ચાર વ્યૂહો છે. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂધ્ધ. શ્રીકૃષ્ણ વાસુદેવ વ્યૂહ છે. બળદેવજી સંકર્ષણ વ્યૂહ છે. આ ચાર વ્યૂહાત્મક સ્વરૂપ હોવાથી આપ પૂર્ણ પુરુષોત્તમ છે. શ્રીરામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન એમ ચાર વ્યૂહ રામાવતારમાં છે. યજુર્વેદની શ્રુતિ મુજબ બ્રાહ્મણ પરમાત્માનું મૂળ છે. ક્ષત્રિય બાહુ છે. વૈશ્ય ઉરૂ છે. શૂદ્ર ચરણ રૂપ છે. આમ પરમાત્માનું ચતુર્વર્ણાત્મક સ્વરૂપ સ્પષ્ટ છે.

(૧૨૮) ચતુર્ધા = (૧) ચાર વર્ણ રૂપ (૨) ચાર પુરુષાર્થને ધારણ કરનારા.

શ્રીગીતા (૪-૧૩) માં પ્રભુ આજ્ઞા છે કે મેં ચાર વર્ણ રચ્યા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. આ ચારની વૃત્તિઓ પણ જુદી જુદી છે. બ્રાહ્મણની વૃત્તિ શમ, દમ, તપ અને શૌચાદિ છે. ક્ષત્રિયોની વૃત્તિ શૌર્ય, તેજ, ધૈર્ય અને દક્ષાદિ છે. વૈશ્યની વૃત્તિ કૃષિ, ગોરક્ષા અને વાણિજ્ય છે. શૂદ્રવૃત્તિ પરિચર્યા (સેવા) છે. આ વૃત્તિઓ રૂપે આપ ભગવાન જ છે. ચાર આશ્રમો છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ,

વાનપ્રસ્થ, સન્યસ્ત. આનું સર્જન પણ ભગવાનનું જ છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચાર પુરુષાર્થો છે. તે રૂપે પણ ભગવાન જ છે.

(૧૨૯) ભૂત ભાવનઃ = (૧) પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરનાર (૨) ભૂત-જીવોને વધારનાર (૩) સર્વ પ્રાણીમાત્રથી ભાવના કરવા યોગ્ય.

આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી આ પાંચ મહાભૂતો છે. શ્રીભાગવત ૩-૫-૩૨ થી ૩૬ અનુસાર આના કર્તા ભગવાન છે. પ્રથમ આકાશ તત્ત્વ, તેમાંથી વાયુ, તેમાંથી તેજ, તેમાંથી જલ, તેમાંથી પૃથ્વી. સૃષ્ટિની રચના માટે અનેક જીવોની વૃદ્ધિ કરે છે. તેથી આ જગન્નિયંતાનું સેવન-ભાવન પ્રાણીમાત્ર કરે છે.

રજઃપ્રવર્તકો બ્રહ્મા મરીચ્યાદિપિતામહઃ ।
વેદકર્તા યજ્ઞકર્તા સર્વકર્તામિતાત્મકઃ ॥૩૪॥

(૧૩૦) રજઃપ્રવર્તકઃ = રજોગુણને પ્રેરનાર (પ્રવર્તાવનાર)

ભગવાનની માયા ત્રણ ગુણવાળી છે. સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો છે. આનાથી વિશ્વની ક્રમશઃ સ્થિતિ, ઉત્પત્તિ અને લય કરે છે. બીજો ગુણ રંજન કરનાર છે. મનુષ્યો તેથી રંજન પામે છે. ત્રીજા સ્કંધના આઠમા અધ્યાયના ૧૩મા શ્લોક પ્રમાણે સૂક્ષ્મ કાર્યમાં પરમાત્મા પ્રેરે છે. પરમાત્માનો હૃદયગત ભાવ રજોગુણથી વિસ્તારવાળો બન્યો. શ્રીગીતા (૧૪-૭) પ્રમાણે રજોગુણ બંધન કરે છે. પદાર્થ પ્રાપ્ત કરવાની ઈચ્છા, લોભ, પ્રવૃત્તિ વગેરે રજોગુણથી થાય છે.

(૧૩૧) બ્રહ્મા = બ્રહ્મ સ્વરૂપ ભગવાન.

બ્રહ્માજી રજોગુણ ધારણ કરનારા છે. નારાયણ વિષ્ણુ રૂપ છે. વિષ્ણુના નાભિ કમળમાંથી બ્રહ્મા પ્રકટ થયા છે. આથી બ્રહ્મા આપનું જ સ્વરૂપ છે. ૩-૮-૧૫ પ્રમાણે કમલ સર્વલોકમય છે. સંપૂર્ણ ગુણોને પ્રકાશિત કરે છે. વિષ્ણુ ભગવાન અંતર્યામી રૂપે તેમાં પ્રવેશ્યા. આમાંથી બ્રહ્માજી પ્રકટ થયા. આમ બ્રહ્મા પ્રભુ સ્વરૂપ છે.

ચંદ્રાવલીબેન ગૌરાંગભાઈ ત્રિવેદી, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

---

(૧૩૨) મરીચ્યાદિપિતામહઃ = (૧) મરીચિ આદિ ઋષિઓના દાદા (૨) મરીચિ આદિને વિશ્વના પિતામહ કરનાર.

મરીચિ, અત્રિ, અંગિરા, પુલત્સ્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ અને નારદજી આ સર્વના પિતા બ્રહ્માજી છે. બ્રહ્માજીના પિતા પ્રભુ છે. આથી ભગવાન મરીચિ વગેરે ઋષિના પિતામહ –દાદા છે. મરીચિ વગેરે ઋષિઓથી સર્વ પ્રજા પ્રગટી છે. મરીચિ વગેરેને પિતામહ કરનાર ભગવાન છે.

(૧૩૩) વેદકર્તા = વેદોના રચનાર

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ ચાર વેદો છે. ભગવાનના નિશ્વાસમાંથી તે ઉત્પન્ન થયા છે. શ્રીગીતા (૧૫-૧૫) પ્રમાણે વેદ-સિદ્ધાંતોના કર્તા ભગવાન જ છે. યજુર્વેદ પ્રમાણે પણ યજ્ઞ પુરુષ પરમાત્માથી ઋક્, સામ, છંદો તેમજ યજુર્વેદ પ્રકટ થયા છે.

(૧૩૪) યજ્ઞકર્તા = (૧) યજ્ઞોના બનાવનાર (૨) યજ્ઞો માટે પ્રાણીઓને પ્રકટ કરનાર.

ભગવાન જેમ વેદના કર્તા છે, તે જ રીતે યજ્ઞના કર્તા પણ છે. ૨-૬-૨૪, ૨૬ પ્રમાણે બ્રહ્માજી કહે છે કે યજ્ઞ માટે જરૂરી પાત્ર વગેરે વસ્તુઓ - સમસ્ત યજ્ઞ સામગ્રી મેં વિરાટ પુરુષના અંગમાંથી એકત્રિત કરી છે.

(૧૩૫) સર્વકર્તાઃ = (૧) સર્વના કર્તા (૨) સર્વ વેદમય એવા કર્તા.

ભગવાનનું પ્રતિપાદન વેદોમાં સારી રીતે થયું છે. વેદકર્તા પણ આપ જ છે. તે સર્વ વેદમય છે. વેદમય પ્રભુ જ વિશ્વ રચયિતા છે. વેદમય પરમાત્માએ પહેલાં પ્રજાઓ ઉત્પન્ન કરી હતી. જે આપમાં જ લય પામી. આવી પ્રજા ઉત્પન્ન કરવા બ્રહ્માજીને આજ્ઞા કરી છે.

(૧૩૬) અમિતાત્મકઃ = (૧) અસંખ્ય અવતાર ભેદોવાળા (૨) અપરિછિન્ન સ્વરૂપવાન.

અમિત એટલે અસંખ્ય. શ્રીગીતામાં પ્રભુ આજ્ઞા કરે છે, 'મારી દિવ્ય

ગો.વા. શ્યામ રસિકભાઈ ઠુમર, રામપુર(તોરી)ના જયશ્રીકૃષ્ણ.

વિભૂતિઓનો – અવતારોનો અંત નથી. સર્વમાં આત્મા અને અંતયામી તરીકે બિરાજે છે. પ્રભુ સર્વવ્યાપક છે. જ્યાં કંઈ નવીન જોવા મળે તે આપનું સ્વરૂપ જ છે. આમ પ્રભુના સ્વરૂપો તથા અવતારોનો અંત નથી.

આપની બાલ્ય, યૌવન, વૃદ્ધ આદિ અવસ્થાના પરિણામો જણાતાં નથી. આમ આપ અપરિછિન્ન છે. આપનું સ્વરૂપ અવ્યય છે. મૂળ સ્થિતિમાં જ બિરાજે છે.

અનેક સૃષ્ટિકર્તા ચ દશધા સૃષ્ટિકારકઃ ।
યજ્ઞાંગો યજ્ઞવારાહો ભૂધરો ભૂમિપાલકઃ ॥૩૫॥

(૧૩૭) અનેક સૃષ્ટિકર્તા = અનેક પ્રકારની સૃષ્ટિને પ્રકટ કરનારા.

સૃષ્ટિ રચના કરવા માટે ભગવાને પ્રકૃતિનું પણ સર્જન કર્યું છે. આ પ્રકૃતિના ત્રણ ગુણો છે. સત્વ, રજ અને તમ. આ ત્રણ ગુણોના મિશ્રણથી જુદા જુદા પ્રકારની સૃષ્ટિ ભગવાન રચે છે. આ પ્રકારના સર્જનમાં ચાતુર્ય તથા પાંડિત્ય જરૂરી છે. શ્રીકૃષ્ણમાં જ આ બે સંભવે છે. અન્યમાં આ નથી.

(૧૩૮) દશધા સૃષ્ટિકારકઃ = દશ પ્રકારની સૃષ્ટિના કરનારા.

ત્રીજા સ્કન્ધના દસમા અધ્યાયમાં મૈત્રેયજી વિદુરજીને દશ પ્રકારની સૃષ્ટિનું વર્ણન કરે છે. પ્રભુ જ આના રચયિતા છે (૧) મહતત્ત્વ સૃષ્ટિ (૨) અહંકાર સૃષ્ટિ (૩) ભૂત સર્ગ (૪) ઈંદ્રિયોની સૃષ્ટિ (૫) ઈંદ્રિયોના અધિષ્ઠાત્રા દેવોની સૃષ્ટિ (૬) અવિદ્યા સૃષ્ટિ. આ છ પ્રાકૃત સૃષ્ટિઓ છે. હવે વૈકૃત સૃષ્ટિ કહે છે (૭) છ પ્રકારના વૃક્ષો – વનસ્પતિ, ઔષધિ, લતા, ત્વકસાર, વીરાધ્ અને દ્રુમ. (૮) તિર્યગ્ (પશુ–પક્ષી) યોનિ – આ ૨ ૮ પ્રકારની મનાય છે. (૯) મનુષ્યોની સૃષ્ટિ (૧ ૦) દેવસર્ગ – દેવસૃષ્ટિ. આઠ પ્રકારની છે. દેવતા, પિતર, અસુર, ગંધર્વ, યક્ષ, સિધ્ધ, ભૂત અને કિન્નર.

(૧૩૯) યજ્ઞાંગઃ = યજ્ઞ જેમના અંગો છે એવા.

ભગવાનનું અંગ એ યજ્ઞ છે. ભગવાન યજ્ઞ વરાહ રૂપે પ્રકટ થયા છે. હરિવંશમાં યજ્ઞાત્મક પરમાત્માનું વર્ણન છે. ચરણ–વેદમય. દાઢ–યજ્ઞપાત્ર, દાંત–યજ્ઞરૂપ. મુખ–ચિતિ(સુચિ નામનું મુખ્ય પાત્ર). જીભ–અગ્નિરૂપ. રૂવાંટા – દર્ભરૂપ. મસ્તક – ઓંકારરૂપ. કુંડળ – વેદના છ અંગો (ન્યાય, યોગ, સાંખ્ય, વૈશેષિક, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા) નાક – ઘીરૂપ. મુખાગ્ર – શરવારૂપ. સ્વર – સામગાનરૂપ. ધર્મ–સત્ય–સૌંદર્ય–શોભારૂપ. પરાક્રમ – કર્મરૂપ. નાસિકા – યજ્ઞની મુખ્ય ત્રિયારૂપ.

એક વૈષ્ણવ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

આ પ્રભુ સામગાન કરનારા ઉદ્ગાતારૂપ છે. મહાન ચિહ્નોવાળા છે. બીજ અને ઔષધિરૂપ મહા ફળવાળા છે. મન–વાયુરૂપ. મંત્રોને સ્પર્શ કરનારા. સોમરસ રૂપ રુધિર. વેદી રૂપ ખાંધ – હુતદ્રવ્યરૂપ ગંધ. દ્રવ્ય – દક્ષિણારૂપ. ઉપનિષદ રૂપી આસનવાળા – છાયા રૂપ પત્નીવાળા. આવું યજ્ઞાંગ શ્રીવરાહજીનું છે. અંગ અને અંગીમાં અભેદ છે.

(૧૪૦) યજ્ઞવારાહઃ = યજ્ઞરૂપ વરાહને ધારણ કરનારા.

હિરણ્યાક્ષ અસુર છે. આ દૈત્ય પૃથ્વીને રસાતલમાં લઈ ગયેલો. આ દૈત્યનું વિદારણ કરી પૃથ્વીને પુનઃ સ્થિર કરવા ભગવાન વરાહરૂપ થયા. આ સ્વરૂપ યજ્ઞાંગ જ છે. શ્રી ભાગવતમાં ત્રીજા સ્કંધના ૧ ૩મા અધ્યાયમાં બ્રહ્મા, મરીચિ વગેરે ભગવાનની સ્તુતિ કરે છે. આ સ્તુતિમાં યજ્ઞરૂપ ભગવાનનો જયકાર છે. વરાહ ભગવાનની ત્વચામાં ગાયત્રી વગેરે છંદ છે. રોમાવલીમાં કુશ છે. નેત્રોમાં ઘી તથા ચરણોમાં ચાર ઋત્વિજોના કર્મ છે. આ રીતે પ્રભુ યજ્ઞરૂપ વરાહ છે. શ્રીભાગવત ૩–૧ ૯–૯ માં યજ્ઞ સૂકર એ નામ છે.

(૧૪૧) ભૂધરઃ = ભૂમિને ધારણ કરનારા

પૃથ્વીને રસાતળમાંથી ઉદ્ધાર કરી પુનઃ સ્થાપી. આ વખતે પ્રભુએ પોતાના દાંત પર પૃથ્વીને ધરી હતી. શ્રી ભાગવત ૩–૧ ૮–૨ પ્રમાણે હિરણ્યાક્ષે આ પ્રકારના દર્શન કર્યા છે. શ્રી ભાગવત ૩–૧ ૩–૪૦ માં 'ભૂધર' નામ છે.

(૧૪૨) ભૂમિ પાલકઃ = ભૂમિનું પાલન કરનારા.

શ્રી ભાગવત ૩–૧ ૩–૧ ૮ પ્રમાણે વરાહ અવતાર બ્રહ્માજીના નાકમાંથી થયો છે. આ સ્વરૂપે ભૂમિનો રસાતલમાંથી પોતાની દંષ્ટ્રા દ્વારા ઉદ્ધાર કર્યો. રક્ષણ કર્યું. યોગ શક્તિથી જળ પર તે ફરી સ્થિર કરી. આમ પાલન કર્યું.

ગો. વા. વિજયાબેન મફતલાલ શાહ, હિંમતનગરના જયશ્રીકૃષ્ણ.

સેતુર્વિધરણો જૈત્રો હિરણ્યાક્ષાન્તકઃ સુરઃ ।
દિતિ કશ્યપ કામૈક - હેતુ સૃષ્ટિ પ્રવર્તકઃ ॥૩૬॥

(૧૪૩) સેતુઃ = પુલ.

ધર્મ ત્રણ પ્રકારના છે. વર્ણ, આશ્રમ અને ભાગવત. આ ત્રણેય ધર્મોની મર્યાદા બાંધનારા આપ છે. ધર્મ મર્યાદા સાચવનારા સેતુરૂપ છે. સેતુ એટલે પુલ. સમુદ્ર ઓળંગવા પુલની જરૂર છે. સંસાર તો મહાસમુદ્ર છે. તેનું ઉલ્લંઘન કરવા પ્રભુ સેતુરૂપ છે. પ્રભુ સેવનથી પ્રેમ, આસક્તિ, વ્યસન અને તન્મયતા ક્રમશઃ થતાં સંસાર સાગર તરી જવાય છે.

(૧૪૪) વિધરણઃ = વિધરણ એટલે (૧) વિશેષે કરી ધારણ કરનાર (૨) વિકાલને ધારણ કરનાર (૩) વિ-ગરૂડ ને ધારણ કરવાનું સામર્થ્ય જેમનાથી છે એવા વિષ્ણુ

ભગવાન ધર્મમર્યાદાનું પાલન કરે છે. તે દ્વારા સૃષ્ટિ ધારણ કરે છે. રક્ષે છે. ભગવતી શ્રુતિ કહે છે 'એષ સેતુઃ વિધરણો લોકાનામ સંભેદાય.'

(૧) દાઢની અણીપર ભૂમિને વિશેષ કરી ધારણ કરનારા વરાહજી (૨) કાલાત્મા હોવાથી કાલને ધારણ કરનારા (૩) ગરૂડમાં મહાવેગ ધારણની શક્તિ છે. પ્રભુએ તેને વાહન બનાવી તે શક્તિ આપી છે.

(૧૪૫) જૈત્રઃ = જય પ્રાપ્ત કરવાના સ્વભાવવાળા

પ્રભુ સર્વસમર્થ છે. જગન્નિયંતા છે. વિશ્વ નાટકના સૂત્રધાર છે. લાકડાનાં પૂતળાં બનાવી તેને ચલાવનાર જે રીતે નચવે છે, પૂતળાં તે જ રીતે નાચે છે. ભગવાન પણ વિશ્વના સૂત્રને ધારણ કરી લોકોને ચલવે છે. નચવે છે. આવા પ્રભુનો સદા જયજયકાર છે. 'જિતં જિતં તે જિત યજ્ઞ ભાવન' શ્રી ભા. ૩-૧૩-૩૪.

(૧૪૬) હિરણ્યાક્ષાન્તકઃ = હિરણાક્ષ્ય દૈત્યનો અંત કરનારા.

શ્રી ભાગવત ૩-૧૮-૧૯ પ્રમાણે વરાહ ભગવાન અને હિરણ્યાક્ષ વચ્ચેના યુદ્ધનું વર્ણન મૈત્રેયજી કરી રહ્યા છે. ઉદ્ધવજીને કહે છે કે બંને એક બીજાને જીતવાની ઈચ્છાથી ભયંકર યુદ્ધ કરે છે. ૩-૧૯-૨૬ પ્રમાણે ભગવાન વિશ્વ વિજયી છે. હિરણ્યાક્ષને કાન પટી પર તમાચો મારે છે. આનાથી તે પૃથ્વી પર પડી જાય છે. મૃત્યુ પામે છે. આ યુદ્ધની ફલશ્રુતિમાં સૂતજી કહે છે કે પ્રભુ વરાહ રૂપથી પૃથ્વીનો ઉદ્ધાર કરે છે. આ અદ્‌ભુત લીલા સાંભળનાર કે ગાનાર બ્રહ્મ હત્યાના પાપથી છૂટે છે. આ ચરિત્ર પુણ્ય આપનાર છે. પવિત્ર છે. ધન, યશની પ્રાપ્તિ થાય છે. ઉંમર વધે છે. કામનાઓની પૂર્તિ થાય છે. યુદ્ધમાં પ્રાણ અને ઈન્દ્રિયોની શક્તિ વધે છે. સાંભળનારને પ્રભુનો આશ્રય પ્રાપ્ત થાય છે.

કલ્પનાબેન કમલેશભાઈ શાહ, હિંમતનગરના જયશ્રીકૃષ્ણ.

(૧૪૭) સુરઃ = સુંદર શોભા આપનારા.

હિરણ્યાક્ષ દૈત્યનો નાશ કર્યો. આનાથી સર્વનું કલ્યાણ થયું. આ કલ્યાણ જ શોભા રૂપ છે. પ્રભુ આ રીતે સૌભાગ્ય આપનારા છે. પ્રભુ સર્વજન પર દયા કરે છે. તેમનાં દુઃખો દૂર કરે છે. સુંદર સૌભાગ્યનું દાન કરે છે. સુર એટલે દેવરૂપ પણ પ્રભુ છે.

(૧૪૮) દિતિકશ્યપકામૈકહેતુસૃષ્ટિપ્રવર્તકઃ = દિતિ અને કશ્યપની કામ હેતુવાળી સૃષ્ટિને પ્રકટ કરનાર.

દિતિ અને કશ્યપનો દેહ સંબંધ માત્ર કામની તૃપ્તિ માટે જ હતો. આવા સંબંધથી દૈત્ય સૃષ્ટિ થઈ. આ પ્રકારના સંબંધમાં કોઈ ધાર્મિક હેતુ ન હતો. શ્રી ભાગવત ૩-૧૪-૭ દિતિર્દાક્ષાયણી... માં કામાતુર દિતિની પુત્ર પ્રાપ્તિની પ્રાર્થના છે. દૈત્ય સૃષ્ટિ પ્રકટ થવાનું મૂળ બીજ આ કથામાં છે. આ પણ ભગવાનની ઈચ્છાથી જ છે, આથી દૈત્ય સૃષ્ટિને પ્રકટ કરનારા પ્રભુ જ છે.

દેવાભયપ્રદાતા ચ વૈકુણ્ઠાધિપતિર્મહાન્ ।
સર્વ-ગર્વ-પ્રહારી ચ સનકાદ્યખિલાર્થદઃ ॥૩૭॥

(૧૪૯) દેવાભયપ્રદાતા = (૧) દેવોને અભય આપનાર (૨) દિતિના ગર્ભને ઈંદ્રથી અભય આપનાર.

સુરભીબેન પંકજકુમાર ગાંધી, દાહોદના જયશ્રીકૃષ્ણ.

દિતિને પુત્રપ્રાપ્તિની કામના છે. સાયંકાલે કામાતુર દિતિ, પતિ કશ્યપજીને તે માટે પ્રાર્થના કરે છે. સાયંકાલ રાક્ષસ વગેરે ઘોર જીવોનો હોય છે. આ સમયે ભૂતનાથ ભગવાનના ગણ ભૂત–પ્રેતાદિ ઘૂમતા હોય છે. આથી દિતિના ગર્ભમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ બે દૈત્યો થયા. દિતિએ સો વર્ષ સુધી તેમને ઉદરમાં રાખ્યા. ગર્ભના તેજથી સૂર્યનો પ્રકાશ ક્ષીણ થવા લાગ્યો. ઈન્દ્ર વગેરે લોકપાલ તેજ વગરના થયા. દેવો અને બ્રહ્માજી આ અસુરોથી બચવા પ્રભુની સ્તુતિ કરે છે. હિરણ્યાક્ષના જન્મથી દેવોને સંકટ હતું. વરાહ અવતારથી પ્રભુએ તેમને રક્ષ્યા.

દિતિના ગર્ભને રૂદ્રથી ભય હતો. ભગવાને ગર્ભનું રક્ષણ કરી અભય આપ્યું.

(૧૫૦) વૈકુણ્ઠાધિપતિઃ = વૈકુંઠ લોકના સ્વામી.

બ્રહ્માંડમાં ચૌદ લોક છે. તે બધાના શિરભાગમાં વૈકુંઠ ધામ છે. તે શુદ્ધ સત્ત્વમય છે. ભગવાન વિષ્ણુ તેમાં બિરાજે છે. અહીં બધા વિષ્ણુરૂપ બનીને રહે છે. સર્વકામનાઓ છોડી માત્ર ભગવાનના ચરણનું શરણ કરે તેને આ લોક મળે છે. શુદ્ધ સત્ત્વમય આદિનારાયણ સદા અહીં બિરાજે છે. તેમાં નૈઃ શ્રેયસ નામનું વન છે. તેના વૃક્ષો બધી કામના પૂર્ણ કરે છે. આવા વૈકુંઠ લોકના ભગવાન અધિપતિ છે. એકવાર સનકાદિ ઋષિઓ અહીં આવ્યા. વૈકુંઠનો વૈભવ જોયો. પરમાત્માનું આધિપત્ય અનુભવ્યું. સત્વગુણના અધિષ્ઠાતા વિષ્ણુ પૂર્ણ પુરુષોત્તમનું જ સ્વરૂપ છે. આ સ્વરૂપથી જ જગતનું પાલન થાય છે. અભિન્નપણું અને શુદ્ધ અદ્વૈત ભાવથી પૂર્ણ પુરુષોત્તમ જ વૈકુંઠાધિપતિ છે.

(૧૫૧) મહાન્ = (૧) પૂજ્ય મહિમાવાળા (૨) સર્વથી મહાન

જેમના મહિમાને કોઈ પણ જાણી શકતું નથી તે મહાન કહેવાય. ભગવાન સર્વથી મહાન છે. મહાનમાં પણ મહાન છે. શ્રુતિ ગાય છે 'મહતો મહીયાન્' – મહાનથી મહાન છે. 'અણોરઅણિયાન્'. પ્રભુ અત્યંત સૂક્ષ્મ રૂપે પણ છે. શુદ્ધ, બુદ્ધ અને સર્વ વ્યાપક પણ છે. તર્કથી તે જાણી શકાતા નથી. આથી જ મહાન છે.

એક વૈષ્ણવ, ગોવાના જયશ્રીકૃષ્ણ.

(૧૫૨) સર્વગર્વપ્રહારી = સર્વના ગર્વને દૂર કરનારા.

સર્વનો ગર્વ દૂર કરનારા પ્રભુ પોતાના સર્વભક્તોનો પણ ગર્વ હરણ કરી લે છે. પ્રભુના બે પાર્ષદો છે. ભક્તો છે. જય અને વિજય તેમનાં નામ છે. એક વાર સનકાદિ ઋષિઓ વૈકુંઠમાં પધાર્યા. છ કક્ષા પાર કરી. સાતમી કક્ષામાં પધાર્યા ત્યારે આ બે પાર્ષદોએ અભિમાન કરી ઋષિઓને અટકાવ્યા. પાર્ષદોને નિત્યમુક્ત હોવાનો ગર્વ હતો. સનકાદિ ઋષિઓને અટકાવવાનો અપરાધ પણ હતો. સનકાદિ ઋષિઓ દ્વારા શ્રાપ અપાવી નિજ ભક્તોના ગર્વનું હરણ કર્યું.

(૧૫૩) સનકાદ્યખિલાર્થદઃ = સનકાદિ મુનિઓને સંપૂર્ણ અર્થ આપનારા.

ત્રીજા સ્કન્ધના પંદરમા અધ્યાયમાં કથા છે. સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર આ ચાર સનકાદિ કુમારો છે. તે મુનીશ્વરો છે. વૈકુંઠ લોકમાં તે ગયા છે. આ વખતે ભગવાન પોતાના તથા શ્રીલક્ષ્મીજીના દર્શન કરાવે છે. ભગવાને દિવ્ય તેજોમય સ્વરૂપ ધારણ કર્યું છે. આવા સુંદર દર્શનથી મુનીશ્વરોના સઘળા મનોરથો ફલીભૂત થયા. આમ સનકાદિને સંપૂર્ણ અર્થો આપનારા પ્રભુ છે.

સર્વાશ્વાસનકર્તા ચ ભક્તતુલ્યાહવ પ્રદઃ ।
કાલલક્ષણહેતુશ્ચ સર્વાર્થજ્ઞાપક: પર: ॥૩૮॥

(૧૫૪) સર્વાશ્વાસનકર્તા = સર્વને આશ્વાસન આપનાર.

ભગવાને જય વિજયને આશ્વાસન આપ્યું. સનકાદિ મુનિઓને પણ આશ્વાસન આપ્યું. ત્રીજા સ્કંધના ૧૫મા અને સોળમા અધ્યાયમાં આ કથા છે. સનકાદિ મુનિઓને ભગવદ્ દર્શનની લાલસા છે. તેઓ વૈકુંઠધામ ગયા. છ કક્ષાઓ પાર કરી સાતમી પર પહોંચ્યા. ત્યાં ભગવાનના બે પાર્ષદો છે. જય અને વિજય તેમનાં નામ છે. દ્વારપાલ તરીકે સેવા કરે છે. તેમણે કુમારોને આગળ વધતા રોક્યા. કુમારોને થોડો ક્રોધ થયો. તેમણે દ્વારપાલોને પાપ યોનિમાં જવાનો શ્રાપ આપ્યો. કામ, ક્રોધ અને લોભની યોનિમાં જવા કહ્યું.

ભગવાન જયવિજય પર કૃપા દર્શાવે છે. આશ્વાસન આપે છે. 'ભૂયો

સુશીલાબેન મનહરલાલ છોટાલાલ શાહ, ડોંબીવલીના જયશ્રીકૃષ્ણ.

મમાન્તિક...' સનકાદિ મુનિઓને અનુરોધ કર્યો કે આપ એવી કૃપા કરો કે આ બંનેનો શ્રાપનો સમય જલદી સમાપ્ત થાય – અધમ ગતિ ભોગવી જલદી મારી પાસે ઓછા ફરે.

સનત કુમારોને પણ પશ્ચાતાપ થયો. ભગવાને તેમને આશ્વાસન આપતાં કહ્યું કે આ શાપ તો પ્રથમથી ક્રોધિત બનેલા લક્ષ્મીજીએ નક્કી કરેલો હતો. આથી તમારે દુ:ખી થવાની જરૂર નથી. તમે તો ભગવદ્ ઇચ્છાથી નિમિત્ત થયા છો.

(૧૫૫) ભક્ત તુલ્યા હવપ્રદ: = ભક્તને યોગ્ય યુદ્ધ આપનાર

જય વિજય ભક્ત છે. દૈત્યપણું પ્રાસ કરે છે. દૈત્યને ઉચિત યુદ્ધ આપવું જોઈએ. આથી ભગવાન પોતે અવતાર લે છે. પાર્ષદ ભક્ત વિજય હિરણ્યાક્ષ દૈત્ય રૂપ થયો. પોતાના ભક્તને યોગ્ય યુદ્ધ આપવા વરાહ અવતાર ગ્રહણ કર્યો. હિરણ્યકશિપુ માટે નૃસિંહ અવતાર લીધો. રામ વગેરે અવતારો થવામાં અનેક કારણો છે. પણ વરાહ અવતાર ગ્રહણ કરવામાં કેવળ એક જ કારણ છે. ભક્તને યુદ્ધ આપવું તે.

(૧૫૬) કાલ લક્ષણ હેતુ = કાલના લક્ષણોના કારણ રૂપ.

દિતિના ગર્ભમાં હિરણ્યાક્ષનો પ્રવેશ થયો તે વખતે કાલ વિષમ બન્યો. તેનાં લક્ષણો ૩-૧૭ શ્રી ભાગવતમાં વર્ણવ્યાં છે. સ્વર્ગ, પૃથ્વી અને અંતરિક્ષમાં અનેક ઉત્પાત થવા લાગ્યા. પૃથ્વી અને પર્વત કાંપવા લાગ્યા. ઉલ્કાપાત થવા લાગ્યો. વીજળીઓ પડવા લાગી. ધૂમકેતુ દેખાવા લાગ્યા. અસહ્ય વાયુ વહેવા લાગ્યો. સઘન ધરામાં સૂર્ય અને ચંદ્ર છુપાતા અંધકાર ફેલાયો. સમુદ્રમાં ઊંચી તરંગો ઉઠવા લાગી. ગીધ, ઘુવડ અને શિયાળોના અમંગલ શબ્દો થવા લાગ્યા. કૂતરા અને ગધેડા મસ્ત બની આમ તેમ દોડવા લાગ્યા. આવા ઘણા ભયંકર ઉત્પાતો થયા – આવાં લક્ષણોના કારણરૂપ શ્રીહરિ જ છે.

(૧૫૭) સર્વાર્થ જ્ઞામક: = (૧) સર્વ અર્થોનું જ્ઞાન કરાવનાર (૨) સર્વાર્થમય વરાહ સ્વરૂપ હિરણ્યાક્ષ દૈત્યને જણાવનાર.

વરાહ સ્વરૂપ યજ્ઞાત્મક છે. યજ્ઞ નારાયણ ભગવાન છે. તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ અર્થો રહ્યા છે. આવું જ્ઞાન વરાહ ભગવાન કરાવે છે. પોતાનું સર્વ અર્થમય વરાહ સ્વરૂપ હિરણ્યાક્ષને બતાવે છે. ૩-૮-૨ પ્રમાણે હિરણ્યાક્ષ જુએ છે કે વિશ્વવિજયી વરાહ ભગવાન પોતાની દાઢની અણી પર પૃથ્વીને ઉપરની તરફ લઈ જાય છે. 'દદર્શ તત્રાભિજિતં...'

ગીતાબેન પ્રકાશચંદ્ર પરીખ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

(૧૫૮) પર: = ભક્ત હિરણ્યાક્ષ દૈત્યની યુદ્ધની અભિલાષાને પૂર્ણ કરનારા વરાહરૂપ શ્રીપુરુષોત્તમ.

ભક્તોની અભિલાષાઓ દૈવી મનોરથ સ્વરૂપે હોય છે. ભગવાન તે પરિપૂર્ણ કરે છે. સફળ કરે છે. કારણ ભગવાન સર્વથી પર છે.

ભક્તોન્નતિકર: સર્વપ્રકાર સુખદાયક: ।
નાના યુદ્ધ પ્રહરણો બ્રહ્મ શાપવિમોચક: ॥૩૯॥

(૧૫૯) ભક્તોન્નતિકર: = ભક્તની ઉન્નતિ કરનારા.

હિરણ્યાક્ષ ભલે અસુર છે પણ છે તો મૂલત: પ્રભુભક્ત. ભગવાન અન્ય જનોને દર્શાવે છે કે ભક્ત દૈત્ય હિરણ્યાક્ષ બલમાં મારાથી અધિક છે. યુદ્ધમાં ભગવાનના હાથની ગદાને પણ ફેંકી દે છે. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું છે. યુદ્ધ લાંબુ ચાલ્યું છે. હિરણ્યાક્ષ મહાપરાક્રમી અને પ્રભુથી પણ ઉન્નત થયેલો લાગે છે. ૧૮મા અધ્યાયમાં આ કથા છે. બ્રહ્માજીની સવારથી સાંજ સુધી યુદ્ધ ચાલ્યું ત્યારે બ્રહ્માજી મનમાં મુંઝાયા. ભગવાનની સ્તુતિ કરી : 'હે દેવા સાયંકાલ થશે તો અસુરનું બળ વધી જશે. જીતાશે નહીં. આ અભિજીતમુર્હૂતમાં આપ અંતે જલ્દીથી મારો. જગતનો પ્રલય કરનાર પ્રભુને દૈત્યનો નાશ કરવો રમત માત્ર છે, છતાં પોતાનાથી ભક્ત દૈત્ય બલવાન છે એવું પ્રભુ જણાવી રહ્યા છે. ભલે દૈત્ય છે પણ ભગવાનનો પાર્ષદ છે. આથી સર્વ વૈભવનું સુખ અને લૌકિક ઉન્નતિ ભગવાને તેને આપી હતી.

(૧૬૦) સર્વપ્રકાર સુખદાયક: = સર્વ પ્રકારનું સુખ આપનારા.

ભગવાન ભક્તોને સર્વ પ્રકારના સુખ આપે છે. અલૌકિક સાથે લૌકિક આનંદ અને સુખ આપવામાં સમર્થ શ્રીહરિ જ છે. હિરણ્યાક્ષ ભક્ત છે. દૈત્ય

ગો. વા. નરેન્દ્રભાઈ નટવરલાલ દાણી, મહેસાણાના જયશ્રીકૃષ્ણ.

સ્વરૂપમાં છે, છતાં સર્વલોકપાલોનો વિજય પ્રાપ્ત કરાવ્યો. ઈંદ્ર કરતાં પણ અધિક સુખ તેને પ્રદાન કર્યું.

(૧૬૧) નાનાયુદ્ધપ્રહરણઃ = (૧) જુદા જુદા પ્રકારનાં જેમને યુદ્ધનાં શસ્ત્રો છે એવા (૨) વિવિધ પ્રકારે યુદ્ધમાં આયુધોથી પ્રહાર કરવાનું જ્ઞાન ધરાવનાર (૩) ભિન્ન ભિન્ન રીતે શુદ્ધ કરી દુષ્ટોને શિક્ષા કરનારા.

યુદ્ધમાં ભગવાન વિવિધ પ્રકારનાં શસ્ત્રો અને અસ્ત્રો ધારણ કરે છે. અસ્ત્ર હાથમાંથી દૂર છોડવામાં આવે છે. શસ્ત્ર ધારણ કરેલાં રહે છે અને તેનાથી યુદ્ધ કરવામાં આવે છે. ચક્ર, ગદા, ધનુષ્ય અને બાણ (સારંગ ધનુષ્ય) વગેરેથી પ્રભુ યુદ્ધ કરે છે.

આ શસ્ત્રો વડે યુદ્ધ કરવાની જુદી જુદી કલાઓનું જ્ઞાન પ્રભુ ધરાવે છે. પોતાની યુદ્ધ નિપુણતાથી દુષ્ટોનો નાશ કરે છે. સર્વ જગતનું હિત કરે છે. યુદ્ધ દ્વારા દુષ્ટોનું તાડન કરે છે. તે રીતે શિક્ષા કરે છે.

અનેક વિદ્યા પ્રકટ કરનારા પ્રભુ શસ્ત્રવિદ્યામાં કુશલ હોય જ, કારણ શસ્ત્ર વિદ્યા પણ આપે પ્રકટ કરી છે.

(૧૬૨) બ્રહ્મશાપ વિમોચકઃ = બ્રહ્મજ્ઞના શાપથી મુક્ત કરનારા

સનતકુમારો બ્રહ્મજ્ઞ છે. જય વિજય પ્રભુના પાર્ષદો છે. મુનિઓએ આ બંનેને શ્રાપ આપ્યો છે. ત્રણ જન્મો જય વિજયને લેવા પડ્યા. આ શાપમાંથી શ્રીહરિ જ મુક્ત કરાવે છે અને ફરી તેમને પાર્ષદનું સ્થાન આપે છે. હિરણ્યાક્ષ રૂપ ધારીને વરાહ રૂપથી મારી શાપમાં ન્યૂનતા કરી છે. આમ પ્રભુ બ્રહ્મશાપથી મુક્ત કરનારા છે.

પુષ્ટિ સર્ગપ્રણેતા ચ ગુણસૃષ્ટિ પ્રવર્તકઃ ।
કર્દમેષ્ટ પ્રદાતા ચ દેવહૂત્યાખિલાર્થદઃ ॥૪૦॥

(૧૬૩) પુષ્ટિસર્ગપ્રણેતા = (૧) પુષ્ટિસૃષ્ટિને રચનારા (૨) પુષ્ટિ વડે સર્જનાર (૩) પુષ્ટિ રૂપ સૃષ્ટિ કરનાર

પુષ્ટિ એટલે પોષણ. શ્રીમદ્ ભાગવતમાં ભગવાનની દશ પ્રકારની લીલાઓનું વર્ણન છે. તેમાં પોષણ પણ લીલા છે. શ્રીશુકજી વદે છે કે :- 'પોષણં તદનુગ્રહઃ' - ભગવાનના અનુગ્રહનું નામ પોષણ છે. તે જ પુષ્ટિ છે. પોતાના સર્વ ભક્તોને પોતાનો અનુગ્રહ પ્રાપ્ત થાય તે માટે જ પ્રભુ સૃષ્ટિને પ્રકટ કરે છે. પ્રભુના અનુગ્રહથી જ કશ્યપ, મનુ વગેરેની સૃષ્ટિ પ્રકટ કરી છે. તેમાં પ્રભુના ઘણા ભક્તો થયા છે.

સૃષ્ટિ આરંભે બ્રહ્મદેવથી સ્વયંભુ મનુ અને શતરૂપાજી એ પુરુષ અને સ્ત્રીનું યુગ્મ ઉત્પન્ન થયું. બંને ભાઈ બહેન કહેવાય – તેથી મૈથુન ધર્મ ન થાય. આ સૃષ્ટિનો આરંભ કાલ હતો, તેથી મર્યાદા વિરુદ્ધ આજ્ઞા અર્થાત્ પુષ્ટિ રૂપ સૃષ્ટિની આજ્ઞા કરી.

પુષ્ટિ-અનુગ્રહની વિલક્ષણ સૃષ્ટિ એટલે પુષ્ટિ ભક્તોની સૃષ્ટિ. શ્રીમહાપ્રભુજીના પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા ગ્રંથ પ્રમાણે પુષ્ટિ કાયેન નિશ્ચયઃ આ ભક્તો પ્રભુના શ્રીવિગ્રહમાંથી પ્રગટ થયા છે. આથી જ આ જીવો બીજાથી ભિન્ન છે 'તસ્માજજીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્નાઃ ।'

(૧૬૪) ગુણસૃષ્ટિપ્રવર્તકઃ = ગુણમયી સૃષ્ટિને પ્રવર્તાવનારા.

પ્રકૃતિના ત્રણ ગુણો છે. સત્વ, રજ અને તમ. આ ગુણોનું પરસ્પર મિશ્રણ કરી ભગવાન ગુણમયી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. શ્રી ભાગવત ૩-૨૦-૧૨ પ્રમાણે ભગવાનની સન્નિધિથી ત્રિગુણમય પ્રકૃતિમાં ક્ષોભ થવાથી તેમાંથી મહતત્ત્વ ઉત્પન્ન થયું. પ્રભુ પ્રેરણાથી મહતતત્ત્વથી સાત્વિક, રાજસ અને તામસ અહંકાર ઉત્પન્ન થયા. તેમાંથી આકાશ વગેરે પાંચ પાંચ તત્વોના વર્ગ પ્રકટ થયા – તે અલગ અલગ કંઈ ન કરી શક્યા. પ્રભુની શક્તિથી સંગઠિત થયા. સુવર્ણ અંડની રચના કરી. ભગવાને તેમાં પ્રવેશ કર્યો. આપની નાભિમાંથી કમલ પ્રકટ થયું. તેમાંથી બ્રહ્માજી પ્રકટ્યા.

(૧૬૫) કર્દમેષ્ટપ્રદાતા = કર્દમ મુનિને ઈષ્ટ વસ્તુ આપનારા.

બ્રહ્માજીએ કર્દમ ઋષિને પ્રજા ઉત્પન્ન કરવા આજ્ઞા કરી. તે માટે સાધનો જોઈએ. પ્રભુએ તે મેળવી આપ્યા. કર્દમજીને શુક્લ નારાયણજીએ દર્શન આપ્યાં. ઋષિ સ્તુતિ કરે છે. તેમાં નિવેદન કરે છે કે મારા સ્વભાવને અનુરૂપ

અને ગૃહસ્થધર્મના પાલનમાં સહાયક થાય તેવી શીલવાન કન્યા સાથે મારે વિવાહ કરવો છે. (શ્રીભા. ૩-૨૧-૧૫) ભગવાને આ પ્રાર્થના સ્વીકારી. પ્રભુએ ઋષિને આજ્ઞા કરી કે પરમ દિવસે મનુ અને શતરૂપા પોતાની પુત્રી દેવહૂતિનું કન્યાદાન કરવા અહીં આવશે અને તે કન્યા તમારી પત્ની બની તમારી કામનાઓ પુરી કરશે.

પ્રભુએ કૃપા કરી વરદાન આપ્યું કે કે હું અંશથી તમારા ત્યાં અવતાર લઈશ. આમ ભગવાને કર્દમ ઋષિના સર્વે ઈષ્ટો સિદ્ધ કર્યા છે. શ્રીભાગવત ૩-૨૧માં આ કથા વસ્તુ છે.

(૧૬૬) દેવહૂત્યાખિલાર્થદઃ = દેવહૂતિને સમગ્ર અર્થ આપનારા.

દેવહૂતિજી મનુના પુત્રી છે. કર્દમજીના પત્ની છે. તેમને મુનિએ દિવ્ય ભુવન, દિવ્ય વિમાન અને સેવામાં હજારો વિદ્યાધરીઓ આપી. આ વૈભવ પ્રભુનો જ આપેલો છે.

દેવહૂતિજીને ત્યાં કપિલ ભગવાન પ્રકટયા. કપિલજીએ માને સાંખ્યશાસ્ત્રનું સબીજ - નિર્બીજ યોગનું જ્ઞાન, વૈરાગ્ય અને તીવ્રભક્તિનો ઉપદેશ કર્યો. આ રીતે સંપૂર્ણ અર્થ સિદ્ધિ આપી. અખિલ મનોરથ પૂર્ણ કર્યા.

શુક્લ-નારાયણ સત્ય-કાલધર્મપ્રવર્તકઃ ।
જ્ઞાનાવતારઃ શાન્તાત્મા, કપિલઃ કાલ-નાશકઃ ॥૪૧॥

(૧૬૭) શુક્લ નારાયણઃ = શુદ્ધ સત્વગુણમય નારાયણ. શુક્લશ્વેત નારાયણ ભગવાન.

સ્વાયંભુવ મનુને બે દીકરા હતા. પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. ત્રણ કન્યાઓ હતી. આહુતિ, દેવહૂતિ અને પ્રસૂતિ. આ પૈકી દેવહૂતિજીના લગ્ન કર્દમ ઋષિ સાથે થયા. બ્રહ્માજીએ તેમને પ્રજાના સર્જનની આજ્ઞા કરી. કર્દમ ઋષિએ સરસ્વતી નદીના કિનારે દસ હજાર દેવવર્ષ સુધી તપ કર્યું. સત્ય યુગમાં ઋષિએ તપ શરૂ કરેલું. પછી ત્રેતા, દ્વાપર, કલિયુગ આવ્યા. પુનઃ સતયુગમાં પ્રભુ પ્રકટ થયા.

આ પ્રભુ શબ્દબ્રહ્મરૂપ શુક્લનારાયણ સ્વરૂપ છે. શુક્લ એટલે શ્વેત. સત્વ

ગુણનો રંગ શ્વેત છે. પ્રકટ પ્રભુએ રજ સિવાયનું શ્વેતાંબર ધર્યું છે. શ્વેત કમલની માળા છે. શ્રીહસ્તમાં શ્વેત કમલ છે. ગરુડજીના સ્કંધ ઉપર ચરણ પધરાવી આકાશમાં ઉભા છે. કંઠમાં કૌસ્તુભમણિ છે. વક્ષઃસ્થલે શ્રીવત્સ ચિહ્ન છે. મુખે મધુર સ્મિત છે. શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધર્યા છે. મસ્તકે મુકુટ છે. કાને કુંડળ છે. મંદ સ્મિત મનને સ્પર્શે છે. મનને હરે છે. અથસંપ્રસ્થિતે... ૩-૨૧-૩૫માં શુક્લ નારાયણજી છે.

૩-૨૩-૨૩ પ્રમાણે કર્દમજી દેવહૂતિજીને બિંદુસરોવરમાં સ્નાન કરી વિમાનમાં બેસવા કહે છે. આ સરોવર શુક્લ ભગવાને રચ્યું છે. આમ શુક્લ નારાયણજીનું નામ અહીં પણ છે.

(૧૬૮) સત્યકાલ ધર્મપ્રવર્તકઃ = યથાર્થ કાલ સંબંધી ધર્મો પ્રવર્તાવનારા (પ્રવૃત્ત કરનારા)

યથાર્થ કાલ સંબંધી ધર્મ એટલે યૌવન. યૌવન જ ક્રીડામાં ઉપયોગી છે. કર્દમ ઋષિની આજ્ઞાથી દેવહૂતિજીએ બિંદુ સરોવરમાં સ્નાન કર્યું. તે સરોવર અંદર એક મહેલ હતો. તેમાં એક હજાર કન્યાઓ હતી. તેમણે દેવહૂતિજીની સેવા કરી. સ્નાન કરાવ્યું. દેવહૂતિજીનું શરીર નિર્મળ બન્યું. વિવાહ સમયે જેવું રૂપ હતું તેવી શોભા થઈ. કર્દમજીમાં પણ પ્રભુએ યૌવનના ધર્મો પ્રકટ કર્યા. પતિ અને પત્નીએ વિમાનમાં સો વર્ષ વિહારો કર્યા. આટલા વર્ષો પણ એક મુહૂર્ત જેવા અલ્પકાલ સમાન લાગ્યા. આનાથી દેવહૂતિજીને નવ કન્યાઓ થઈ છે.

(૧૬૯) જ્ઞાનાવતારઃ = જ્ઞાનરૂપ જેમનો અવતાર છે એવા કપિલ ભગવાન.

દેવહૂતિજી કર્દમજીને કહે છે કે નવ કન્યાઓને પરણાવ્યા પછી અને આપ વનમાં જશો પછી મારા જન્મ મરણ રૂપ શોક દૂર કરનાર કોઈ નહીં રહે. ભગવાનની માયાએ મને ઠગી લીધી. કર્દમજીએ આશ્વાસન આપતાં કહ્યું કે અવિનાશી વિષ્ણુ ભગવાન શીઘ્ર તમારા ગર્ભમાં પધારશે. દેવહૂતિજીને ભક્તિ તથા જ્ઞાનમાર્ગનો ઉપદેશ કરવા ભગવાન કપિલ રૂપે પ્રકટ થયા. તે જ્ઞાનાવતાર છે.

(૧૭૦) શાન્તાત્મા = શાંત સ્વરૂપ વાળા. શાંત ભક્તોના આત્મારૂપ.

પરમાત્મા પૂર્ણ છે. આનંદમય છે. આપમાં કામ ક્રોધ નથી. આથી જ આપ શાંત સ્વરૂપે બિરાજે છે. પ્રભુના ભક્તો પણ પ્રભુકૃપાથી શાંત હોય છે. આવા ભક્તોના હૃદયમાં પ્રભુ આત્મારૂપ બની નિરંતર નિવાસ કરે છે.

(૧૭૧) કપિલઃ = કપિલ વર્ણવાળા દેવહૂતિના પુત્ર કપિલ ભગવાન.

કપિલ રંગ એટલે લાલ, ધોળા અને પીળા રંગનું મિશ્રણ. દેવહૂતિજીના પુત્ર કપિલ ભગવાનનો વર્ણ આવો છે. બ્રહ્માજી કર્દમજીને કહે છે કે આદિપુરુષ શ્રીનારાયણ જ કપિલ રૂપમાં અવતીર્ણ થયા છે (૩-૪-૧૬). બ્રહ્માજી દેવહૂતિજીને કહે છે કે લોકમાં તારી કીર્તિનો વિસ્તાર કરશે. 'કપિલ'નામથી વિખ્યાત થશે (૩-૪-૧૯)

ક એટલે જળ, પિ એટલે પીનાર અને લ એટલે ધારણ કરનાર અર્થાત્ જળને શોષી ધારણ કરનાર એવા કિરણોવાળા સૂર્યરૂપ ભગવાન.

મહાભારત પ્રમાણે કપિ એટલે શ્રેષ્ઠ. શ્રેષ્ઠ ભક્ત પર કૃપા કરનાર કપિલ.

(૧૭૨) કાલ નાશકઃ = કાલ રૂપ મૃત્યુનો નાશ કરનારા.

કાળથી આરંભી સર્વ જગત્ ક્ષર, અક્ષર બધું પરમાત્મામાં લીન થાય છે. કાલ પુરુષથી પણ પર છે. કાળ પુરુષનો નાશ ભગવાન કરે છે.

ત્રિગુણાધિપતિઃ સાંખ્ય-શાસ્ત્રકર્તા વિશારદઃ ।
સર્ગદૂષણહારી ચ પુષ્ટિમોક્ષ - પ્રવર્તકઃ ॥૪૨॥

(૧૭૩) ત્રિગુણાધિપતિઃ = સત્વ આદિ ત્રણ ગુણો જેમાં છે એવા કાળના અધિપતિ – આધિદૈવિક રૂપવાન.

સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો છે. તે માયામાંથી થયા છે. માયા એટલે પ્રકૃતિ. ભગવાનની શક્તિઓ અનંત છે. તે પૈકી શ્રી, પુષ્ટિ, સરસ્વતી, કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા આ બાર મુખ્ય શક્તિઓ છે. દશમ સ્કંધમાં અક્રૂરજીએ આ શક્તિઓ પ્રભુની સેવા કરે છે તેવાં દર્શન કર્યાં છે. પ્રભુ માયાના અધિપતિ– સ્વામી છે. કાળ પણ ત્રિગુણાત્મક છે. ત્રીજા સ્કંધના ૨૪મા અધ્યાયના ૩૩મા શ્લોકમાં કહે છે કે ભગવાન કપિલ

પરબ્રહ્મ છે. સર્વ શક્તિઓ, કાલ વગેરે રૂપે આપ છે. આપની શરણાગતિ કરીએ છીએ. આમ પ્રભુ કાલના કાલ છે.

(૧૭૪) સાંખ્યશાસ્ત્રકર્તા = સાંખ્ય શાસ્ત્રને રચનારા.

સનાતન ધર્મમાં છ આસ્તિક દર્શનો છે. ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા. આ પૈકી સાંખ્યશાસ્ત્રના કર્તા શ્રી કપિલ છે. સંખ્યા પરથી સાંખ્ય શબ્દ આવ્યો. આ શાસ્ત્રમાં કઈ વસ્તુઓ આત્મા સંબંધી છે અને કઈ અનાત્મા એટલે કે આત્મા સંબંધી નથી તે વિવેક બતાવ્યો છે. (૩-૨૪-૪૦) માં કપિલજી કહે છે. હું મારી માને આત્મજ્ઞાન આપીશ તેથી તે કર્મોથી છૂટી જશે.

(૧૭૫) વિશારદઃ = (૧) શાસ્ત્રમાં નિપુણ (૨) ભક્તોના જ્ઞાનને દૂર કરી સંસારથી મુક્ત કરનાર.

પરમાત્માથી જ સકલ શાસ્ત્રો અને વિદ્યાઓ બન્યાં છે. આથી જ સર્વ શાસ્ત્રોમાં આપ નિપુણ છે. પ્રભુ ભક્તોના હૃદયમાં પ્રવેશે છે. પ્રકાશ કરે છે. આથી ભક્તની અજ્ઞાનતા રૂપ ગ્રંથિ તૂટી જાય છે. શ્રી ગીતાં આજ્ઞા છે કે પરમાત્માનો પ્રકાશ અંતઃકરણમાં થતાં હૃદયની અજ્ઞાનતા રૂપ ગ્રંથિ ભેદાય છે. સર્વ સંશયો છેદાય છે.

(૧૭૬) સર્ગદૂષણહારી = (૧) સૃષ્ટિના દૂષણને હરણ કરનારા (૨) સૃષ્ટિએ કરેલાં દૂષણોને હરવાના સ્વભાવવાળા.

અહંતા અને મમતા આ બંને સૃષ્ટિનાં દૂષણો છે. આ મારો પુત્ર, આ મારું ધન, આ મારું ઘર વગેરે સૃષ્ટિનાં દૂષણો છે. આનાથી અધર્મની પ્રાપ્તિ થાય છે. કપિલજીએ સાંખ્યજ્ઞાન દ્વારા આ દૂષણો દૂર કર્યાં. ધર્મ પ્રસરાવ્યો. જ્ઞાનનો પ્રકાશ કર્યો. આ પ્રકાશથી પ્રભુપદ પામવા લાગ્યા. આમ દૂષણોને ભૂષણોમાં ફેરવી નાખ્યાં.

(૧૭૭) પુષ્ટિમોક્ષપ્રવર્તકઃ = (૧) પુષ્ટિ રૂપ મોક્ષ આપનારા (૨) પુષ્ટિસ્થ જીવોને મોક્ષ આપનારા (૩) પુષ્ટિ વડે મોક્ષ પ્રવર્તાવનારા.

મોક્ષ એક પુરુષાર્થ છે. તે વૈદિક અને પુષ્ટિ પ્રકારનો હોય છે. વૈદિક મોક્ષથી પુષ્ટિ મોક્ષ વિલક્ષણ છે. વૈદિક મોક્ષમાં સંસારની નિવૃત્તિ થાય છે. જ્ઞાન અને ભક્તિ દ્વારા અહંતા અને મમતાનો નાશ થાય તેથી સંસારની નિવૃત્તિ થાય.

પુષ્ટિ એટલે જ અનુગ્રહ – કૃપા. પુષ્ટિસ્થ પ્રભુની કૃપાથી ભગવદ્ લીલામાં પ્રવેશ મળે છે. આ જ વિશિષ્ટતા છે. આ પ્રકારમાં જીવને ભગવાનના આનંદ અને રસાત્મક સ્વરૂપનો અનુભવ થાય છે. ત્રીજા સ્કન્ધના ૨૪મા અધ્યાયમાં કહ્યું છે કે કર્દમમુનિ મૌનવ્રતધારી બન્યા છે. એક માત્ર પરમાત્માનું જ શરણ છે. મુનિને ભગવાનના પદની પ્રાપ્તિ થાય છે. કદર્મ મુનિને આવો મોક્ષ આપનારા પ્રભુ જ છે.

લૌકિકાનન્દદાતા ચ બ્રહ્માનંદ - પ્રવર્તકઃ ।
ભક્તિસિધ્ધાન્તવક્તા ચ સગુણ-જ્ઞાન દીપકઃ ।।૪૩।।

(૧૭૮) લૌકિકાનન્દદાતા = લૌકિક આનંદ આપનારા, લૌકિક જીવોને સાંખ્યશાસ્ત્ર પ્રકટ કરી આનંદ અર્પણ કરનારા.

દેવહૂતિજી માતા છે. કપિલજી પુત્ર છે. કપિલજી લૌકિકને અનુસરીને પણ માતાને આનંદ આપે છે. દેવહૂતિજીને પુત્રપ્રેમ છે. તેથી તેઓ પ્રશ્ન પૂછે છે. આ પ્રશ્નો લૌકિકને અનુસરીને પૂછ્યા છે. ૨૫મા અધ્યાયમાં તે જોવા મળે છે. દેવહૂતિજી કહે છે કે ઈન્દ્રિયોની વિષયલાલસાથી હું ઉબાઈ ગઈ છું. ઘોર અજ્ઞાનરૂપી અંધકારમાં પડી છું. ભક્તોના સંસારવૃક્ષ માટે આપ કુહાડી જેવા છો. મારા અજ્ઞાનને દૂર કરો. પૂછે છે કે ભક્તિનું સ્વરૂપ શું છે? મારા જેવી અબળા માટે કયા પ્રકારની ભક્તિ શ્રેષ્ઠ છે?

પુત્ર કપિલ ભગવાન માતાને આ પ્રશ્નોના ઉત્તર આપી આનંદ આપે છે.

(૧૭૯) બ્રહ્માનંદપ્રવર્તકઃ = બ્રહ્માનંદને આપનારા.

આનંદ લૌકિક અને અલૌકિક બે પ્રકારનો છે. અલૌકિક આનંદ શ્રેષ્ઠ છે. તે આપનારા પ્રભુ છે. શ્રુતિ પણ કહે છે કે કેવળ બ્રહ્મનો આનંદ જ મુખ્ય છે.

તૈતરીય ઉપનિષદમાં આનંદની ગણના કરી છે. ચક્રવર્તી રાજાના આનંદથી સોગણો પિતૃલોકનો, તેનાથી સોગણો આજાનમાન દેવનો, તેથી સોગણો કર્મદેવનો, તેથી સોગણો દેવોનો, તેથી સોગણો ઈન્દ્રનો, તેથી સોગણો બૃહસ્પતિનો, તેથી સોગણો બ્રહ્માનો, તેથી સોગણો અક્ષરબ્રહ્મનો. પરબ્રહ્મના આનંદની ગણના નથી થઈ. પરમાત્માના અલૌકિક આનંદની અલ્પમાત્રામાંથી સર્વ બ્રહ્મલોક સુધીના આનંદનો ઉદ્ભવ થયો છે.

(૧૮૦) ભક્તિસિધ્ધાંતવકતા = ભક્તિના સિધ્ધાંતનું વિવેચન કરનારા.

ભક્તિના નવ પ્રકાર છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. આ નવ પ્રકારની ભક્તિનું વિવેચન કરનારા પ્રભુ જ છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણ આજ્ઞા કરે છે કે અનન્ય ભક્તિથી હું મળું છું. ભક્તિ વડે મને જાણે છે...વગેરે. ત્રીજા સ્કંધના ૨૫મા અધ્યાયમાં પ્રભુ આજ્ઞા કરે છે કે આલોક તથા પરલોક અને ધન, પશુ, ઘર વગેરે છોડીને અનન્ય ભક્તિથી મારું ભજન કરે તે જીવને હું સંસારસાગરથી પાર કરું છું.

(૧૮૧) સગુણજ્ઞાનદીપકઃ = (૧) સત્વાદિ ગુણયુક્ત જ્ઞાનને પ્રકાશ કરનારા (૨) ગુણમય તત્ત્વોના જ્ઞાનને દીપાવનારા.

ભગવાન પોતાના સગુણ સ્વરૂપનું નિરૂપણ પણ કરે છે. ભક્તો પર અનુગ્રહ કરવા પ્રભુ સત્ત્વ વગેરે ધર્મો યુક્ત પ્રપંચ-સંસાર સંબંધી જ્ઞાન પ્રકાશ કરે છે.

સત્વાદિ ત્રણ ગુણોથી તત્ત્વો પ્રકટ થાય છે. આવા તત્વોના જ્ઞાનને દીપાવનારા અને પ્રકાશ કરનારા પણ આપ છે. આ સ્કંધના ૨૬મા અધ્યાયની શરૂઆતમાં જ આપ આજ્ઞા કરે છે કે પ્રકૃતિ વગેરે બધા તત્ત્વોના અલગ અલગ લક્ષણ બતાવું છું. તે જાણવાથી પ્રકૃતિના ગુણોથી મુક્ત થવાય છે.

આત્મપ્રદઃ પૂર્ણકામો યોગાત્મા યોગ ભાવિતઃ ।
જીવન્મુક્તિપ્રદઃ શ્રીમાન્ અન્યભક્તિપ્રવર્તકઃ ।।૪૪।।

(૧૮૨) આત્મપ્રદઃ = (૧) સ્વસ્વરૂપને આપનાર (૨) સ્વસ્વરૂપનો પ્રકાશ કરનાર.

શાસ્ત્રનો અભ્યાસ કરીએ તો ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થઈ શકે છે. ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ સરળ નથી. ભગવાનના સ્વરૂપનો પ્રકાશ થવો તે ભગવાનની ઈચ્છાને આધીન છે. પરમકૃપાળુ પરમાત્મા ભક્તને આધીન છે. પોતાના સગુણ સ્વરૂપનું પણ દાન કરે છે.

(૧૮૩) પૂર્ણકામઃ = (૧) જેમની કામનાઓ પરિપૂર્ણ છે એવા. (૨) પૂર્ણ – નિરપેક્ષ ભક્તજનો વડે ઈચ્છા કરાતા (૩) જેમના સંકલ્પો પૂર્ણ છે એવા. (૪) ભક્તજનોની કામનાઓ જેમનાથી પૂર્ણ થાય છે એવા પરમાત્મા.

પરમાત્મા સર્વ કરવા સમર્થ છે. તે પૂર્ણ છે. વિચાર કરતાં દરેક પદાર્થ પ્રભુને પ્રાપ્ત થઈ જાય છે. પ્રભુ સિધ્ધ સંકલ્પ છે. સર્વકામ છે. તેમના ભક્તો નિરપેક્ષ છે. તેમને પૂર્ણકામ પ્રભુની જ ઈચ્છા રહે છે. ભગવાન નિરપેક્ષ ભક્તોને સર્વ સુખ આપી પૂર્ણ કરે છે કારણ પ્રભુ પૂર્ણકામ છે.

(૧૮૪) યોગાત્મા = યોગરૂપી જેમનો આત્મા છે એવા.

અષ્ટાંગ યોગમાં છેલ્લું ચરણ સમાધિ છે. તે દ્વારા પ્રભુ સ્વરૂપ હૃદયારૂઢ થાય છે. ભક્તિપૂર્વક યોગ કરતાં પ્રભુપ્રાપ્તિ થાય છે. આમ પ્રભુ યોગાત્મા છે.

(૧૮૫) યોગભાવિતઃ = અષ્ટાંગ યોગથી જેમનું ચિંતન થાય છે એવા. (૨) જેમણે અષ્ટાંગ યોગ પ્રકટ કર્યો છે એવા પુરુષોત્તમ.

યોગ આઠ પ્રકારનો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ. યોગ સાધતાં ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે. પૂર્ણ વિરાગ થાય છે. અહીં યોગ શબ્દ મુખ્યત્વે ભક્તિયોગ માટે સમજવાનો છે. બ્રહ્માજી કહે છે કે ભગવાન મનુષ્યના પરિશુધ્ધ થયેલા હૃદયકમલમાં વસે છે. ભક્તિયોગથી તેમનું હૃદય શુધ્ધ થાય છે. ભક્તોની ભાવના અનુસાર પ્રભુ રૂપ લે છે. (૩-૯-૧૨)

(૧૮૬) જીવન્મુક્તિપ્રદઃ = જીવન્મુક્તિ આપનારા.

ભગવાન જીવનકાળ દરમ્યાન જ મુક્તિ આપવા સમર્થ છે. જીવતાં જ સર્વ કામનાઓથી મુક્ત થવું તે ઉત્તમ ગતિ છે. કપિલ ભગવાને મા દેવહૂતિને ઉપદેશ આપ્યો છે. નિષ્કામ ભાવથી સ્વધર્મનું પાલન કરવું. તેનાથી અંતઃકરણ શુધ્ધ બને છે. પછી ભગવદ્ ગુણગાનથી ભક્તિ તીવ્ર બને છે. આ રીતે તત્ત્વજ્ઞાન થાય છે. પછી પ્રભુમાં સદાય મન લાગેલું રહે તો પ્રકૃતિ આ જીવનું બગાડી શકતી નથી. આવા ભક્તોના સંશયો પ્રભુ કૃપાથી દૂર થાય છે. લિંગદેહનો નાશ થાય છે.

(૧૮૭) શ્રીમાન્ = શોભાસંપન્ન

પ્રભુ સર્વ શોભાથી પરિપૂર્ણ છે. પ્રભુના લોચન પ્રસન્ન છે. પ્રભુ જ સર્વ શોભાના ધામ છે, તેવું વર્ણન છે. ત્રીજા સ્કંધના ૨૮મા અધ્યાયમાં શોભાનું વર્ણન છે.

(૧૮૮) અન્યભક્તિપ્રદર્શકઃ = (૧) અન્ય એટલે તત્ત્વો વગેરેને તથા ભક્તિને પ્રવૃત્ત કરનાર પુરુષોત્તમ (૨) ધર્મ વગેરે પુરુષાર્થ કરતાં ભક્તિને અધિક કરનાર.

અન્ય ભક્તિ એટલે નવધા ભક્તિ. પ્રેમલક્ષણાથી તે વિલક્ષણ છે. નવધા ભક્તિનું પ્રવર્તન કરનાર ભગવાન છે. અન્ય એટલે મહદાદિ તત્ત્વો, મહતત્ત્વ, પંચમહાભૂત વગેરે તેમાં સમાવિષ્ટ છે. ભગવાન આ તત્ત્વો તથા ભક્તિયોગને જગતમાં પ્રવૃત્ત કરનારા છે. ચાર પુરુષાર્થ કરતાં પણ ભક્તિને ઉત્તમ કહી છે. ૨૯મા અધ્યાયમાં પ્રભુ કહે છે કે મારા ભક્તો મારા સેવનની ઈચ્છા કરે છે. ભક્તોને હું ચતુર્વિધ મુક્તિ આપું તો તે પણ તેઓ લેતા નથી. મારા ભક્તો નિરપેક્ષ બની મારામાં જ નિમગ્ન રહે છે. કપિલ ભગવાન સ્વરૂપે પ્રભુએ આમ ભક્તિને વિશેષ રીતે પ્રતિપાદિત કરી. જગતમાં તેનો પ્રકાશ કર્યો.

કાલસામર્થ્યદાતા ચ કાલદોષનિવારકઃ ।
ગર્ભોત્તમજ્ઞાનદાતા કર્મમાર્ગ નિયામકઃ ।।૪૫।।

(૧૮૯) કાલસામર્થ્યદાતા = કાલને સામર્થ્ય આપનારા.

કાળને દરેક મનુષ્ય માને છે. ભગવાનના અસ્તિત્વને ન સ્વીકારનારા પણ કાળ આગળ તો ઝૂકે જ છે. કાળનો તો એક અખંડ પ્રવાહ છે. ભૂત, વર્તમાન અને ભવિષ્ય તો સાપેક્ષતાથી છે. આ કાલ પ્રભુએ બનાવ્યો છે. કાળ પ્રભુની વિભૂતિ છે. કાળને બળ આપનારા પ્રભુ છે. પ્રભુ કાળના પણ કાળ છે.

(૧૯૦) કાલદોષનિવારકઃ = કાળથી થયેલા દોષોનું નિવારણ કરનારા.

પાંચ પ્રકારના દોષો છે. સહજ, દેશકાલજ, લોકવેદનિરૂપિત, સંયોગજ અને સ્પર્શજ. કાળ અનેક દોષોને ઉત્પન્ન કરે છે. સર્વ જીવો કાળને વશ છે. કાળવશ જીવન નિર્વાહ થાય છે. ખાવું, પીવું, વ્યાપાર કરવો વગેરેમાં જીવહિંસા વગેરે અનેક દોષો થવાનો સંભવ છે. ચૂલો પેટાવતાં, પાણીના પાત્રો મૂકવાના પાણિયારામાં, ઘરની સાફસૂફી વગેરેમાં અનેક હિંસા અજાણતાં પણ થઈ જાય છે. આ બધા દોષ જ છે. પ્રભુસેવાના ઉદ્દેશથી જ જો આ દોષો થાય તો આ દોષો બાધક નથી બનતા. સર્વ કર્મો પ્રભુ પ્રીત્યર્થ થાય તો કાલદોષ લાગી શકતો નથી. શ્રીકૃષ્ણ જ તે દોષો દૂર કરનારા છે.

(૧૯૧) ગર્ભોત્તમજ્ઞાનદાતા = ગર્ભમાં ઉત્તમ જ્ઞાન આપનાર.

માતાના ઉદરમાં રહેલા જીવને ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ જ્ઞાન ભગવદ્ ભાવ પ્રકટ કરનાર હોય છે. ગર્ભસ્થ બાળકને સાતમા માસે આ જ્ઞાન થાય છે. આવું જ્ઞાન ભગવાન જ આપે છે.

ત્રીજા સ્કંધના એકત્રીસમાં અધ્યાયમાં 'જન્તુરુવાચ' એવો આરંભ કરી સ્તુતિ આવે છે. આ જન્તુ એટલે ગર્ભમાં રહેલો સપ્ત માસનો જીવ. જીવ સ્તુતિ કરતાં કહે છે : 'હું અધમ છું. ભગવાનના નિર્ભય ચરણારવિંદોનું શરણ કરું છું. પરમાત્માને નમસ્કાર કરું છું. એ પરમ પુરુષને વંદું છું. મને થયેલ જ્ઞાન કરાવનાર આ પ્રભુ જ છે.' ભગવાન જ આ જીવને માતાના ગર્ભમાં મૂકે છે.

(૧૯૨) કર્મમાર્ગનિયામકઃ = કર્મમાર્ગને નિયમમાં રાખનાર (૨) કર્મ આધીન જન્મ મરણના માર્ગને ઘટિત ફળ આપનારા.

કર્મની ગતિ ગહન છે. કર્મ ત્રણ પ્રકારનાં છે. ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ. પ્રારબ્ધ કર્મથી મનુષ્યને જન્મમરણ મળે છે. શ્રુતિ કહે છે કે પોતપોતાના પ્રારબ્ધ કર્મને લીધે પીડા પામતા જીવો મૃત્યુ પામી, પાછા ફરીને, જન્મ મરણ પામ્યા કરે છે. કર્મ સ્વતઃ જડ છે. તેનામાં સ્વતઃ ફળ આપવાની શક્તિ નથી. આ કર્મ સામર્થ્ય પ્રભુ આપે છે. આમ કર્મમાર્ગને પ્રભુ નિયમનમાં રાખે છે. ભગવદ્ પ્રીત્યર્થે થતાં અને ભગવદ્ સેવારૂપ નિષ્કામ કર્મ કોઈ બંધન કરતાં નથી. આવા ભગવદ્ જનોના કર્મમાર્ગનો પ્રભુ નાશ કરે છે. ભક્તિહીન જનોને તેમનાં પ્રારબ્ધકર્માનુસાર ફળ પણ પ્રભુ જ આપે છે.

સર્વમાર્ગ નિરાકર્તા ભક્તિમાર્ગૈકપોષકઃ ।
સિદ્ધિહેતુઃ સર્વહેતુઃ સર્વાશ્ચર્યૈક કારણમ્ ॥૪૬॥

(૧૯૩) સર્વમાર્ગનિરાકર્તા = સર્વમાર્ગોનું નિરાકરણ કરનારા.

માર્ગો ઘણા છે. વાદો પણ ઘણા છે. આ પૈકી પ્રભુને ભક્તિમાર્ગ પર પ્રીતિ છે. આથી જે માર્ગ અને વાદ ભક્તિ સિવાયના છે, તે બધાનું આપ નિરાકરણ કરે છે. 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ' આ ગીતાજ્ઞા આનું જ પ્રમાણ છે. ભગવદ્ ધર્મ સિવાયના સર્વ ધર્મો તુચ્છ છે.

(૧૯૪) ભક્તિમાર્ગૈકપોષકઃ = કેવળ ભક્તિમાર્ગનું પોષણ કરનારા.

ભગવાન સર્વ માર્ગોને તુચ્છ ગણી કેવળ ભક્તિમાર્ગનું પોષણ (સ્થાપન) કરે છે. કપિલ ભગવાન કપિલ ગીતામાં અનેક સ્થળે ભક્તિમાર્ગનું સમર્થન કરે છે. કપિલ ભગવાન પોતાની માતાને કહે છે કે ભગવાનના ચરણકમલ સદા ભજવા યોગ્ય છે. ભગવાનના ગુણોથી ભક્તિ આશ્રિત બનેલી છે. આવી ભક્તિથી તન-મન અને વાણી દ્વારા પ્રભુની ભક્તિ કરવી. (૩-૩૨-૨૨) ભગવાન વાસુદેવ માટે ભક્તિયોગ કરવો. આનાથી સંસારમાં તરત વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. બ્રહ્મ સાક્ષાત્કાર રૂપી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. (૩-૩૨-૨૩)

(૧૯૫) સિદ્ધિહેતુઃ = ભગવાનની પ્રાપ્તિ થવાના હેતુરૂપ એવા કપિલ ભગવાન.

શ્રીકપિલજી પોતાની બ્રહ્મવાદિની માતાને શ્રેષ્ઠ આત્મજ્ઞાનનો ઉપદેશ આપે છે અને કહે છે કે હે મા, મેં તમને જે સુગમ માર્ગ બતાવ્યો છે, તેનું અવલંબન કરવાથી તમને શીઘ્ર પરમ પદની પ્રાપ્તિ થશે. તમે મારા આ મતમાં વિશ્વાસ રાખો. બ્રહ્મવાદી લોકોએ આનું સેવન કર્યું છે. આનું પાલન કરતાં પ્રભુના જન્મ-મરણરહિત સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. જે આ મતને નથી જાણતો તે જન્મ-મૃત્યુના ચક્રમાં પડે છે. સિદ્ધિ એટલે ભગવદ્ પ્રાપ્તિ સમજવું.

---

(૧૯૬) સર્વહેતુઃ = સર્વને સિદ્ધિના હેતુરૂપ, સંપૂર્ણ સિદ્ધિના કારણરૂપ.

ભગદવદ્ પ્રાપ્તિ જ સાચી સિદ્ધિ છે. આ સંપૂર્ણ સિદ્ધિ છે. ભગવાન કપિલ આ સિદ્ધિના કારણ છે. તેમના ઉપદેશના પાલનથી મા દેવહૂતિ સંપૂર્ણ સિદ્ધિને પામ્યાં છે. ૩૩મા અધ્યાયમાં તેનું સંપૂર્ણ વર્ણન છે. મૈત્રેયજી વિદુરજીને આ અધ્યાયના અંતભાગમાં કહે છે કે દેવહૂતિજીએ કપિલદેવજીએ બતાવેલા માર્ગ દ્વારા થોડા જ સમયમાં શ્રીભગવાનને પ્રાપ્ત કર્યા.

---

(૧૯૭) સર્વાશ્ચર્ય કારણમ્ = સર્વ આશ્ચર્યના કારણ (હેતુ) રૂપ.

ભગવાન આશ્ચર્ય સ્વરૂપ છે. તાનસેનજી ગાય છે : ***તેરી ગતિ અગાધ નિરંજન, નિરાકાર નારાયણ.*** ભગવાને જ આ સૃષ્ટિ રચી છે. તેથી આ સૃષ્ટિ આશ્ચર્યમય છે. વિશ્વ આશ્ચર્યકારક ઘટનાઓથી ભરપૂર છે. અદ્ભુત છે. દેવહૂતિજીને પ્રથમ કર્દમ મુનિ દ્વારા આશ્ચર્યજનક વસ્તુઓ આપી, લૌકિક વિલાસો સંપાદન કરાવ્યા. પછી કવિલજી રૂપે તેમને ત્યાં પ્રગટ થઈ બ્રહ્મજ્ઞાન આપ્યું. ભક્તિ સ્થિર કરાવી અને પૂર્વની વસ્તુઓમાં વૈરાગ્ય કરાવ્યો. આમ સર્વને અદ્ભુત તથા આશ્ચર્યજનક લાગે તેવાં કર્મ પુરુષોત્તમ કરે છે.

ચેતનાચેતનપતિઃ સમુદ્રપરિપૂજિતઃ ।
સાંખ્યાચાર્યસ્તુતઃ સિધ્ધપૂજિતઃ સર્વપૂજિતઃ ॥૪૭॥

---

(૧૯૮) ચેતનાચેતનપતિઃ = ચેતન અને અચેતન એ બંનેનું પાલન કરનાર (પતિ)

દરેક પદાર્થો ભગવાને જ રચ્યા છે. તેમાં કેટલાક સ્થાવર છે. કેટલાક જંગમ છે. સ્થાવર અચેતન છે. જંગમ ચેતન છે. આ સર્વેના આપ સ્વામી છે. પતિ છે. પતિ હોવાથી પાલન કર્તા પણ છે. ચેતન એટલે જ્ઞાનનિષ્ઠ મુનિજનો, અચેતન એટલે અજ્ઞાની પામર જનો. ભગવાન જ સમભાવથી આ બંનેના પાલનકર્તા છે. આપ ચિદ્ અચિદ્ વિશિષ્ટ પરબ્રહ્મ છે. સમગ્ર વિશ્વરૂપ દેહવાળા છે. જગત અને પરમાત્માનો શરીર શરીરીભાવ છે. જગત પ્રભુનું આધિભૌતિક સ્વરૂપ છે, તેથી સત્ય છે.

---

(૧૯૯) સમુદ્રપરિપૂજિતઃ= સમુદ્રથી પૂજાયેલા.

કપિલ ભગવાન મહાયોગી છે. માતાને સાંખ્ય અને ભક્તિનો ઉપદેશ કર્યો, ત્યારપછી માતાની આજ્ઞા લઈ પિતાના આશ્રમને ત્યજી દીધો. આપ આશ્રમની ઈશાનકોણની દિશામાં ચાલ્યા ગયા. આ સ્થળે સમુદ્ર છે. આપ સમુદ્ર તટે આવ્યા. અહીં સ્વયં સમુદ્રે શ્રી કપિલજીનું પૂજન કર્યું. (આધિદૈવિક સ્વરૂપે) શ્રી કપિલજીને બિરાજવા સ્થાન અર્પણ કર્યું. સ્તુયમાનઃ સમુદ્રેણ (૩-૩૩-૩૪)

---

(૨૦૦) સાંખ્યાચાર્યસ્તુતઃ = સાંખ્યાચાર્યો દ્વારા સ્તુતિ કરાયેલા.

ભગવાન કપિલ સમુદ્ર તટે બિરાજ્યા. ત્રણે લોકને ભગવાન શાંતિ પ્રદાન કરવા માગે છે. આથી યોગમાર્ગનું અવલંબન કર્યું. અને સમાધિમાં સ્થિત થઈ ગયા. સિધ્ધ, ચારણ, ગંધર્વો, મુનિઓ અને અપ્સરાગણ તેમની સ્તુતિ કરવા લાગ્યા.

પોતે સત્કર્મનું આચરણ કરી બીજાઓને તેમ કરવા પ્રેરે તેને આચાર્ય કહેવાય. સાંખ્યશાસ્ત્રના આવા આચાર્યો તત્ત્વજ્ઞાની છે. મહાત્માઓ છે. આ બધા કપિલ ભગવાનની સ્તુતિ કરે છે.

---

(૨૦૧) સિધ્ધપૂજિતઃ = સિધ્ધ લોકો જેમનું પૂજન કરે છે એવા.

સિધ્ધોએ પણ શ્રીકપિલ ભગવાનની સ્તુતિ કરી છે. (આગળ દર્શાવ્યું છે.)

---

(૨૦૨) સર્વપૂજિતઃ = સર્વ જનો જેમનું પૂજન કરે છે એવા.

સર્વે જનો ભગવાન કપિલનું પૂજન કરે છે. અથવા તો કપિલજી જ સર્વ રૂપે,

સર્વ વડે પૂજાય છે. આગળ જોયું તે પ્રમાણે સિધ્ધો, ચારણો, દેવો, મનુષ્ય માત્ર આપનું યજન કરે છે. ભજન કરે છે. સમગ્ર જગત વંદન કરે તેવો પ્રતાપ માત્ર પ્રભુમાં જ વિલસે છે. ત્રીજા સ્કંધના અંતે કહે છે કે ભગવાન કપિલ અને દેવહૂતિનો પરમ પવિત્ર સંવાદ જે સંભાળે છે કે વર્ણન કરે છે, તેને ભગવાન ગરુડધ્વજની ભક્તિ મળે છે. શીઘ્ર શ્રીહરિના ચરણકમલને પ્રાપ્ત કરે છે.

(અહીં તૃતીય સ્કન્ધનાં ૧૦૭ થી ૨૦૨ નામો પ્રભુકૃપાથી સંપન્ન થયાં.)

●

ચતુર્થ સ્કન્ધ નામાનિ

શ્રીમદ્ ભાગવતના ચતુર્થ સ્કંધને 'વિસર્ગલીલા' કહે છે. વિધવિધ પ્રકારનો સર્ગ તે વિસર્ગ છે. વિશિષ્ટ પ્રકારનો સર્ગ પણ વિસર્ગ છે.

વિસર્ગ લીલામાં ૩૧ અધ્યાય છે. શ્રીનાથજીબાવાનો તે વામ બાહુ છે. ભગવાનનાં પરાક્રમ-પૌરુષ તે જ વિસર્ગ છે. વિસર્ગ અલૌકિક છે. અહીં ૩૧ અધિષ્ઠાતા અલૌકિક દેવતા છે. બાર સૂર્ય, અગિયાર રૂદ્ર અને આઠ વસુ - આમ કુલ ૩૧ અધ્યાયો આ લીલાના છે. પ્રભુની સેવાથી, કૃપાથી અને પ્રસન્નતાથી સદ્બુદ્ધિવાળા માનવના ધર્મ-અર્થ-કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થો સિધ્ધ થાય છે. આ કથાઓ વિસર્ગલીલામાં છે.

વિસર્ગકર્તા સર્વેશઃ કોટિ સૂર્યસમપ્રભઃ ।
અનન્તગુણગંભીરો મહાપુરુષપૂજિતઃ ॥૪૮॥

(૨૦૩) **વિસર્ગકર્તા** = વિલક્ષણ સૃષ્ટિના કરનાર

ત્રીજા સ્કંધમાં શ્રીજીબાવાની સર્ગલીલા હતી. તેનાં નામો આગળ જોયાં. ચોથો સ્કંધ વિસર્ગલીલા છે. તેનાં નામો હવે જોઈશું.

આગળ સર્ગ સૃષ્ટિનું વર્ણન કરેલું. તેનાથી પણ વિલક્ષણ સૃષ્ટિ કરનાર પ્રભુ છે. આથી શરૂઆતમાં જ પ્રભુને વિસર્ગકર્તા કહ્યા.

આકાશ વગેરે પંચમહાભૂત, તન્માત્રા, ઈન્દ્રિયો, અહંકાર અને મહત્ તત્ત્વની ઉત્પતિને સર્ગ કહે છે. વિરાટ પુરુષ દ્વારા બ્રહ્માજી ઉત્પન્ન થયા. બ્રહ્માજીએ વિભિન્ન ચરાચર સૃષ્ટિનું નિર્માણ કર્યું. આનું નામ વિસર્ગ. **વિસર્ગઃ પૌરુષઃ સ્મૃતઃ**. ભગવાનના પુરુષસ્વરૂપ વિરાટની લીલા એટલે વિસર્ગ. વિસર્ગ લીલામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષના ચાર પ્રકરણો છે. દક્ષનો ધર્મ સિધ્ધ થયો, ધ્રુવજીનો અર્થ, પૃથુરાજાનો કામ અને પ્રચેતસોને મોક્ષ સિધ્ધ થયો છે.

મનુથી શતરૂપા નામની સ્ત્રીને ત્રણ કન્યાઓ પ્રકટ થઈ. આમ કહીને વિસર્ગલીલા પ્રારંભ કરે છે. શ્રીકૃષ્ણ જ વિસર્ગલીલાકર્તા છે.

(૨૦૪) સર્વેશ : = (૧) પ્રાણીમાત્રના ઈશ – સ્વામી, (૨) બ્રહ્મા વગેરેને ચેતન શક્તિ આપનારા (૩) સઘળા પ્રાણીઓને ચેતનપણું આપનારા.

ભગવાન જ સર્વના સ્વામી – ઈશ છે. સમગ્ર વિશ્વનું સર્જન, પાલન અને પ્રલય એમના સ્વામીપણામાં થાય છે. શ્રુતિ કહે છે કે સર્વેનું ચૈતન્ય પ્રભુના જ ચૈતન્યથી ભાસી રહ્યું છે. આમ પ્રભુ સર્વેશ છે.

(૨૦૫) કોટિસૂર્યસમપ્રભઃ = કરોડો સૂર્યના જેવી કાન્તિવાળા.

અહીં કોટિ એટલે કરોડ એવો અર્થ નથી. અહીં કોટિ શબ્દ અનંતવાચક છે. અનેક સૂર્યની કાન્તિ જેવા પ્રકાશવાળા શ્રીપ્રભુ છે. શ્રી ગીતાજી પ્રમાણે સૂર્ય, ચંદ્ર અને અગ્નિમાં રહેલ તેજ પ્રભુનું જ છે. અનંત સૂર્યની સદશતા તો પ્રભુના પ્રકાશ માત્રનો એક નમૂનો છે. શ્રીપ્રભુના કર્ણમાં રહેલ સાંખ્ય અને યોગ રૂપ કુંડળોનો પ્રકાશ જ અનેક સૂર્યના પ્રકાશને ઝાંખા પાડે છે. આથી જ પ્રભુના તેજની કોઈની સાથે સરખામણી ન થાય. શ્રીગીતાજી પ્રમાણે – જો આકાશમાં અસંખ્ય સૂર્યો પ્રગટ થાય તો જ પ્રભુની કાંતિના પ્રકાશનો કાંઈક આભાસ થાય. પ્રભુતેજથી જ વિશ્વનું તેજ પ્રકાશે છે.

(૨૦૬) અનન્તગુણગંભીરઃ = અનંત ગુણોથી ગંભીર (ન સમજી શકાય તેવા)

પ્રભુમાં અનંત અને દિવ્ય ગુણો છે. તેઓ એવા ગંભીર છે કે કોઈનાથી પણ જાણી શકાતા નથી. પ્રભુ ઉપર કાલ, કર્મ કે સ્વભાવ કંઈ જ પ્રભાવ કરી શકતા નથી. આવા પ્રભુ ભક્તવાત્સલ્ય આદિ ગુણોવાળા છે, તેથી ગંભીર છે. શ્રુતિ પણ કહે છે કે, હે વિષ્ણુ તમારા મહિમાને બ્રહ્મા, રૂદ્ર આદિ પણ જાણી શકતા. આમ શ્રુતિ પ્રમાણે પ્રભુ અનંત ગુણોથી વિભૂષિત છે.

(૨૦૭) મહાપુરુષપૂજિતઃ = મહાપુરુષો વડે પૂજાયેલા

વેદ રટત બ્રહ્મા રટત, શંભુ રટત શેષ રટત,
નારદ શુક વ્યાસ રટત, પાવત નહીં પાર રી.
– નંદદાસજી

બ્રહ્મા, રૂદ્ર, ઈન્દ્ર, નારદ, કશ્યપ, શુક, સનકાદિ વગેરે દેવો, દેવર્ષિઓ, મહર્ષિઓ તથા અનેક મહાપુરુષો ભગવાનનું પૂજન કરે છે. જુદા જુદા ભાવોથી સર્વ મહાત્માઓ પરમાત્માનું સેવન અને પૂજન કરે છે.

અનંત સુખદાતા ચ બ્રહ્મકોટિ પ્રજાપતિઃ ।
સુધા કોટિ સ્વાસ્થ્ય હેતુઃ કામધુક્ કોટિકામદઃ ॥૪૯॥

(૨૦૮) અનન્તસુખદાતા = અનંત સુખોને આપવાવાળા.

સુખ એટલે આનંદ – ભૌતિક સુખ કે આનંદ અવધિવાળા હોય છે. શ્રીકૃષ્ણ જે સુખ કે આનંદનું દાન કરે છે, તે અવધિ વગરનાં – અનંત હોય છે. શ્રીકૃષ્ણ તો સુખનો–આનંદનો મહાસાગર છે. પરમાનંદદાસજી ગાય છે કે ‘આનંદસિંધુ બઢયો હરિ તનમેં.’ આવા પ્રભુનું સ્મરણ કરી, તેઓના ચરણકમલનું શરણ કરનારને અનન્ત સુખ પ્રાપ્ત થાય છે.

(૨૦૯) બ્રહ્મકોટિ પ્રજાપતિઃ = કરોડો બ્રહ્માઓને પ્રકટ કરનાર.

બ્રહ્માજી સર્વ પ્રાણીઓને સર્જે છે. તેથી તે પ્રજાપતિ કહેવાય છે. બ્રહ્માંડ અનેક છે. અનંત છે. આથી બ્રહ્માંડ પ્રગટ કરનારા બ્રહ્મા પણ અનેક છે. પ્રભુ તો અનંત બ્રહ્માજીને પ્રગટ કરનારા પ્રજાપતિ છે. બ્રહ્માજીએ કહ્યું છે કે આ બ્રહ્માંડ પ્રકૃતિ મહત્તત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જળ અને ભૂમિથી વીંટળાયેલ છે. તેમાં સાત વેંતની કાયાવાળો હું ક્યાં? પ્રભુના રૂંવાડાઓના છિદ્રરૂપ ગોખમાં અનેક બ્રહ્માંડોરૂપ પરમાણુઓ ભમે છે. આવા પ્રભુનો મહિમા અગાધ છે.

બ્રહ્માજી કહે છે કે જગદ્ ગુરુ તો શ્રીકૃષ્ણ છે. એમને હું નમસ્કાર કરું છું. એ વાસુદેવ શ્રીકૃષ્ણની માયાથી મને લોકો જગદ્ ગુરુ એમ ખોટી રીતે કહે છે.

(૨૧૦) સુધાકોટિસ્વાસ્થ્યહેતુઃ = અનંત અમૃતના જેવી સ્વસ્થતા-શાંતિ પ્રાપ્ત થવાના હેતુરૂપ.

જીવને સ્વસ્થતા – શાંતિની ઝંખના હોય છે. આ સ્વસ્થતા અમૃત જેવી હોવી જોઈએ. શ્રીકૃષ્ણ આ પ્રકારની સ્વસ્થતા – શાંતિ પ્રદાન કરે છે. સુધા

એટલે અમૃત. આ સામાન્ય અર્થ છે. આવી સુધાનું પાન કરવાથી શાંતિ મળે છે. કાળ અને મૃત્યુથી નિર્ભય બની જવાય છે. આ પ્રકારની શાંતિ અને નિર્ભયતા કરતાં અનંતગણી સ્વસ્થતા, શાંતિ અને નિર્ભયતા શ્રીકૃષ્ણ આપે છે.

લોકમાં મળતું અમૃત (સુધા) પુણ્ય આધારિત હોય છે. પુણ્ય ક્ષીણ થાય એટલે શાંતિ અને નિર્ભયતાની અવધિ આવી જાય છે. અંત આવી જાય છે. આમ તે ક્ષણિક છે. થોડા સમય માટેની છે.

ભગવાનનું સેવન કરનાર ભક્તો ઉપર ભગવત્કૃપા હોય છે, તેથી તે શાંતિ અને નિર્ભયતા અવધિ વગરની છે. હજારો પ્રલય પછી પણ તે અક્ષુણ્ણ જ રહે છે. ભક્તોને સદાય શાંતિ જ છે.

મૃત્યુ સાપ રૂપ છે. માનવી તેનાથી ડરે છે. તેનાથી બચવા એ જુદા જુદા લોકમાં દોડે છે, પણ તેને નિર્ભય સ્થાન મળતું નથી. જો એ પ્રભુના ચરણકમલનો શરણાગત બને તો નિશ્ચિંત થાય છે. મરણ પણ દૂર જાય છે.

શ્રીઠાકોરજી તો કથા સ્વરૂપથી પણ અમૃતનું વર્ષણ કરે છે, શ્રીગોપીજનો એટલે જ ગાય છે : 'તવ કથામૃતં તપ્તજીવનં.'

(૨૧૧) કામધુક્કોટિકામદઃ = અસંખ્ય કામધેનુઓની જેમ મનની કામનાઓ પૂર્ણ કરનારા.

કામધેનુ ગાય છે. એ ગાય ઈચ્છિત પદાર્થો આપે છે. મુનિઓની સર્વ ઈચ્છા પૂર્ણ કરે છે. આ પ્રકારની અસંખ્ય કામધેનુ ગાયો હોય તેમ સર્વના મનની વાંછનાઓ પુરુષોત્તમ પૂર્ણ કરે છે. કલ્પવૃક્ષ પણ કામધેનુ જેવું કાર્ય કરે છે, પણ ગાય - ધેનુ શબ્દથી વાત્સલ્યનો મહિમા પણ ગવાય છે. આથી કામના ન કરીએ તો પણ અભીષ્ટ પદાર્થનું દાન તે આપણને કરે છે. કામધેનુના ચરણ ચાર વેદાત્મક છે. અને ચાર આંચળ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આપનારાં છે.

સમુદ્રકોટિગંભીરઃ - તીર્થકોટિસમાહ્વયઃ ।
સુમેરુ કોટિ નિષ્કમ્પઃ કોટિ બ્રહ્માંડ વિગ્રહઃ ॥૫૦॥

(૨૧૨) સમુદ્રકોટિગંભીર : = કરોડો સમુદ્ર જેવા ગંભીર.

આ નામ પરમાત્માના મહિમાનું વર્ણન કરે છે. એક સમુદ્રનું ઊંડાણ કેટલું બધું હોય? એટલાંટિક મહાસાગર ઊંડામાં ઊંડો સમુદ્ર છે, એવું માનવામાં આવે છે. 'અતલાંતિક' નું અપભ્રંશ એટલાંટિક થયું છે. અતલાંતિક એટલે અતલ+આંતિક. અતલ એટલે એક પાતાળ. આંતિક એટલે અત્યંત નિકટ. જે અતલ પાતાળની અત્યંત નજીક છે તે અતલાંતિક-એટલાંટિક. આ તો એક સમુદ્રની વાત થઈ. આવા કરોડો સાગર (અગણિત સાગર) ભેગા થાય તો તેમનું ઊંડાણ કેટલું બધું થાય?

પરમાત્માના માહાત્મ્યનું ઊંડાણ આવા અસંખ્ય સમુદ્રોના ઊંડાણ જેવું છે. સાગરનો એક મહાન ગુણ છે. ગંભીરતા-સાગર જેટલો ઊંડો તેટલું તેનું ગાંભીર્ય વધુ. લૌકિકમાં પણ જોઈએ છીએ કે જ્ઞાનસાગર ધરાવતા વ્યક્તિ વિશેષોમાં ગંભીરતા હોય છે જ. ગંભીરતા સ્થિરતાની દ્યોતક છે. પરમાત્માની ગંભીરતા અને સ્થિરતાની તોલે અસંખ્ય સમુદ્રો પણ આવી શકે નહિ.

(૨૧૩) તીર્થકોટિસમાહ્વયઃ = જેમનું સ્મરણ અને કીર્તન અનંત તીર્થો જેવું છે.

ધર્મમાં તીર્થ માહાત્મ્ય ગવાયું છે. પવિત્ર જળયુક્ત પ્રદેશને તીર્થ કહે છે. અહીં માહાત્મ્યયુક્ત રમણીય દેવાલયો પણ હોય છે. આવાં તીર્થોનું સ્મરણ અને કીર્તન પુષ્કળ પુણ્ય આપે છે. નદીઓના માહાત્મ્યમાં કહેવાયું છે કે 'તાપી સ્મરણે'. તાપી નદીનું નામ સ્મરણ કરતાં કૃતાર્થ થવાય છે.

વાસ્તવમાં તીર્થોને આ આધ્યાત્મિક શક્તિનું દાન પરમાત્મા જ કરે છે. આથી જ અનંત તીર્થોનાં સ્મરણ અને કીર્તનથી જે ફળ મળે તેનાથી અધિક ફળ પ્રભુસ્મરણ અને કીર્તનથી મળે છે.

આ કલિયુગમાં તો તીર્થોનું માહાત્મ્ય પણ તિરોહિત થયું છે. તેથી ફલપ્રાપ્તિ ન થાય. જ્યારે પ્રભુના કીર્તન અને સ્મરણ પર કાલપ્રભાવ થતો નથી. શ્રીભાગવતમાં કહ્યું છે કે 'કલૌકેશવકીર્તનાત્' કલિકાલમાં કૃતાર્થતા કેશવ કીર્તનથી જ છે.

અજામિલને અજાણતા લેવાયેલા પ્રભુનામ સ્મરણથી જે ફળ મળ્યું તે

કરોડો તીર્થના ફળથી પણ અધિક હતું. મુનિઓ પણ કહે છે કે યજ્ઞક્રિયા વગેરેમાં રહેલું અપૂર્ણ કર્મ પણ પરમાત્માના નામ અને સ્મરણથી પૂર્ણ બને છે. અસંખ્ય તીર્થો પ્રભુ પાસે બાપડાં બની જાય છે.

(૨૧૪) સુમેરુકોટિનિષ્કમ્પઃ = કરોડો સુમેરુ જેવા સ્થિર.

સુમેરુ એક પર્વત છે. પર્વત અચલ ગણાય છે. સુમેરુ પર્વત અચલતામાં મુખ્ય મનાય છે. આવો અચલ સુમેરુ પણ કાળ આગળ લાચાર બની ચલાયમાન થઈ જાય છે. ઈશ્વર તો કાળના પણ કાળ. કાળ તો ઈશ્વરનો સેવક છે. આથી પરમાત્મા અનેક કાલોને ચલાયમાન કરનારા છે. આવા પ્રભુ પાસે અનંત સુમેરુઓનું કાંઈ ગજું નથી. અગણિત સુમેરુઓ કરતાં પણ પરમાત્માની અચલતા-સ્થિરતા અધિક છે.

(૨૧૫) કોટિબ્રહ્માંડવિગ્રહઃ = (૧) અસંખ્ય બ્રહ્માંડરૂપ દેહવાળા (૨) કરોડો બ્રહ્માંડ જેમના દેહને વ્યાપીને રહેલા છે.

ભગવાનના રૂંવે રૂંવે અનેક બ્રહ્માંડો બિરાજે છે. પ્રત્યેક રોમમાંથી અનંત બ્રહ્માંડો અવરજવર કરે છે. અર્જુને જ્યારે શ્રીકૃષ્ણના વિરાટ સ્વરૂપનું દર્શન કર્યું, ત્યારે પ્રભુના દેહમાં તેણે બ્રહ્માદિ દેવો, ગંધર્વો, માનવો વગેરે સર્વ પ્રાણીમાત્રને જોયા છે. પ્રભુએ બ્રહ્માંડમય શરીર પ્રત્યક્ષ પ્રગટ કર્યું હતું, તેથી જ આ દર્શન થયાં.

કોટિ-અશ્વમેધ-પાપઘ્નો વાયુકોટિ-મહાબલઃ ।
કોટીન્દુજગદાનન્દી શિવકોટિ-પ્રસાદકૃત્ ॥૫૧॥

(૨૧૬) કોટયશ્વમેઘપાપઘ્નઃ = અસંખ્ય અશ્વમેઘની જેમ પાપને હણનારા.

અશ્વમેઘ યજ્ઞ પરંપરામાં થતા હતા. તેના ઉલ્લેખો પુરાણોમાં મળે છે. યુધિષ્ઠિરે પણ અશ્વમેઘ યજ્ઞ કર્યો હતો. ભગવાન રામચંદ્રજીએ પણ આ યજ્ઞ કર્યાની કથા મળે છે. બ્રહ્મહત્યાદિ મહા પાતકોનો નાશ આ યજ્ઞથી થાય છે. અનંત અશ્વમેઘ યજ્ઞોની જેમ શ્રીહરિ બ્રહ્મહત્યા વગેરે પાપોનો નાશ કરે છે.

અશ્વમેઘ યજ્ઞોથી પણ અધિક હરિનું સ્મરણ છે. અશ્વમેઘ યજ્ઞ બહુ સમયે સિદ્ધ થાય છે અને પાપોને કંઈક અંશે દૂર કરે છે. પ્રભુનું સ્મરણ અનેક અશ્વમેઘથી પણ વિશેષ છે અને શીઘ્રતાથી અમાપ પાપો નષ્ટ કરે છે.

શ્રીહરિના નામમાં પાપને બાળવાની જે શક્તિ છે, તેટલાં પાપ કરવા પાપી પણ શક્તિમાન થઈ શકતો નથી. એક મનથી પ્રભુનું રટણ કરતાં અનેક જન્મનાં પાપ ભસ્મીભૂત થાય છે, જેને માટે કરોડો અશ્વમેઘ યજ્ઞ કરવા પડતા હોય છે.

(૨૧૭) વાયુકોટિમહાબલઃ = અનંત વાયુ સમાન મહા બળવાન.

ઘણા પદાર્થો બળવાન હોય છે, તે સર્વમાં અધિક બળવાન વાયુને ગણ્યો છે. સાંપ્રત કાલમાં પણ વાયુના ઝંઝાવાતોની પ્રબળતા સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. વાયુની પ્રબળતાની ગણનાથી તેના જુદાં જુદાં નામો પણ અપાય છે. દા.ત. ટોર્નેડો, હરિકેન વગેરે. આવા અગણિત વાયુઓ કરતાં પણ પરમાત્મા બળવાન છે. શ્રીગોવર્ધનલીલામાં વાયુની પ્રચંડતા બતાવી છે. પ્રભુથી રક્ષાયેલા વ્રજને આ વાયુનું તોફાન કાંઈ નુકશાન કરી શક્યું નથી.

(૨૧૮) કોટીન્દુજગદાનંદી = કરોડો ચંદ્ર જેવો આનંદ જગતને આપનારા.

જગતને ચંદ્ર આનંદ અર્પે છે. ચંદ્રનો ઉદય થતાં આખા વિશ્વને આનંદ મળે છે. શ્રીકૃષ્ણ સાક્ષાત્ આનંદ છે. માત્ર કૃષ્ણ (વિયોગાત્મક) આનંદ સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ (સંયોગાત્મક) આનંદમય સ્વરૂપ છે. ગોપાલતાપિની ઉપનિષદ્ પ્રમાણે કૃષ્ણ એટલે કૃષ + ણ. કૃષ્ એટલે સત્તા. ણ એટલે આનંદ. આમ જે સદાનંદ છે, પૂર્ણાનંદ છે, તે કૃષ્ણ.

અપાર ચંદ્રમંડલોની જેમ અખંડ આનંદ આપનારા આનંદકંદ શ્રીગોકુલચંદ્ર છે. ચંદ્રવંશમાં પ્રાગટ્ય છે, આથી જ ભજનાનંદ આગળ કરોડો ઈન્દુ-ચંદ્ર ઝાંખા પડે છે. લજ્જિત બને છે. આપ આનંદ સુધારસના સાગર છે.

(૨૧૯) શિવકોટિ પ્રસાદકૃત્ = અનંત શિવ સમાન પ્રસાદ કરનારા છે.

મહાદેવજી જલદી પ્રસન્ન થનારા દેવ છે. સાધારણ ઉપાસનાથી પણ સત્વર પ્રસન્ન થઈ જાય છે. તરત વરદાન આપી દે છે. શ્રીકૃષ્ણ અનંત શિવજી

સમાન પ્રસન્ન થઈ વરદાન દેનારા છે. શ્રીકૃષ્ણના વરદાન આગળ કરોડો શિવજીનાં વરદાનો અર્થાત્ પ્રસાદ તુચ્છ છે.

શિવજી પાસેથી રાવણ, બાણાસુર વગેરેને વરદાન મળ્યા. તે બધા પ્રાયઃ સંસારમાં આસક્ત બન્યા. અંબરિષ, પ્રહલાદ, ઉધ્ધવ, પરીક્ષિત વગેરેને શ્રીકૃષ્ણે વરદાન આપ્યાં છે. તે બધાએ સામ્રાજ્ય-લક્ષ્મીને તુચ્છ ગણી. પ્રભુપ્રસાદને મુખ્ય ગણ્યો. તે પ્રભુના પ્રેમીજનો છે. સર્વત્ર બ્રહ્મભાવનો અનુભવ કરે છે.

સર્વસદ્‌ગુણમાહાત્મ્યઃ સર્વસદ્‌ગુણ-ભાજનમ્ ।
મન્વાદિ-પ્રેરકો ધર્મો યજ્ઞનારાયણઃ પરઃ ॥૫૨॥

(૨૨૦) સર્વસદ્‌ગુણમાહાત્મ્યઃ = (૧) સર્વ સદ્‌ગુણો હોવાથી જેમનું માહાત્મ્ય છે એવા. (૨) બધા સદ્‌ગુણોનો મહિમા જેમનાથી છે એવા (૩) અનેક સદ્‌ગુણમય જેમનો મહિમા - પ્રભાવ છે એવા (૪) સઘળા સદ્‌ગુણી જનોએ જેમનો પ્રભાવ વર્ણવ્યો છે એવા.

પ્રભુમાં અનંત સદ્‌ગુણો છે. પૃથ્વી કાગળ બની જાય, પર્વતો કોરી સ્યાહીના ખડક બની જાય, સમુદ્રોના સમગ્ર જલથી તે સ્યાહી સિધ્ધ થાય, કલ્પવૃક્ષની ડાળીની કલમ બને અને બ્રહ્માજી સ્વયં પ્રભુના સદ્‌ગુણો લખવા બેસે, છતાં સમગ્રતઃ પ્રભુના સદ્‌ગુણો વર્ણવી શકાતા નથી. પ્રભુના આવા સર્વ સદ્‌ગુણો જગતમાં પ્રકાશી રહ્યા છે.

આ સદ્‌ગુણો પણ ભગવદ્ રૂપ છે. તેથી જ સમગ્ર વિશ્વમાં તેનો આટલો બધો મહિમા છે. પ્રભુના માહાત્મ્યમાં જ અનેક સદ્‌ગુણો ભરેલા છે. ભગવદીયો સદ્‌ગુણગ્રાહી છે, આથી તેઓ વારંવાર પ્રભુના સદ્‌ગુણો વર્ણવ્યા કરે છે.

(૨૨૧) સર્વસદ્‌ગુણભાજનમ્ = (૧) સર્વ સદ્‌ગુણો જેમનું સેવન કરે છે એવા. (૨) સઘળા સદ્‌ગુણી ભક્તજનો જેમનું સેવન કરે છે તેવા.

સર્વ સદ્‌ગુણોથી જ પ્રભુનું માહાત્મ્ય છે. આનાથી સદ્‌ગુણોની વિશેષતા નથી, કારણ આ સદ્‌ગુણો માત્ર પ્રભુનું જ સેવન કરી રહ્યા છે. આ સદ્‌ગુણો સદા પ્રભુના સાન્નિધ્યમાં જ રહે છે. ભગવદીયો સદ્‌ગુણશાળી છે. આથી તેમને પ્રભુનું સેવન જ રૂચિકર છે. અહર્નિશ સેવન કરે છે.

(૨૨૨) મન્વાદિપ્રેરકઃ = મનુ વગેરેને પ્રેરણા કરનારા.

બ્રહ્માજીના એક કલ્પ (દિવસ)માં ૧૪ મનુઓ થાય છે. તે બધા તેમના સમયમાં સદ્ ધર્મોને પ્રવર્તાવે છે. દરેક મન્વતરમાં ધર્મો અલગ અલગ હોય છે. ભગવાન જ આ ધર્મોના પ્રેરક છે. સ્વાયંભૂ મનુ, કર્દમ, કશ્યપ તથા દક્ષ પ્રજાપતિ વગેરેને સૃષ્ટિરચનાના કર્મમાં પ્રેરણા કરનારા આપ જ છે.

(૨૨૩) ધર્મઃ = ધર્મ સ્વરૂપ પ્રભુ જ છે.

દરેક મન્વંતરમાં મનુ વગેરે ધર્મ પ્રગટ કરે છે. તે સમયના જીવોને તે ધર્મના આચરણથી કલ્યાણ પ્રાપ્ત થાય છે. તે ધર્મરૂપે શ્રીકૃષ્ણ જ છે. પ્રભુ જ ધર્મ રૂપે જગતમાં પ્રસર્યા છે.

(૨૨૪) યજ્ઞનારાયણઃ = યજ્ઞ રૂપી નારાયણ.

નારાયણ યજ્ઞસ્વરૂપવાળા છે. પરમાત્મા જ યજ્ઞ નારાયણરૂપે પ્રકટ થયા છે. આ સ્કન્ધના પ્રથમ અધ્યાયમાં કથા છે કે રુચિમુનિએ મનુપુત્રી આકુતિમાં એક જોડું ઉત્પન્ન કર્યું, તેમાં પુરુષ તે સાક્ષાત્ યજ્ઞનારાયણ વિષ્ણુ છે. સ્ત્રી તે દક્ષિણા છે.

(૨૨૫) પરઃ = (૧) પોષણકર્તા (૨) સર્વથી શ્રેષ્ઠ.

પ્રભુને વિશ્વંભર કહ્યા છે. આખા વિશ્વનું ભરણ પોષણ કરનાર છે. પોતાના જનોનું પાલનપોષણ કરે જ, તેમાં શું નવાઈ? આવા સર્વ ભવનના પોષક સર્વશ્રેષ્ઠ જ હોય. શુકદેવજી આથી સ્તુતિમાં 'નમઃ પરસ્મૈ' કહે છે. (૨-૪-૧૨)

આકૂતિસૂનુર્દેવેન્દ્રો રુચિજન્માઽભયપ્રદઃ ।
દક્ષિણાપતિરોજસ્વી ક્રિયાશક્તિઃ પરાયણઃ ॥૫૩॥

(૨૨૬) **આકૂતિસૂનુઃ** = આકૂતિના પુત્ર

મનુ મહારાજને પાંચ સંતાનો છે. બે પુત્રો છે – પ્રિયવ્રત રાજા અને ઉત્તાનપદ રાજા. મનુમહારાજની ત્રણ પુત્રીઓ આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ છે. ચતુર્થ સ્કંધની વિસર્ગલીલાનો આરંભ આકૂતિની કથાથી છે. આકૂતિ યજ્ઞની બાહ્યક્રિયાનું સ્વરૂપ છે. તેમનાં લગ્ન રુચિ ઋષિ સાથે થયાં. તેમના પુત્ર યજ્ઞનારાયણરૂપે પ્રભુ છે. મનુ મહારાજનાં પાંચે સંતાન અપ્રાકૃત છે. પાંચે સંતાનોને ત્યાં ભગવાનના અવતાર થયા છે.

(૨૨૭) **દેવેન્દ્રઃ** = સર્વ દેવોના ઈન્દ્ર.

પ્રભુ જ યજ્ઞ નારાયણ સ્વરૂપે પ્રગટ થયા છે. પ્રભુ સર્વ દેવોના ઈન્દ્ર છે. આ જ આપની પ્રભુતા છે. આથી જ યજ્ઞ નારાયણ સ્વરૂપથી દેવોના ઈન્દ્ર છે.

(૨૨૮) **રુચિજન્મા** = રુચિ મુનિથી જન્મેલા યજ્ઞનારાયણ પ્રભુ.

રુચિ ઋષિ છે. બ્રહ્માજીના પુત્ર છે. પ્રજાપતિ છે. તેમણે ભગવાનનું અનન્ય ચિંતન કર્યું છે. તેનાથી તેમને બ્રહ્મતેજ પ્રાપ્ત થયું છે. યજ્ઞનારાયણ પ્રભુ રુચિ મુનિથી જન્મ્યા છે.

(૨૨૯) **અભયપ્રદઃ** = અભયનું દાન કરનારા

પ્રભુ જ સાચા અર્થમાં સર્વ જીવોના પતિ છે. અલૌકિક પતિ છે. આથી પોતે તો કોઈનાથી પણ ભય નથી પામતા. પોતાનાં સર્વેને અભય આપે છે. દેવોને પણ અભયનું દાન કરે છે. શ્રુતિ કહે છે કે યજ્ઞથી દેવોને હર્ષ-આનંદ આપે છે. યજ્ઞપુરુષથી અભય મેળવે તો જ આનંદ થાય.

(૨૩૦) **દક્ષિણાપતિઃ** = દક્ષિણા સ્ત્રીના સ્વામી (પતિ).

રુચિ ઋષિ અને આકૂતિને ત્યાં એક કુમાર અને કુમારી સાથે પ્રગટ થયાં. તે લક્ષ્મીનારાયણના અંશરૂપ હતા. પુત્રનું નામ સુયજ્ઞ હતું. પુત્રીનું નામ દક્ષિણા હતું.

મનુ મહારાજે પોતાની પુત્રી આકૂતિને રુચિ ઋષિ સાથે પરણાવતાં એક શરત કરેલી. આ વિવાહ પુત્રિકાધર્મ અનુસારનાં વિવાહ હતા. આ પ્રકારના લગ્નમાં કન્યાને પ્રથમ પુત્ર થાય તે કન્યાના પિતા લઈ લે છે.

રુચિ ઋષિ બ્રહ્માજીના પુત્ર છે. તે પહેલાંની સૃષ્ટિમાં થયા છે. મનુ તે પછીની સૃષ્ટિમાં થયા છે. આમ રુચિ પૂર્વકાલના છે, તેથી આ શરત સ્વીકારે છે. તેમાં તેમની ઉદારતા છે. લોકકલ્યાણ અને સંતોષ માટે પોતાનો પુત્ર આપી દીધો છે. પુત્ર સુયજ્ઞને મનુ લઈ ગયા. પુત્રી દક્ષિણા રુચિ પાસે રહ્યાં. લક્ષ્મી અને નારાયણ જુદાં ન રહે. શાસ્ત્રના નિયમો મનુષ્યો માટે છે, પશુ કે પ્રભુ માટે નથી. દક્ષિણાને અપેક્ષા થઈ. સુયજ્ઞ સાથે લગ્ન થયાં. દક્ષિણાના તે સ્વામી થયા.

(૨૩૧) **ઓજસ્વી** = ઉત્સાહ સંપન્ન, પરાક્રમી.

ભગવાનમાં પૂર્ણ ઉત્સાહ છે. આથી તે પરાક્રમી અને પ્રભાવશાળી છે. આ ઉત્સાહ જ બ્રહ્માદિ દેવો, ગાંધર્વો અને માનવોમાં આવે છે. આથી બીજાનાં પરાક્રમો એ પ્રભુ દત્ત છે.

(૨૩૨) **ક્રિયાશક્તિઃ**= ક્રિયાશક્તિના આશ્રયરૂપ.

પ્રભુની અનેક શક્તિઓ છે. તેમાંની એક ક્રિયાશક્તિ છે. પ્રભુ પોતે જ ક્રિયાશક્તિ સ્વરૂપે છે. તેના અંશ માત્રથી ઈતર તપ આદિ કર્મોમાં શક્તિ દેખાય છે.

(૨૩૩) **પરાયણઃ** = (૧) પર એટલે અક્ષર જેનું અધિષ્ઠાન છે એવા. (૨) ઉત્તમ જ્ઞાની (૩) પર એટલે શ્રેષ્ઠપણામાં જવાના સ્વભાવવાળા

પરમ ગંતવ્યસ્થાન અક્ષર છે. તે પુરાણ પુરુષનું શ્રેષ્ઠ ધામ છે. (૩-૧૧-૪૧) આ અક્ષર ત્રિપાદ વિભૂતિમાં છે. તે નિત્ય અને દિવ્ય છે. તે સર્વ કારણોના મૂળ કારણરૂપ છે. શ્રી ગીતા આજ્ઞા પ્રમાણે તે જ ઉત્તમ મારું નિવાસસ્થાન છે. સર્વોત્તમજ્ઞાન પ્રભુમાં છે. જ્ઞાનીઓનો લય અક્ષરમાં છે. પ્રભુ ઉત્તમમાં ઉત્તમ સ્થાનમાં સ્થિતિ કરવાવાળા છે. આથી જ સર્વોત્કૃષ્ટ અક્ષરધામમાં બિરાજે છે. ઘરમાં કે મંદિરમાં પ્રભુ બિરાજે તે પણ અક્ષરધામ સ્વરૂપ જ છે.

દત્તાત્રેયો યોગપતિઃ યોગમાર્ગ પ્રવર્તકઃ ।
અનસૂયા ગર્ભરત્નમ્ - ઋષિવંશ વિવર્ધનઃ ।।૫૪।।

(૨૩૪) દત્તાત્રેયઃ = દત્તાત્રેય સ્વરૂપ ભગવાન.

અત્રિ ઋષિ છે. બ્રહ્મજ્ઞાની છે. શ્રેષ્ઠ મહર્ષિ છે. તેમનાં પત્નીનું નામ અનસૂયાજી છે. પતિ-પત્નિ બે જ જણ હતાં. કોઈ સંતાન ન હતું, અત્રિ પત્ની કોઈની પણ અદેખાઈ નહોતાં કરતાં તેથી અનસૂયા.

બ્રહ્માજીએ અત્રિજીને સૃષ્ટિ રચવા આજ્ઞા કરી. પત્ની સાથે તેઓ ઋક્ષ નામના કુલપર્વત પર ગયા. પલાશ અને અશોકના વિશાળ વનમાં રહ્યા. નજીકમાં જ નિર્વિન્ધ્યા નદી વહેતી હતી. અહીં અત્રિજીએ પ્રાણાયામથી ચિત્ત વશમાં કર્યું. સો વર્ષ સુધી એક પગ પર જ ઊભા રહ્યા. ઠંડી કે ગરમીની પરવા ન કરી. કેવલ વાયુ પીને જ જીવ્યા. આ સમયે તેઓ મનમાં પ્રાર્થના કરતા કે જે કોઈ આ સંપૂર્ણ જગતના ઈશ્વર છે, હું તેની શરણમાં છું. તેઓ મને તેમના જેવી જ સંતાન પ્રદાન કરે.

અત્રિ મુનિનું તેજ ત્રણે લોકને તપાવવા લાગ્યું. બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ પ્રસન્ન થઈને પધાર્યા. પોતાના અંશ ભાગે પુત્ર રૂપે પ્રકટ થયા. બ્રહ્માના અંશથી વંશ ચલાવનાર ચંદ્ર થયા. વિષ્ણુએ પોતે પોતાનું દાન કર્યું. તે દત્ત થયા. અત્રિના પુત્ર આત્રેય કહેવાયા. આથી દત્તાત્રેય કહેવાયા. શંકરના અંશથી દુર્વાસા થયા.

(૨૩૫) યોગપતિઃ = યોગના પતિ

દત્તાત્રેયજી વિષ્ણુના યોગવિત્ અંશ છે. વિષ્ણુ ભગવાન યોગથી જગતનું રક્ષણ (સ્થિતિ)નું કાર્ય કરે છે.

યોગ અષ્ટ અંગવાળો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિવાળો અષ્ટાંગ યોગ છે. તેને પ્રકટ કરનારા તેમજ ઉપદેશ કરનારા શ્રીકૃષ્ણ છે. (વિષ્ણુ છે.) વિષ્ણુનો અંશ હોવાથી તેઓ યોગપતિ છે.

(૨૩૬) યોગમાર્ગ પ્રવર્તકઃ = યોગ માર્ગ પ્રવર્તાવનાર.

અત્રિએ ભગવાનનું ભજન કરેલું. કર્મનું ત્રિવિધપણું છે. રાજસ, સાત્વિક અને તામસ. આથી તેના અધિષ્ઠાતા રૂપ ત્રણે દેવો તેમની પત્ની પાસે પ્રકટ થયા.

ત્રણે દેવોએ કહ્યું કે 'તમે જેનું ધ્યાન ધરો છો તે અમે છીએ.' આમ ત્રણેની એકતા કહી. અથવા એકની ત્રિવિધતા કહી. વિષ્ણુનો યોગવિત અંશ દત્ત છે. તે અષ્ટાંગ યોગ તથા ભક્તિમાર્ગનો પ્રકાશ કરનારા છે. દત્તાત્રેય સ્વરૂપે આપે મહાયોગ પ્રવર્તાવ્યો-પ્રકટ કર્યો.

(૨૩૭) અનસૂયા ગર્ભરત્નમ્ = અનસૂયાના ગર્ભનું રત્ન.

અત્રિ ઋષિના આશ્રમમાંથી વિદાય થતી વખતે ત્રિદેવોએ વરદાન આપ્યું કે અમારા જ અંશ સ્વરૂપ ત્રણ પુત્રો તમારે ત્યાં ઉત્પન્ન થશે. તે જગતમાં વિખ્યાત થશે. તમારા સુંદર યશનો વિસ્તાર કરશે. મા અનસૂયાના ગર્ભથી તેઓ પ્રકટ થયા. રત્ન જેવા દત્તાત્રેય ભગવાન છે, તેથી માતૃચરણોના ગર્ભનું રત્ન છે.

(૨૩૮) ઋષિ વંશવિવર્ધનઃ = ઋષિઓના વંશને વધારનાર.

ચોથા સ્કંધના પ્રથમ અધ્યાયમાં કર્દમ ઋષિના દોહિત્રોના સંતાનનું વર્ણન મળે છે. દા.ત. અંગિરા અને પત્ની શ્રધ્ધાને ત્યાં ચાર કન્યાઓ અને બે પુત્રો થયા. પુલત્સ્યજી તથા પત્ની હવિર્ભૂથી બે પુત્રો થયા. વિશ્વામિત્ર ઋષિ તથા પત્ની ઈડવિડાથી પુત્રો થયા. વગેરે. ઋષિઓના વંશને વિસ્તારનાર મૂળ કારણરૂપ શ્રીહરિ જ છે. આથી જ શ્રીભાગવતજી કહે છે કે આ સંતાન પરંપરા શ્રધ્ધાથી સાંભળનારના પાપો તરત નાશ પામે છે.

ગુણત્રય વિભાગજ્ઞઃ ચતુર્વર્ગ વિશારદઃ ।
નારાયણો ધર્મસૂનુઃ મૂર્તિપુણ્યયશસ્કરઃ ।।૫૫।।

(૨૩૯) ગુણત્રયવિભાગજ્ઞઃ = (૧) સત્ત્વાદિ ત્રણ ગુણના વિવેચનને જાણનાર (૨) સત્ત્વાદિ ત્રણ ગુણ વડે થયેલા વિભાગને જાણનાર.

પ્રકૃતિમાંથી ત્રણ ગુણો બન્યા. સત્ત્વ, રજ અને તમ, પ્રભુ આ ત્રણ ગુણોના વિભાગોને જાણનાર છે.

અત્રિ મુનિને ત્યાં રજોગુણાત્મા બ્રહ્માના અંશથી સોમ જન્મ્યા. સત્ત્વગુણાત્મક વિષ્ણુથી દત્તાત્રેય અને તમોગુણાત્મક શંકરથી દુર્વાસા પ્રકટ થયા. આમ ત્રણ ગુણ વડે થયેલા વિભાગને જાણનારા છે.

(૨૪૦) ચતુર્વર્ગવિશારદઃ = ચાર પુરુષાર્થોને જાણનારા.

શાસ્ત્રોએ માનવ માટે ચાર પુરુષાર્થો દર્શાવ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચાર પુરુષાર્થોના વર્ગ છે. આ ચારેયને જાણનાર શ્રીકૃષ્ણ છે. સર્વજ્ઞ ભગવાન જ આ ચાર વર્ગના ઉત્પાદક તથા પ્રકાશક છે.

(૨૪૧) નારાયણઃ = (૧) નર એટલે આત્મા. તેથી ઉત્પન્ન થયેલા નાર, તેના કારણ રૂપે વ્યાપી રહેલા (૨) નાર એટલે જળ જેમનું અયનસ્થાન છે, તે નારાયણ.

નારાયણ આદિદેવ છે. તેમનાથી સર્વ વિશ્વ પ્રકટ્યું છે. સર્વ જગતમાં તે જ વ્યાપીને રહ્યા છે. નારાયણ રૂપે સત્વગુણથી વિશ્વને રક્ષે છે.

મંત્રવર્ણમાં કહ્યું છે કે અખિલ જગતમાં જે કંઈ જોવામાં અને સાંભળવામાં આવે છે તે સર્વમાં અંદર અને બહાર નારાયણ વ્યાપેલા છે.

મહાભારતમાં કહ્યું છે કે નર-પુરુષ પરમાત્માથી ઉત્પન્ન થયેલા તત્ત્વોને નાર કહે છે. અને તે જ તેમનું સ્થાન છે. તેથી તે નારાયણ કહેવાય છે.

મનુ મહારાજ અને બ્રહ્મવૈવર્ત પુરાણ કહે છે કે નારોની મધ્યમાં સ્થાન હોવાથી તે નારાયણ છે. સર્વ જળ નરથી થયું છે માટે તેને નાર કહે છે. તેમાં પ્રભુનું સ્થાન છે. આથી તે નારાયણ છે.

વ્યાસજી કહે છે કે પ્રભુ જગતને દોરનારા છે આથી તે નર છે. તે જ સનાતન પરમાત્મા છે. આમ ભગવાન પોતાનાં જ પ્રકટ કરેલાં તત્ત્વોમાં વ્યાસ થઈ બિરાજે છે, માટે નારાયણ છે.

(૨૪૨) ધર્મસૂનુઃ = ધર્મના પુત્ર.

ધર્મનાં પત્નીનું નામ મૂર્તિ છે. તેમાં પ્રકટ થયેલા નારાયણ ધર્મના પુત્ર છે. ભારત વર્ષની પ્રજાનું પાલન કરવા આપ મૂર્તિજીમાં આવિર્ભાવ પામ્યા છે. આમ તે ધર્મપુત્ર છે.

(૨૪૩) મૂર્તિપુણ્યયશસ્કરઃ = મૂર્તિના પવિત્ર યશનો વિસ્તાર કરનાર.

ચોથા સ્કંધમાં કહ્યું કે મૂર્તિ સઘળા ગુણોવાળાં છે. તેમણે નર અને

નારાયણને પ્રકટ કર્યા. તેમના જન્મથી આખા જગતમાં મહા આનંદ ફેલાયો હતો. આનાથી સર્વત્ર માતા મૂર્તિનો યશ પ્રસર્યો હતો. આમ આપ માતા મૂર્તિના યશને વિસ્તારનારા છે.

સહસ્રકવચછેદી તપઃ સારો નરપ્રિયઃ ।
વિશ્વાનન્દપ્રદઃ કર્મસાક્ષી ભારતપૂજિતઃ ॥૫૬॥

(૨૪૪) સહસ્રકવચછેદી = હજારો કવચોને છેદનારા

હજારો એટલે અસંખ્ય. કવચો એટલે બખ્તરો– શ્રીકૃષ્ણ નારાયણ સ્વરૂપ છે. યુદ્ધના સમયમાં શત્રુઓનો સામનો કરે છે. તે વખતે શત્રુઓનાં અસંખ્ય બખ્તરોને નારાયણ સ્વરૂપથી છેદે છે, તોડે છે. આ પ્રકારનું સામર્થ્ય નારાયણ ભગવાનમાં છે.

(૨૪૫) તપઃ સારઃ = (૧) તપ જેમને ગ્રહણ કરવા યોગ્ય છે એવા (૨) તપરૂપ બળવાળા (૩) તપરૂપ સારાંશવાળા

પ્રભુ માને છે કે તપ જ ગ્રહણ કરવા યોગ્ય છે. પ્રભુને તપ જ હંમેશા પ્રિય છે. પ્રભુને તપ કરવા માટે કોઈ પ્રયોજન નથી. સર્વજનો પોતાનું અનુકરણ કરે તે માટે આપ તપ કરે છે. તપથી સર્વનું હિત થાય છે. શ્રીગીતા આજ્ઞા છે– તપશ્ચાસ્મિ તપસ્વિષુ– તપસ્વી પુરુષોમાં હું તપ છું. પરમાત્મા પોતે જ તપરૂપ છે. તપરૂપ મહાબળવાળા છે. તપરૂપ સારાંશવાળા છે.

(૨૪૬) નરપ્રિયઃ = (૧) નર જેમને પ્રિય છે એવા (૨) નરો-મનુષ્યોને પ્રિય લાગે તેવા (૩) નર મુનિને પ્રિય એવા.

નર એટલે અર્જુન. ભગવાનને અર્જુન અતિપ્રિય છે. નરો એટલે મનુષ્યો અર્થાત્ જીવો. જીવોને ભગવાન અતિપ્રિય લાગે છે. નરઋષિ છે, મહાત્મા છે, મનુષ્યોના હિત માટે ઘોર તપશ્ચર્યા કરી રહ્યા છે. ભગવાનને આથી પરોપકારી મહાત્મા પર પ્રેમ છે.

(૨૪૭) વિશ્વાનન્દપ્રદઃ = વિશ્વને આનંદ આપનાર.

શ્રીગીતા આજ્ઞા છે કે શ્રેષ્ઠ પુરુષો જેનું આચરણ કરે છે તેનું જ અનુસરણ સર્વ જનો કરે છે. તે પ્રકારનું વર્તન કરે છે. આ નિયમ અનુસાર નારાયણ મુનિ તપ કરી સર્વ જીવોને તેના અનુસરણ માટે પ્રેરે છે. આમ આપના તપનો હેતુ પરોપકાર છે. ભગવાન બદરીકાશ્રમમાં તપ કરી રહ્યા છે. તે દ્વારા સર્વજનોને પ્રેરે છે. પરોપકાર કરે છે. આ રીતે વિશ્વમાં આનંદ ફેલાવે છે.

(૨૪૮) કર્મસાક્ષી = સર્વકર્મોના દૃષ્ટા - સાક્ષી

નારાયણ મુનિના તપથી એમના ભક્તનું હિત થાય. તેથી ભક્તને આનંદ મળે પણ વિશ્વને આનંદ કઈ રીતે અપાય? આ શંકાના સમાધાન માટે આ નામ છે. દેવ-દાનવ-માનવ સર્વેનાં બધા જ શુભ અને અશુભ કર્મો નારાયણ પરમાત્મા પ્રત્યક્ષ જુએ છે. એટલે બધાના અશુભ કર્મને આપ જાણે છે. તે સર્વનાં સર્વ અશુભ દૂર કરવા આપ તપ કરે છે. આ રીતે વિશ્વને આનંદ પ્રાપ્ત થાય છે.

(૨૪૯) ભારતપૂજિતઃ = ભારતમાં પૂજાયેલા.

મહાભારત યુદ્ધમાં યુધિષ્ઠિર વગેરે રાજાઓએ આપનું પૂજન કર્યું છે. બ્રાહ્મણ વગેરેને ભારતી - સરસ્વતી (વિદ્યા)માં પ્રેમ છે. તે બધા પણ આપને પૂજે છે.

ભરત રાજાના વંશજો પણ આપને પૂજે છે. ભરત ખંડમાં વસનારાઓ પણ નારાયણ રૂપ શ્રી કૃષ્ણને પૂજે છે.

અનન્તાદ્‌ભુત માહાત્મ્યઃ બદરીસ્થાન ભૂષણમ્ ।
જિતકામો જિતક્રોધો જિતસંગો, જિતેન્દ્રિય : ।।૫૭।।

(૨૫૦) અનન્તાદ્‌ભુતમહાત્મ્યઃ = અનંત અને અદ્‌ભુત મહિમાવાળા

પ્રભુનો મહિમા અનંત છે. 'હરિ અનંત, હરિગુણ અનંતા.' પ્રભુનો મહિમા અદ્‌ભુત છે. અસાધનને પણ સાધન બનાવી દે છે. આવો વિસ્મયકારક મહિમા છે. વાલ્મિકીજીએ રામાયણમાં આ મહિમાગાન કર્યું છે. વ્યાસજીએ મહાભારત તથા ભાગવતજીમાં કર્યું છે. પ્રભુનો પ્રભાવ જ એવો છે કે જેમાં આશ્ચર્ય જ લાગ્યા

કરે. વારંવાર જાણવા છતાં તેનો પાર પમાતો નથી. તાનસેનજી તેથી જ કહે છે કે 'તેરી ગતિ અગાધ, નિરંજન, નિરાકાર નારાયણ.'

(૨૫૧) બદરીસ્થાનભૂષણમ્ = બદરીકાશ્રમના ભૂષણરૂપ.

બદરી એટલે બોરડી. તેનું સ્થાન એટલે બદરીકાશ્રમ. આ પવિત્ર સ્થાન તપોભૂમિ છે. નારાયણપ્રભુ અહીં બિરાજે છે. અહીં આપનો આશ્રમ છે. અહીં જ જનોના હિતાર્થે તપ કરે છે. આથી આપ આ સ્થાનના અલંકારરૂપ-ભૂષણરૂપ છે.

(૨૫૨) જિતકામઃ = કામદેવને જીતનાર

નારાયણ ઋષિના તપથી ઈન્દ્રને શંકા થઈ. તેનું આસન જવાની બીક લાગી. તેથી તેણે નારાયણ પ્રભુના તપને તોડવાનું નક્કી કર્યું. ઋષિના તપને તોડવા રંભા નામની અપ્સરા, વસંત ઋતુ અને કામદેવને મોકલ્યા. પ્રભુના તપના પ્રભાવથી કામદેવને મોહ થયો. તે પાછો વળી ગયો.

(૨૫૩) જિતક્રોધઃ = ક્રોધને જીતનાર

કામ ઉપર વિજય શિવજીએ પણ કર્યો છે. આ વિજય ક્રોધ કરીને થયો છે. જ્યારે નારાયણ પ્રભુએ ક્રોધને પણ આધીન કરી દીધો છે. માત્ર નિજ પ્રભાવથી જ કામનો પરાભવ કર્યો છે, ક્રોધ કર્યો નથી.

(૨૫૪) જિતસંગઃ = સંગને જીતનાર

નારાયણ ભગવાનને વિષયોનો સંગ નથી, વિષયનો જરાપણ સ્પર્શ નથી. વિષય સંગને તેઓ તરછોડે છે, તેથી જ રંભા જેવી રમણીને વશ ન થયા. એ સુંદરી લજ્જિત થઈ પાછી ફરી, આમ આપ સંગના વિજેતા છે. રાગ વિજયી છે. વિતરાગી છે. અનાસક્ત છે.

(૨૫૫) જિતેન્દ્રિયઃ = ઈન્દ્રિયોને વશ કરનાર.

ભગવાન ઋષિકેશ છે. ઈન્દ્રિયોના સ્વામી છે. આથી જ આપ સર્વ ઈન્દ્રિયોને વશ કરનારા છે. ઈન્દ્રિય વિજયી છે. આમ આ નામ તદ્દન સત્ય છે.

ઉર્વશી પ્રભવ : સ્વર્ગ સુખદાયી સ્થિતિપ્રદઃ ।
અમાની માનદો ગોપ્તા ભગવચ્છાસ્ત્રબોધકઃ ।।૫૮।।

(૨૫૬) ઉર્વશી પ્રભવઃ = ઉર્વશીને ઉત્પન્ન કરનારા

નારાયણ પ્રભુનું તપ ભંગ કરવા ઈન્દ્રે રંભા નામની અપ્સરા મોકલી. નારાયણ ભગવાને તેને નિહાળી. પોતાના તપનો પ્રભાવ બતાવવાની ઈચ્છા કરી. પોતાના સાથળમાંથી સુંદરીઓ પ્રગટ કરી. તે રંભા કરતાં પણ વિશેષ સુંદર હતી. ભગવાને તેમાંથી ઉર્વશી નામની રમણીય સુંદરી ઈન્દ્રને ભેટ આપી. આમ પ્રભુ ઉર્વશીને ઉત્પન્ન કરનાર થયા.

(૨૫૭) સ્વર્ગસુખદાયી = સ્વર્ગને સુખ આપનારા

પ્રભુએ ઈન્દ્રને ઉર્વશીની ભેટ આપી છે. આથી તે સ્વર્ગમાં આવી છે. સ્વર્ગમાં ઈન્દ્રાદિ દેવો રહે છે. ઉર્વશી સ્વર્ગની અપ્સરાઓથી પણ અધિક સુંદર છે. આથી સર્વ દેવો માટે તે માનનીય છે. સર્વને ઘણો જ આનંદ આપે છે. આમ નારાયણ સ્વર્ગ નિવાસીઓને સુખ આપનારા છે.

(૨૫૮) સ્થિતિપ્રદઃ = સ્થિતિ આપનારા

નારાયણે ઉર્વશીને સ્વર્ગમાં સ્થાન આપ્યું છે. આમ ઉર્વશીની સ્થિતિ સ્વર્ગમાં થઈ છે.

(૨૫૯) અમાની = અભિમાન રહિત

નારાયણ ભગવાન માનની ઈચ્છા રહિત છે. પોતે અભિમાનથી તદ્દન વિમુક્ત છે. રહિત છે. મિથ્યા અભિમાન કરી સર્વને તુચ્છ માનવા એ આસુરીભાવ છે. પ્રભુ આવા આસુરીભાવ રહિત છે. તેથી અમાની છે.

(૨૬૦) માનદઃ = (૧) સર્વને માન આપનારા, (૨) અભિમાનનું ખંડન કરનારા.

પ્રભુ સર્વ કોઈનું માન રાખે છે. વારંવાર સન્માન કરે છે. પ્રભુના આવા વર્તનને – વિનયને લોકો અનુસરે તે માટે પ્રભુનું આ વર્તન હોય છે. જો કોઈ જીવ મહાઅભિમાનમાં છકી જાય અને મદોન્મત્ત બને તો પ્રભુ તેને જડમૂળથી ઉખેડી નાખે છે. આમ માન આપે પણ છે અને અભિમાનનું ખંડન પણ કરે છે. ભગવાનનો આ વિરુદ્ધધર્માશ્રય ગુણ છે.

(૨૬૧) ગોપ્તાઃ = રક્ષણ કરનાર

સર્વ લોકોનું પ્રભુ રક્ષણ કરે છે. સર્વ લોકનું પાલન પણ કરે છે. દુઃખ દેનારાઓનો વિનાશ કરવા અને સાધુ પુરુષોના રક્ષણ માટે આપ વારંવાર અવતાર ધારણ કરે છે. દુષ્ટ દૈત્યોથી પીડાતી પ્રજાનો ઉધ્ધાર કરી રક્ષે છે. આમ આપ રક્ષણ કર્તા છો.

(૨૬૨) ભગવચ્છાસ્ત્રબોધકઃ = પ્રભુ સંબંધી શાસ્ત્રનો બોધ કરનારા.

નારદજી, વ્યાસજી અને શુકદેવજી દ્વારા પંચરાત્ર, ભાગવત વગેરે શાસ્ત્રો આપે પ્રકટ કર્યા. તે દ્વારા બોધ ઉપદેશ પણ કર્યો. મહાનુભાવોએ પ્રભુપ્રેરણાથી જ શાસ્ત્રોની રચના કરી છે. તે દ્વારા ભાગવત્સંબંધી જ્ઞાન પ્રસરાવ્યું છે. આમ આપ શાસ્ત્રબોધક છે.

બ્રહ્માદિવન્દ્યો હંસઃ શ્રીઃ માયાવૈભવકારણમ્ ।
વિવિધાનન્ત સર્ગાત્મા વિશ્વપૂરણ તત્પરઃ ।।૫૯।।

(૨૬૩) બ્રહ્માદિવન્દ્યઃ = બ્રહ્મા, શંકર આદિ સર્વ દેવો વડે વંદન કરવા યોગ્ય.

બ્રહ્મા, શંકર, ઈન્દ્ર, સૂર્ય, ચંદ્ર વગેરે દેવતાઓ છે. પ્રભુ આ બધા દેવતાઓના વંદનીય છે. દશમ સ્કંધમાં પ્રભુના પ્રાકટ્ય પહેલાં બધા દેવતાઓ આવે છે. ભગવાનને સત્યાત્મક કહી સ્તુતિ કરે છે. બધા દેવોની રસના પ્રભુ નામ જ રટે છે.

જાકો વેદ રટત, બ્રહ્મા રટત, શંભુ રટત શેષ રટત,
નારદ શુક વ્યાસ રટત પાવત નહીં પારરી.

મહાભારત – ભાગવત આદિમાં દેવોએ કરેલી ભગવાનની સ્તુતિ અનેકવાર જોવામાં આવે છે.

(૨૬૪) હંસઃ = (૧) સંસારને હણનાર (૨) સંસારને જાણનાર (૩) હંસ સ્વરૂપ પરમાત્મા.

ભક્ત એ છે કે જેને સંસાર નથી. સંસાર એટલે જ અહંતા, મમતા. સંસાર સાગર જેવો છે. તે દુઃખમય પણ છે. ભક્તો તેમાં ડૂબકા ન ખાય તેની ચિંતા પ્રભુને છે. પ્રભુ જ ભક્તોના સંસારનો નાશ કરે છે. આથી ભક્તો પ્રભુમાં લીન રહી શકે. પુરાણ પણ કહે છે કે પ્રભુ પોતે હંસ સ્વરૂપ છે. પ્રભુ સંસારને જાણે છે, તેથી જ ભક્તોને તેનાથી બચાવે છે.

(૨૬૫) શ્રીઃ = આશ્રયરૂપ, લક્ષ્મીરૂપ

પ્રભુના આશ્રય સિવાય કંઈ પણ નભી શકતું નથી. ભગવાન જ સર્વનો આશ્રય છે. ભગવાન અને લક્ષ્મીજીમાં અભેદ છે. શક્તિ અને શક્તિમાન એકબીજાથી અલગ કલ્પી શકાય નહિ. લક્ષ્મીના ભંડાર ભગવાન જ છે. તેથી આપ લક્ષ્મીરૂપ પણ છે. શ્રીકૃષ્ણ નામમાં સ્વામિનીજી – રાધાજીનો સમાવેશ થઈ જ જાય છે.

(૨૬૬) માયાવૈભવકારણમ્ = માયાના વૈભવના કારણ રૂપ

ભગવાનની શક્તિઓ અચિંત્ય છે. અક્રૂરજીએ એ શક્તિઓ દ્વારા સેવાતા પ્રભુનાં દર્શન કર્યા છે. માયા પણ શક્તિ જ છે, ભગવાનની ઈચ્છારૂપ માયા શક્તિથી જ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય વગેરે વૈભવો બની રહ્યા છે. પરમેશ્વર માયા દ્વારા જગતના નાટકની લીલા કરે છે. આપ 'જગન્નાટ્ક વૈભવ' છે.

(૨૬૭) વિવિધાનંતસર્ગાત્મા = જુદી જુદી અસંખ્ય સૃષ્ટિમાં જનારા

ભગવાને અનંત સૃષ્ટિઓ રચી છે. તેમાં અંતર્યામી આત્મારૂપે પ્રભુ રહેલા છે. શંકરે વીરભદ્ર વગેરે ગણોની સૃષ્ટિ રચી છે. ભગવાને તેમાં પણ સામર્થ્યરૂપે – બળરૂપે આવિર્ભાવ કર્યો છે. આથી જ તે ગણો યજ્ઞોનો નાશ કરી શક્યા છે, નહીં તો ભગવાનને ઉદ્દેશીને કરેલા યજ્ઞનો નાશ થાય નહિ. દક્ષના મહાઅભિમાનને ઉતારવા પ્રભુ જ વીરભદ્ર વગેરે ગણોમાં બળરૂપે પ્રવેશ્યા છે.

(૨૬૮) વિશ્વપૂરણતત્પરઃ = (૧) વિશ્વનું ભરણપોષણ કરવામાં તત્પર રહેનારા (૨) વિશ્વનું ભરણપોષણ કરવું એ જ જેમનું ઉત્તમ કર્મ છે, એવા.

ભગવાન વિશ્વને ઉત્પન્ન કરે છે. આપ જ સમગ્ર વિશ્વનું પોષણ પણ કરે છે, વિશ્વનું ધારણ પણ કરે છે. તેથી જ આપ વિશ્વંભર છે. મિથ્યાભિમાનમાં તણાઈને હું જ સર્વ કરું છું કે હું જ સર્વનું પોષણ કરું છું, તેવું માનવું અયોગ્ય છે.

યજ્ઞજીવન-હેતુશ્ચ યજ્ઞસ્વામીષ્ટ - બોધકઃ ।
નાનાસિધ્ધાન્તગમ્યશ્ચ સપ્તતંતુશ્ચ ષડ્ગુણઃ ।।૬૦।।

(૨૬૯) યજ્ઞજીવનહેતુઃ = (૧) યજ્ઞમાં દક્ષ પ્રજાપતિને જીવનના કારણરૂપ (૨) યજ્ઞના કારણરૂપ.

દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં ભગવાન શંકરના ગણોએ તોફાન મચાવ્યું હતું. વીરભદ્ર વગેરેએ યજ્ઞને દુષિત કર્યો હતો. ભૂલ દક્ષની જ હતી. દક્ષે આશુતોષ ભગવાનની ક્ષમા માગી. પુનઃ યજ્ઞ આરંભ કર્યો. વિશુધ્ધ ચિત્તથી શ્રીહરિનું ધ્યાન ધર્યું અને ભગવાન ત્યાં પ્રગટ થયા. આમ દક્ષનો યજ્ઞ સંપન્ન થયો.

પ્રકટ થયેલ પ્રભુને દક્ષની પત્ની કહે છે કે પશુપતિ શ્રી મહાદેવજીએ પ્રજાપતિ દક્ષના યજ્ઞનો વિધ્વંસ કર્યો હતો. હે યજ્ઞસ્વરૂપ, આપ તે યજ્ઞને આપની કમલની શોભાવાળી દૃષ્ટિથી પવિત્ર કરો. (ભાગ. ૪/૭/૩૩) આમ આપ યજ્ઞજીવન હેતુ છે.

(૨૭૦) યજ્ઞસ્વામી = (૧) યજ્ઞના સ્વામી (૨) યજ્ઞ યજમાનના સ્વામી (૩) યજ્ઞરૂપ સ્વામી.

દક્ષે કરેલા યજ્ઞનો ભંગ થયો. દક્ષ પર કૃપા કરવા હરિ પ્રકટ થયા. દક્ષ વિનિત ભાવથી હાથ જોડી પ્રભુની પ્રાર્થના કરે છે. શરણે જાય છે. અહીં પ્રભુ માટે 'યજ્ઞેશ્વર' શબ્દ છે. (ભાગ. ૪/૭/૨૫) સર્વે યજ્ઞના સ્વામી પ્રભુ છે. સર્વ યજમાનોના સ્વામી પણ પ્રભુ જ છે. શ્રુતિ કહે છે : 'યજ્ઞો વૈ યજમાનઃ' અને 'યજ્ઞો વૈ વિષ્ણુઃ' યજ્ઞ યજમાનરૂપ છે. યજ્ઞ વિષ્ણુરૂપ છે. આમ યજ્ઞ અને યજમાન પરમાત્મા સ્વરૂપ છે. તેથી પ્રભુ યજ્ઞરૂપ અને યજ્ઞના સ્વામી છે.

(૨૭૧) ઈષ્ટબોધકઃ = ઈષ્ટ - રુદ્રની પ્રસન્નતા થાય તેનો બોધ કરનારા, ઈષ્ટ વસ્તુના પ્રદર્શક.

પુનઃ યજ્ઞની શરૂઆત થતાં પ્રભુ કહે છે કે જગતનું પરમ કારણ હું છું. હું જ બ્રહ્મા અને મહાદેવ છું, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણે સ્વરૂપ એક જ છે. જે અમારામાં ભેદબુધ્ધિ નથી કરતાં, તે શાન્તિ પ્રાપ્ત કરે છે. આ બોધ જ સર્વ માટે ઈષ્ટપ્રદ છે. (ભાગ. ૪/૭/૫૦ થી ૫૫) આપ રૂદ્ર કઈ રીતે પ્રસન્ન રહે તેના ઉપાયો પણ જણાવે છે.

(૨૭૨) નાના સિધ્ધાન્તગમ્યઃ = જુદા જુદા સિધ્ધાન્તોથી જાણવા યોગ્ય

સિધ્ધાંતો વિવિધ પ્રકારના છે. આ સિધ્ધાન્તો જાણીને પ્રાપ્ત કરવા યોગ્ય પરમાત્મા જ છે. દરેક સિધ્ધાન્તો પ્રભુના પ્રતિપાદનનો જ પ્રયત્ન કરે છે. પ્રકટ પ્રભુની ઋષિઓ, દેવો, ઋત્વિજો, યજમાન વગેરેએ ભિન્ન ભિન્ન રીતે સ્તુતિ કરી. (ભાગ. ૪/૭માં) અનેક સિધ્ધાંતોથી જાણવા યોગ્ય પ્રભુ જ છે.

(૨૭૩) સપ્તતંતુઃ = સાત વસ્તુઓનો વિસ્તાર કરનાર.

અહીં તંતુ શબ્દનો અર્થ તાંતણો નથી કરવાનો. પણ 'તન્' ધાતુ સૂચક અર્થ કરવાનો છે, અર્થાત્ વિસ્તાર કરવો. અગ્નિષ્ટોમ, ચાતુર્માસ્ય, વાજપેય, સોમ, અગ્નિહોત્ર, ચાતુર્હોમ, ચ્યવન વગેરે સાતે યજ્ઞસ્થાનોનો વિસ્તાર કરનાર પ્રભુ. ભૂ, ભુવઃ, સ્વ, જન, તપ, સત્ય, બ્રહ્મ વગેરે સપ્ત લોકનો વિસ્તાર કરનારા પ્રભુ.

(૨૭૪) ષડગુણઃ = ષડ્ ગુણશીલ

પ્રભુમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય જેવા ગુણો શોભે છે. આ ગુણોનો સમૂહ 'ભગ' કહેવાય છે. તેથી પ્રભુ ભગવાન છે. અણિમા, મહિમા, લધિમા, પ્રાપ્તિ, ઈશિત્વ, વશિત્વ એ છ ઐશ્વર્ય ગુણ પણ પ્રભુજ ધારણ કરે છે. ઉત્પત્તિ, પ્રલય, સદ્ગતિ, અસદ્ગતિ, વિદ્યા અને અવિદ્યા વગેરે કરવાવાળા પ્રભુ જ છે.

પ્રતિ-સર્ગ-જગત્કર્તા નાનાલીલા-વિશારદઃ ।
ધ્રુવપ્રિયો ધ્રુવસ્વામી ચિંતિતાધિક દાયકઃ ।।૬૧।।

(૨૭૫) પ્રતિસર્ગજગત્કર્તા = પ્રત્યેક સર્ગમાં જગતના કરનારા.

શ્રીમદ્ ભાગવતમાં જુદા જુદા પ્રકારના સર્ગ કહ્યા છે. સર્ગ એટલે સૃજન પ્રકાર, સર્ગ એટલે સૃષ્ટિ. જુદી જુદી સૃષ્ટિમાં જગત છે. દરેક સૃષ્ટિના આરંભમાં પ્રભુ જગતને ઉત્પન્ન કરે છે અથવા જગતનો આવિર્ભાવ કરે છે.

(૨૭૬) નાનાલીલા વિશારદઃ = અનેક પ્રકારની લીલાઓમાં નિપુણ.

હરિ અનંત છે. હરિની લીલાઓ પણ અનંત છે. અનાયાસે હર્ષપૂર્વક થતી ચેષ્ટા એટલે લીલા. પ્રભુની સૃષ્ટિલીલાઓ છે. અવતાર લીલાઓ છે. શ્રીમદ્ ભાગવતમાં પ્રભુની દશવિધ લીલાઓ ત્રીજાથી બારમા સ્કંધમાં છે. સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ, આશ્રય, આવી અનંત લીલાઓ - ક્રીડાઓમાં પ્રભુ નિપુણ છે. પ્રભુ આનંદ સ્વરૂપ છે, આથી આ બધી લીલાઓ આનંદજનક છે. આ પ્રકારનું સૌભાગ્ય પ્રભુથી જ છે.

(૨૭૭) ધ્રુવપ્રિયઃ = (૧) ધ્રુવજીને પ્રિય (૨) ધ્રુવને ઈષ્ટસિદ્ધિ આપનારા, (૩) ધ્રુવ જેમને બહુ પ્રિય છે એવા.

ધ્રુવજી ઉત્તાનપાદ રાજાના પુત્ર છે. સુનીતિ માતા છે. નીતિનું પરિણામ ગમે કે ન ગમે પણ કલ્યાણકારી જ આવે. તે બાબત ધ્રુવ-નિશ્ચિત જ છે. નીતિને સત્યનો આગ્રહ છે. સત્ય પ્રભુનું જ સ્વરૂપ છે. આથી ધ્રુવજી પ્રભુને પ્રિય છે. પ્રભુપ્રાપ્તિ માટે તપ કરતા ધ્રુવજીને પ્રભુ પ્રિય છે. નારદજીનો સત્સંગ છે. પ્રેમ દૃઢ થયો છે. ભગવાનને ભક્તો પ્રિય છે. તેથી જ ઈષ્ટ સિદ્ધિ આપે છે. નારદજી આથી જ ધ્રુવજી પાસે પધારે છે.

(૨૭૮) ધ્રુવસ્વામી = ધ્રુવજીના સ્વામી

શ્રીમહાપ્રભુજી તો આજ્ઞા કરે છે કે દરેક જીવના સ્વામી પ્રભુ જ છે. સેવકનું પાલન-પોષણ કરે તે સ્વામી. પ્રભુપ્રેરણાએ આવેલ નારદજીએ ધ્રુવજીને

મધુવનમાં મોકલ્યા. પ્રભુ પાંચ સ્થળે નિત્ય બિરાજે છે. (૧) ગંડકી નદીના કિનારે પુલહાશ્રમમાં (૨) દ્વારકામાં (૩) મધુવનમાં (૪) મથુરામાં (૫) શ્રીરંગક્ષેત્રમાં.

ધ્રુવજીએ તપ દરમ્યાન પ્રથમ માસે દર ત્રીજા દિવસે કોઠાં અને બોર ખાધાં. બીજા માસે દર છઠ્ઠા દિવસે ઘાસ અને પાનનું ભક્ષણ કર્યું., ત્રીજા મહિને દર નવમા દિવસે જલપાન કર્યું., ચોથા માસે દર બારમા દિવસે કેવળ શ્વાસ લીધો. પાંચમા માસે શ્વાસ લેવાનો બંધ કરી એક પગે સ્થિર ઊભા રહ્યા. આ બધી જ પરિસ્થિતિમાં પ્રભુએ જ શ્રીયમુનાજી દ્વારા ધ્રુવજીનું પાલન કર્યું છે. ધ્રુવપરાશરાભિષ્ટદે: શ્રીયમુનાજી છે.

(૨૭૯) ચિંતિતાધિકદાયક: = મનમાં હોય તે કરતાં વિશેષ ફળ દેનાર.

ધ્રુવજીના તપનો ઉદ્દેશ કેવળ ભગવદ્ પ્રાપ્તિ ન હતો, પણ અપરમાતાના ગર્વનો નાશ કરવાનો હતો. ભાઈ ઉત્તમની જેમ પિતાના ખોળામાં બેસવાનો અધિકાર જોઈતો હતો. પ્રભુએ તેથી વિશેષ આપ્યું. ધ્રુવને મધુવનિયા પ્રભુનાં દર્શન થયાં. પ્રભુએ શંખનો સ્પર્શ કરાવ્યો. જનોઈ વગરના ધ્રુવને અર્થસહિત વેદનું જ્ઞાન આપ્યું. ૩૬૦૦૦ વર્ષ પર્યંત રાજ્ય આપ્યું. ધ્રુવસ્થાન રૂપી વૈકુંઠ આપ્યું. સપ્તર્ષિઓ પણ ધ્રુવસ્થાનની પરિક્રમા કરે છે.

દુર્લભાનન્ત - ફલદો દયાનિધિરમિત્રહા ।
અંગસ્વામી કૃપાસારો વૈન્યો ભૂમિ નિયામક: ॥૬૨॥

(૨૮૦) દુર્લભાનન્તફલદ: = દુર્લભ એવું અનંત ફળ આપનારા.

શ્રીઠાકોરજીએ ધ્રુવજીને ધ્રુવપદ આપ્યું છે. તે ઉત્તમ પદ છે. દેવોને પણ દુર્લભ છે. ૪/૯/૧૯ માં પ્રભુ ધ્રુવજીને કહે છે કે, હે રાજકુમાર, તેં ઉત્તમ વ્રતનું પાલન કર્યું છે. તારા હૃદયના સંકલ્પને હું જાણું છું. 'દુરાપમપિ'–આ પદ પ્રાપ્ત કરવું ખૂબ જ કઠિન છે, તો પણ હું તને એ પદ આપું છું.

પ્રભુએ ધ્રુવજીને આપેલું ધ્રુવપદ તે વૈકુંઠ છે. તે આધિભૌતિક વૈકુંઠ છે. તે અહીં અનંત હોવાનું જણાવ્યું છે. તે બ્રહ્માજીના સો વર્ષ સુધી અર્થાત્ અત્યંત લાંબા – કરોડો વર્ષના કાળ માટે છે. આટલા લાંબા કાળે આધિભૌતિક વૈકુંઠનો નાશ થાય જ છે. તેથી અહીં અનંત એટલે દીર્ઘકાલ સમજવાનો છે. આવું ધ્રુવપદ દુર્લભ છે. કરોડો વર્ષો સુધી સ્થાયી રહેવાનું છે. તેવા પદને આપનાર પ્રભુ છે.

(૨૮૧) દયાનિધિ: = દયા – કરુણાના ભંડાર કૃપાનિધિ પ્રભુ.

ધ્રુવજી પાંચ વર્ષની આયુના છે. બાળક છે. દુ:ખી થાય છે. આ જાણીને પ્રભુ તેના ઉપર મહદ્ અનુગ્રહ કરે છે. હરિ દયાના અનંત સાગર છે. માટે જ ધ્રુવપદ રૂપી ફલ આપ્યું. ભક્તો પણ સ્તુતિ કરે ત્યારે પ્રભુને દયાનિધિ, કરુણાસાગર વગેરે કહે છે.

(૨૮૨) અમિત્રહા = શત્રુઓનો વિનાશ કરનારા – હણનારા.

ધ્રુવજીના ભાઈનો નાશ યક્ષોએ કર્યો હતો. ભાઈનો નાશ કરનારા યક્ષો રુદ્રના અનુચરો છે. ધ્રુવજી વિજયી રથમાં બેસી યક્ષોની અલકાપુરી નગરીમાં આવ્યા. પોતાના ભાઈ ઉત્તમની હત્યાનો બદલો લેવા યક્ષો સાથે ભીષણ યુદ્ધ કર્યું. યક્ષોની સંખ્યા ૧૩૦૦૦૦ હતી. પ્રભુની જ આ લીલા હતી. યક્ષો અભિમાનમાં છકી ગયા હતા. ધ્રુવ ભગવદ્ રૂપે હોવાથી પ્રભુએ આપેલ સામર્થ્યથી યક્ષોનો વિનાશ કરી શક્યા. આમ શત્રુને વિદારનાર હરિ જ છે.

(૨૮૩) અંગસ્વામી = અંગરાજાના સ્વામી.

અંગરાજાના પિતા ઉલ્મુક છે. માતા પુષ્કરિણી છે. અંગની પત્નીનું નામ સુનીથા છે. પુત્રનું નામ વેન છે. તે ખૂબ દુષ્ટ હતો. આથી અંગ રાજા ઉદ્વિગ્ન થયા. નગર છોડી ચાલ્યા ગયા. અંગ રાજાને વિરાગ કરાવી સંસારથી નિવૃત્ત કરનારા હરિ જ છે. ભગવાન પોતાના કૃપાબળથી આવો વિરાગ કરાવી શકે છે.

(૨૮૪) કૃપાસાર: = કૃપા એ જ જેમને સારભૂત છે એવા પ્રભુ.

પ્રભુ સદાય કૃપાધર્મને સાથે રાખીને જ બિરાજે છે. આપ કૃપારૂપ અમૃતધારા વરસાવે છે. અંગ રાજાનો પુત્ર વેન ખૂબ દુષ્ટ છે. આથી જ અંગરાજાનો સંસાર મોહ છૂટ્યો. પ્રભુની આ મોટી કૃપા છે.

(૨૮૫) વૈન્ય: = વેન રાજાના પુત્ર

વેન રાજાના પુત્ર પૃથુ રાજા છે. તે ભગવાનનો અંશાવતાર છે. ૨૪ અવતારો પૈકી આ નવમો અવતાર છે. (૧-૩-૧૪) તે રૂપે ભગવાન છે.

(૨૮૬) ભૂમિનિયામકઃ = આ ભૂમિને નિયમમાં રાખનારા - વશ કરનારા.

પૃથુ રાજા બન્યા ત્યારે ભૂમિએ તૃણ, ધાન્ય વગેરે વસ્તુઓ પોતાનામાં છુપાવી દીધી હતી. પૃથુરાજા ભૂમિને કહે છે કે તું મારાથી પ્રતિકૂળ ચાલીશ તો હું તારો નાશ કરીશ. પૃથુરાજા પૃથ્વીનો નાશ કરવા તૈયાર થયા. દુઃખી પ્રજાને જોઈ પૃથ્વીને શિક્ષા આપી. આધીન બનાવી પૃથ્વીને સપાટ કરી. પૃથ્વીને પોતાની દુહિતૃ તરીકે સ્વીકારી.

ભૂમિદોગ્ધા પ્રજાપ્રાણ-પાલનૈક-પરાયણઃ ।
યશોદાતા જ્ઞાનદાતા સર્વધર્મપ્રદર્શકઃ ।।૬૩।।

(૨૮૭) ભૂમિદોગ્ધા = ભૂમિનું દોહન કરનારા.

પૃથુરાજાનો રાજ્યાભિષેક થયો ત્યારે પૃથ્વી અન્નહીન થઈ ગઈ હતી, પ્રજાજનો ભૂખે મરતાં હતાં. તેમનાં શરીર સૂકાઈ ગયાં હતાં. તેઓ પૃથુ પાસે આવ્યાં. આ મુશ્કેલીમાંથી ઉગારવા કહ્યું. પૃથુ રાજા ક્રોધિત થયા. પૃથ્વીને લક્ષ્ય બનાવી બાણ ચડાવ્યું. પૃથ્વી કાંપી ઊઠી. ગાયનું રૂપ લીધું અને ભાગવા લાગી. પૃથુ રાજા પણ બાણ ચડાવી પાછળ ભાગ્યા. પૃથ્વીએ કહ્યું કે પૂર્વકાલમાં બ્રહ્માજીએ ધાન્ય ઉત્પન્ન કરેલું. દુરાચારી લોકો તેને ખાવા લાગ્યા. લોકો ચોર જેવા બન્યા. તેથી મેં અન્ન છુપાવ્યું છે.

પૃથ્વી કહે છે કે હે લોકપાલક વીર, આપ મારે યોગ્ય વાછરડું, દોહનપાત્ર અને દોહવાની વ્યવસ્થા કરો. હું વાછરડાના સ્નેહમાં પીગળી જઈશ. દૂધના રૂપે સર્વ અભિષ્ટ વસ્તુ આપીશ.

પૃથુ રાજાએ સ્વાયમ્ભુવ મનુને વાછરડું બનાવ્યા. પોતાના હાથે સમસ્ત ધાન્યોને દોહી લીધા.

(૨૮૮) પ્રજાપ્રાણપાલનૈકપરાયણઃ = પ્રજાના પ્રાણોની રક્ષા કરવામાં સદા તૈયાર.

પૃથુ વગેરે સર્વ અન્ન-ભોજન કરનારાઓએ જુદા જુદા દોહનપાત્ર અને વાછરડાંઓ દ્વારા પોતપોતાના અન્નરૂપ દૂધને દોહી લીધું. આથી પૃથુરાજા પ્રસન્ન થયા. પૃથ્વીને પોતાની કન્યા રૂપે સ્વીકારી. પર્વતો તોડી ભૂમંડલ સમતલ કર્યું. પોતે પ્રજાના પિતા જેવા હતા. પ્રજાના પાલન પોષણની વ્યવસ્થા કરી.

સમતલ કરેલી જગ્યામાં પ્રજા માટે યથાયોગ્ય નિવાસ બનાવ્યા. આ રીતે અનેક ગામ, કસ્બા, નગર, કિલ્લા, પશુઓને રહેવાના સ્થાન બનાવ્યાં. ખેડૂતો માટે ગામડાં અને પર્વતની તળેટીમાં ગામ વસાવ્યાં. આમ પ્રજાનું રક્ષણ કર્યું.

(૨૮૯) યશોદાતા = યશ આપનારા.

પૃથુ રાજાની પહેલાં પૃથ્વી ઉપર શહેર અને ગામડાં ન હતાં. લોકો પોતપોતાની રીતે ગમે ત્યાં વસી જતા. આમ પૃથુરાજાએ ગામ અને શહેરો વસાવી આશ્ચર્યકારક કાર્યો કર્યાં. કોઈએ નહીં કરેલાં કાર્યો કર્યાં. સર્વ દુઃખો દૂર કર્યાં. પૃથુ રાજાની કીર્તિ તેથી દશે દિશામાં પ્રસરી. પ્રભુના યશ ધર્મથી કીર્તિ મળે. પૃથુમાં પ્રભુનો આવેશ થયો છે. પૃથુનો યશ શ્રીકૃષ્ણ જ પ્રસરાવે છે. પૃથુની યજ્ઞશાળામાં ભગવાનનો પ્રાદુર્ભાવ થયો છે.

(૨૯૦) જ્ઞાનદાતા = જ્ઞાન આપનારા

મહારાજા પૃથુએ પોતાની પ્રજાને ઉપદેશ આપ્યો. તે સાંભળી સાધુપુરુષોએ ખૂબ ધન્યવાદ આપ્યા. પ્રજાજનો પ્રાર્થના કરવા લાગ્યા. આ સમયે ચાર તેજસ્વી સનતકુમારો પધાર્યા. પૃથુએ તેમની પૂજા કરી. પૂછ્યું : 'આ સંસારમાં મનુષ્યનું સુગમતાથી કલ્યાણ કઈ રીતે થઈ શકે?' તેના જવાબમાં સનતકુમારોએ રાજાને ઉપદેશ આપ્યો. (૪-૨૨-૨૦ થી ૪૦ સુધીના શ્લોકોમાં આ ઉપદેશ છે.) આ ભગવદ્ કાર્ય છે. પ્રભુ જ સનતકુમારો દ્વારા જ્ઞાન આપી રહ્યા છે.

(૨૯૧) સર્વધર્મપ્રદર્શક = સર્વ ધર્મને દર્શાવનારા.

પ્રભુ પોતે અથવા કોઈના દ્વારા સર્વ મનુષ્ય માત્રને પોતપોતાના ધર્મનો

ઉપદેશ આપે છે, પ્રવૃત્તિ લક્ષણ, નિવૃત્તિલક્ષણ સર્વ ધર્મોનો ઉપદેશ પ્રભુ કરે છે. પ્રભુ જ આ રીતે માર્ગદર્શક બને છે.

પુરંજનો જગન્ મિત્રં વિસર્ગાન્ત પ્રદર્શકઃ ।
પ્રચેતસાં પતિશ્ચિત્ર ભક્તિહેતુર્જનાર્દનઃ ।।૬૪।।

(૨૯૨) પુરંજનઃ = શરીરને ઉત્પન્ન કરનાર

શરીરને પુર કહે છે, તેને ઉત્પન્ન કરનાર પુરુષ એટલે જ પુરંજન. શ્રી ભાગવતમાં પુરંજન આખ્યાન છે. તેમાં રૂપક રૂપે કથા કહી છે. પુરુષં પુરંજનં વિદ્ધિ – પુરંજન એટલે પુરુષ એવા અર્થ અહીં સ્પષ્ટ છે. પુરુષ સૂક્તમાં વર્ણન છે કે પશ્ચાદ્ ભૂમિ મનો પુરઃ પરમાત્માએ બ્રહ્માંડ રૂપ વિરાટ દેહને પ્રથમ પ્રકટ કર્યો. પોતે જ દેવ, દાનવ, માનવ વગેરે જીવ રૂપે થયા. ત્યાર પછી તેમણે નિવાસ કરવા ભૂમિ અને શરીરો ઉત્પન્ન કર્યા. નારદજી પ્રાચીનબર્હિને કહે છે કે જે પુરુષ છે, એને જ તું પુરંજન જાણ.

(૨૯૩) જગન્મિત્રં = જગતના મિત્ર એવા પરમાત્મા.

મનુષ્ય માત્રના અવિજ્ઞાત સખા પરમાત્મા જ છે. અવિજ્ઞાત છે તેથી બધા તે જાણતા નથી. અનુભવી શકતા નથી. પણ શાસ્ત્રો શાખ પૂરે છે કે પ્રભુ સખા છે. શ્રી ગીતાજીમાં આજ્ઞા છે – આત્મૈવ હ્યાત્મનો બન્ધુઃ – આત્મા – પરમાત્મા વિશ્વબંધુ (સખા) છે. સંસ્કૃત સુભાષિતમાં પણ છે કે તમે જ માતા છો, તમે જ પિતા છો, તમે જ બંધુ છો, સખા પણ તમે જ છો, ચોથા સ્કંધના અઠ્ઠાવીસમા અધ્યાય પ્રમાણે – તત્ર પૂર્વતરઃ કશ્ચિત્ સખા બ્રાહ્મણ આત્મવાન– આ અનુસાર પુરંજનને સખા બ્રાહ્મણ દ્વારા ઉપદેશ થયો છે. ઉપદેશ આપનારા – અપાવનારા પ્રભુ જ છે.

(૨૯૪) વિસર્ગાન્તપ્રદર્શકઃ = વિશેષ સૃષ્ટિના અંતને દર્શાવનાર.

પ્રાચીનબર્હિ રાજાને નારદજી મળે છે. પ્રાચીનબર્હિ કહે છે કે 'ભગવન્, આપનાં વચનો પૂર્ણ રૂપથી મારી સમજમાં નથી આવતા. કર્મ મોહિત જીવ જ આ વચનો નથી સમજતા. ત્યારે નારદજીએ પુરંજન આખ્યાનનું તાત્પર્ય

સમજાવ્યું છે. સ્થૂળ શરીર તો લિંગ શરીરને આધીન છે. તે મર્યા પછી પણ સાથે રહે છે. કર્મોનું ઉત્તરદાયિત્વ તેના ઉપર છે. આવો ઘણા પ્રકારનો બોધ– ઉપદેશ નારદજી કરે છે. આ રીતે પ્રાચીનબર્હિ રાજાને વૈરાગ્ય કરાવે છે. કપિલાશ્રમમાં મોકલે છે. રાજા જાણે છે કે હવે વિશેષ સૃષ્ટિ કરવાની જરૂર નથી. નારદજી દ્વારા જ્ઞાનનિષ્ઠ બન્યા. પ્રજાવૃદ્ધિના કાર્યથી વિરામ પામ્યા. આમ રાજાના વિસર્ગનો અંત લાવનાર (નારદજી દ્વારા) ભગવાન છે.

(૨૯૫) પ્રચેતાસાંપતિઃ = પ્રચેતાઓના પતિ, સ્વામી, પાલનકર્તા

રાજા પ્રાચીનબર્હિને દસ હજાર પુત્રો છે. તે પ્રચેતાઓ નામે ઓળખાયા. તેમણે રુદ્રગીતથી પ્રભુની સ્તુતિ કરી છે. શંકરની કૃપાથી તેમનાં હૃદયકમળ નિર્મળ થઈ ગયાં છે. પ્રચેતાઓએ પિતાની આજ્ઞાનું પાલન કરવા પ્રભુનું આરાધન કર્યું. પ્રભુ પ્રકટ થયા. દર્શન આપ્યા. અંતે હિરની ગતિને પ્રાપ્ત કરાવી. આવા સ્વામી અને રક્ષક સ્વરૂપ પરમાત્મા છે.

(૨૯૬) ચિત્રભક્તિહેતુઃ = અલૌકિક ભક્તિના કારણરૂપ

વિચિત્ર સત્કાર કરવા યોગ્ય એવી ભક્તિના કારણરૂપ પ્રભુ પોતે છે. મર્યાદા અને પુષ્ટિ તેમજ નવધા ભક્તિ છે શ્રવણ કીર્તન વગેરે. દસમી પ્રેમલક્ષણા ભક્તિ છે. ચોર્યાસી પ્રકારની ભક્તિના ઉલ્લેખ પણ મળે છે. આમ ભક્તિના અનેક પ્રકાર છે. આ સર્વ પ્રકારની ભક્તિના દાતા પ્રભુ છે.

(૨૯૭) જનાર્દનઃ = માયાને વશ કરનાર, સર્વ જનોને પ્રાર્થના કરવા યોગ્ય સર્વ મનુષ્યોને જાણવા યોગ્ય.

જના એટલે માયા. મનુષ્યરૂપ માછલાં માયાજાળમાં ફસાયા કરે છે. અનેક જન્મો આમ વીતે છે. પ્રભુએ સંસારનાટકમાં ખેલવા આ અદ્ભુત માયાજાળ બિછાવી છે. આ માયા-મોહનો અંત કરનાર પ્રભુ જ છે. શ્રી ગીતાજી પ્રમાણે ભગવાન અને તેમની શરણાગતિ માયાના પાશમાંથી મુક્ત કરે છે. **'મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિઃ'**

સ્મૃતિ હેતુ બ્રહ્મભાવ સાયુજયાદિપ્રદઃ શુભઃ ।
વિજયી .... ।।

(૨૯૮) સ્મૃતિહેતુબ્રહ્મભાવસાયુજયાદિપ્રદઃ = સ્મૃતિ વડે થયેલા બ્રહ્મભાવથી સાયુજયાદિ મુક્તિ ગતિને પ્રદાન કરનાર

સ્મૃતિ એટલે સ્મરણ. અહીં ભગવાનનું સ્મરણ સમજવું. જીવમાં પંચપર્વા અવિદ્યા આવી. તેને સ્વસ્વરૂપની વિસ્મૃતિ થઈ. ભગવદ્ સ્વરૂપના જ્ઞાનની પણ વિસ્મૃતિ થઈ. ભગવાનનું સ્મરણ અંતરમાં બ્રહ્મભાવ પ્રગટ કરે છે. આનાથી સર્વ સ્થળે પરમાત્મબુદ્ધિ થાય છે. કવિ કલાપીના શબ્દોમાં 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની'

અષ્ટસખાની વાણીમાં 'આગે કૃષ્ણ, પાછે કૃષ્ણ, ઈત કૃષ્ણ, ઉત કૃષ્ણ.' 'જીત દેખું તીત કૃષ્ણમયીરી.' પરમાત્મબુદ્ધિ જ ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. તેનાથી સાયુજ્ય, સામીપ્ય, સાલોક્ય, સારૂપ્ય (અને સાર્ષ્ટિ) જેવી ચતુર્વિધ મુક્તિ અને ગતિ પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણ જ તેનું દાન કરે છે.

પ્રચેતસોને જ્ઞાનની વિસ્મૃતિ થયેલ. નારદજી દ્વારા તેમને ઉપદેશ અપાવ્યો. જ્ઞાનનું સ્મરણ કરાવ્યું. બ્રહ્મભાવ અને સાયુજ્ય મુક્તિ આપ્યા.

શ્રીગીતાજીમાં આજ્ઞા છે કે મારાથી જ મનુષ્યને સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મૃતિ થાય છે.

(૨૯૯) શુભઃ = કલ્યાણરૂપ, મંગલરૂપ

જન્માષ્ટમીની વધાઈ છે : 'સાંવરો મંગલરૂપ નિધાનં.' પ્રભુ જ મંગલ રૂપ છે. શ્રીગુસાંઈજી મહારાજ આજ્ઞા કરે છેઃ 'મંગલ મંગલં વ્રજભુવિ મંગલં' પ્રભુ જ કલ્યાણરૂપ છે. શાળામાં બાળકોને એક કવિતા ગવડાવાય છે : 'સૌનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ.' શાસ્ત્ર આજ્ઞા પણ છેઃ 'મંગલાનાં ચ મંગલમ્' સર્વ મંગલ વસ્તુઓમાં પણ મંગલરૂપ પરમાત્મા છે. મંગલરૂપ છે, માટે શુભ છે.

(૩૦૦) વિજયી = વિજયવાન

શ્રીકૃષ્ણનો સ્વભાવ વિશેષ રીતે જય પ્રાપ્ત કરવાવાળો છે. પ્રભુનો જ્યાં જ્યાં આવિર્ભાવ થાય છે, ત્યાં ત્યાં મનુષ્યને વિજય મળે છે. શ્રીગીતાજીમાં સંજય કહે છેઃ

યત્ર યોગેશ્વરો કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રીર્વિજયી ભૂતિર્ધ્રુવાનીતિર્મતિર્મમઃ ।।

જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને ધનુર્ધારી અર્જુન છે, ત્યાં જ લક્ષ્મી, વિજય અને ઉન્નતિ હોય છે.

આમ શ્રીકૃષ્ણનું વિજયીપણું સ્પષ્ટ છે. આપ વિજયી છે.

(અહીં ચતુર્થ સ્કન્ધનાં ૨૦૩ થી ૩૦૦ નામો પ્રભુકૃપાથી સંપન્ન થયાં.)

●

પંચમ સ્કન્ધ નામાનિ

.... સ્થિતલીલાબ્ધિરચ્યુતો વિજયપ્રદઃ ।।૬૫।।

૩૦૧ મા નામથી પંચમ સ્કંધનાં નામો શરૂ થાય છે. પંચમ સ્કંધ સ્થિતિલીલા છે. તે સ્થાનલીલાથી પણ ઓળખાય છે. પંચમ સ્કંધ ભગવાનનો દક્ષિણ ઊરુ (જમણો સાથળ) છે. આ સ્કંધમાં ભગવાનની મર્યાદારૂપ લીલા કહી છે. તેના ૨૬ અધ્યાયો છે. અહીં વૈકુંઠ ભગવાનના વિજયની કથા છે, તેથી સ્થિતિલીલા. અહીં પ્રભુની દરેક પદાર્થોને સ્વાધીન કરવાની લીલા છે, તેથી તે સ્થાનલીલા પણ કહેવાય છે.

પાંચ તન્માત્રા, પંચ મહાભૂત, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પુરુષ અને કાલ મળી કુલ ૨૬ પદાર્થ થયા. તે બધાના મૂલરૂપે છે. આ ૨૬ તત્વોમાં આસક્તિ ન રહે, ત્યારે વિજય થાય. સ્વરૂપમાં સ્થિતિ થાય. આથી ૨૬ અધ્યાયમાં વિજયગાથા ગાઈ છે.

(૩૦૧) **સ્થિતિલીલાબ્ધિઃ** = સ્થિતિલીલાના સાગર

શ્રી ભાગવતના બાર સ્કંધો છે. શ્રીગોવર્ધનનાથજીનું નામાત્મક સ્વરૂપ શ્રીમદ્ ભાગવત છે. પુરૂષ બાર અંગવાળા છે. તેથી બાર સ્કંધ છે. પ્રભુ દશ લીલાવાળા છે. ત્રીજા સ્કંધથી બારમા સ્કંધ સુધી ક્રમશઃ આ લીલાઓનું વર્ણન છે. પ્રથમ સ્કંધ અધિકાર લીલા છે. દ્વિતીય સ્કંધ જ્ઞાન લીલા છે. આ બંને પ્રભુની દશ પ્રકારની લીલા જાણવા અને માણવા માટે જરૂરી છે; તેથી દશલીલામાં તે આવશ્યક છે.

તૃતીય સ્કંધ સર્ગલીલા છે. ચતુર્થ સ્કંધ વિસર્ગલીલા છે. આ બંને લીલાના નામોનું અવગાહન પ્રભુકૃપાથી આપણે કર્યું. હવે આ પાંચમા સ્કંધમાં સ્થિતિ લીલા છે. પ્રભુ સ્થિતિ નામની ત્રીજી લીલાના સાગર છે. આ સ્થાનલીલા વિશાળ છે, આથી તેને સાગરની ઉપમા આપી છે. કોટિ બ્રહ્માંડો છે. તેમાં આપનાં સમગ્ર ભૂગોળ અને ખગોળનું વિગતવાર વર્ણન છે.

શ્રીભાગવતના બીજા સ્કંધના દસમા અધ્યાયમાં ભગવાનની અલૌકિક દશ લીલાઓ કહી છે.

અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનં પોષણમૂતયઃ ।
મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રયઃ ।।

અહીં સ્થાનલીલા માટે આજ્ઞા છે કે 'સ્થિતિર્વૈકુંઠવિજયઃ'. વૈકુંઠ ભગવાનનો વિજય એ સ્થિતિ (સ્થાન) છે. પ્રભુ સૌને મર્યાદામાં સ્થાપે છે. સર્જેલા પદાર્થોને નિયમમાં રાખે છે. આ જ ભગવાનનો વિજય મહિમા છે.

(૩૦૨) **અચ્યુતઃ** = ચલાયમાન થાય નહીં તેવા.

પ્રભુએ સૃષ્ટિ સર્જન કર્યું. તેમાં સાત લોક, પાતાળ વગેરે ઉત્પન્ન કર્યા. આમ છતાં પ્રભુ સ્વયં અચ્યુત રહે છે. આપ બલ વગેરેથી પણ કોઈ દિવસ ચલિત થતા નથી. મહાભારતમાં પ્રભુ કહે છે કે પ્રથમ કોઈપણ વખત હું ચલાયમાન થયો નથી, આથી મને અચ્યુત કહે છે. મંત્રવર્ણમાં પણ આજ્ઞા છે કે પરમાત્મા નિત્ય અચ્યુત છે. કલ્યાણકારક છે.

(૩૦૩) **વિજયપ્રદઃ** = વિશેષ જય આપનારા.

સંસાર સિંધુ જેવો છે. તેના ઉપર વિજય પ્રાપ્ત કરવો મુશ્કેલ છે. પ્રભુનું સ્મરણ કરનાર ભગવદીય જન છે. તે સંસાર રૂપી સાગર તરી જાય છે. આને જ સંસાર ઉપર વિજય મેળવ્યો કહેવાય.

પ્રભુ ભક્તોને અને જ્ઞાનીઓને આ અનંત-અનિત્ય લોકમાંથી મુક્ત કરે છે. આનંદમય અને તેજોમય સ્થાન પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય પ્રભુમાં છે.

સ્વસામર્થ્યપ્રદો ભક્તકીર્તિ હેતુરધોક્ષજઃ ।
પ્રિયવ્રત પ્રિયસ્વામી સ્વેચ્છાવાદ વિશારદઃ ।।૬૬।।

(૩૦૪) **સ્વસામર્થ્યપ્રદઃ** = સ્વ-નિજજનોને સામર્થ્ય આપનારા.

પ્રભુમાં સર્વ સામર્થ્ય છે. આથી તે ધારે તે કરી શકે છે. ધારે તેની પાસે ધારેલું કાર્ય કરાવી શકે છે. સ્વ અર્થાત્ નિજજનોને પણ તે સામર્થ્ય આપે છે. પ્રિયવ્રત રાજાને ઉત્તમ રીતે પોતાનું સામર્થ્ય આપ્યું. પ્રિયવ્રત રાજા દિવ્ય અને તેજસ્વી

રથમાં બેઠા. સાત વખત પૃથ્વી ઉપર પરિભ્રમણ કર્યું. આનાથી રાત્રિનો અંધકાર દૂર થયો. રથ ફરવાથી દ્વીપ અને સાગર થયા. પૈડાથી ખાડા થયા તે સાગર અને વચ્ચેનો ભાગ દ્વીપ. પહેલા ભ્રમણ કરતા બીજા ભ્રમણમાં રથનું માપ બમણું બનતું. આથી સાગરો અને દ્વીપ બમણા માપના થયા. ભગવાને આપેલા સામર્થ્યથી આ બન્યું. અગિયાર કરોડ વર્ષ રાજાએ રાજ્ય કર્યું.

(૩૦૫) ભક્તકીર્તિ હેતુઃ = ભક્તોની કીર્તિમાં કારણરૂપ.

પ્રભુભક્તો સંસારસાગરને તરી જાય છે. મુક્ત થાય છે. આ મુક્તિરૂપ વિજય થયો. આથી ભક્તની કીર્તિ સર્વ દિશામાં પ્રસરે છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં પણ આજ્ઞા છે કે 'યશોયશઃ ભવન્તિ ભાવા ભૂતાનાં મત્ત એવ પૃથગ્વિધાઃ' – ભગવાનની કૃપા વિના કોઈને યશ મળતો નથી. આમ પ્રભુ ભક્તની કીર્તિના હેતુ છે. શ્રીમહાપ્રભુજી પણ 'સ્વકીર્તિવર્ધનઃ' – સ્વકીયોની કીર્તિ વધારનારા છે.

(૩૦૬) અધોક્ષજઃ = (૧) જિતેન્દ્રિય પુરુષોને પ્રત્યક્ષ થનારા (૨) ઈન્દ્રિયો દ્વારા થતું જ્ઞાન તેમનાથી નીચી કોટિનું છે એવા ભગવાન (૩) સ્વર્ગ, આકાશ અને પૃથ્વી એ ત્રણે જેમનાથી નીચે ઉદય પામેલા છે એવા વિરાટ પરમાત્મા.

પરમાત્માનું સ્વરૂપ સરળતાથી પ્રત્યક્ષ થતું નથી. ઈન્દ્રિયો, તેના વિષયો અને વૃત્તિઓ પ્રભુ તરફ દોરાય તે જરૂરી છે. ઈન્દ્રિયોનો સંયમ પ્રથમ આવશ્યકતા છે. ઈન્દ્રિયજનિત જ્ઞાનથી પ્રભુ પ્રત્યક્ષ ન થાય. આવું જ્ઞાન, સ્વર્ગ, આકાશ અને પૃથ્વી સર્વ પ્રભુની નીચે છે.

મહાભારતમાં કહ્યું છે : **'અધો ન ક્ષીયતે જાતુ યસ્માત્તસ્માદધોક્ષજઃ'**

પ્રભુની નીચે આકાશ વગેરે પદાર્થો છે. પ્રભુકૃપાથી તે ક્ષય પામતા નથી. તેથી પ્રભુ અધોક્ષજ છે. વિરાટ સ્વરૂપના આધારથી આ વિશ્વ સ્થિર છે. તેથી અધોક્ષજઃ છે.

(૩૦૭) પ્રિયવ્રત પ્રિયસ્વામી = પ્રિયવ્રત રાજાના પ્રિય સ્વામી એવા શ્રીકૃષ્ણ.

પ્રિયવ્રતને પ્રભુની સ્વતંત્ર ભક્તિ કરવાની ઈચ્છા હતી. પિતા મનુની ઈચ્છા તો પુત્ર રાજ્ય કરે તેવી હતી. પ્રભુ માટે બધું ગૌણ કર્યું. આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. નારદજીની શરણાગતિ કરી. ગંધમાદન પર્વત પર આરાધના કરવા લાગ્યા. પ્રિયવ્રત વ્રતપરાયણ છે. પ્રભુને પ્રિય થાય તેવાં વ્રત કર્યાં. ભક્તિ માટે રાજ્યને ત્યજી દીધું. પ્રભુ માટે કરેલો ત્યાગ પ્રભુને પ્રસન્ન કરે. પ્રભુને પ્રિય બનાવે. પ્રભુના પ્રિય બનાવે.

પ્રિયવ્રત રાજાએ ભગવાનની આજ્ઞાથી ચક્રવર્તી રાજ્ય કર્યું. આમ છતાં તેમનું અંતઃકરણ પ્રભુની લીલાનું ધ્યાન કરતું હતું. તેમાં જ રમણ કરતું હતું. આથી પ્રિયવ્રત રાજાને પ્રિય એવા સ્વામી – પતિ – પાલનકર્તા પ્રભુ છે.

(૩૦૮) સ્વેચ્છાવાદ વિશારદઃ = (૧) પોતે ઈચ્છા કરેલા વાદમાં નિપુણ–ચતુર. (૨) ભગવદિચ્છાએ વદનારા વેદોના વાદમાં કુશળ પ્રભુ.

સર્વ વાદો (તત્ત્વજ્ઞાન–ફિલોસોફી) પ્રભુએ જ સર્જેલા છે. પ્રભુ ઈચ્છે ત્યારે, ઈચ્છે તેની પાસે, ઈચ્છેલા વાદને પ્રકટ કરે છે. તેનો પ્રકાશ કરે છે.

બ્રહ્મવાદમાં આપ પ્રવીણ છે. વેદો ભગવાનની ઈચ્છાને જ વદે છે. તેથી કર્મકાંડની સર્વ કલામાં પણ પ્રભુ કુશળ છે. સર્વ વેદો પ્રભુના નિઃશ્વાસમાંથી સર્યા છે. તેથી વેદો અને તેની સાથે સંકળાયેલા વાદોમાં આપ પ્રવીણ હોય જ. ભાગવત ધર્મમાં પણ તેઓ ચતુર છે.

સંગ્યગમ્યઃ સ્વ-પ્રકાશઃ સર્વ સંગ વિવર્જિતઃ ।
ઈચ્છાયાં ચ સમર્યાદઃ ત્યાગ માત્રોપલંભનઃ ॥૬૭॥

(૩૦૯) સંગ્યગમ્યઃ = સંગીથી અગમ્ય એવા પરમાત્મા.

સંગી એટલે પ્રકૃતિના સંગવાળા બ્રહ્મા વગેરે દેવો. આવા દેવો પોતપોતાના અધિકારમાં રહેનારા છે. તેઓ પણ ભગવાનને જાણી શકતા નથી. તેમના માટે પ્રભુ અગમ્ય છે. બ્રહ્માજી પ્રિયવ્રતને શીખ આપે છે કે એક પશુને તેનો માલિક દોરડાથી બાંધે છે. પછી તે પશુ તેના માલિકના બોજનું વહન કરે છે. આવી રીતે ભગવાનની વેદવાણી રૂપ મોટું દોરડું છે. તેમાં સત્વાદિ ગુણ, સાત્વિક કર્મ અને

બ્રાહ્મણ વગેરે વાક્યોની મજબૂત દોરીઓ છે. તેનાથી આપણે બધા જકડાયેલા છીએ. આથી ભગવદિચ્છા અનુસાર આપણે કર્મમાં રચેલા રહીએ છીએ. તે દ્વારા તેમની પૂજા કરીએ છીએ. આમ સંસારાસક્ત લોકો પણ પ્રભુને જાણતા નથી.

(૩૧૦) સ્વપ્રકાશઃ = પોતાના સ્વરૂપથી જ પ્રકાશ પામી રહેલા.

પ્રભુ સ્વયંપ્રકાશી છે. ચંદ્રનો પ્રકાશ ભલે સૂર્યથી હોય પણ સૂર્યનો પ્રકાશ પ્રભુથી જ છે. વિશ્વમાં જે પ્રકાશ દેખાય છે, તે પ્રભુના પ્રકાશ આગળ તુચ્છ છે. પ્રભુના સાંખ્ય અને યોગ રૂપી બે કુંડળો છે, જે કરોડો સૂર્યના પ્રકાશથી વધુ ઝગમગે છે. આથી તો અક્ષરબ્રહ્મ તેજવાળું બન્યું અને જ્ઞાનીઓ પ્રભુને નિરાકાર અને તેજોમય કહેવા લાગ્યા. પ્રભુને કોઈ પ્રકારના પ્રકાશની અપેક્ષા નથી. શ્રીમહાપભુજી શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્માં આજ્ઞા કરે છે કે પ્રભુ 'અંગૈગૃહાગાર તમોપહારી' એટલે કે પોતાના અંગોના પ્રકાશ વડે ઘર અને આંગણાના અંધકારને દૂર કરે છે.

(૩૧૧) સર્વસંગવિવર્જિતઃ = સંસારના સર્વ સંગથી છોડાવનાર પ્રભુ.

પ્રિયવ્રત રાજાએ વિશ્વકર્માની પુત્રી બર્હિષ્મતી સાથે લગ્ન કર્યાં. તેમને દશ પુત્રો થયા. તેમનાં નામ આગ્નીધ્ર, ઈદમજિહ્વ, યજ્ઞબાહુ, મહાવીર, હિરણ્યરેતા, ધૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, લીતિહોત્ર અને કવિ હતાં. આ નામો અગ્નિમાં પણ છે. આમાં કવિ, મહાવીર અને સવન નૈષ્ઠિક બ્રહ્મચારી થયા. બાલ્યાવસ્થાથી આત્મવિદ્યાનો અભ્યાસ કર્યો. અંતે સંન્યાસાશ્રમ સ્વીકાર્યો. આ કાર્યો ભગવાનની ઈચ્છા અને કૃપાથી થયાં. આ ત્રણેને ભગવાનમાં અનુરાગ થયો. સંસારનો વિષયસંગ છૂટી ગયો.

(૩૧૨) ઈચ્છાયાં ચ સમર્યાદઃ = ત્યાગની ઈચ્છાવાળા ભક્તોને તેમાં મર્યાદાયુક્ત રાખનાર પ્રભુ.

પ્રભુના કેટલાક ભક્તો ત્યાગની ઈચ્છાવાળા હોય છે. પ્રભુ તેમને ત્યાગની મર્યાદામાં અચળ રાખે છે. તેમના ત્યાગનો નિભાવ કરે છે. પ્રિયવ્રત રાજાના દશ પુત્રોમાંથી ફક્ત ત્રણને જ યોગજ્ઞાન થયું. બાલ્યાવસ્થામાં ચોથા આશ્રમની

ઈચ્છા થવી અને તેને આજન્મ નિભાવવી તે અશક્ય છે. ભગવદ્ ઈચ્છાથી જ તે બન્યું. ભગવાને જ તેમને તેવી મર્યાદામાં રાખ્યા.

(૩૧૩) ત્યાગમાત્રોપલંભનઃ = સર્વ સંગના ત્યાગમાત્રથી જ પ્રાપ્ત થાય તેવા ભગવાન.

પ્રભુપ્રાપ્તિનું સાધન સર્વ સંસારનો ત્યાગ કરવો તે છે. શ્રી ગીતામાં આજ્ઞા છે કે 'ત્યાગાચ્છાન્તિરનન્તરમ્' – ત્યાગથી અનન્તર શાંતિ પ્રાપ્ત થાય છે. સર્વ વસ્તુનો ત્યાગ પ્રભુમાં અનુરાગ કરાવે છે. તેનાથી અવધિ વગરની અનંત શાંતિ મળે છે. અનહદ અલૌકિક આનંદ મળે છે. તે પછી જન્મ-મરણરૂપ અશાંતિ ચાલી જાય છે.

અચિન્ત્ય - કાર્યકર્તા ચ તર્કાગોચરકાર્યકૃત્ ।
શૃંગારરસમર્યાદા આગ્નીધ્ર રસ ભાજનમ્ ।।૬૮।।

(૩૧૪) અચિન્ત્યકાર્યકર્તા = ચિંતન ન કરી શકાય તેવાં કાર્યો કરનાર.

ભગવાનનો મહિમા અગાધ છે. તેઓ અનેક રહસ્યમય કાર્યો કરે છે. આ કાર્યો આપણે સમજી શકતાં નથી. તેનો વિચાર પણ કરી શકતાં નથી. મન અને વાણીથી આ અગોચર છે. 'યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ' – શ્રુતિ કહે છે કે જ્યાંથી વાણી અને મન કંઈપણ પ્રાપ્ત કર્યા સિવાય પાછા ફરે છે, તે જ ભગવાનનો અચિન્ત્ય મહિમા છે. સર્વ વસ્તુની સત્તા પ્રભુની પાસે જ છે. પ્રભુ ઈચ્છે તેવી રીતે બધાં કાર્યો થાય છે. ભગવાનની ઈચ્છા વગર એક તણખલું પણ હાલી શકતું નથી.

પ્રભુથી સહુ કાંઈ થાય છે, અમથી ન થાય કાંઈ,
રાઈનો પર્વત કરે, પર્વત બાગની માંહી.

(૩૧૫) તર્કાગોચરકાર્યકૃત = અનુમાનથી પણ ન જાણી શકાય તેવાં કાર્યો કરનારા.

પ્રભુનાં કાર્યો તર્કથી જાણી શકાતાં નથી. બુદ્ધિથી સમજી શકાતાં નથી. પ્રભુ આવાં કાર્યો કરે છે અને અન્ય પાસે કરાવે પણ છે. પ્રિયવ્રત રાજા હતા. તેમણે જોયું

કે સૂર્ય ભગવાન સુમેરુ પર્વતની પરિક્રમા કરે છે. લોકાલોક પર્યન્ત આ પરિક્રમા છે. આ દરમિયાન પૃથ્વીનો અડધો ભાગ જ પ્રકાશમાં રહે છે. અડધા ભાગમાં અંધકાર રહે છે. રાજાને આ ગમ્યું નહિ. તેણે સંકલ્પ કર્યો કે રાતને પણ હું દિવસ બનાવીશ. રાજા રથ ઉપર સવાર થયા. આ રથ સૂર્યના જેવો વેગવાળો હતો. સૂર્ય જેવો જ્યોતિર્મય હતો. સૂર્યની પાછળ પાછળ આ રથ દોડાવ્યો. સાત પરિક્રમા કરી. ભગવાનની ઉપાસનાથી રાજાનો અલૌકિક પ્રભાવ ખૂબ જ વધી ગયો હતો. રથના પૈડાંથી જે ખાડા બન્યા તે સાત સમુદ્ર બન્યા. તેનાથી પૃથ્વીમાં સાત દ્વીપ બન્યા. તેના નામ ક્રમશઃ જંબુ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રૌંચ, શાક અને પુષ્કર છે. પ્રિયવ્રત દ્વારા પ્રભુએ જ આ કાર્ય કર્યું છે.

(૩૧૬) **શૃંગારરસમર્યાદા** = શૃંગાર રસની મર્યાદા (છેડો) રૂપ પ્રભુ.

જેનો આસ્વાદ માણી શકાય તે 'રસ' છે. વિભાવ, અનુભાવ અને સંચારીભાવથી ઉત્પન્ન થતા સ્થાયી ભાવને રસ કહે છે. રતિ વગેરે ભાવ ઉત્પન્ન થાય છે. હૃદયમાં વાસના રૂપે સ્થિર રહે છે, તેથી તેને સ્થાયી કહે છે.

નાટ્યશાસ્ત્રમાં આઠ રસ ગણાવ્યા છે. શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરૂણ, વીર, અદ્‌ભુત, બિભત્સ, ભયાનક. શાન્ત રસ નવમો છે. શ્રીવલ્લભ ભક્તિને દશમો રસ ગણે છે.

આ બધા રસોમાં શૃંગાર રસ મુખ્ય છે. બાકીના રસો શૃંગાર રસ વગર શોભતા નથી. આ શૃંગાર રસની અવધિ ભગવાનમાં છે. 'રસો વૈ સઃ'. શ્રુતિ કહે છે કે પ્રભુ પોતે જ સર્વ રસરૂપ છે. આમ તેઓ શૃંગાર રસનો અવધિ (છેડો) છે. તેનાથી આગળ બીજું કંઈ ન હોય. વિશ્વમાં દેખાતો શૃંગારરસ આભાસ છે. ખરો શૃંગારરસ પ્રભુમાં પ્રકાશે છે.

(૩૧૭) **આગ્નીધ્ર રસ ભાજનમ્** = આગ્નીધ્ર રાજાને રસના સ્થાનરૂપ પ્રભુ.

પાંચમા સ્કંધના બીજા અધ્યાયમાં આગ્નીધ્ર રાજાનું ચરિત્ર છે. તેઓ પ્રિયવ્રત રાજાના પુત્ર છે. પ્રિયવ્રત રાજા તપસ્યા કરવા ગયા. પિતાની આજ્ઞા મુજબ આગ્નીધ્ર રાજા પ્રજાનું પાલન કરવા લાગ્યા. તેમને પિતૃલોકની કામના

થઈ. આ માટે સત્ પુત્રની પ્રાપ્તિનો મનોરથ કર્યો. મંદરાચલ પર્વત ઉપર આવ્યા. તપસ્યા કરવા લાગ્યા. એકાગ્ર ચિત્તથી બ્રહ્માજીની આરાધના કરી. બ્રહ્માજીએ રાજાની ઈચ્છા જાણી. પૂર્વચિતી નામની અપ્સરાને રાજા પાસે મોકલી. રાજા બુદ્ધિમાન હતા. ચતુરાઈવાળી મીઠી વાતોથી અપ્સરાને પ્રસન્ન કરી. પૂર્વચિતી રાજા પાસે રહી ગઈ. રાજાને તેના દ્વારા નવ પુત્રો થયા. નાભિ, કિમ્પુરુષ, હરિવર્ષ, ઈલાવૃત્ત, રમ્યક, હિરણ્મય, કુસ, ભદ્રાશ્ચ અને કેતુમાલ.

આ આનંદરસ રાજાને પ્રભુએજ પ્રાપ્ત કરાવ્યો છે. તેથી પ્રભુ આ રાજાના રસના સ્થાનરૂપ છે. પ્રભુ શૃંગાર રસની અવધિ છે, તે આ પ્રકારનું રસનું સ્થાન થયું.

નાભીષ્ટપૂરકઃ કર્મમર્યાદા દર્શનોત્સુકઃ ।
સર્વરૂપોદ્‌ભુતતમો મર્યાદા પુરુષોત્તમઃ ॥૬૯॥

(૩૧૮) **નાભીષ્ટપૂરકઃ** = નાભિ રાજાની ઈચ્છા પૂરી કરનાર.

આગ્નીધ્રના પુત્ર નાભિ રાજા થયા. તેમનાં પત્ની મેરૂદેવી હતાં. તેમને સંતાન ન હતું. પુત્રની કામનાથી તેમણે યજ્ઞપુરૂષ ભગવાનનું યજન કર્યું. ભગવાન યજ્ઞના સાધનોથી સરળતાથી મળતા નથી. ભક્ત ઉપર પ્રભુ કૃપા તો કરે જ છે. નાભિ રાજાની શ્રધ્ધા અને વિશુધ્ધ ભાવથી પ્રભુ પ્રસન્ન થયા. રાજાનું અભિષ્ટ કાર્ય કરવા ઉત્સુક બન્યા. સુંદર સ્વરૂપથી પ્રભુ પ્રકટ થયા. ચાર ભુજાવાળું એ સ્વરૂપ સર્વને આનંદ આપતું હતું.

યજ્ઞના ઋત્વિજોએ સ્તુતિ કરી. રાજાને ત્યાં આપ (પ્રભુ) સમાન પુત્ર થાય, તેવી પ્રાર્થના કરી.

ભગવાને કહ્યું કે મારા સમાન તો હું જ છું. બ્રાહ્મણો મારું મુખ છે, તેથી તમારું વચન મિથ્યા નહિ કરું. આથી હું સ્વયં મારી અંશ-કલાથી આગ્નીધ્રનંદન નાભિને ત્યાં અવતાર લઈશ. આમ નાભિ રાજાનો મનોરથ પૂર્ણ કર્યો. પ્રભુ ઋષભદેવજી અવતારથી પ્રકટ થયા. નાભિ રાજાએ પુત્રમાં રહેલા સર્વ શ્રેષ્ઠ ગુણોને જોઈને ઋષભ (શ્રેષ્ઠ) એવું નામ આપ્યું હતું.

(૩૧૯) કર્મમર્યાદાદર્શનોત્સુકઃ = લોકોને કર્મની મર્યાદા દર્શાવવામાં ઉત્સાહ ધરાવનાર પ્રભુ એવા શ્રીકૃષ્ણ.

ઋષભદેવે લોકોમાં કર્મની મર્યાદા દર્શાવનારાં અતિ દિવ્ય ચરિત્રો કર્યાં છે. ચોથા અધ્યાયના આઠમા શ્લોકમાં તેનું વર્ણન આ પ્રમાણે છે. ઋષભદેવજીના દેશનું નામ અજનાભખંડ છે. તેમની તે કર્મભૂમિ બની. લોકોને કર્મમર્યાદા સમજાવવા તેઓ થોડો સમય ગુરૂકુલમાં વસ્યા. ગુરૂને દક્ષિણા આપી. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. દેવરાજ ઈન્દ્રની કન્યા જયંતી સાથે વિવાહ કર્યો. શ્રૌત અને સ્માર્ત બંને પ્રકારના કર્મોનું આચરણ કર્યું. પોતાના સમાન સો પુત્રો ઉત્પન્ન કર્યા.

(૩૨૦) સર્વરૂપઃ = (૧) સર્વ જેમનું રૂપ છે એવા (૨) સર્વ કુલાચારોને કૃતિમાં મૂકી બીજાઓને દર્શાવનારા.

શ્રીગીતાજીમાં આજ્ઞા છે કે શ્રેષ્ઠ પુરૂષોના વર્તનને જ લોકો અનુસરે છે. આથી ઋષભદેવજીએ કરવાનાં કર્મોને કૃતિમાં મૂકયા. પછી લોકોને તે પ્રમાણે વર્તવા ઉપદેશ કર્યો. શ્રુતિ પણ કહે છે કે ધીર-વિદ્વાન પોતે રૂપ અને નામવાળાં કર્મો કરીને પછી સારી રીતે વિવેચન કરી ઉપદેશ કરે છે. ઋષભદેવજીએ ગુરુકુલ નિવાસ, અધ્યયન, ગૃહસ્થધર્મો વગેરે કર્મો આચર્યા બાદ ઉપદેશ કર્યો. આમ ઋષભદેવ રૂપે રહેલા શ્રીકૃષ્ણ સર્વરૂપ છે.

(૩૨૧) અદ્‌ભુત તમઃ = અત્યંત આશ્ચર્યકારક ચરિત્રો કરે તેવા.

એકવાર ઈન્દ્રે ઈર્ષાવશ થઈ વરસાદ ન મોકલ્યો. ઋષભદેવજી ઈન્દ્રની મૂર્ખતા પર હસ્યા. પોતાની યોગમાયાના પ્રભાવથી અજનાભ ખંડમાં ખૂબ વરસાદ વરસાવ્યો.

બ્રાહ્મણોએ બતાવેલ વિધિથી સામ-દાનાદિ નીતિ અનુસાર જનતાનું પાલન કર્યું. બ્રાહ્મણોના ઉપદેશ અનુસાર, જુદા જુદા દેવતાઓના ઉદ્દેશ્યએ સો-સો યજ્ઞો કર્યા.

ઋષભદેવજી ફરતા ફરતા બ્રહ્માવર્ત દેશમાં આવ્યા. અહીં બ્રહ્મર્ષિઓની સભામાં પુત્રોને શિક્ષા આપી. શ્રેષ્ઠ પુત્ર ભરતને રાજગાદી આપી. પરમહંસને ઉચિત ધર્મોની શિક્ષા માટે વિરક્ત થઈ ગયા. શરીરનો પરિગ્રહ રાખ્યો. બધું જ ઘરે છોડી દીધું. પછી તો વસ્ત્રોનો પણ ત્યાગ કરી દિગંબર થઈ ગયા. ઉન્મત જેવો વેષ ધર્યો. સંન્યાસી થયા. અગ્નિહોત્રની અગ્નિને પોતાનામાં લીન કરી. બ્રહ્માવર્ત દેશથી ચાલી નીકળ્યા. મૌન થઈ ગયા. અવધૂત બની વિચરણ કરવા લાગ્યા.

(૩૨૨) મર્યાદા પુરુષોત્તમઃ = કર્મમર્યાદા તથા વેદ માર્ગનું પાલન કરનારા પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણ.

ઋષભદેવે વેદમર્યાદા અનુસાર ગુરૂકુલવાસ, વેદાધ્યયન, ગૃહસ્થાશ્રમ અને છેવટે પરમહંસ થઈ વેદમર્યાદાનું પાલન કર્યું. લોકમાં કર્મમાર્ગનો ઉપદેશ કરવા પોતે મર્યાદા પુરૂષોત્તમ ઋષભદેવ સ્વરૂપે પ્રકટ્યા છે. કર્મમાર્ગ સ્થાપ્યો છે.

શ્રીવલ્લભ આજ્ઞા કરે છે : 'વેદસ્ય વિદ્યમાનત્વાન્મર્યાદાઽપિ વ્યવસ્થિતા' - વેદ પણ સદા વિદ્યમાન છે તેથી વેદ પ્રમાણે ચાલતો મર્યાદામાર્ગ પણ વિભાગપૂર્વક સિધ્ધ કરેલો છે. (પુ.પ્ર.મ.) મર્યાદામાર્ગ પ્રમાણે પ્રતિપાદિત પ્રભુને મર્યાદા પુરુષોત્તમ કહે છે. તે પણ પુષ્ટિ પુરુષોત્તમનું જ સ્વરૂપ છે.

સર્વરૂપેષુ સત્યાત્મા કાલસાક્ષી શશિપ્રભઃ ।
મેરુદેવીવ્રતફલમૃષભો ભગલક્ષણઃ ।।૭૦।।

(૩૨૩) સર્વરૂપેષુ સત્યાત્મા = સર્વ રૂપોમાં સત્ સ્વરૂપ.

બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે અનેક રૂપો છે. તે બધા રૂપોમાં સત્ય અવતારવાળા ભગવાન છે. બ્રહ્મલોક સુધી સર્વરૂપવાળા ભગવાન જ છે. ઋષભદેવના સ્વરૂપનું આ નામ છે.

સમગ્ર સૃષ્ટિમાં જગતમાં ભગવાન જ સર્વરૂપે બિરાજે છે. પ્રકાશે છે. શ્રીવલ્લભની આજ્ઞા છેઃ **રૂપનામ વિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ**. આમ જગત પ્રભુથી વ્યાપ્ત છે. માટે તે સત્યાત્મા છે. તેથી જગત સત્ય છે. શ્રુતિ આવું કહે છે. સ્મૃતિ આજ્ઞા છે કે જગતને અસત્ય કહેનારાઓ આસુરી જીવો છે. જગતને અસત્ય કહેનારાના વાદનું નિરસન કરવા તો શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલ

ભૂતલે પધાર્યા છે. 'માયાવાદ નિવાર્યો.' આમ સર્વ રૂપોમાં સત્ય એવા પરમાત્મા બિરાજે છે.

(૩૨૪) કાલસાક્ષી = કાલને નિયમમાં રાખનારા, કાલના સાક્ષી.

ઈશ્વર અને વેદના અસ્તિત્વને ઘણા લોકો સ્વીકારતા નથી. આવા લોકો કાલની સત્તાને તો સ્વીકારે છે જ. આ કાલ પ્રભુનો આજ્ઞાકારી સેવક છે. સર્વ જીવોનું નિયમન તે કરે છે, પણ તેનું નિયમન પ્રભુ કરે છે. શ્રીમહાપ્રભુજી ભગવદ્ સ્વરૂપ જ છે. હરિદ્વારમાં ગ્રહણ સમયે આપશ્રીએ જ કાલને આજ્ઞા કરી રોકી રાખ્યો હતો. કાલ ભગવદ્ આજ્ઞા મુજબ પ્રભાવ ઊભો કરે છે. શ્રી ભાગવતમાં આજ્ઞા છે : અયં તુ યુગધર્મોહિ. કલિયુગના દૂષણો ફેલાવનાર કાલ છે. પ્રભુ આજ્ઞા જ આવી હોવાથી પ્રભુ નિકટમાં રહીને, સાક્ષી બનીને બધું સહન કરે છે. પ્રભુના અનન્ય ભક્તો કાલને આઠ આઠ વાર પાછો ઠેલે છે, તો પ્રભુ શું ન કરે?

(૩૨૫) શશિપ્રભઃ = ચંદ્રમા જેવી કાંતિવાળા

દિવસ ભરની દોડધામથી તપ્ત થયેલ માનવી ચંદ્રદર્શનથી આનંદિત બને છે. ચંદ્ર આનંદ પ્રકટ કરે છે. ચંદ્રને રચનારા શ્રીકૃષ્ણચંદ્ર સાક્ષાત્ આનંદસ્વરૂપ છે. તેમના દર્શન માત્રથી આનંદથી સહજ પ્રાપ્તિ થાય છે. ચંદ્રદર્શનનો આનંદ ક્ષણિક છે. શ્રીકૃષ્ણચંદ્રના દર્શનનો આનંદ અખંડ છે. વિલક્ષણ છે.

(૩૨૬) મેરુદેવીવ્રતફલમ્ = મેરુદેવીએ આચરેલા વ્રતના ફળરૂપ.

નાભિ રાજાનાં પત્ની મેરુદેવી છે. રાજાને કોઈ સંતાન હતું નહીં. પુત્રની કામનાથી તેમણે મેરુદેવી સાથે રહી એકાગ્રતાથી યજ્ઞપુરૂષનું યજન કર્યું. મેરુદેવીએ પુંસવન વગેરે વ્રતોનું આચરણ કર્યુ. આ વ્રતોના ફળરૂપ શ્રી ઋષભદેવ છે.

(૩૨૭) ઋષભઃ = સર્વશ્રેષ્ઠ એવા ઋષભદેવ પરમાત્મા.

ઋષભ શબ્દનો અર્થ સર્વથી ઉત્તમ થાય છે. પરમાત્મા જ સર્વોત્તમ છે. નાભિરાજાના યજ્ઞથી અને મેરુદેવીના વ્રતને લીધે ભગવાન જ મેરુદેવીના ગર્ભથી પ્રકટ થયા. શુધ્ધ સત્વમય વિગ્રહથી પ્રકટ થયા. તેથી બાળકમાં

ઉત્તમોત્તમ ગુણો પ્રકટ દેખાતા હતા. તેથી જ પુત્રનું નામ રાજાએ 'ઋષભદેવ' રાખ્યું.

(૩૨૮) ભગલક્ષણઃ = ઐશ્વર્ય વગેરે ગુણોના સમુદાયને દર્શાવનારા.

સ્મૃતિ કહે છે કે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છ ગુણોને ભગ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. આ 'ભગ' જેનામાં હોય તે ભગવાન કહેવાય. ઋષભદેવ જન્મ્યા ત્યારથી તેમનામાં વિષ્ણુના વજ્ર , અંકુશ વગેરે ચિહ્નો શોભતા હતા. તેમનામાં સમતા, શાંતિ, વૈરાગ્ય અને ઐશ્વર્ય જેવા મહાગુણો હતા. ચતુર્થ અધ્યાયના પ્રથમ શ્લોકમાં જ 'અથ હ...' થી જ કહ્યું છે કે ઋષભદેવમાં ભગવાનનાં લક્ષણો છે. તેમની ઉત્પત્તિ થતાંની સાથે જ પ્રજા તેમની સ્તુતિ કરવા લાગી. આમ ઋષભદેવજી ભગ લક્ષણવાળા છે.

જગત્સંતર્પકો મેઘરૂપી દેવેન્દ્રદર્પહા ।
જયંતીપતિરત્યન્ત પ્રમાણાશેષલૌકિકઃ ॥૭૧॥

(૩૨૯) જગત્સંતર્પકઃ = જગતનું સારી રીતે પોષણ કરનારા.

જગતનું એટલે પ્રજાનું. સર્વ પ્રજાનું પોષણ પ્રભુ કરે છે. પ્રજાને જળ, ફળ, ધાન્ય વગેરે આપે છે. ઋષભદેવજીએ પણ પ્રજાને સુંદર રીતે પોષી. તેમના સમયમાં મનુષ્યોને પ્રભુ માટેના અનુરાગની જ ઈચ્છા રહેતી. તેઓને કોઈ વસ્તુની કમી લાગતી ન હતી. કોઈ પણ વ્યક્તિ બીજા કોઈની પણ ચીજ ઉપર દૃષ્ટિપાત ન કરતી.

પરમાત્માની આજ્ઞાથી જ મેઘ વૃષ્ટિ કરે છે. પવન વાય છે. ફૂલ ખીલે છે. સૂર્ય તપે છે. નદીઓ વહે છે. વૃક્ષો ફળે છે. પરમાત્મા પ્રજાના પાલન માટે જ આ બધું પ્રકટ કરે છે.

(૩૩૦) મેઘરૂપી = અજનાભ સંજ્ઞાધારી

ઋષભદેવજી જે દેશમાં રહેતા હતા, તેનું નામ અજનાભખંડ હતું. ઋષભદેવજીના મોટા અને અધિક ગુણવાન પુત્ર ભરતજી હતા. તેથી અજનાભખંડ ભારતવર્ષ કહેવાય છે. એકવાર ઈન્દ્રદેવે ઋષભદેવજીની ઈર્ષ્યા

કરી. અજનાભખંડમાં વરસાદ મોકલ્યો નહિ. ઋષભદેવજી તો યોગેશ્વર ભગવાન છે. તેઓ ઈન્દ્રની મૂર્ખતાથી હસ્યા. પોતાની યોગમાયાના પ્રભાવથી અજનાભખંડમાં ખૂબ જળ વરસાવ્યું. પોતે જ જાણે મેઘરૂપ બની ગયા.

(૩૩૧) દેવેન્દ્ર દર્પહાઃ = દેવેન્દ્ર એવા ઈન્દ્રનો ગર્વ ઉતારનાર.

ઈન્દ્રે ઘમંડ કરેલો. પોતાના મેઘરૂપનો તેને ઘમંડ હતો. ઋષભદેવજીની પણ ઈર્ષા કરવા લાગેલો. પોતાની મોટાઈનું પ્રદર્શન કરવા તેણે અજનાભ ખંડમાં પોતાના દૂતોને મોકલ્યા નહિ. વરસાદ થયો નહિ. ઋષભદેવજીએ પોતાના પરાક્રમથી સમગ્ર રાજ્યમાં વૃષ્ટિ કરી. આ રીતે પ્રજાને સંતોષ આપ્યો. ઈન્દ્રના અભિમાનને ઉતારી દીધું. આ રીતે પરમાત્માએ પોતાનો પ્રતાપ દર્શાવ્યો. દેવેન્દ્ર ઈન્દ્ર મદમાં છકી ગયો હતો. તેના અભિમાનને ઉતારી દીધું. પ્રજા પર આવેલ સંકટને દૂર કર્યું. પ્રભુનું ચરિત્ર આવું વિસ્મયજનક છે.

(૩૩૨) જયંતીપતિઃ = જયંતીના પતિ-સ્વામી

ઈન્દ્રદેવે ઋષભદેવજીનો પ્રભાવ જોયો. પોતાની પુત્રી જયંતીનું લગ્ન ઋષભદેવજી સાથે કર્યું. આમ ઋષભદેવજી જયંતીના પતિ છે. સ્વામી છે. ઋષભદેવના સ્વરૂપમાં પ્રભુ શ્રીપુરુષોત્તમ પોતે જ છે.

(૩૩૩) અત્યન્ત પ્રમાણાશેષ લૌકિકઃ = લૌકિક પ્રમાણોનું ઉલ્લંઘન કરનારા.

ઋષભદેવજી લૌકિક પ્રમાણોથી અત્યન્ત અતીત છે. જાણી શકાતા નથી. પરમહંસ ધર્મની શિક્ષા આપવા વિરક્ત થાય છે. શરીરને રાખી બધું જ ઘરે છોડી દીધું. વસ્ત્રો છોડી દિગંબર થયા. વાળ વિખરાઈ ગયા છે. મૌન ધારણ કર્યું છે. પાગલો જેવી ચેષ્ટા કરે છે. અવધૂત બની વિચરે છે. ત્યારે કેટલાક દુષ્ટો તેમની પાછળ પડી તેમને તંગ કરે છે. કોઈ મારે છે, કોઈ થૂંકે છે, પથ્થર ફેંકે છે. આ રીતે લોકો તેમનો તિરસ્કાર કરે છે, પણ ઋષભદેવજી આ બાબતો ઉપર ધ્યાન આપતા નથી.

ઋષભદેવજીને યોગસાધના કરવી હતી. જનતા તેમાં વિઘ્ન કરતી હતી. આથી તેમણે અજગરવૃત્તિ ધારણ કરી. પોતાનો મળ શરીર ઉપર લગાવતા, તેમાંથી દુર્ગંધ નહિ પણ સુગંધ આવતી.

આમ ઋષભદેવજી સંપૂર્ણ રીતે લૌકિક પ્રમાણોનું અતિક્રમ-ઉલ્લંઘન કરનાર છે.

શતધાન્યસ્તભૂતાત્મા શતાનન્દો ગુણપ્રસુઃ ।
વૈષ્ણવોત્પાદનપરઃ સર્વધર્મોપદેશકઃ ।।૭૨।।

(૩૩૪) શતધાન્યસ્તભૂતાત્મા = સો પ્રકારે શરીરમાં આત્માને સ્થાપન કરનારા.

ઋષભદેવજી ભગવાને પોતાના જેવા સો પુત્રો પ્રકટ કર્યા હતા. 'આત્મા વૈ જાયતે પુત્રઃ' – આત્મા જ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે. આ સ્કન્ધના ચોથા અધ્યાયના આઠમા શ્લોક પ્રમાણે ભગવાન ઋષભદેવને હવે લોકોને ગૃહસ્થધર્મની શિક્ષા આપવી છે. આથી દેવરાજ ઈન્દ્રની કન્યા જયન્તી સાથે વિવાહ કર્યા. શ્રુતિ અને સ્મૃતિમાં કહેલાં કર્મોનું આચરણ કર્યું અને જયન્તીના ગર્ભથી પોતાના જ સમાન ગુણવાળા સો પુત્રો ઉત્પન્ન કર્યા. ઋષભદેવે પોતાના આત્માને સો પુત્રો ઉત્પન્ન કરી સો શરીરોમાં સ્થાપન કર્યો છે.

(૩૩૫) શતાનન્દઃ = (૧) સો પુત્રો રૂપે આનંદ મેળવનાર (૨) સો પુત્રો છે આનંદરૂપ જેને (૩) સેંકડોગણા આનંદ સ્વરૂપ એવા પ્રભુ.

ભગવાન આનંદમય છે. આનંદ સ્વરૂપ છે. તૈતરીય ઉપનિષદની બ્રહ્માનંદવલ્લીમાં આનંદની ગણના આ રીતે આપી છે. વેદ વગેરે શાસ્ત્રોના અભ્યાસી, નિરોગી, ભોગક્ષમ, સુદૃઢ, બલવાન, સદાચારી યુવકને ચક્રવર્તી રાજ્ય મળે ત્યારે જે આનંદ થાય તે મનુષ્યના આનંદનો અવધિ છે. તેનાથી સો ગણો આનંદ મનુષ્ય ગંધર્વનો, તેનાથી સો ગણો દેવ ગંધર્વનો, તેનાથી સો ગણો ચિરસ્થાયી પિતૃઓનો, તેનાથી સો ગણો દેવલોકમાં ઉત્પન્ન દેવનો, તેનાથી સો ગણો કર્મદેવનો, તેનાથી સો ગણો દેવોનો, તેનાથી સો ગણો ઈન્દ્રનો, તેનાથી સો ગણો બૃહસ્પતિનો, તેનાથી સો ગણો બ્રહ્માનો અને તેનાથી સો ગણો આનંદ અક્ષર બ્રહ્મનો છે. ભગવાનનો આનંદ ગણી શકાતો નથી. તેથી શ્રીવલ્લભ

આજ્ઞા કરે છે : પૂર્ણાનંદો હરિઃ.

આ આનંદ પૂર્ણ છે. ઓછો થતો નથી. સો પુત્રો આ આનંદ સ્વરૂપથી જ છે. સર્વ વિશ્વની રચના પણ કેવળ પ્રભુનો આનંદ જ છે. આમ સેંકડોગણા આનંદમય સ્વરૂપવાળા ભગવાન છે.

(૩૩૬) **ગુણપ્રસુઃ** = ગુણને જન્મ આપનાર.

ગુણી અને ગુણનો અભેદ છે. ગુણીને આધારે ગુણ રહે છે. ગુણીથી ગુણ પ્રગટ થાય છે. આવા ગુણશાળી અને આનંદનિધાન પુત્ર છે ભરતજી. ભગવાન ઋષભદેવજીએ આવા પુત્ર ભરતને પ્રગટ કર્યા છે. ચોથા અધ્યાયમાં કહ્યું છે કે ઋષભદેવજીના સો પુત્રોમાં ભરતજી મહાયોગી છે. સૌથી મોટા છે. બધાથી અધિક ગુણવાન છે.

(૩૩૭) **વૈષ્ણવોત્પાદનપરઃ** = વૈષ્ણવ ભરતજીને ઉત્પન્ન કરી વૈષ્ણવ ધર્મને પૂર્ણ કરનારા.

ભરતજી મહાયોગી છે. અધિક ગુણવાળા છે. વૈષ્ણવ છે. ભરતજીના નામથી અજનાભખંડ આજે ભારતવર્ષ તરીકે ઓળખાય છે. પ્રભુ જ આ રીતે વૈષ્ણવોમાં ભક્તિનો ઉદય કરે છે. વૈષ્ણવો માટે જ પ્રભુ પ્રાકટ્ય છે.

(૩૩૮) **સર્વધર્મોપદેશકઃ** = સર્વ ધર્મનો ઉપદેશ કરનારા

ભગવાન ઋષભદેવ એકવાર ભ્રમણ કરતા બ્રહ્માવર્ત દેશમાં પહોંચ્યા. ત્યાં મોટા મોટા બ્રહ્મર્ષિઓની સભા હતી. અહીં પુત્રોને શિક્ષા આપવા સર્વ ધર્મો કહ્યા. સર્વ સાંસારિક પ્રવૃત્તિઓમાં નિવૃત્તિ પ્રાપ્ત કરાવે તેવા આ ધર્મો હતા. મૃત્યુલોકમાં મનુષ્ય શરીર વિષયભોગ માટે નથી. મહા પુરુષોથી સેવાથી મુક્તિ મળે છે. સમાનચિત્ત, પરમશાંત, ક્રોધહીન, સૌના હિતચિંતક અને સદાચાર સંપન્ન હોય તે મહાપુરુષ છે. પરમાત્માને પ્રેમ કરવો એક માત્ર પુરુષાર્થ છે. પ્રમાદ, કુકર્મ અને ઈન્દ્રિયોની તૃપ્તિથી આત્માને અસત્ અને દુઃખદાયક શરીર પ્રાપ્ત થાય છે. વાસુદેવમાં પ્રીતિ ન થાય ત્યાં સુધી દેહબંધનથી છૂટાતું નથી. આત્મા અને ગુરુસ્વરૂપ ભગવાનમાં ભક્તિભાવ રાખવો. પ્રભુપરાયણ થવું. તૃષ્ણાનો ત્યાગ કરવો. સુખદુઃખ વગેરે દ્વંદ્વોને સહન કરવા. પ્રભુ માટે જ કર્મ

કરવું. પ્રભુકથાઓનું જ નિત્ય શ્રવણ કરવું. મનુષ્યે હૃદયગ્રંથિ રૂપી બંધનોને શાસ્ત્રરીતિથી સાધનો દ્વારા કાપી નાખવા. જે પોતાના પ્રિયજનોને ભગવદ્ ભક્તિનો ઉપદેશ કરી મૃત્યુથી છોડાવતા નથી, તે ગુરુ નથી. સ્વજન સ્વજન નથી. પિતા પિતા નથી. માતા માતા નથી. ઈષ્ટદેવ ઈષ્ટદેવ નથી. પતિ પતિ નથી.

આવો સર્વ ધર્મોનો ઉપદેશ ભગવાન ઋષભદેવજીએ કર્યો છે.

પરહંસક્રિયાગોપ્તા યોગચર્યાપ્રદર્શકઃ ।
ચતુર્થાશ્રમનિર્ણેતા સદાનન્દ શરીરવાન્ ॥૭૩॥

(૩૩૯) **પરહંસ ક્રિયાગોપ્તા** = પરમ હંસની ક્રિયાઓ કરી, તે ક્રિયાઓનું રક્ષણ કરનારા.

ઋષભદેવજી બ્રહ્મર્ષિઓની સભામાં કહે છે કે મારા અવતાર શરીરનું રહસ્ય સાધારણ જનો જાણી શકતા નથી. શુધ્ધ સત્વ જ મારું હૃદય છે. તેમાં ધર્મની સ્થિતિ છે. અધર્મને મેં ખૂબ જ દૂર પાછળ ધકેલી દીધો છે. આથી સત્પુરુષો મને ઋષભ કહે છે.

ઋષભદેવજીએ ભરતને ગાદી પર બેસાડ્યા. પોતે પરમ હંસોચિત ધર્મોની શિક્ષા આપવા બિલકુલ વિરક્ત થઈ ગયા. ઘરબાર છોડ્યા. વસ્ત્રોનો પણ ત્યાગ કર્યો. સર્વથા દિગંબર થઈ ગયા. તેમનો વેષ ઉન્મત્ત જેવો હતો. વાળ વિખરાયેલા હતા. અગ્નિહોત્ર અગ્નિઓને પોતામાં લીન કર્યા. સંન્યાસી થઈ ગયા. જડ, આંધળા, બહેરા મૂંગા અને પાગલો જેવી ચેષ્ટા કરતા. અવધૂત બની જ્યાં ત્યાં વિચરતા હતા. વિચરણ દરમ્યાન અનેક લોકો તેમને સતાવતા હતા, પણ તેઓ ધ્યાન આપતા ન હતા. પરમાત્મ સ્વરૂપમાં તેમની સ્થિતિ હતી. તેમનું મુખ સ્વાભાવિક મધુર હાસ્યથી મનોહર લાગતું.

ઋષભદેવ જોયું કે આ જનતા યોગસાધનામાં વિઘ્નરૂપ છે, તેથી તેમનાથી બચવા તેમણે બિભત્સવૃત્તિથી રહેવાનું નક્કી કર્યું. અજગરવૃત્તિ ધારણ કરી. ખાવા-પીવા વગેરે દૈહિક ક્રિયાઓ સૂતાં સૂતાં જ કરતા. શરીર ઉપર મળ

લગાવતા, જેથી લોકો દૂર રહે. તેમના મળમાંથી સુગંધ નીકળતી, જે દશ યોજન સુધી વાતાવરણને સુગંધિત કરતી. આમ તેમણે ગાય, મૃગ વગેરેની વૃત્તિઓનો સ્વીકાર કર્યો.

શુકદેવજી કહે છે કે ‘હે પરીક્ષિત, પરમહંસોને ત્યાગના આદર્શની શિક્ષા આપવા માટે મોક્ષપતિ ભગવાન ઋષભદેવે ઘણા પ્રકારની યોગચર્યાઓનું આચરણ કર્યું. પરમહંસની ક્રિયાઓ કરી, તેનું રક્ષણ પણ કર્યું.’

(૩૪૦) યોગચર્યાપ્રદર્શકઃ = ભક્તિયોગના આચરણને પ્રવૃત્ત કરનાર - વિસ્તારનાર

ઋષભદેવજી નિરંતર સર્વશ્રેષ્ઠ મહાન આનંદનો અનુભવ કરતા રહેતા. તેમની દૃષ્ટિમાં પોતાનું આત્મસ્વરૂપ ભગવાન વાસુદેવ જ હતું. સંપૂર્ણ પ્રાણીઓના આત્મા અને વાસુદેવમાં કોઈ ભેદ જોતા ન હતા. તેમના બધા પુરુષાર્થ આથી પૂર્ણ થઈ ગયા હતા.

ઋષભદેવજી પાસે બધા પ્રકારની સિદ્ધિઓ પોતાની મેળે જ સેવા કરવા આવતી. આકાશગમન, મનોજવિત્વ (મનની ગતિ સમાન જ શરીરનું ઈચ્છા થતાં સર્વત્ર પહોંચી જવું.) અંતર્ધાન, પરકાયા પ્રવેશ, દૂરની વાતો સાંભળી લેવી અને દૂરના દૃશ્ય જોઈ લેવા વગેરે સિદ્ધિઓની સેવા તેમણે ગ્રહણ કરી નથી. મનથી આદર પણ નથી કર્યો.

(૩૪૧) ચતુર્થાશ્રમનિર્ણેતા = ચતુર્થ આશ્રમને સ્પષ્ટ રીતે દર્શાવનારા.

ઋષભદેવના આવિર્ભાવ અને ચરિત્રનો સાર છઠ્ઠા અધ્યાયમાં કહ્યો છે. પ્રિયવ્રતનો વંશ ઉજ્જવલ છે. સુયશવાળો છે. પુરાણપુરૂષ આદિનારાયણે અહીં ઋષભ અવતાર લીધો. મોક્ષની પ્રાપ્તિ કરાવનાર પરમહંસ ધર્મનું આચરણ કર્યું.

ચતુર્થ આશ્રમ તે સંન્યસ્તાશ્રમ છે. તેના સિધ્ધાંતો અને નિર્ણયોને આપે સ્પષ્ટ રીતે સમજાવ્યા. હૃદય ગ્રંથિઓને ભેદવાના ઉપાયો પાંચમા અધ્યાયમાં બતાવ્યા. મહાપુરુષોનું સેવન વિમુક્તિનું દ્વાર છે, તેવો ઉપદેશ કર્યો. ભગવાન તરફના પ્રેમનું મહત્વ બતાવ્યું. તેનાથી જ સંસારમાંથી મુક્ત થવાય છે.

(૩૪૨) સદાનન્દઃ શરીરવાન્ = સદા આનંદમય શરીરવાળા

ઋષભદેવજી પણ મર્યાદા પુરૂષોત્તમ અવતાર છે. તેમના દેહ અને સ્વરૂપ નિત્ય પૂર્ણ આનંદથી યુક્ત છે. ભગવાન આનંદ માત્ર કરપાદ મુખોદરાદિ છે. એમના આત્મા અને શરીરમાં દેહ-દેહી વિભાગ નથી. આત્મા જ દેહ એવું સ્વરૂપ છે. પ્રભુના દરેક અવયવમાં આનંદ અને આનંદ જ છે.

પ્રદર્શિતાન્યધર્મશ્ચ ભરતસ્વામ્યપારકૃત્ ।
યથાવત્કર્મકર્તા ચ સંગાનિષ્ટ પ્રદર્શકઃ ॥૭૪॥

(૩૪૩) પ્રદર્શિતાન્યધર્મઃ = બીજાઓને ધર્મ બતાવનાર.

ભગવાન અન્ય લોકોને ધર્મનું સ્વરૂપ સમજાવે છે. ધર્મનું સ્વરૂપ સમજાવીને તેમનામાં ધર્મનું સ્થાપન પણ કરે છે. શ્રી ગીતાજીના ચોથા (જ્ઞાન કર્મ સંન્યાસ યોગ) અધ્યાયમાં પ્રભુની પ્રતિજ્ઞા ખૂબ જ સ્પષ્ટ રૂપમાં છે.

ધર્મનો હ્રાસ થાય છે અને અધર્મ વૃદ્ધિ પામે છે ત્યારે સાકાર રૂપે પ્રભુ લોક સમક્ષ પ્રકટે છે. પ્રકટ થઈને સાધુ પુરુષોનો ઉદ્ધાર કરે છે. પાપ કર્મીઓનો વિનાશ કરે છે. આ રીતે ધર્મનું સંસ્થાપન કરે છે. આ માટે જ પ્રભુ યુગે યુગે પ્રકટ થાય છે.

(૩૪૪) ભરતસ્વામી = ભરતજીના સ્વામી

પાંચમા અધ્યાયમાં કહ્યું છે કે ઋષભદેવજીને સો પુત્રો હતા. તેમાં ભરતજી સૌથી મોટા હતા. ભરતજી પરમ ભક્ત છે. ભગવદ્ ભક્ત પરાયણ પણ છે. ઋષભ દેવજીએ તેમને ગાદી ઉપર બેસાડ્યા. રાજ્યાભિષેક કર્યો. આમ ઋષભદેવ સ્વરૂપે શ્રીકૃષ્ણ જ ભરતજીના પાલક બન્યા. સ્વામી બન્યા. ભરતજીને શિક્ષણ આપ્યું. પૃથ્વીનું પાલન કરવાની આજ્ઞા કરી.

(૩૪૫) અપારકૃત્ = અપાર સંસારસાગરને તરાવનાર

જીવના અહંતા અને મમતા સંસારનું સર્જન કરે છે. સંસાર સાગર જેવો છે. પાર વિનાનો છે. જીવ તેમાં જન્મ મરણના ફેરા કર્યા જ કરે છે. પ્રભુકૃપા થાય તો જ સંસાર સાગર તરાય છે. શ્રીગુસાંઈજીની વધાઈ પ્રમાણે - ‘માધો ચરણ

શરણ જો આયે વે ઉતરે ભવપાર.' આમ પ્રભુ ભક્તને સંસારસિંધુ તરાવી દે છે. સંસારથી મુક્ત કરે છે.

(૩૪૬) યથાવત્ કર્મકર્તા = વેદશાસ્ત્રમાં કહેલાં કર્મો કરનાર.

શાસ્ત્રોમા શ્રૌત અને સ્માર્ત કર્મો બતાવ્યાં છે. ભરતજી સ્વધર્મનું પાલન સુંદર રીતે કરતા. તેમણે યજ્ઞો કર્યા. યજ્ઞો બે પ્રકારના છે. પ્રકૃતિ અને વિકૃતિ. જે યજ્ઞોમાં સંપૂર્ણ અંગો હોય તે પ્રકૃતિ કહેવાય. કોઈ એકાદ અંગની કમી હોય તો તેને વિકૃતિ કહે છે. ભરતજીએ હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્મા એમ ચાર ઋત્વિજોને બોલાવ્યા. અગ્નિહોત્ર, દર્શ પૂર્ણમાસ, ચાર્તુમાસ, પશુ અને સોમ વગેરે નાના-મોટા યજ્ઞો કર્યા. આ રીતે યજ્ઞ સ્વરૂપ ભગવાનનું યજન કર્યું. યજ્ઞથી થતા ફળને યજ્ઞપુરુષ ભગવાન વાસુદેવને અર્પણ કરી દીધું.

ભરતજી દ્વારા આ યજ્ઞકર્મ કરાવનાર પ્રભુ પોતે જ છે.

(૩૪૭) સંગાનિષ્ટ પ્રદર્શકઃ = સંગથી અનિષ્ટ દર્શાવનાર, સંગના અનર્થને દર્શાવનાર.

સંગથી અનર્થ થાય છે. ભગવદ્‌ભક્તોનો સંગ સારો છે. પણ તે સિવાયના જનોનો સંગ આસક્તિ ઉત્પન્ન કરે છે. તેથી અનિષ્ટ થાય છે. શ્રી ગીતાજીના બીજા (સાંખ્ય યોગ) અધ્યાયમાં કહ્યું છે કે વિષયોનું ચિંતન આસક્તિ કરાવે. આસક્તિ વિષયોની કામના કરાવે. તેમાં વિઘ્ન આવતાં ક્રોધ જન્મે છે. એનાથી મૂઢતા થાય. તેથી સ્મૃતિભ્રમ ઉત્પન્ન થાય. તે બુદ્ધિનો નાશ કરે. બુદ્ધિનાશ થતાં પુરુષનું પતન થાય.

ભરતજી પુલહાશ્રમ જેવા પવિત્ર સ્થળે આવ્યા. અહીં ભગવાનનું સાંનિધ્ય અનુભવી શકાય છે. ગંડકી જેવી પવિત્ર નદી છે. ભગવત્ સેવન પણ ભરતજી કરતા હતા. આમ છતાં હરિણબાલકનો સંગ થયો. આસક્તિ થઈ. મૃગજન્મ અને વિપ્રજન્મ લેવા પડ્યા. યોગનિપુણ ભરતજીની આ સ્થિતિ છે. તો સંસારમાં અનુરાગી પામર જીવની શું ગતિ થાય? પ્રભુ આ રીતે ભરતજી દ્વારા સંગનું અનિષ્ટ ફળ બતાવે છે. સંગના અનર્થને દર્શાવે છે.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, 'સંગઃ સર્વાત્મના ત્યાજ્ય.' 'સંતઃ સંગસ્ય

ભેષજમ્.' સંસારીઓ માટે તો ભક્તો જ ઔષધરૂપ બની પધારે છે.

આવશ્યક પુનર્જન્મ કર્મમાર્ગપ્રદર્શકઃ ।
યજ્ઞરૂપ મૃગઃ શાન્તઃ સહિષ્ણુઃ સત્પરાક્રમઃ ।।૭૫।।

(૩૪૮) આવશ્યક પુનર્જન્મકર્મમાર્ગપ્રદર્શકઃ = અવશ્ય થનારા અન્ય જન્મ માટે કારણભૂત રહેલા કર્મમાર્ગને દર્શાવનાર એવા પ્રભુ.

ભરતજી ગંડકીનદીના તટે રહેતા. એકવાર સ્નાન કરી પ્રાતઃ કર્મ કરતા હતા. ત્રણ મુહૂર્ત સુધી નદીની ધારામાં રહ્યા. આ વખતે એક હરિણી આવી. તે જળ પીતી હતી ત્યાં સિંહની ત્રાડ સાંભળી. ડરી ગઈ. નદી પાર કરવા છલાંગ લગાવી. આ વખતે તેના પેટમાં રહેલ ગર્ભ નીકળી ગયો. નદીના પ્રવાહમાં પડ્યો. ભરતજીએ આ જોયું. દયા આવી. પોતાના આશ્રમ પર લાવ્યા. હરણ બચ્ચામાં આસક્તિ થઈ. હરિણ આવ્યું. હરિ ગયા-ભાવ હરિને બદલે હરિણમાં વળ્યો. ભરતજીનો અંત કાલ આવ્યો. પ્રબલ પ્રારબ્ધ ભોગે બીજા જન્મે હરણનો દેહ મળ્યો.

ભરતજીને મૃગનો સંગ થયો. આ કર્મ બીજા મૃગના જન્મ માટે કારણ રૂપ બન્યું. હરણ થયા છતાં પૂર્વજન્મની સ્મૃતિ રહી હતી. આથી મૃગના જન્મમાં કોઈનો સંગ ન કર્યો. અંતકાળે પુલહાશ્રમમાં આવ્યા. નારાયણ સ્મરણ કરતાં મૃગ શરીર છોડ્યું. નવો જન્મ વિપ્રને ત્યાં થયો.

ભરતજીનાં કર્મો એક જન્મમાં ક્ષય પામે તેવાં ન હતાં તેથી પ્રભુએ તેમને બે જન્મો અપાવ્યા. ભરતજીના ચરિત્રથી ભગવાને સૌને જ્ઞાન આપ્યું કે કર્મને લઈને જ જન્મ થાય છે. કર્મ માર્ગનો આ અચળ સિદ્ધાંત છે. શ્રી ગીતાજીના ત્રીજા અધ્યાયમાં પ્રભુ કહે છે કે કોઈ પણ માણસ ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વગર રહી શકતો નથી. પ્રકૃતિ જનિત ગુણો વડે પરવશ થઈ કર્મ તો કરવું જ પડે છે.

(૩૪૯) યજ્ઞરૂપમૃગઃ = યજ્ઞમાં બલિદાન આપવાને મૃગરૂપ એવા ભગવાન જડભરત.

બ્રાહ્મણ કુળમાં પુનઃ જન્મેલા ભરતજી જડ-મૂક-બધિરની જેમ જીવતા

હતા. એક વાર ભીલ લોકો ભદ્રકાળીનું પૂજન કરતા હતા. યજ્ઞ કર્યો હતો. યજ્ઞની સમાપ્તિમાં બલિદાન આપવાનું હતું. તે માટે શોધ કરી. તેમાં ભરતજી મળી ગયા. આગલો જન્મ મૃગરૂપ-મૃગજન્મ જ હતો. મૃગરૂપ જન્મ પ્રાપ્ત કરનાર જડ ભરતજી ભગવાનના ભક્ત છે. માટે ભગવત્ સ્વરૂપ છે.

---

(૩૫૦) શાન્તઃ = શાંત એવા ભગવાન

ભીલ લોકોએ બલિ માટે ભરતજીને પકડ્યા. વિધિપૂર્વક તૈયાર કર્યા. આ પુરુષ પશુને ભદ્રકાલી સામે નીચું માથુ કરાવી વધ માટે બેસાડ્યા. પુરોહિતોએ મારવા માટે તીક્ષ્ણ ખડગ્ ઉંચક્યું. આ સમયે પણ જડ ભરતજીએ પોતાના બ્રહ્મભાવની શાંતિ જરા પણ ગુમાવી નથી. વધ માટે તૈયાર થયેલા ભરતજી શાંત સ્વરૂપ તદાકાર હતા. આવા શાંત, ઈશ્વરના અંશવાળા જડભરતજીને ભદ્રકાલીએ બચાવ્યા. ભદ્રકાલીએ ભીલોને જ મારી નાંખ્યા. મહાપુરુષ તરફનો મારણ પ્રયોગ સર્વાંશે તે પ્રયોગ કરનાર પર જ પ્રત્યાઘાતી ફળ આપે છે.

---

(૩૫૧) સહિષ્ણુઃ = સહન કરવાના સ્વભાવવાળા એવા ભરતરૂપ શ્રીકૃષ્ણ.

ભરતજી પૂર્ણ શાંત સ્વરૂપ છે. વિપરીત પરિસ્થિતિમાં પણ વિચલિત થયા નથી. તે સર્વ રીતે સહનશીલ છે. શાંતપણું હોય ત્યાં સહનપણું પણ હોય. સૂરદાસજી કહે છે 'સહન બરાબર રહન નહીં, અય મન તુ કરલે સહન । સહન સબનકા સાર હૈ યે સૂરદાસ કી કહન.' શ્રીમહાપ્રભુજી પણ વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે ત્રણે પ્રકારના દુઃખો મરણ સુધી સહન કરવાં. ત્રિદુઃખ સહનં ધૈર્યમ્ આમૃતે સર્વતઃ સદા.

---

(૩૫૨) સત્પરાક્રમઃ = (૧) સત્યતામાં જ પરાક્રમ કરનારા (૨) સત્ય પરાક્રમને ધારણ કરનારા (૩) સત્ - ભગવાનમાં તન્મય ભક્તોનું અતિક્રમણ ન કરે તેવા (૪) સત્ ભક્તોની સર્વ અભિલાષા પૂરનારા (૪) સત્ ભક્ત જનોનું પોષણ કર્તા. (૬) ભગવદ્રૂપ પરાક્રમ કરનારા.

મનુષ્યો અને દેવોથી પણ ન થઈ શકે તેવા આશ્ચર્ય ઉત્પન્ન કરનારા. જડ ભરતજીના ચરિત્રમાં પોતાના સત્ રૂપ ભક્તોની રક્ષા કરી. પરાક્રમ દર્શાવ્યું. સત્પુરુષોમાં પરાક્રમ રૂપે પ્રભુ જ રહે છે.

રહુગણગતિજ્ઞશ્ચ રહુગણવિમોચકઃ । ભવાટવીતત્ત્વવક્તા બહિર્મુખહિતેરતઃ ॥૭૬॥

(૩૫૩) રહુગુણગતિજ્ઞઃ = રહુગણ રાજાની ગતિ - જ્ઞાન પ્રાપ્ત થવાના ઉપાયને જાણનારા પ્રભુ.

રહુગણ સિંધુસૌવીર દેશના રાજા હતા. એકવાર તે પાલખીમાં બેસીને જઈ રહ્યા હતા. ઈક્ષુમતી નદી કિનારે તેઓ આવ્યા. જડ ભરતજી અહીં તેમને મળ્યા. રાજાએ પાલખી ઉપાડવાના કાર્ય માટે તેમને પકડ્યા. પાલખીમાં જોડી દીધા. કહાર બનાવી દીધા.

ભરતજી ચાલતી વખતે એ ધ્યાન રાખતા કે તેમના પગ નીચે કોઈ જીવ ચગદાય નહીં. આથી બીજા કહારો સાથે તેમની ચાલ મેળ ખાતી ન હતી. પાલખી વાંકી ચૂંકી થવા લાગી. રાજાએ આનું કારણ પૂછ્યું. કહારોએ ભરતજીને દોષિત ઠરાવ્યા. રાજાએ ભરતજીને ઘણા ઉપાલંભો આપ્યા. છેવટે ક્રોધ સાથે કહ્યું કે તું શું જીવે છે કે મરી ગયો છે ?

ભરતજીએ રહુગણને મધુર શબ્દોમાં કહ્યું કે જીવન અને મરણ બે જુદી અવસ્થાઓ દેહની છે. દેહમાં વસનારની નથી. ભગવાન્ શ્રીકૃષ્ણ જ સૌના નિત્યસ્વામી છે. જીવમાં તો સેવક ભાવ છે. માનવી પોતાને સ્વામી સમજે છે તે તેનું અજ્ઞાન છે.

ભરતજીના વચનો સાંભળી રાજાનો સ્વભાવ દોષ ગયો. દંડવત્ પ્રણામ કર્યા. રહુગણને ઉપદેશ દ્વારા જ્ઞાન-ગતિ આપનારા જડ ભરતજી ભગવત્ સ્વરૂપ છે. આથી રાજા ભરતજીને અવધૂત, સત્ત્વમૂર્તિ કપિલ ભગવાન, અવ્યક્ત લિંગ વગેરે શબ્દોથી નવાજે છે.

---

(૩૫૪) રહુગણ વિમોચકઃ = રહુગણ રાજાને મુક્ત કરનારા.

જડભરતજીએ રહુગણ રાજાને કહ્યું છે કે માત્ર તપ, યજ્ઞ, વૈદિક કર્મો કે સૂર્ય વગેરેની ઉપાસનાના સાધનથી પરમાત્માનું જ્ઞાન મળતું નથી. મહાપુરુષોના ચરણોની ધૂળથી સ્નાન કરીએ ત્યારે જ પરમાત્માનું જ્ઞાન થાય છે.

રહુગણ રાજાને પહેલાં આત્મા અને દેહના ભેદની ખબર ન હતી. અવિદ્યાના લીધે દેહાત્મબુદ્ધિ હતી. ભરતજીના ઉપદેશથી આવી બુદ્ધિ ત્યજી દીધી. આમ ભરતજીએ રહુગણ રાજાને જ્ઞાન આપ્યું. કાલથી મુક્ત કર્યો.

(૩૫૫) ભવાટવીતત્ત્વ વક્તા = સંસાર રૂપ વનના તત્ત્વને કહેનારા.

ભરતજી સંસારને મહાન ઘોર વન તરીકે ઓળખાવે છે. અનેક જન્મોથી તેમાં જીવો ભટકે છે અને કેવી વિડંબણાઓ આવી પડે છે તેની કથા કહે છે. આ ભવાટવી કથા છે. પરોક્ષ ગૂઢ કથા છે. આ ભવ અટવી (જંગલ)જેવો છે, માટે તે ભવાટવી. ભવમાં ભટકવાનું મળે છે. અટકવાનું મળતું નથી. અટન સૌ કરે છે. જતન જાતનું કરે છે. રામનું રટણ થતું નથી. તેથી ભટકે છે.

જીવ સમુદાય રૂપી સંઘ છે. સંઘનો નાયક (બુદ્ધિ) છે. તે નાલાયક હતો. સંઘને અવળે રસ્તે લઈ ગયો. છ દસ્યુઓ (છ ઈન્દ્રિયો રૂપી લૂંટારા) એ તેને લૂંટી લીધો. આમ જીવ સંઘ આથડ્યા કરે છે. કંઈ સમજતો નથી. ભરતજી રહુગણને શાસન છોડવાનું કહે છે. સૌને સ્નેહ કરવાનું, આસક્તિ રહિત થવાનું અને પ્રભુની સેવા કરવાનું કહે છે. તેરમા અધ્યાયમાં આ કથા છે. ચૌદમા અધ્યાયમાં આ ગૂઢ કથાનું સ્પષ્ટીકરણ કર્યું છે. આ કથા કહેનાર ભરતજી રૂપે ભગવાન જ છે.

(૩૫૬) બહિર્મુખહિતેરતઃ = બહિર્મુખ વૃત્તિવાળાઓનું હિત કરવામાં જેમની ક્રીડાઓ છે તેવા પરમાત્મા.

ઋષભદેવ અને જડભરતજી મહાત્માઓ છે. તેઓ પરબ્રહ્મમાં તન્મય થયા છે. દેહાભિમાન વગેરેથી મુક્ત છે. સંગથી પણ દૂર છે. આમ આ બંને ભક્તો પરમહંસના આદર્શરૂપ અવતારો છે. તેમના અવતારી ભગવાન શ્રીકૃષ્ણ છે.

ગયસ્વામી સ્થાનવંશ કર્તા સ્થાન વિભેદકૃત ।
પુરુષાવયવો ભૂમિવિશેષ વિનિરૂપકઃ ॥૭૭॥

(૩૫૭) ગયસ્વામી = ગય નામના રાજાના સ્વામી - પ્રભુ

પંચમ સ્કન્ધના પંદરમા અધ્યાયમાં ગય રાજાની કથા છે. ભરત રાજાના

વંશમાં નક્ત થયા. તેમનાં દ્રુતિ સાથે લગ્ન થયાં. તેમનાં ત્યાં ગય રાજાનો જન્મ થયો. ગય રાજા ઉદાર કીર્તિ હતા. રાજર્ષિપ્રવર હતા. ગય રાજાને સાક્ષાત્ ભગવાન વિષ્ણુનો અંશ માનવામાં આવે છે. તેમનામાં સંયમ વગેરે અનેક ગુણો હતા. આથી મહાપુરુષોમાં તેમની ગણના થાય છે. રાજાએ સુંદર શાસન કર્યું. પ્રજાનું પાલન પોષણ કર્યું. નિષ્કામ ભાવે યજ્ઞો કર્યા. તેઓ બધાં જ કર્મો શ્રી હરિને અર્પિત કરતા. બ્રહ્મવેત્તા મહાપુરુષોના ચરણની સેવા કરી. આથી ગય રાજાને ભક્તિ યોગ પ્રાપ્ત થયો. હવે તે નિરંતર ભગવાનનું ચિંતન કરવા લાગ્યા. ચિત્ત શુદ્ધ થયું. અહંભાવ દૂર થયો. આત્માને બ્રહ્મરૂપથી અનુભવવા લાગ્યા.

શુકદેવજી કહે છે કે ગય રાજા પોતાના કર્મોથી મહાન છે. તેમની બરાબરી અન્ય રાજા કરી શકશે નહીં. તે સાક્ષાત્ ભગવાનની કલા જ હતા, આથી ભગવાન શ્રીકૃષ્ણને ગય સ્વામી કહ્યા છે.

(૩૫૮) સ્થાન વંશ કર્તા = ધર્મની સ્થિતિ માટે ગય રાજાના વંશને ઉત્પન્ન કરનારા.

પાંચમો સ્કંધ ભગવાનની સ્થાન લીલા છે. તે સ્થાન અને પ્રિયવ્રત રાજાનો વંશ કરનારા ભગવાન જ છે. ગય રાજાના વંશની સ્થિતિ પંદરમા અધ્યાયમાં શ્રીશુકદેવજી કહે છે. મહારાજા ગયની સ્ત્રી ગયન્તી છે. તેના દ્વારા ચિત્રરથ, સુગતિ અને અવરોધન નામના ત્રણ પુત્રો થયા. ચિત્રરથની પત્ની ઉર્ણા હતી. તેનાથી સમ્રાટનો જન્મ થયો. સમ્રાટની પત્ની ઉત્કલા હતી. તેનાથી મરીચિ થયા. મરીચિનાં પત્ની બિંદુમતી છે. તેનાથી બિંદુમાન પુત્ર થયા. બિંદુમાનને પત્ની સરઘાથી મધુ. મધુને સુમનાથી વીરવ્રત. વીરવ્રતને ભોજથી મન્થુ અને પ્રમન્થુ થયા. મન્થુને સત્યાથી ભૌવન, ભૌવનને દૂષણાથી ત્વષ્ટા, ત્વષ્ટાને વિરોચનાથી વિરજ અને વિરજને વિપૂચીથી શતજીત વગેરે સો પુત્રો તથા એક કન્યા થયા. રાજા વિરજ માટે કહેવાયું કે જેમ વિષ્ણુ ભગવાન દેવતાઓની શોભા વધારે છે, તેમ પ્રિયવ્રતના વંશમાં સૌથી છેલ્લા થયેલ રાજા વિરજે આ વંશને પોતાના સુયશથી વિભૂષિત કર્યો છે.

(૩૫૯) **સ્થાન વિભેદકૃત્** = સ્થાનના જુદા જુદા ભેદ કરનારા પ્રભુ

શ્રીકૃષ્ણને સ્થાન લીલાનું રક્ષણ કરવું છે. સ્થાન એટલે અહીં વંશ છે. પ્રિયવ્રત રાજાના વંશની ઉપર કહ્યા પ્રમાણે ભિન્ન ભિન્ન શાખાઓ કરી. સ્થાન–વંશની રક્ષા માટે જુદા જુદા ભેદ–સંસ્થાઓ ભગવાને કરી.

(૩૬૦) **પુરુષાવયવ:** = વિરાટ રૂપ પરમાત્મા

સમગ્ર વિશ્વ વિરાટ સ્વરૂપનું શરીર છે. તે શરીરના જુદા જુદા અવયવો તરીકે ભૂમંડલ છે. તેથી તે ભગવદ્ રૂપ છે. ભૂગોળ અને ખગોળની વિગતો સોળમા અધ્યાયમાં કહી છે. પરીક્ષિત રાજા ભુવનકોશનું વિશદ વર્ણન કરવા વિનંતી કરે છે. શ્રી શુકદેવજી કહે છે કે ભૂમંડલ રૂપ કમલ છે. સાત દ્વીપ તેના કોશ સ્થાને છે. સૌથી અંદરનો કોશ જમ્બુદ્વીપ છે. તેમાં આપણે રહીએ છીએ. તેની સીમાઓની વહેંચણી આઠ પર્વતો કરે છે. ઈલાવૃત નામનો પ્રદેશ છે. તેના મધ્યમાં મેરુ પર્વત છે. ઈલાવૃત્તની ઉત્તરમાં નીલ, શ્વેત અને શૃંગવૃત નામના ત્રણ પર્વત છે. દક્ષિણમાં નિષધ, હેમકૂટ અને હિમાલય પર્વતો છે. આ પ્રકારનું વર્ણન જોવા મળે છે. આ અધ્યાયમાં હજુ વિશદ્ વર્ણન કહ્યું છે.

(૩૬૧) **ભૂમિ વિશેષ વિનિરૂપક:** = ભૂમિનું વિશેષ રીતે નિરૂપણ કરનારા.

પ્રભુ ભૂમિમાં દ્વીપો છે. તેમાં પર્વતો, પ્રદેશો, નદીઓ અને વનો છે. ત્યાં જુદી જુદી પ્રજાઓ અને જાતિઓ વસે છે. તે દરેકનાં આયુષ્ય અને તેમના માપને પ્રમાણપૂર્વક પ્રભુએ નિરૂપિત કર્યાં છે.

શ્રુતિ કહે છે કે આ સર્વ ભૂમંડળ પ્રભુના શરીરના આશ્રયે રહેલું છે. બ્રહ્માજીનું આયુષ્ય મળે તો પણ પરમાત્માના આ વિરાટ સ્વરૂપ ભૂગોળનું યથાર્થ રૂપે જ્ઞાન શક્ય નથી. પ્રભુ જ માત્ર ભૂગોળના યથાર્થ માપને જાણી શકે છે.

જમ્બૂદ્વીપપતિર્મેરુ નાભિપદ્મરુહાશ્રય: ।
નાના વિભૂતિ લીલાઢ્યો, ગંગોત્પત્તિ નિદાન કૃત્ ॥૭૮॥

(૩૬૨) **જમ્બૂદ્વીપપતિ:** = જંબૂ નામના દ્વીપના પતિ–માલિક એવા પ્રભુ.

પાંચમા સ્કન્ધમાં સોળથી વીસ સુધીના અધ્યાયમાં ભૂમિનું વર્ણન છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ તન્માત્રાઓ છે. તે પાંચે ભૂમિમાં છે. ભૂમિમાં પંચ મહાભૂતો છે. ભૂમિ પાંચ પ્રકારની છે. સત્વ, રજ અને તમ એમ ત્રણ અને તેમના મિશ્રણ વાળું સત્વ અને રજ આથી ભૂગોળના પાંચ અધ્યાયો છે. (૧૬ થી ૨૦)

આ પૈકી જમ્બુ દ્વીપમાં ચારે પુરુષાર્થ મળી શકે છે. તેથી ચાર અધ્યાયમાં તે કથા છે. પરીક્ષિતે આગળ વિરાટ પુરુષનું વર્ણન સાંભળ્યું છે. પ્રિયવ્રતે પ્રસિદ્ધ કરેલ ભૂગોળ–વિભાગ સાંભળ્યા છે. આ બધાનાં લક્ષણ અને માપ જણાવવા શુકદેવજીને વિનંતી કરે છે.

જમ્બૂદ્વીપ ભગવાનની કટિ રૂપ પ્રદેશ છે. આ દ્વીપમાં જન્મમાત્રથી ત્યાગ અને અત્યાગનો વિવેક મળે છે. જમ્બૂ શબ્દ સૂચવે છે કે વિકાર રહિત દૈવી સંપત્તિવાળી સૃષ્ટિમાં જન્મનારને જન્મથી જ જ્ઞાન થાય છે. બીજા દ્વીપોમાં કે સ્વર્ગમાં વિકાર રહિત જન્મવાળા પણ ભોગરત બને છે. જમ્બુદ્વીપના દૈવીજીવોને ચાર પુરુષાર્થોનું જ્ઞાન હોય છે. અનેક જ્ઞાની ભક્ત મહાપુરુષો જમ્બુદ્વીપમાં જન્મે છે. અહીં જ્ઞાનની ઉત્તમતા છે. આ દ્વીપમાં સત્વગુણ મુખ્ય છે. પ્રભુ જ આવા દ્વીપના પતિ છે.

(૩૬૩) **મેરુનાભિપદ્મરુહાશ્રય:** = મેરુ પર્વત રૂપ ભગવાન.

જમ્બુદ્વીપ કમલ આકારનો છે. તેનો વિસ્તાર એક લાખ યોજન છે. તેમાં નવ ખંડ આવેલા છે. દરેક ખંડ નવ હજાર યોજનનો છે. વચ્ચેનો ખંડ ઈલાવૃત્ત નામનો છે. તેમાં મેરુ પર્વત આવેલો છે. આ પર્વત એક લાખ યોજનના વિસ્તારવાળો છે. આ પર્વત સોનાનો છે.

મેરુ પર્વતની ચારે તરફ ટેકા જેવા ચાર પર્વતો છે. મંદર, મેરુમંદર, સુપાર્શ્વ અને કુમુદ. મેરુ પર્વત પર બ્રહ્માજી તથા લોકપાલોનાં નગર આવેલાં છે. ઈલાવૃત્ત ખંડના નાભિસ્થાન (મધ્યભાગ)માં કમળની જેમ મેરુ પર્વતનો પ્રાદુર્ભાવ થયો છે. શ્રી ગીતા આજ્ઞા છે કે શિખરવાળા પર્વતોમાં મેરુ હું છું.

(૩૬૪) નાનાવિભૂતિલીલાઢ્યઃ = (૧) જુદા જુદા પ્રકારની વિભૂતિલીલા - લક્ષ્મીના વિલાસોથી આઢ્ય-પૂર્ણ એવા ભગવાન (૨) વિવિધ પ્રકારની વિભૂતિઓ તથા લીલાઓ - ક્રીડાઓથી પરિપૂર્ણ એવા ભગવાન.

આ સ્કન્ધના સોળમા અધ્યાયમાં નંદન, ચૈત્રરથ, વૈભાજક અને સર્વભોભદ્ર વગેરે મોટા મોટા ઉદ્યાનો દર્શાવ્યા છે. અહીં દેવો, યક્ષો અને ગાંધર્વો વગેરેનો પણ ઉલ્લેખ છે. આ બધા ભગવાનની વિભૂતિરૂપ છે. શ્રીગીતાના દસમા વિભૂતિયોગમાં શ્રીકૃષ્ણ કહે છે કે મહર્ષિઓ, સનત્ કુમારો, મનુઓ આ બધા મારા સંકલ્પથી જન્મે છે.

જે મારી વિભૂતિને તત્ત્વથી જાણે છે તેને ભક્તિયોગ મળે છે. વિભૂતિયોગના અંતે શ્રીકૃષ્ણ કહે છે કે જેટલા ઐશ્વર્ય સંપન્ન, શોભાયુક્ત અને શક્તિયુક્ત પદાર્થો છે તે મારી વિભૂતિ યુક્ત છે. મારા તેજના અંશની જ આ અભિવ્યક્તિ છે. આમ જુદી જુદી વિભૂતિઓ - સ્વરૂપો દ્વારા પ્રભુ પોતે જ અનેક પ્રકારની ક્રીડાઓ કરી રહ્યા છે.

(૩૬૫) ગંગોત્પત્તિ નિદાન કૃત્ = ગંગા નદીના ઉત્પત્તિ સ્થાનને કરનારા.

મેરુ પર્વત પર બ્રહ્માજીનું નગર છે. અહીંથી ગંગાજી નીકળ્યાં છે. ગંગાજી ચાર પ્રવાહોમાં વિભક્ત છે. સીતા, ચક્ષુ, ભદ્રા અને અલકનંદા. ગંગાજી સર્વલોકને પાવન કરતાં પધાર્યાં છે. ભગવાન શંકરે ગંગાજીનું સેવન કર્યું છે. કૃતાર્થ થયા છે. વામન અવતારમાં બલિના ત્યાં વિરાટ રૂપ થયા. ચરણ બ્રહ્માંડ ને ભેદી બ્રહ્મલોકમાં પધાર્યું. બ્રહ્માજીએ વામચરણના અંગુષ્ઠનખનું કમંડલુ જલથી પ્રક્ષાલન કર્યું. તે ગંગાજી થયાં.

પ્રભુના ચરણના સંબંધવાળું જળ પ્રભુની કટિ પર પડ્યું. આવું જલ અપવિત્ર છે, છતાં વિશ્વને પાવન કરે છે. આ જળે જમ્બુદ્વીપને ઉત્તમતા આપી છે. જલ આધિભૌતિક છે. પાપનાશક શક્તિ આધ્યાત્મિક છે. દેવીરૂપ ગંગાજી આધિદૈવિક છે. આમ પ્રભુ ગંગાજીના ઉત્પત્તિ સ્થાનને કરનારા છે.

ગંગામાહાત્મ્યહેતુશ્ચગંગારૂપોતિગૂઢકૃત્ ।
વૈકુંઠદેહેત્વમ્બુજન્મકૃત્ સર્વપાવનઃ ॥૭૯॥

(૩૬૬) ગંગામાહાત્મ્ય હેતુઃ = ગંગાના મહિમાના કારણરૂપ

પાંચમા સ્કંધના સત્તરમા અધ્યાયમાં શુકદેવજીએ ગંગાજીનું માહાત્મ્ય કહ્યું છે. રાજા બલિની યજ્ઞશાળામાં યજ્ઞમૂર્તિ ભગવાન પધાર્યા. ત્રણ લોકને માપવા પોતાના પગને ફેલાવ્યો. આ સમયે ડાબા પગના અંગૂઠાના નખથી બ્રહ્માંડ કટાહનો ઉપરનો ભાગ ફાટી ગયો. આ છિદ્રમાં થઈ બ્રહ્માંડથી એક જલધારા બહાર આવી. ચરણકમલને બ્રહ્માજીએ ધોયેલો. આથી આ જલધારામાં કેસર લાગ્યું હતું. આથી તે લાલ થઈ ગઈ. આવી નિર્મલ ધારાનો સ્પર્શ થતાં જ સંસારના બધા પાપ નષ્ટ થઈ જાય છે. આમ છતાં તે હંમેશાં નિર્મળ જ રહે છે. સૌ પ્રથમ તે 'ભગવત્પદી' તરીકે ઓળખાતી.

હજારો યુગ વીતી ગયા. આ ધારા ધ્રુવલોકમાં ઉતરી. ધ્રુવલોકમાં ધ્રુવજી રહે છે. ધ્રુવજી આ જળને પોતાના કુલદેવતાનું ચરણોદક ગણે છે. આ જળને આદરપૂર્વક પોતાના મસ્તકે ચઢાવે છે. આ સમયે ધ્રુવજીમાં પ્રેમાવેશ થાય છે. હૃદય ગદ્ ગદ્ બને છે. આંખોમાંથી નિર્મળ આંસુઓની ધારા વહે છે. શરીરમાં રોમાંચ થાય છે.

સપ્તર્ષિઓ પણ ગંગાજીનો પ્રભાવ જાણે છે. તેઓ તપસ્યાની આત્યન્તિક સિદ્ધિ રૂપે ગંગાજીને આદર આપે છે. પોતાની જટાજૂટ પર ધારણ કરે છે.

અહીંથી ગંગાજી આકાશમાં થઈને ઉતરે છે. ચંદ્ર મંડલને આપ્લાવિત કરે છે. અહીંથી મેરુના શિખર પર બ્રહ્મપુરીમાં આવે છે.

અહીંથી એ સીતા, અલકનંદા, ચક્ષુ અને ભદ્રા નામની ચાર ધારાઓમાં વિભક્ત થઈ જાય છે. અલગ અલગ ચાર દિશાઓમાં વહે છે. છેવટે સમુદ્રને મળી જાય છે. આ નદીમાં સ્નાન કરનારને અશ્વમેધ અને રાજસૂય વગેરે યજ્ઞોનું ફલ મળે છે.

શ્રી ગંગાજીના આ માહાત્મ્યનું કારણ ભગવાન જ છે.

(૩૬૭) ગંગારુપ : = ગંગાજી જેમનું સ્વરૂપ છે એવા પ્રભુ.

ગંગા નદી ભગવાનનું જ સ્વરૂપ છે. શ્રી ગીતાજીના વિભૂતિ યોગમાં શ્રીકૃષ્ણ કહે છે. 'સ્રોતસામસ્મિજાહ્નવી' પ્રવાહી નદીઓમાં જે ગંગા નદી એ મારું સ્વરૂપ છે.

અન્ય સ્થળે પણ કહ્યું છે કે શ્રીકૃષ્ણ પરમાત્મા છે. નિર્ગુણ અને ચિત્ સ્વરૂપ છે. આ પરમાત્મા જ દ્રવરૂપે – ઝરણા રૂપે ગંગાનું જળ છે. આમાં લેશ પણ સંદેહ નથી. આ પ્રમાણેથી સિદ્ધ થયું કે ગંગાજી ભગવાનનું જ સ્વરૂપ છે.

(૩૬૮) અતિગૂઢકૃત્ = બીજાં તીર્થોથી અત્યંત ગૂઢ રીતે ગંગારૂપ તીર્થ પ્રકટ કરનારા.

જે સ્થળે જલનું માહાત્મ્ય છે તે તીર્થ કહેવાય છે. દરેક તીર્થની ઉત્પત્તિ સાથે કોઈક કથા વણાયેલી હોય છે. ગંગાજીની ઉત્પત્તિ ભગવાને કરી છે. બીજા તીર્થો કરતાં ખૂબ રહસ્યમય રીતે કરી છે. જીવોના અતીવ (ઘણાં) ગુપ્ત પાપો પણ ગંગારૂપ તીર્થથી નાશ પામે છે.

(૩૬૯) વૈકુણ્ઠદેહહેત્વમ્બુજન્મકૃત્ = ભગવાનને તેમ જ ભગવાનના વૈકુંઠલોકને પ્રાપ્ત થાય તેવો દેહ થવામાં કારણરૂપ એવાં ગંગાજળને ઉત્પન્ન કરનારા એવા ભગવાન.

શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજીમાં આજ્ઞા કરી છે 'તત્પાદસલિલં યથા.' અહીં શ્રીવલ્લભે શ્રી ગંગાજીના મહિમાનું વર્ણન કર્યું છે. ભગવાનના ચરણારવિંદના જલરૂપ શ્રીગંગાજી પૂર્વકાલમાં કરેલાં પાપોનો વિનાશ કરે છે. ભગવાનની સેવા માટે ઉપયોગી શરીર બનાવે છે. ત્રિલોકમાં નિવાસ કરતાં સર્વ જીવોને પવિત્ર કરે છે. પૂજન કરવાથી બ્રહ્માને, મસ્તકમાં ધારણ કરવાથી શંકરને અને ભૂતળ પર તપ કરવાથી ભગીરથને ગંગાજી પવિત્ર કરે છે. પ્રભુએ જ આવું પવિત્ર ગંગાજલ પ્રકટ કર્યું છે.

(૩૭૦) સર્વ પાવનઃ = સર્વને પવિત્ર કરનારા.

પ્રભુનું ચરણામૃત પ્રભુ સ્વરૂપ જ છે. બ્રહ્મલોકથી આરંભી સર્વ લોકને શ્રીગંગાજી પાવન કરે છે. આ રીતે પ્રભુ જ સર્વને પવિત્ર કરનારા છે.

શિવસ્વામી શિવોપાસ્યો ગૂઢઃ સંકર્ષણાત્મકઃ ।
સ્થાનરક્ષાર્થમત્સ્યાદિરૂપઃ સર્વૈકપૂજિતઃ ॥૮૦॥

(૩૭૧) શિવસ્વામી = (૧) શિવના સ્વામી (૨) શિવ–કલ્યાણ રૂપ એવા સ્વામી ભગવાન ચાર વ્યૂહ (મૂર્તિ) વાળા છે. (૧) વાસુદેવ, (૨) સંકર્ષણ, (૩) પ્રદ્યુમ્ન અને (૪) અનિરુદ્ધ. સંકર્ષણ તરીકે શેષનાગ પણ છે. સંકર્ષણ તમોગુણી મૂર્તિ છે. તેમાંથી સદાશિવ પોતે ઉત્પન્ન થયા છે. આથી શિવજીના સ્વામી પ્રભુ છે.

શિવજી (શંકર) ઈલાવૃત્ત વર્ષમાં રહે છે. અહીં તેઓ એક માત્ર પુરુષ છે. પાર્વતીજીનો શ્રાપ છે કે કોઈ બીજો પુરુષ અહીં આવશે તો તે સ્રીરૂપ થશે. આ શ્રાપ જાણનાર પુરુષ અહીં આવતા નથી. પાર્વતીજીની અનેક દાસીઓ છે. તે બધી શંકરજીની સેવા કરે છે. અને શંકરજી સંકર્ષણનું ધ્યાન કરે છે. મનોમય ચિંતન કરે છે અને મંત્રનું ઉચ્ચારણ કરી સ્તુતિ કરે છે.

ભગવાનનો વિગ્રહ તો શુદ્ધ ચિન્મય જ છે પરંતુ સંહાર વગેરે તામસ કાર્યો માટે સંકર્ષણને તામસ મૂર્તિ કહ્યું છે. આમ કૃષ્ણ શિવજીના સ્વામી છે.

(૩૭૨) શિવોપાસ્યઃ = (૧) શિવના ઉપાસ્ય – ઉપાસના કરવા યોગ્ય પ્રભુ (૨) શિવ–કલ્યાણ પણું હોવાથી ઉપાસના કરવા લાયક પરમાત્મા.

ઈલાવૃત ખંડમાં શિવજી પ્રભુની ઉપાસના કરે છે. સ્તુતિ કરે છે કે શ્રી ભગવાન ઓંકાર સ્વરૂપ છે. તેમને નમસ્કાર. પ્રભુના ચરણકમલ ભક્તોનું આશ્રય સ્થાન છે. સંપૂર્ણ ઐશ્વર્ય પ્રભુના આશરે રહે છે. પ્રભુ ભક્તો આગળ પોતાના સ્વરૂપને પ્રકટ કરી દે છે. પણ અભક્તોને બંધનમાં નાંખે છે. પ્રભુ આપ જ સર્વેશ્વર છો. પ્રભુ પર માયિક વિષયો અને ચિત્તની વૃત્તિઓનો પ્રભાવ પડતો નથી. પ્રભુ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે, પણ આ વિકારો તેમનામાં નથી તેથી તે અનંત છે. સંકર્ષણ (શેષજી)ના સહસ્ર મસ્તકો ઉપર પૃથ્વી સરસવના દાણા જેવી લાગે છે. બ્રહ્માજી પણ ભગવાનનું જ સ્વરૂપ છે. બધા જ ભગવાનની ક્રિયા શક્તિને વશ છે. આપની માયાથી મુક્ત થવાનું સુગમ નથી.

શંકરજી વારંવાર પ્રભુને નમસ્કાર કરીને આ રીતે ઉપાસના કરે છે.

(૩૭૩) ગૂઢઃ = ગુપ્ત એવા ભગવાન.

ભગવાનનું સ્વરૂપ અને માહાત્મ્ય ગૂઢ છે. પ્રભુ એ સ્થાનમાં બિરાજે છે કે સર્વ પુરુષોથી જોઈ શકાતા નથી. બ્રહ્મા, દેવો, નારદજી અને સનકાદિ મુનિઓ આ પ્રભુનું વારંવાર આરાધન કરે છે, છતાં તે પ્રભુને જાણી શકતા નથી.

રસખાનજી કહે છે ***'નારદ સે શુક વ્યાસ રટે પચી હારે તોઉ પાર ન પાવે.'*** નંદદાસજી પણ ગાય છે 'જાકો વેદ રટત, બ્રહ્મા રટત, શંભુ રટત, શેષ રટત । નારદ શુક વ્યાસ રટત પાવત નહીં પાર રી ॥'

(૩૭૪) સંકર્ષણાત્મકઃ = સર્વનું આકર્ષણ કરનાર સંહારમૂર્તિરૂપ પ્રભુ.

સંકર્ષણ સ્વરૂપે પ્રભુ ઈલાવૃત્ત ખંડમાં વસનારા છે. જ્યારે જગતના સંહારનો સમય થાય ત્યારે સંકર્ષણજીના ભ્રુકુટિમંડળમાંથી કાલાગ્નિરુદ્ર પ્રગટ થાય છે. આ સમગ્ર વિશ્વનો નાશ કરે છે. સંહાર તમો સ્વરૂપનો ધર્મ છે. ભગવાનના ચાર વ્યૂહો છે. તેમાં જગતનો પ્રલય કરનાર તમોમય સંકર્ષણ સ્વરૂપ આપ છે.

(૩૭૫) સ્થાનરક્ષાર્થમત્સ્યાદિરૂપઃ = સ્થાનોનું રક્ષણ કરવા મત્સ્ય વગેરે સ્વરૂપે જે તે સ્થાનમાં સ્થિતિ કરનારા.

સ્થાન એટલે દ્વીપ, ખંડ અને વર્ષ. તેનું રક્ષણ કરવા પ્રભુ મત્સ્ય વગેરે રૂપો ધારણ કરે છે. તે સ્વરૂપે ત્યાંની પ્રજાઓનું પાલન કરે છે. રક્ષણ કરે છે.

દા.ત. રમ્યક ખંડમાં મનુ સાથે વસનારી પ્રજા ભગવાન મત્સ્યને આરાધે છે. હિરણ્મય ખંડમાં અર્યમા ભગવાન કૂર્મનું આરાધન કરે છે.

(૩૭૬) સર્વૈકપૂજિતઃ =(૧) સર્વજનોથી એક રૂપે પૂજન કરાતા (૨) સર્વભક્તોને એક જ સેવન પૂજન કરવા યોગ્ય.

ઉપાસનાના જુદા જુદા ભેદ છે. ઉપાસકોના પણ જુદા જુદા ભેદ છે. આથી પ્રભુ જુદા જુદા જણાય છે. વાસ્તવમાં તે એક જ છે. શ્રી ગીતા આજ્ઞા છે કે 'જે જે ભક્તજન જેવા જેવા મારા સ્વરૂપને શ્રદ્ધાપૂર્વક અર્ચન કરવાની ઈચ્છા કરે છે, તે તે ભક્તજનને તેવા તેવા સ્વરૂપમાં હું અચલ શ્રદ્ધા ધારણ કરાવું છું.'

ઉપાસ્યનાનારૂપાત્મા જ્યોતિરૂપોગતિપ્રદઃ ।
સૂર્યનારાયણો વેદકાન્તિરુજ્જ્વલ વેશધૃક્ ॥૮૧॥

(૩૭૭) ઉપાસ્યનાનારૂપાત્મા = ઉપાસના કરવા યોગ્ય જુદા જુદા અવતારો જેમના છે તેવા.

જુદા જુદા દ્વીપમાં અને ખંડમાં વસતા જુદા જુદા જનો જુદા જુદા સ્વરૂપોનું આરાધન કરે છે. ભદ્રાશ્વખંડમાં ભદ્રશ્રવા અને લોકો ભગવાન હયગ્રીવનું આરાધન કરે છે. હરિવર્ષખંડમાં પ્રહલાદજી સાથે ત્યાંની પ્રજા નૃસિંહ ભગવાનનું આરાધન કરે છે. કેતુમાલખંડમાં લક્ષ્મીજી પ્રદ્યુમ્નનું આરાધન કરે છે. રમ્યક ખંડમાં મનુ સાથે વસતી પ્રજા મત્સ્ય ભગવાનનું આરાધન કરે છે. હિરણ્મય ખંડમાં અર્યમા કૂર્મ ભગવાનનું આરાધન કરે છે. ઉત્તરકુરુખંડમાં પૃથ્વીદેવી વરાહ ભગવાનનું આરાધન કરે છે. આ જ રીતે શાલ્મદ્વીપમાં ચંદ્રનું, કુશદ્વીપમાં અગ્નિનું, ક્રૌંચ દ્વીપમાં વરુણનું, શાકદ્વીપમાં વાયુદેવનું આરાધન થાય છે. આ બધા જુદા જુદા અવતારો રૂપે કૃષ્ણ જ છે.

(૩૭૮) જ્યોતિરૂપઃ = તેજ સ્વરૂપી સૂર્યરૂપ પ્રભુ.

સૂર્ય જ્યોતિરૂપે છે. જ્યોતિરૂપે અને સૂર્ય રૂપે પરમાત્મા જ છે. શ્રીગીતાજીના વિભૂતિ યોગમાં શ્રીકૃષ્ણ કહે છે કે 'જ્યોતિષાં રવિરંશુમાન્' - તેજસ્વી સ્વરૂપોમાં જે સૂર્ય છે તે હું છું. આ નામથી હવે સૂર્યસ્વરૂપી પુરુષોત્તમનાં નામ જણાવે છે.

(૩૭૯) ગતિપ્રદઃ = ગતિથી શુભ અશુભ ફલ આપનારા ભગવાન.

સૂર્યની ગતિ અને તેના પરિણામનું નિરૂપણ એકવીસમાં અધ્યાયમાં છે. ઉંચે ચઢતા સૂર્યની ગતિ મંદ હોય છે. ઉતરતા ગતિ શીઘ્ર બને અને સમાન સ્થલમાં સમાન હોય છે. આના કારણે રાત્રિ-દિવસ નાના મોટા થાય છે. સૂર્યના ભ્રમણ માર્ગમાં રહેલ વાયુ એક સરખો નથી હોતો. આથી ગતિ બદલાય છે. સૂર્યગતિના ભેદથી ઉત્તરાયણ અને દક્ષિણાયન સંજ્ઞા છે. સૂર્ય, મેષ અને તુલા રાશિમાં હોય ત્યારે દિવસ રાત સરખાં હોય છે. વૃષભ, મિથુન, કર્ક, સિંહ

અને કન્યા રાશિમાં સૂર્ય હોય ત્યારે દિવસ મોટો અને રાત્રિ ઘટે. જ્યારે વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન રાશિમાં સૂર્ય આવે ત્યારે દિવસ ઘટે અને રાત્રિ વધે. દક્ષિણાયન શરૂ થતાં સુધી દિવસ વધે છે. ઉત્તરાયણ ન થાય ત્યાં સુધી રાત્રિ વધે છે.

મેષ રાશિમાં સૂર્ય આવે ત્યારે દેવોનો સૂર્યોદય થાય, કર્કમાં મધ્યાહ્ન, તુલામાં સાયંકાલ અને મકર આવતાં મધ્યરાત્રિ થાય છે. આ ગતિ અનુસાર શુભ અશુભ ફલ થાય છે.

(૩૮૦) સૂર્યનારાયણઃ = સૂર્યમંડળના મધ્યમાં રહેલા નારાયણ રૂપ પ્રભુ.

ભગવાનના વિરાટ સ્વરૂપનું ધ્યાન કરીએ તો કટિ ઉપર સોનાની મેખલાના મણિ જેવો સૂર્ય લાગે છે. અચેતન બ્રહ્માંડમાં સૂર્યે વિરાટ સ્વરૂપે પ્રવેશ કર્યો. બ્રહ્માંડને જીવાડ્યું. કાર્ય કરવાનું સામર્થ્ય આપ્યું તેથી સૂર્યને માર્તણ્ડ કહે છે.

ભગવાન સૂર્ય નારાયણ વેદમય રથમાં બિરાજે છે. આ રથ ચારે બાજુ ઘૂમતો રહે છે. આ રથમાં બેસવાનું સ્થાન છે. અરૂણ નામના સારથિ છે. તેમણે સપ્ત ઘોડા રથને જોડ્યા છે. આ ઘોડા જ રથમાં બિરાજેલ ભગવાન સૂર્યનારાયણને લઈને ચાલે છે.

વાલખિલ્ય વગેરે સાઈઠ હજાર ઋષિઓ સ્વસ્તિ વાચન કરે છે. સ્તુતિ કરે છે. આદિપુરુષ ભગવાન નારાયણ જ સૂર્ય સ્વરૂપે સર્વલોકનું સદા કલ્યાણ કરે છે. તે માટે વસંત વગેરે ઋતુઓ ધારણ કરે છે.

(૩૮૧) વેદકાન્તિઃ = ત્રણ વેદ જેમની કાંતિ છે એવા પરમાત્મા -

ત્રણ વેદ છે. ઋગ્, યજુઃ અને સામ. ત્રણે વેદ ભગવાન સૂર્યનારાયણનું યજન કરે છે. સૂર્યનારાયણની કાંતિરૂપ આ વેદો છે. વેદત્રયી રૂપ જ ભગવાન સૂર્યનારાયણ છે. શ્રુતિ ભગવતી કહે છે કે પ્રથમ પ્રહરમાં સૂર્ય ઋગ્વેદ વડે આકાશમાં ગતિ કરે છે. મધ્યાહ્ન સમયે યજુર્વેદથી સ્થિતિ કરે છે અને સાંજે સામવેદ વડે અસ્તંગત થાય છે. આમ ત્રણ વેદો સહિત જ હંમેશાં સૂર્યગતિ કરે છે.

(૩૮૨) ઉજ્જવલ વેશધૃક્ = પ્રકાશમાન સ્વરૂપને ધારણ કરનારા.

ભૂલોકના માપ (પરિમાણ) થી દ્યુલોકનું માપ જાણી શકાય છે. આ બંને લોક વચ્ચે અંતરિક્ષ છે. તે સંધિસ્થાન છે. તેના મધ્યભાગમાં સૂર્ય છે. તે ગ્રહો અને નક્ષત્રોના અધિપતિ છે. ભગવાન સૂર્ય પોતાના તાપ અને પ્રકાશથી ત્રણે લોકને તપાવે છે. પ્રકાશિત કરે છે. આવું પ્રકાશિત સ્વરૂપ ધારણ કરનારા સર્વરૂપ ભગવાન છે.

હંસોન્તરિક્ષગમનઃ સર્વપ્રસવકારણમ્ ।
આનંદકર્તા વસુદો બુધો વાકપતિરૂજ્જ્વલઃ ।।૮૨।।

(૩૮૩) હંસઃ = (૧) નિરંતર પર્યટન કરનાર (૨) આયુષ્યનો ક્ષય કરી સર્વનો નાશ કરનાર સૂર્યરૂપી પરમાત્મા.

સૂર્યનું એક નામ વેદમાં 'હંસ' નામે પ્રસિદ્ધ છે. આ નામ સૂર્યનારાયણ માટે છે. પરીક્ષિતજીએ શુકદેવજીને પૂછ્યું, 'સૂર્ય, જ્યોતિશ્ચક સાથે ફરે ત્યારે મેરુ તથા ધ્રુવને પોતાની જમણી તરફ રાખીને ફરે અને રાશિઓમાં ફરે ત્યારે મેરુ તથા ધ્રુવને ડાબી તરફ રાખીને ફરે છે. આવું કઈ રીતે સમજવું ?

શુકદેવજી સમજાવે છે. 'કુંભારનો ચાકડો ગોળ ફરતો હોય, છતાં તેની ઉપર ચાલતી કીડીની ગતિ ભિન્ન હોઈ શકે છે. તેમ આ બંને ભિન્ન ગતિ સંભવે છે.'

ભગવાન સૂર્ય સમ્પૂર્ણ લોકોનો આત્મા છે. સૂર્યના ઉદય અને અસ્ત થવાથી જ જગતમાં કાળની ગણત્રી થાય છે. શ્રુતિ ભગવતી જણાવે છે કે સૂર્ય આયુષ્યનો ક્ષય કરે છે. આવા હંસ રૂપી ભગવાન છે.

(૩૮૪) અંતરિક્ષ ગમનઃ = અંતરિક્ષમાંથી જ ગમન કરનાર સૂર્ય પ્રભુ.

સૂર્ય અંતરીક્ષમાં કાલચક્રમાં ભ્રમણ કરે છે. સમગ્ર આકાશમાં ભ્રમણ કરતાં તેને ૩૬૦ દિવસ લાગે છે. સૂર્યનાં બાર સ્વરૂપ છે. તેનાથી જ્યોતિશ્ચક્રને ફેરવતાં દિવસ,ઋતુ, મારુ અને અયન તથા વર્ષનો ભોગ કરે છે સૂર્યની ગતિ (શક્તિ) પાંચ પ્રકારે સંભવે છે. શીઘ્ર, મંદ, શીઘ્ર મધ્યમ, મંદ મધ્યમ અને

મધ્યમ. આ પાંચ પ્રકારથી પાંચ પ્રકારનાં વર્ષ થાય છે. (૧) સંવત્સર (૨) પરિવત્સર (૩) ઈડાવત્સર (૪) અનુવત્સર અને વત્સર.

(૩૮૫) સર્વ પ્રસવ કારણમ્ = સર્વને પ્રેરણા કરનારા (સર્વની ઉત્પત્તિ કરનારા)

સૂર્ય ભગવદ્રૂપ છે. તે સ્વરૂપે તે સર્વની ઉત્પત્તિ કરે છે. પ્રાણીમાત્રને ગતિ આપે છે. શ્રુતિ ભગવતી કહે છે કે 'પ્રેરણા કરનારમાં મુખ્ય સવિતા-સૂર્યનારાયણ છે. સૂર્ય સવિતા છે. સવિતા શબ્દમાં 'સૃ' ધાતુ છે. તેનો અર્થ ઉત્પન્ન કરવું એવો થાય – આમ સચરાચર સૃષ્ટિના આવિર્ભાવનું કારણ સૂર્ય છે. સૂર્ય ભગવાન બુદ્ધિદાતા છે. ગાયત્રી મંત્રમાં તે સ્પષ્ટ કર્યું છે.'

અહીં સૂર્યનાં નામો સંપન્ન થયા. હવે ચંદ્ર વગેરે ગ્રહોરૂપ પ્રભુના નામો જણાવે છે.

(૩૮૬) આનંદકર્તા = આનંદ પ્રકટ કરનારા ચંદ્ર રૂપ ભગવાન.

સૂર્યના કિરણોથી લાખ યોજન ઉપર ચંદ્રમા છે. તેની ચાલ ખૂબ જ તેજ છે. આથી તે બધા નક્ષત્રોથી આગળ રહે છે. તે સૂર્યના એક વર્ષના માર્ગને એક માસમાં, એક માસના માર્ગને સવા બે દિવસોમાં અને એક પક્ષના માર્ગને એક દિવસમાં લય કરી લે છે. કૃષ્ણ પક્ષમાં તે ક્ષીણ થાય છે. આ વખતે તેની કલાઓથી પિતૃગણના દિવસ રાત વિભાગ થાય છે. શુક્લપક્ષમાં તેની કલાઓ વધે છે. તેનાથી દેવતાઓના દિવસ અને રાત વિભાગ થાય છે. ત્રીસ મુહૂર્તમાં એક નક્ષત્રને પાર કરે છે.

ચંદ્ર અન્નમય અને અમૃતમય છે. આથી સમસ્ત જીવોના પ્રાણ અને જીવન છે. તે દેવતા, પિતર, મનુષ્ય, ભૂત, પશુ, પક્ષી, સરીસૃપ તથા વૃક્ષ વગેરે સમસ્ત પ્રાણીઓનાં પ્રાણોનું પોષણ કરે છે. આથી તે સર્વમય છે. અમૃત અને શીતલતા રૂપી આનંદ આપનારા ચંદ્ર રૂપ શ્રીકૃષ્ણ ભગવાન છે.

(૩૮૭) વસુદઃ = ધન ધાન્યને આપનાર અને નષ્ટ કરનાર મંગલ ગ્રહ રૂપ ભગવાન.

બુધના ગ્રહથી ૨ લાખ યોજન ઉપર મંગલ છે. તે વક્રગતિથી ન ચાલે તો એક એક રાશિને ત્રણ-ત્રણ પક્ષમાં ભોગવે છે. આ રીતે બાર રાશિઓને પાર કરે છે. આ અશુભ ગ્રહ છે. પ્રાયઃ અમંગલનું સૂચક છે.

જન્મ સમયે મંગલ અગિયારમાં ભુવનમાં હોય તો તે ધન ધાન્યને આપે છે પણ એ સ્વભાવે ક્રૂર હોવાથી અયોગ્ય સ્થાને હોય તો ધન ધાન્યને નષ્ટ કરે છે. મંગલ ગ્રહ રૂપ ફલ આપનારા પ્રભુ જ છે.

(૩૮૮) બુધઃ = સર્વ વસ્તુઓને જાણનાર બુધ ગ્રહ રૂપ પરમાત્મા.

બુધ ગ્રહ શુક્રના ગ્રહથી બે લાખ યોજન ઉપર છે. ઘણું કરી તે મંગલકારી છે. જ્યારે તે સૂર્યની ગતિનું ઉલ્લંઘન કરે ત્યારે આંધી, વાદળ, દુષ્કાળની સૂચના કરે છે. બુદ્ધિવાનોમાં શ્રેષ્ઠ બુધ રૂપ શ્રીકૃષ્ણ છે.

(૩૮૯) વાક્પતિઃ = વાણીના પતિ બૃહસ્પતિ

મંગળની ઉપર બેલાખ યોજનના અંતરે ભગવાન બૃહસ્પતિ છે. એક એક રાશીને એક વર્ષમાં ભોગવે છે. બ્રાહ્મણ કૂળને ઘણું કરી અનુકૂલ રહે છે. ગુરૂ ગ્રહ રૂપ ભગવાન શ્રીકૃષ્ણ છે.

(૩૯૦) ઉજ્જવલઃ = શુભ એવા શુક્ર ગ્રહ રૂપી પ્રભુ

અભિજીત વગેરે નક્ષત્રોથી ૨ લાખ યોજન ઉપર શુક્ર ગ્રહ છે. વરસાદ લાવનાર ગ્રહ છે. પ્રાયઃ બધાને અનુકૂળ રહે છે. શુક્ર શ્વેત સ્વરૂપે પ્રકાશે છે. આથી તેને ઉજ્જવલ-શુભ કહે છે.

આ ગ્રહ વરસાદ રોકનારા ગ્રહોને શાંત કરે છે. સૂર્યની ગતિ અનુસાર સૂર્ય સમાન ગતિ તો કોઈવાર આગળ અને કોઈ વાર પાછળ ગતિ કરી સૂર્ય સામે ચાલે છે.

કાલાત્મા કાલ કાલશ્ચ કાલચ્છેદ કૃદુત્તમઃ ।
શિશુમારઃ સર્વમૂર્તિરાધિ દૈવિક રૂપધૃક્ ।।૮૩।।

(૩૯૧) કાલાત્મા = (૧) શ્યામ જેમનો આત્મા સ્વરૂપ છે એવા (૨) કાળ જેવા શનિગ્રહ રૂપ ભગવાન

બૃહસ્પતિથી બે લાખ યોજન ઉપર શનૈશ્ચર દેખાય છે. ત્રીસ મહિના સુધી એક રાશિમાં રહે છે. આથી બધી રાશિઓ પાર કરતાં તીસ વર્ષ લાગી જાય છે. શનિગ્રહનો રંગ શ્યામ છે, તેથી કાળા સ્વરૂપવાળા છે. તે બધાને ખાસ કરીને પીડા કરનારા છે, આથી તેમને કાલાત્મા કહે છે.

(૩૯૨) કાલકાલઃ = કાળમાં પણ વિશેષ કાળા રંગવાળા રાહુ ગ્રહ રૂપી ઈશ્વર.

કેટલાક લોકોનું કહેવું છે કે સૂર્યથી દસ હજાર યોજન નીચે રાહુ નક્ષત્રોની જેમ ઘૂમે છે. તેને ભગવદ્ કૃપાથી જ દેવત્વ અને ગ્રહત્વ પ્રાપ્ત થયું છે. રાહુ સિંહિનો પુત્ર છે. આથી અસુર અને અધમ છે. રાહુનો વિસ્તાર તેર હજાર યોજન છે. તેનો રંગ કાળામાં પણ વિશેષ કાળા રંગનો છે. પ્રભુ સંસાર નાટક ભજવવા વિવિધ સ્વરૂપે ક્રીડા કરે છે.

(૩૯૩) કાલચ્છેદકૃત્ = કાલ રાહુને છેદી, બે ભાગ કરી તેના દેહથી કેતુ નામના ગ્રહને કરનાર પરમાત્મા.

દેવો અને દાનવોએ સમુદ્ર મંથન કર્યું. તેમાંથી અમૃત પણ પ્રકટ થયું. મોહિની ભગવાને દેવોને અમૃત પાન કરાવવાની શરૂઆત કરી. આ સમયે રાહુએ દેવતાઓનો વેષ પહેરી લીધો. સૂર્ય અને ચંદ્રમાની વચ્ચે આવીને બેસી ગયો. સૂર્ય અને ચંદ્રએ તેનો ભેદ ખોલી દીધો. વિષ્ણુએ ચક્રથી રાહુનો શિરચ્છેદ કર્યો. તેના દેહના બે ભાગ કર્યા. અમૃતપાન કરેલ હતું. આથી મસ્તક અને ધડ એવા બે ભાગ થયા. પ્રભુકૃપાથી ધડનો કેતુ ગ્રહ બન્યો. મસ્તક રાહુ ગ્રહ બન્યો.

રાહુએ સૂર્ય અને ચંદ્રથી વેર રાખ્યું. આથી અમાસ અને પૂર્ણિમાના દિવસે તે આ બંને પર આક્રમણ કરે છે. પ્રભુએ આ જોયું. સૂર્ય અને ચંદ્રની રક્ષા માટે સુદર્શન ચક્રને રાખ્યું. આ ચક્ર નિરંતર ઘૂમ્યા કરે છે. રાહુ આ ચક્રના તેજથી ઉદ્વિગ્ન બને છે. ચકચકિત થઈ જાય છે. આથી એક મુહૂર્ત જેટલું સામે ટકીને તરત પાછો ફરી જાય છે. આ સામે ટકવાની ઘટના 'ગ્રહણ' તરીકે ઓળખાય છે.

અહીં નવ ગ્રહોના નામ પૂરાં થયાં.

(૩૯૪) ઉત્તમઃ = સર્વથી ઘણા જ ઊંચા એવા શિશુમાર અગ્રરૂપ પ્રભુ.

ઉત્તમ શબ્દની વ્યુત્પત્તિ - ઉદ્+તમઃ - સર્વથી ઉપર. સર્વથી શ્રેષ્ઠ શિશુમાર ચક્ર સર્વ ગ્રહોના મંડળોથી પણ ઊંચુ છે. માટે તેને ઉત્તમ-અત્યંત ઊંચુ સ્થાન એમ કહે છે. આ ચક્રરૂપે પ્રભુ જ છે.

(૩૯૫) શિશુમારઃ = શિશુમાર નામના ચક્રરૂપ પરમેશ્વર.

સપ્તર્ષિથી તેર લાખ યોજનના અંતરે ધ્રુવસ્થાન છે. ધ્રુવજી અહીં બિરાજે છે. તે વિષ્ણુના પરમ પદ તરીકે પણ ઓળખાય છે. ધ્રુવજી શિશુમાર ચક્રની અંદર તેના પુચ્છ સ્થાનમાં છે. જળમાં શિશુમાર જેવા જંતુઓ રહે છે. શિશુમારના પુચ્છનો ભાગ આના જેવો હોવાથી તે સ્થાન શિશુમાર ચક્ર કહેવાય છે. શિશુમાર ચક્ર આખું બેઠેલા બળદના આકારનું છે. ભગવાન શિશુમારના આધારથી તારા વગેરે આકાશમાંથી પડતા નથી. કોઈ કોઈ લોકો જ્યોતિશ્ચક્રને શિશુમારના રૂપમાં વર્ણવે છે. આ શિશુમાર કુંડલી નીચે મુખ રાખીને રહે છે. તેની પૂંછડીના ભાગે ધ્રુવ છે. પૂંછડીના મધ્ય ભાગમાં પ્રજાપતિ, અગ્નિ, ઈન્દ્ર અને ધર્મ છે. પૂંછની જડમાં ધાતા અને વિધાતા છે. તેના કટિ પ્રદેશમાં સપ્તર્ષિ છે. શિશુમાર ચક્રનું મોં નીચે છે. આ રીતે તે પૃથ્વીને સુખ આપે છે. આ ચક્રનું ધ્યાન યોગીઓ કરે છે.

(૩૯૬) સર્વમૂર્તિઃ = સર્વની અર્થાત્ ધર્મ, બ્રહ્મા વગેરેની જેમાં મૂર્તિઓ - સ્વરૂપો છે, એવા પ્રભુ.

ઉપરના નામમાં ચક્રમાં જુદા જુદા ભાગોમાં વસેલા દેવતાઓનું વર્ણન જોયું. આમ શિશુમાર ચક્રના દરેક અંગમાં દેવો નક્ષત્રો વગેરે હોવાથી તે સર્વમૂર્તિરૂપ છે.

(૩૯૭) આધિદૈવિકરૂપધૃક્ = આધિદૈવિક રૂપને ધારણ કરનારા.

શિશુમાર ચક્રમાં સર્વ દેવતાઓ, ગ્રહો, તારા વગેરે આધિદૈવિક સ્વરૂપે નિવાસ કરે છે. શિશુમારને પ્રણામ કરનારનાં અગર તેનું સ્મરણ કરનારનાં બધાં પાપો તરત નાશ પામે છે. ૨ ૩મા અધ્યાયમાં નવમો શ્લોક ફલશ્રુતિનો છે.

અહીં 'આધિદૈવિક' એવું લક્ષણ દર્શાવ્યું છે. ધ્રુવ વૈકુંઠ અથવા શિશુમાર ચક્ર એ એક જ વસ્તુનાં નામ છે.

અનન્ત સુખ ભોગાઢ્યો વિવરૈશ્વર્યભાજનમ્ ।
સંકર્ષણો દૈત્યપતિઃ સર્વાધારો બૃહદ્વપુઃ ॥૮૪॥

(૩૯૮) અનન્તસુખ ભોગાઢ્યઃ = અંત આવે નહીં તેવા પુષ્કળ સુખના ભોગ વડે સમૃદ્ધ.

ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર સુખના ભોગ કર્તા છે. આ ભોગ પુષ્કળ છે. તેનો અંત આવે તેમ નથી. આવા ભોગની સમૃદ્ધિવાળા શ્રીકૃષ્ણ છે. અનંત ભોગથી પરિપૂર્ણ ભગવાન શ્રીકૃષ્ણ છે.

(૩૯૯) વિવેરૈશ્વર્ય ભાજનમ્ = (૧) સાતે લોકના ઐશ્વર્યને ભોગવનાર (૨) સપ્તલોકના ઐશ્વર્યના આશ્રયરૂપ પ્રભુ.

ભૂમિની નીચે વિવર છે. વિવર એટલે છેદ (૨) ખાલી જગ્યા (૩) નિર્જન સ્થળ (૪) દોષ અને (૫) પાતાળ – અહીં વિવર એટલે પાતાળના અર્થમાં છે. સાત પાતાળ છે. (૧) અતલ (૨) વિતલ (૩) સુતલ (૪) તલાતલ (૫) મહાતલ (૬) રસાતલ અને (૭) પાતાલ. આ બધાની ભૂગર્ભ સ્થિતિ છે. એકની નીચે એક દસ હજાર યોજનના અંતરે આ પાતાલો આવેલા છે. પ્રત્યેકની લંબાઈ અને પહોળાઈ દસ હજાર યોજન છે.

ચોવીસમા અધ્યાયના આઠમા શ્લોક પ્રમાણે આ વિવરો એક પ્રકારના સ્વર્ગ જ છે. એમાં સ્વર્ગથી પણ અધિક વિષયભોગ, ઐશ્વર્ય, આનંદ, સંતાન સુખ અને ધનસંપત્તિ છે. આ લોકોમાં માયાવી મયદાનવે બનાવેલી અનેક નગરીઓ છે. તેની શોભા ઝગમગે છે. અહીં ભવન, નગર દ્વાર, મંદિર, ઘરો વગેરે શ્રેષ્ઠ મણિઓથી રચાયા છે. આ બધા ઐશ્વર્યનો ભોગ પ્રભુ જ કરે છે. સપ્તલોકનાં ઐશ્વર્યો ભગવાનના આશ્રય સિવાય મળી શકતા નથી. આમ પ્રભુ જ આ સાત બિલ અથવા લોક અથવા વિવરના આશ્રયરૂપ છે.

(૪૦૦) સંકર્ષણઃ = સર્વેને આકર્ષણ કરનાર, સારી રીતે સર્વને એકત્ર કરનાર.

પાતાળ લોકની નીચે ભગવાનની તામસી નિત્ય કલા છે. પાતાળ લોકથી તે ત્રીસ હજાર યોજન દૂર છે. તે અનંત નામથી વિખ્યાત છે. આ અહંકારરૂપા છે. તેથી દૃષ્ટા અને દૃશ્યને ખેંચીને એક કરી દે છે. આ કારણથી પાંચરાત્ર આગમના અનુયાયી ભક્તજન તેને સંકર્ષણ કહે છે.

(૪૦૧) દૈત્યપતિઃ = દૈત્યોના પતિ-સ્વામી

સંકર્ષણ – શેષ પરમાત્માનું સંહારાત્મક તામસ સ્વરૂપ છે. દૈત્યો તમોમય પ્રકૃતિવાળા છે. આથી સંકર્ષણ દૈત્યોના પતિ કહેવાય છે. પ્રલયકાળ આવતાં તેમને વિશ્વના સંહારની ઈચ્છા થાય છે. આ વખતે તેમની સુંદર ભ્રુકુટિઓ ક્રોધવશ બને છે. તેના મધ્ય ભાગમાંથી સંકર્ષણ નામના રુદ્ર પ્રગટે છે.

(૪૦૨) સર્વાધારઃ = સર્વના આધારરૂપ

સંકર્ષણજીનું નામ અનંત પણ છે. તેમને એક હજાર મસ્તક છે. એ પૈકીના એક મસ્તક ઉપર સમગ્ર ભૂમંડળ રહ્યું છે. તે ભૂમંડળ શેષજીના મસ્તક પર સરસવના દાણા સમાન દેખાય છે. આમ અનન્ત મૂર્તિ ભગવાન સર્વના આશ્રય રૂપ છે. આધારરૂપ છે.

(૪૦૩) બૃહદ્વપુઃ = જેમનું વપુ ઘણું મોટું છે તેવા સંકર્ષણ પ્રભુ.

વપુ એટલે શરીર. બૃહદ્ એટલે વિશાળ. સંકર્ષણજીના હજાર મસ્તક છે. તે પૈકીના એક મસ્તકે પૃથ્વી રહે છે. તે પૃથ્વી સરસવના દાણાના રૂપની દેખાય છે. તો સંકર્ષણજીનું વપુ-શરીર કેટલું બધું મોટું હોય ?

દેવતા, અસુર, નાગ, સિદ્ધ, ગંધર્વ, વિદ્યાધર અને મુનિગણ ભગવાન અનન્તનું ધ્યાન કરે છે.

નારદજી પણ સ્તુતિ કરતાં કહે છે કે સંકર્ષણજી એકલા જ છે. છતાં જુદા જુદા પ્રપંચ (જગત)ને પોતાનામાં ધારણ કરે છે.

સંકર્ષણજીનો પ્રભાવ અસીમ છે. તેઓ રસાતલના મૂળમાં સ્થિતિ કરે છે. બધા લોકની સ્થિતિ લીલામાત્રથી પૃથ્વીને ધારણ કરે છે.

અનન્તનરકચ્છેદી સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ।
સર્વાનુગ્રહકર્તા ચ .... ॥૮૫॥

(૪૦૪) અનન્તનરકચ્છેદી = સંહાર સમયે અનેક મનુષ્યોનાં મસ્તકોને છેદનાર (૨) સ્મરણ કરતાં અનેક મનુષ્યોની નરક યાતનાનો નાશ કરનાર શ્રીપૂર્ણ પુરુષોત્તમ.

પંચમ સ્કન્ધના છેલ્લા છવ્વીસમા અધ્યાયમાં નરકોનું વર્ણન છે. નિષિદ્ધ કર્મો કરનારને હજારો પ્રકારની નરકની ગતિ પ્રાપ્ત થાય છે. નિષિદ્ધ કર્મ એટલે ધર્મશાસ્ત્રોએ જે કર્મો કરવાનો નિષેધ કર્યો છે તેવાં કર્મો. આ નરકો ત્રિલોકની અંદર જ છે. દક્ષિણ દિશામાં પૃથ્વીની નીચે જલની ઉપર તે આવેલ છે. યમ ભગવાન અહીં સેવકો સાથે રહે છે. ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે. મૃત પ્રાણીઓને યમદૂતો અહીં લાવે છે. દરેકના કર્મ અનુસાર દંડ દે છે. દુષ્કર્મો કરનારને પાપનું ફલ નરક યાતના આપે છે. અઠ્ઠાવીસ પ્રકારના નરકોનું વર્ણન અહીં છે. જુદા જુદા દુષ્કર્મો માટે જુદા જુદા નરક નક્કી કર્યાં છે.

નરક પ્રકાર	**દુષ્કર્મ પ્રકાર**
(૧) તામિસ્ર	બીજાનું ધન, સંતાન, સ્ત્રી હરણ
(૨) અન્ધ તામિસ્ર	ધોખો આપી પર સ્ત્રી સંબંધ
(૩) રૌરવ	બીજા પ્રાણીઓનો દ્રોહ. હું જ સર્વ છું એમ માનવું
(૪) મહા રૌરવ	કોઈની પરવા વગર માત્ર પોતાના જ શરીરને પોષે
(૫) કુંભીપાક	હૃદયહીન, રાક્ષસોથી પણ ગયેલા
(૬) કાલસૂત્ર	માતાપિતા, વેદનો વિરોધ કરનારા
(૭) અસિપત્રવન	પાખંડ ધર્મોનો આશ્રય કરનારા
(૮) સુકરમુખ	નિરપરાધ મનુષ્યને દંડનારા રાજા કે કર્મચારી
(૯) અન્ધકૂળ	માંકડ વગેરેની જીવહત્યા
(૧૦) કૃમિભોજન	બીજાને આપ્યા વગર સ્વયં ખાવું
(૧૧) સન્દંશ	બીજાના સુવર્ણ અને રત્નોનું હરણ
(૧૨) તપ્તસૂર્મિ	વ્યભિચારી પુરુષો અને સ્ત્રીઓ
(૧૩) વજ્રકંટક,શાલ્મલી	પશુઓ સાથે વ્યભિચાર
(૧૪) વૈતરણી નદી	શ્રેષ્ઠ કુલમાં જન્મી ધર્મમર્યાદાનો ઉચ્છેદ
(૧૫) પૂયોદ	શૌચ વગેરે આચાર નિયમોનો પરિત્યાગ
(૧૬) વૈશદ (વિશસન)	પાંખડપૂર્ણ યજ્ઞોમાં પશુ વધ
(૧૭) લાલ ભક્ષ	કામાતુર લોકો
(૧૮) સારમેયાદન	કોકના ઘરને આગ લગાડવી, ઝેર આપવું
(૧૯) અવીચિમાન	ગવાહી પૂરવામાં, વ્યાપરમાં જૂઠ બોલવું
(૨૦) અયઃ પાન	મદ્યપાન અને સોમપાન કરનાર
(૨૧) ક્ષારકર્દમ	મોટાઓનો સત્કાર ન કરનારા
(૨૨) રક્ષોગણ	નરમેધાદિક યજન કરનારા
(૨૩) શૂલપ્રોત	નિરપરાધ જીવોને રંજાડવા
(૨૪) દન્દશૂક	સર્પ જેવો ઉગ્ર સ્વભાવ
(૨૫) અવર નિરોધન	બીજા પ્રાણીઓને અંધારી ગુફામાં નાંખે
(૨૬) પર્યાવર્તન	અતિથિને ક્રોધ અને કુટિલતાથી જોવા
(૨૭) સૂચીમુખ	અભિમાનથી બીજાને વક્રદષ્ટિથી જોવા
(૨૮) પ્રાણરોધ	ઉચ્ચવર્ણના થઈ કૂતરા, ગધેડા પાળવા, શિકાર કરવો

આવા સેંકડો હજારો નરક યમલોકમાં છે. અહીં તે પૈકી કેટલાકનો ઉલ્લેખ જ કર્યો છે. અધર્મ પરાયણ જીવો પોતાના કર્મો અનુસાર અહીં આવ્યા કરે છે.

ધર્માત્મા પુરુષ સ્વર્ગમાં જાય છે. આ પ્રકારે નરક અને સ્વર્ગના ભોગથી

અધિકાંશ પાપ અને પુણ્ય ક્ષીણ થાય છે. બાકી બચેલા પુણ્યપાપરૂપ કર્મોના લીધે ફરી આ લોકમાં જન્મ લેવા પાછો આવે છે.

(૪૦૫) સ્મૃતિમાત્રાર્તિનાશનઃ = સ્મરણ થતાંની સાથે જ અનેક દુઃખો દૂર કર્યાં છે.

આ બધું પ્રસિદ્ધ છે જ. સૂરદાસજીના પદનું સ્મરણ થાય છે. ચક્ર કે ધરનહાર ગરુડ કે અસવાર નંદ કે કુમાર મેરો સંકટ નિવારો । યમલાઅર્જુન તારે ગજ ગ્રાહતેં ઉબારે નાગ કે નાથનહાર બિરદ તિહારો ।। નખ પર ગિરિધાર્યો ઇંન્દ્ર હુકો ગર્વ ગાર્યો વ્રજકો રાખન હાર વેદકો વિચાર્યો । દ્રુપદ સૂતા કે બેર નેક હૂ ન કરી દેર અબકો અબેર સૂર સેવક તિહારો ।।૨।।

હવે ષષ્ઠ સ્કંધ આવશે. તેમાં નામમાહાત્મ્ય અને પ્રાયશ્ચિતોના સ્વરૂપની કથાઓ આવશે. તેનું બીજ આ નામમાં છે.

(૪૦૬) સર્વાનુગ્રહકર્તા = સર્વ પર અનુગ્રહ - કૃપા - હિત કરનારા.

નરકની યાતનાઓ શાસ્ત્ર દ્વારા દર્શાવી. આ રીતે પ્રભુ જીવો પર અનુગ્રહ કરે છે. આ જાણી મનુષ્યો પાપ કર્મોથી દૂર રહે છે. આમ નરક યાતનાનો ભય બતાવી પ્રભુ હિત જ કરે છે.

હવે પછી પુષ્ટિ સ્કંધ આવે છે તેનું આ નામ સૂચન કરે છે.

(અહીં પંચમ સ્કન્ધનાં ૩૦૧ થી ૪૦૬ નામો પ્રભુકૃપાથી સંપન્ન થયાં.)

•

(આગળના સ્કંધના નામોનું વિવેચન આ ગ્રંથના બીજા ભાગમાં અપાશે.)

With Best Compliments From

Desai Bros. & Co.

Station Road, Mehsana - 384001

SHREEJI TRADERS

Anurag Building, Nagalpur Highway, Mehsana - 384002

Rajendra R. Desai ✆ 098240 61750
Jignesh R. Desai ✆ 098243 14580

Distributorship of

KANSAI NEROLAC PAINTS LIMITED — Kansai Nerolac Paints
Birla White — Birla White Cement
Birla Wallcare Putty
WONDER CEMENT — Wonder Cement
TARALAC — Taralac Paints
DR. FIXIT WATERPROOFING SOLUTIONS — Pidilite Dr. Fixit Construction Chemicals
MRF PU Polish

Date of Publication : 01-01-2017
Registered News Paper
VAISHNAV PARIVAR (Monthly)
JANUARY-2017
Total Pages : 236 ■ કિંમત રૂા.૪૦

R.N.I. No. 38428 / 1983
POSTAL REG. NO. G/MEH/224
Permitted to Post at Mehsana RMS on 1st of Every Month

If not delivered please return to
SHRI HARSANIJI PUBLIC CHARITABLE TRUST
Post Box No. 16, **MAHESANA - 384 002** [GUJARAT, INDIA]

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ વતી તંત્રી અને પ્રકાશક : વસંતબેન રમેશભાઈ પરીખ,
'વ્રજરજ', ૩૧, શિવ સોસાયટી વિ.૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪૦૦૨
મુદ્રક : અમિત ર. પરીખ, પુષ્ટિ પ્રિન્ટ્સ, સી-૧/૬૩, જી.આઈ.ડી.સી., દેદિયાસણ, મહેસાણા.